"રાજસ્થાન" પત્રના ગ્રાહકોને છઠ્ઠી ભેટ.

અમૃત પુલિન

અથવા

પરતંત્ર મેવાડ.

કિંમત રૂપિયો સવા.

અમૃત પુલિન

અથવા

પરતંત્ર મેવાડ.

કર્તા.

સાંકળચંદ મોહનલાલ નાયક.

પ્રકાશક.

"રાજસ્થાન" પત્રની ઑફીસ.

શાહ હીરાલાલ વર્ધમાન.

અમદાવાદ.

પ્રથમ આવૃત્તિ. સને ૧૯૧૦.

અમદાવાદમાં "રાજસ્થાન" છાપખાનામાં

શાહ હીરાલાલ વર્દ્ધમાને છાપ્યું.

કિંમત રૂપીયો સવા.

અર્પણ પત્રિકા.

પ્રિય વડીલ બંધુ મોહનલાલ મગાભાઈ શેઠ,

સાણંદ નિવાસી—મુંબઇ.

પ્રિયબંધુ !

દિવસ પછી રાત્રી ! ચઢતી પછી પડતી અને જન્મ પછી મરણ તે ક્રમાનુસાર પ્રાણી માત્રની સ્થીતિમાં અનેક તરેહના ફેરફાર જોવામાં આવે છે આપ ગુર્જર-ભૂમિમાં આવેલા સાણંદ જેવાં એક નાના ગામડામાં જન્મ લઇ મુંબઇ જેવાં શહેરમાં વસી સારી નામના મેળવશો એવું ભાગ્યેજ કોઇ ધારતું હતું પરન્તુ પૂર્વભવની સુકૃત કમાણી નસીબ ખીલવ્યા સિવાય રહેતી નથી તેમ આપને માટે બન્યું છે તે જોઇ મને ઘણો હર્ષ થાય છે.

ભાઇ શ્રી ! ધન, માન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિભુષિત થયેલાં અસંખ્ય શ્રીમન્તો મેં જોયા છે છતાં તેમના કરતાં આપની પવિત્ર પ્રકૃતિએ નમ્રતા, નિર્મળતા અને મધુરતાનું મને વિશેષ દર્શન કરાવ્યું

છે જે અદ્વિતીયજ છે. આપની ઉદારતા અવર્ણનિય છે.

આપ મને, દૂરના સગા હોવાં છતાં એક સગા ભાઇ કરતાં વિશેષ રાખી લઘુ બંધુ ગણો છો અને આપ વખતો વખત મારા તથા મારા કુટુંબ તરફ સ્નેહભરી દ્રષ્ટીથી નિહાળો છો જેનો બદલો હું રંક જન કોઇપણ રીતે આપી શકું તેમ નથી તોપણ આ મારા તરફથી પ્રકટ થતું પુસ્તક નિઃસ્વાર્થવૃત્તિવડે આપના ચરણ કમળમાં ધરૂંછું તો આપ તેનો સ્વીકાર કરી મને કૃતાર્થ કરશોજી.

'રાજસ્થાન' પત્રની ઑફીસ. } આપનો લઘુ બંધુ,
અમદાવાદ તા. ૨૦-૯-૧૦. } હીરાલાલવર્દ્ધમાન

પ્રસ્તાવના.

દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલે પોતાના એક ભાષણમાં કહ્યું હતું કે ગુજરાતના સુપુત્રો પોતાના સ્વદેશમાં રહીને જેટલા ઝળકી નીકળ્યા છે તેના કરતાં પરદેશમાં વધારે ઝળકી નીકળ્યા છે. તેમના કથનની સત્યતા સાબીત કરી આપતા હોય એવા ઘણા દાખલા અસ્તિત્વ ધરાવે છે. તેમાંનો એક દાખલો મેવાડના સિસોદિયાનો છે. રાજસ્થાનના અચળ ગૌરવને અખંડીત રાખનાર આ શુદ્ધ સૂર્યવંશી રાજપૂતો મૂળ ગરવી ગુજરાતનાજ પુત્રો હતા. તેમના હસ્તમાંથી વલ્લભીપુરનું રાજ્ય જતાં તેઓએ ઇડરમાં પોતાની ગાદી સ્થાપી અને કેટલાક સમય પછી ચિતોડનો દુર્ગ હસ્તગત કરી તેઓએ ત્યાં રાજ્ય કરવા માંડયું. મેવાડ ભૂમિમાં વસી ગએલા ગુજરાતના આ વીર પુત્રોએ એટલાં બધાં અદ્દભૂત પરાક્રમો કરેલાં છે કે હિંદુસ્તાનના ઇતિહાસમાં તેમનું નામ સોનેરી અક્ષરે લખાએલું છે અને મેવાડ નરેશ હિંદુઓનું નાક છે એમ કહેવાય છે.

શુદ્ધચરિત શ્રી રામચંદ્રજીના આ પવિત્ર વંશમાંજ બાપ્પારાવળ, સમરસિંહ, ભીમસિંહ, મહારાણો કુંભો, સંગ્રામસિંહ, પ્રતાપસિંહ આદિ પ્રાતઃસ્મરણીય મહારાજાઓ થઇ ગએલા છે. આમાંના છેલ્લા હિંદુસૂર્ય મહારાણા પ્રતાપસિંહે એટલું બધું અસીમ પરાક્રમ બતાવેલું છે કે એવો કોઇ ભાગ્યેજ ભણેલો હિંદી હશે કે જે તેમના પુનિત નામથી અજ્ઞાત હોય ! તેમના પછી તેમના સિંહાસનપર મહારાણા અમરસિંહ આરૂઢ થયા. નિરવધિ કષ્ટમાં ઉછરેલા મનુષ્યને એકાએક વૈભ

પ્રાપ્ત થતાં તે તેમાં ડુબી જાય છે. તેમ મહારાણા અમરસિંહ મોજશોખમાં ગરક થઇ ગયા. આ વખતે હિંદના તખ્તપર શહેનશાહ જહાંગીર આરૂઢ થએલા હતા. ઉત્તરમાં હિમાલયથી દક્ષિણમાં ખાનદેશ સુધીનો સઘળો પ્રદેશ તેમના હાથમાં હતો. ફક્ત મેવાડનો પ્રદેશ જ સોનાની થાળીમાં લોઢાની મેખ માફક સ્વતંત્ર હતો. જહાંગીર બાદશાહે મેવાડેશ્વરને પોતાને આધીન બનાવવાનો નિશ્ચય કર્યો. મેવાડેશ્વર મહારાણા અમરસિંહ તે વખતે મોજશોખમાં તલ્લીન થઇ ગયા હતા. નહતું તેમને રાજ્યનું ભાન કે ન હતી તેમને પોતાના સ્વાતંત્ર્યની રક્ષાની દરકાર! તે તો તેમની મરજી સ્વરૂપવાન સ્ત્રીઓની જોડે રંગ ભોગ રમવામાંજ પોતાના દિવસો સુખે વ્યતીત કરતા હતા. શૂરવીર ચંદાવત કુળના સરદારે મહારાણાને તેમના કર્તવ્યનું ભાન કરાવ્યું. ચાબુક વાગતાં તેજી ઘોડાની જેવી સ્થિતિ થાય છે તેવીજ સ્થિતિ મહારાણાની થઇ. સત્તર વખત તેમણે શાહી લશ્કરને ભારે નુકશાની સાથે હરાવ્યું. દિલ્હીશ્વરના અખુટ યુદ્ધ સાધનો આગળ મેવાડેશ્વરના સુક્ષ્મ સાધનો કેટલી વાર સુધી ચાલી શકે? આખરે મહારાણાનાં સાધનો ખુટી ગયાં અને જહાંગીર બાદશાહ પોતાના જીવન ચરિત્ર જહાંગીરનામામાં કહે છે "The Rana was at length reduced to acknowledge the dispair to which he was driven and that further continuance of such distress would be attended with utter ruin with choice of captivity or being forced to abandon the country." એવી

સ્થિતી આવી પડી. મહારાણાએ સુભકરણ અને હરિદાસ ઝાલા નામના બે સરદારોને શાહજાદા ખુરમ પાસે સલાહ માગણી માટે મોકલ્યા; આ વાતની ખબર જે વખતે શાહજાદાએ બાદશાહને મોકલાવી તે વખતે બાદશાહ શું કહે છે તે શબ્દશઃ અમે વાંચકો આગળ રજુ કરીએ છીએ. જહાંગીરનામામાં લખ્યું છે કે:—

" I as greatly rejoiced at this event, happening under my own reign, and I commanded that these, the ancient possesors of the country should not be driven from it. The fact is Rana Umrav Sing and his ancestors were proud, and confident in the strength and inaccessibility of their mountainous country and its strong holds, and had never beheld a king of Hindusthan, nor made submission to any one. I was desirous in my own fortunate time, the opportunity should not slip my hands, instantly, there fore on the represent ation of my son, I forgave the Rana and sent a friendly firmaun that he might rest assured of my protection and care and imprinted thereon, as a solemn testimony of my sincerity, my ' five fingers ' [*punja*]; I also

wrote my son that by any means by which it could be brought about, to treat this illustrious one according to his own heart's wishs."

"આ બનાવ મારા રાજત્વ કાળમાં બનતો જોઈ મને ઘણોજ હર્ષ થયો. મેં હૂકમ કર્યો કે (મેવાડ) દેશના પુરાણ અધિપતિઓને તે દેશમાંથી હાંકી કાઢવા જોઇએ નહિ. મૂળ વાએ છે કે રાણા અમરસિંહ અને તેના પૂર્વજોને તેમના પર્વતીય પ્રદેશ અને તેના દુર્ગોના જોર અને અગમ્યતા પર મગરૂરી અને વિશ્વાસ હતો. તેમણે હિંદુસ્તાનના કોઇ રાજાને જોયો હતો તેમ કોઇને તાબે પણ થયા નહતા. મારા પોતાના સમયમાં, મારા હાથમાં આવેલી આ તક સરી જવી ન જોઇએ એવી મારી ઇચ્છા હતી તેથી એકદમ મારા શાહજાદાની અરજીએ મેં રાણાને માફી આપી દીધી. અને મારા આશ્રય અને સંભા માટે તેણે નિશ્ચિન્ત રહેવું એવું મિત્રતા ભરેલું ફરમાન તેના પ મોકલ્યું અને મારા ખરા ભાવની ગંભીર સાબીતી દાખલ મારા પાંચ આંગળીઓ (પંજો) તેના પર છાપ્યો વળી મેં મારા શાહજાદાને લખી મોકલ્યું કે જેમ બને તેમ આ પ્રખ્યાત પુરૂષ તરફ તેના પોતાના હૃદયની ઇચ્છા પ્રમાણેજ વર્તજે."

પોતાના લશ્કરને સત્તર વખત પરાસ્ત કરનાર શત્રુ તરફ જહાંગીર બાદશાહે જે ઉદાર ભાવ બતાવ્યો તેનું પરિણામ એ થયું કે મેવાડ અને દિલ્હી વચ્ચે સલાહ થઇ. મેવાડની ચીર સ્થાયી સ્વતંત્રતા લુપ્ત થઇ. આ વિષય પર બોલતાં 'રાજસ્થાન'ના કર્તા ટોડ સાહેબ કહે છે કે:—

Henceforth we shall have to exhibit these prin-

cely 'children of the sun 'with diminishe lustre, moving as satellites round the primary plant; but un accustomed to the laws of its attraction, they soon deviated from the orbit prescribed, and in the eccentricity of their movements *occasionally* displayed their un orrowed effulgence.

" હવે પછી અમને ઘટીગએલા તેજ વાળા આ રાજવંશી સૂર્ય પુત્રોને મુખ્ય ગ્રહની આસપાસ ફરનાર ઉપગ્રહની માફક ફરતા બતાવવા પડશે. પણ આકર્ષણના કાયદાથી ટેવાએલા નહિ હોવાથી નિર્માણ કરવામાં આવેલા માર્ગમાંથી તેઓ જલદીથી આડા ફાટયા અને તેમની ગતિના અનિયમિતપણામાં વારંવાર તેમનું કુદરતી તેજ પ્રસિદ્ધ કરવા લાગ્યા".

જો કે મેવાડ દિલ્હીશ્વરના આશ્રય તળેનું રાજ્ય થયું તોપણ તે બીજા હિંદુ રાજ્યો જેવી અવનત દશામાં ગબડી ગએલું નહતું. જહાંગીર બાદશાહે તેને માટે ઘણીજ ઢીલી દોરી મૂકેલી હતી. મેવાડના રાજાઓને અન્ય રાજપૂત રાજાઓની માફક દરબારે દેહલીમાં નોકરી કરવા જવાનું ન હતું. ફકત યુવરાજનેજ બાદશાહની નોકરી કરવાની હતી. શાહી ફરમાન ઉદયપુરની બહારજ રાણાને આપવાનું હતું. કરારનામા પ્રમાણે યુવરાજ કિરણસિંહ બાદશાહની તહેનાતમાં ગયો. જહાંગીરશાહે તેને પોતાની જમણી બાજુએ અન્ય રાજાઓના સ્થાન ઉપર સ્થાન આપ્યું. અને પાંચ હજાર ઘોડેસ્વારનો ઉપરી બનાવી કીંમતી જાગીર તથા બહુ મૂલ્ય જવાહીરાત તથા ખિતાબો આપી.

પોતાના હાથે મેવાડની સ્વતંત્રતાના થએલા નાશથી અને જહાંગીર બાદશાહે તેના પ્રતિ બતાવેલા ઉદાર ભાવથી અમરસિંહને એટલું બધું લાગી આવ્યું કે યુવરાજ કિરણુસિંહને સિંહાસનપર આરૂઢ કરાવી નૌચોકીના મહેલમાં તેમણે એકાંતવાસ કર્યો અને પોતાના પૂર્વજોની રાખ સાથે પોતાની રાખ મેળવી દેવાના વખત સિવાય કોઇ પણ વખત તેમણે તે મહેલનો ઉમરો ઓળંગ્યો ન હતો.

કિરણુસિંહ એક શુદ્ધ મિસોદિયો હતો. એક વખત લડાઇ આગળ ચલાવવાને પૈસાની તંગી માલૂમ પડતાં તેણે મુગલ સામ્રાજ્યના નાક સમાન ગણાતા સુરત બંદરને લૂંટી પોતાના પિતાને પૈસા આણી આપ્યા હતા. સ્વતંત્રતાના નાશથી તેના હૃદયમાં કાંઇ ઓછો આઘાત થયો ન હતો એ વાત દિલ્હીના દરબારમાં તેણે જે ચાલ ચલગત બતાવી હતી તેથી જણાઇ આવે છે. જહાંગીર બાદશાહ પોતે કહેછે કે 'કિરણુસિંહ કોઇ કોઇ વખત બીકણની માફક વર્તતો તો કોઇ કોઇ ઉદ્ધતની માફક તોછડાઇ દેખાડતો.' તેની આવી વર્તણુંક રાજદરબારમાં કેવી રીતે વર્તવું તે તે જાણતો નહોતો માટે નહતી પરન્તુ જે સિંહાસનપર આરૂઢ થવાને પોતાના પૂર્વજોએ લોહીની નદીઓ વહેવડાવી હતી તે તખ્ત આગળ પોતાને એક આશ્રીત રાજાના કુંવર તરીકે ઉભેલો જોઇ તેના મનમાં જાત જાતના વિચારો ઉદ્‌ભવ થઇ તનમનાટ ચલાવી મૂકતા. કિરણુસિંહની તોછડાઇથી જહાંગીર બાદશાહે કોઇ વખત ખોટું લગાડેલું નથી પણ તેની તરફ અત્યંત માયાથી વર્તાવ કરેલો છે. મેવાડના કુંવર કિરણુસિંહ, જગતસિંહ, ભીમસિંહ પર તેમણે ખીલાત ભેટ અને જાગી-

તેનો ઉદ્ધાર આવે વર્ષો વરસ વેઠો હતો (જુઓ ટોડસ રાજસ્થાન પૃષ્ઠ ૩૭૫ થી ૪૮૧.) કિરણસિંહ જે વખતે દિલ્હીના તખ્તની જમણી બાજુએ પ્રથમ સ્થાન મેળવી પાછો આવ્યો તે વખતે અમરસિંહે પોતાના ૧૬ મુખ્ય સરદારોના સ્થાન નીચેજ તેને સ્થાન આપ્યું. આથી મેવાડના સરદારોએ હિંદુસ્તાનના અન્ય રાજાઓ કરતાં પણ ઉંચુ પદ પ્રાપ્ત કર્યું. અમરસિંહની આવી વર્તણુંકથી બાદશાહે કિંચિદ્ પણ ખોટું લગાડયું નહતું. મેવાડ પોતાના સમયમાં દિલ્હીનું આધીન રાજ્ય થયું તેને તે એક ભાગ્યવાન બનાવ માનતા હતા. તે બહુ સારી પેઠે જાણતા હતા કે મેવાડ તરવારથી આધીન રહી શકે તેમ નથી તે તો પણ માયાથી જ જીતાએલું રહી શકશે.

જે વખતે બાદશાહ જહાંગીર સામે બંડ ઉઠાવનાર શાહજહાંને હિંદુસ્તાનના કોઇ રાજાએ કારણ ન આપ્યું ત્યારે તે ઉદયપુરેશ કિરણસિંહનીજ શરણે આવ્યો. અહમદનગર વગેરે જે રાજ્યોએ તેને આશ્રય આપ્યો હતો તેમની સામે બાદશાહે જંગ શરૂ કર્યો હતો પણ મેવાડની સ્વતંત્રતાનો નાશ કરનારને મેવાડે જે માન સાથે શરણ આપ્યું તેના સામે નાખુશીનો એક શબ્દ પણ જહાંગીર નામામાં નથી.

તખ્ત પર બેઠા પહેલાં શાહેનશાહ જહાંગીરની વર્તણુંક ગમે તેવી ખરાબ હતી તો પણ સિંહાસન આરૂઢ થયા પછી તેમની ચાલચલગતમાં જમીન આસમાનનો તફાવત પડી ગયો હતો. રાજપૂતો માટે તેના હૃદયમાં અદ્વિતીય આદર બુદ્ધિ ઉત્પન્ન થએલી હતી.

ઉપર્યુક્ત ઇતિહાસ લક્ષમાં રાખીનેજ આ નવલકથા લખવામાં આવેલી છે. પુસ્તક પુરૂં વાંચતાં તરતજ જણાઈ આવશે કે મહારાણા કિરણસિંહ અને જહાંગીર બાદશાહનાં ચિત્ર ઇતિહાસને અનુસરીનેજ ચિતરવામાં આવેલા છે. જહાંગીર બાદશાહ મેવાડના રાજકુંવરો તરફ કેવો માયા ભાવ રાખતો હતો તે અજયસિંહના ચિત્ર પરથી જણાઇ આવશે. મેવાડ સાથેના વિગ્રહમાં જો કોઇને મોટામાં મોટાં નુકશાન ખમવાં પડયાં હોય તો તે શાહજાદા પર્વિઝનેજ હતા. તેથી તેને આ નવલકથામાં ઉદયપુરનો કટ્ટો દુશ્મન ચિતરવામાં આવેલો છે.

આ પુસ્તક બંગાળાના પ્રસિદ્ધ લેખક નનીલાલ બાબુના 'અમૃત પુલિન' નામના પુસ્તકને આધારે લખવામાં આવેલું છે. મૂળ પુસ્તકનો ઉઠાવ પ્રતાપસિંહને અકબર આગળ નમાવીને કરવામાં આવેલો છે પરન્તુ તે ઐતિહાસિક ન હોવાથી તે સમયમાં મેં ફેરફાર કર્યો છે અને તેને લીધે ઇતિહાસને અનુસરતો કેટલાક ફેરફાર કરવાની મને જરૂર પડેલી છે.

આ પુસ્તક ઘણી ઉતાવળથી છપાએલું હોવાથી અને અન્ય કારણોને લીધે ભૂલો રહી જવા પામી છે તે સુધારીને વાંચવા વિજ્ઞપ્તિ છે.

આ પુસ્તક લખવામાં મારા પ્રિય મિત્ર નારાયણદાસ વિસનજી ઠક્કુરે મને અત્યન્ત મદદ કરેલી હોવાથી તેમનો આભાર માની આ લઘુ પ્રસ્તાવના સમાપ્ત કરૂં છું. ઇત્યલમ્.

અમદાવાદ.
તા ૨૦-૮-૧૯૧૦

લી.
અનન્તોર્મિ

અનુક્રમણિકા.

"રાજસ્થાન" પત્રની ઑફીસમાંથી

અપાયેલી ભેટો.

૧ મદનચંદ્ર નવનીત કળા.

૨ પ્રમોદા યાને દિલેર દિલારામ.

૩ કાશ્મિર અને કેસરી.

૪ કામરૂ દેશની કામિની.

૫ ચંદ્રિકા.

૬ અમૃત પુલિન અથવા પરતંત્ર મેવાડ.

૭ રાજપૂત પ્રતિજ્ઞા.

અમૃત પુલિન

અથવા

પરતંત્ર મેવાડ.

પ્રકરણ ૧ લું.

ઉપક્રમણીકા.

Heaven from all creatures hides
the book of fate,
All but the page prescribed,
their present state.

POPE.

Be ready for all changes in thy fortune,
Be constant when they happen; but above all,
Mostly distrust good fortune's soothing smile;
There lurks the danger though we least suspect it.

HAVARD.

આજથી લગભગ ત્રણસેં વર્ષ ઉપર એક દિવસ સન્ધ્યા સમયે ભગવાન્ સૂર્યનારાયણ અરવલી પર્વતની પશ્ચિમે અસ્તાચળ તરફ ગમન કરતા હતા. પર્વતની તળેટી આગળ થઇ નીલસલિલા, તરંગશીલા વેત્રવતી પ્રેમ વિચારમાં નિમગ્ન થઇ તરંગ દર્શિત સ્મિતહાસ્ય કરતી કરતી ઉલ્લસિતવૃત્તિ અને દ્રુત ગતિથી વહન કરતી હતી. વિશાળ અને શ્વેત અરવલી પર્વત, વીર પ્રસવી 'રાજસ્થાન' ના વીર ગૌરવને અચળ રાખનાર યોદ્ધાની માફક, દૃઢતાથી ઉભો હતો અને તેજ:પુંજ રક્ત મુકુટથી પોતાના ઉન્નત લલાટને ઉજ્જવળ કરી તથા સહસ્રરશ્મિના સહસ્રવર્ણથી પોતાના વીર શરીરને રંગ બેરંગે રંગી સરિતાના શિતળ જળમાં પોતાના ચરણ ધોઇ રહ્યો હતો. પ્રેમ મુગ્ધા તરંગિણી પર્વતની તે જ્યોતિર્મયી સુંદર કાન્તિને પોતાના હૃદયપટમાં ધારણ કરી મધુર નિનાદ કરતી થનથન નૃત્ય કરતી હતી.

આ વખતે સરિતા કિનારા પાસે આવેલા અરવલ્લી પર્વતના એક શિખર ઉપર એક બાળક અને એક બાલિકા એક બીજાના ગળામાં હાથ નાંખીને ઉભાં હતાં. તેમને જોતાંજ એવો ભાસ થઇ આવતો હતો કે જાણે આ અરવલ્લી પર્વત રૂપી છોડવા પર આ બે સજીવ ગુલાબ ખીલી તો નહિ રહ્યાં હોય ! બાળકની ઉમર આશરે બારેક વર્ષની હતી જ્યારે બાલિકાએ ફક્ત આઠજ જન્મ તિથિઓ ભાળી હતી. વયના પ્રમાણમાં બાળકનું શરીર કાંઇક જાડું, રંગ ગોરો, લલાટ વિશાળ, નેત્ર તેજદાર, છાતી પહોળી, અને બન્ને હાથ વીરપુરૂષને છાજે તેવા લાંબા હતા. બાલિકાનું શરીર જોકે કાંઇક પાતળું હતું તોપણ સબળ હતું. તેના શરીરનો વર્ણ ઉજ્જવળ તથા ગોરો હતો. તેનું લલાટ બહુ વિશાળ નહિ હોવા છતાં પણ સુંદર દેખાતું હતું. તેનાં કાળાં અને તીરછાં ભવાં નીચે આવેલાં ચક્ષુ અત્યન્ત સુંદર, કોમળ અને ચંચળ દેખાતાં હતાં. તેનાં સકળ અંગ એટલાં બધાં સુંદર અને સુડોળ હતાં કે એવો ભાસ થઇ આવતો હતો કે બ્રહ્માએ અવશ્ય તેને કોઇ નવરાશની વખતેજ ઘડી કાઢેલી હોવી જોઇએ,

તે બાલિકા અનિમિષ નેત્રથી પર્વતની એક દિશા તરફ કંઇક જોઇ રહી હતી. બાળક પણ તે બાલિકાના ખિન્ન મુખારવિન્દ તરફ એકી ટસે જોઇ રહ્યો હતો. કેટલીકવાર સુધી બન્ને જણાં ત્યાં સ્તબ્ધ ઉભાં રહ્યાં. આખરે બાળકે સ્તબ્ધતાનો ભંગ કર્યો તેણે કહ્યું. "હિરણ ! શું આજ તને મારા પર ખોટું લાગ્યું છે ?"

બાળકનું આ કથન સાંભળી બાલિકાના હોઠ કાંઈક ફફડ્યા. મોરની માફક ગરદન ઝુકાવી તથા અર્ધ ઉઘાડી આંખથી તે બાળક તરફ કટાક્ષ ફેંકી બાલિકાએ કહ્યું. "અજય! તેં મારો મોર કેમ ઉરાડી મેલ્યો ?"

"હિરણ! તું મારા પર ખોટું ન લગાડીશ. હું તને તારા મોર કરતાં પણ વધારે સારો મોર લાવી આપીશ." તે બાળકે આર્જવતાથી કહ્યું.

"નહિ અજયા મારે વધારે સારો મોર નથી જોઇતો. મને તો મારો પોતાનો મોર આણી આપ". બાલિકાએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

"હું તને સરસ્વતી દેવીના સુંદર મોર જેવો મોર આણી આપું તો?" બાળકે પ્રશ્ન કર્યો.

"તો હું તેને તાળી વગાડી ઉરાડી મૂકીશ. મારે બીજો મોર નથી જોઇતો. મને તો મારો પોતાનો મોર જોઇએ." બાલિકાએ પોતાનો નિશ્ચય જણાવી દીધો.

"હું તને તારો પોતાનો મોર લાવી આપું તો? બા-ળકે ગંભીર સ્વરથી પૂછ્યું.

"ચાલ, લાવી આપ ત્યારે. ક્યાં છે તે?" બાલિકાએ કહ્યું.

"જો, પે...લો રહ્યો...તા....રો મો....ર."એક ઉંચા ટેકરા તરફ આંગળી કરી અજયે કહ્યું.

અજયે બતાવેલી દિશા તરફ બાલિકાએ જોયું તો ખરે-ખર કેટલેક દૂર એક ટેકરા ઉપર પોતાના મોરને રંગ બેરંગી

પીંછાં ફેલાવી નૃત્ય કરતો જોયો. તે મોટેથી ટીહું, ટીહું, એવો સ્વર કરી રહ્યો હતો. જાણે એમ કહી ન રહ્યો હોય કે જુઓ હું તમારો મોર છું. મને આવી પકડો જોઇએ ! "

તે બાળક બાળિકા એક બીજાનો હાથ ઝાલી, જળ લહેરમાં કમળની માફક મોર પકડવા દોડયાં. પરન્તુ જેવા તેઓ તેની પાસે પહોંચ્યા કે તરત જ તે પાંખો ફરડાવી હવામાં ઉડયો અને કોણ જાણે કયાંય અદૃશ્ય થઇ ગયો!

તે મોરને હવામાં ઉંચે ઉડતો જોઇ તે બાળિકાએ તેને ઘણાજ આદરથી પોતાની પાસે બોલાવ્યો તેણે કહ્યું. " પ્યારા મોર ! તું મારી પાસે પાછો આવ હું તને ઘણા જ હેતથી ચાહીશ. તને મધુર ગાયન સંભળાવીશ અને મીઠાં મીઠાં ફળ ખાવાને આપીશ. પ્યારા ! તું પાછો ફર. હું તારા માટે એક નવું સુંદર સોનાનું પાંજરૂં ઘડાવીશ. તારી સાથે દરરોજ ખુશીથી રમીશ. કોઇપણ દિવસ તારા પર ક્રોધે નહિ ભરાઉં. આવાં આવાં અનેક વચન તેણે તે મોરને આપ્યાં. પરન્તુ પત્થર ઉપર પાણી. તે પાછો ન ફર્યો તે ન જ ફર્યો.

તે મોરને પાછો નહિ ફરેલો જોઇ બાળિકાને અત્યંત દુઃખ થયું. તેની આંખોમાં આંસુ આવી ગયાં. સજળ નયને અજય તરફ જોઈ તેણે કહ્યું. "અજયા શું હવે મારો મોર મારી પાસે નહિ આવે?"

ઘણા પ્યાર અને આદરથી અજયે હિરણનો હાથ પકડયો, અને તેનાં આંસુ લોતાં લોતાં કહ્યું. " હિરણ ! તું ગભરાય છે શું કરવા ? હું તારો મોર તને હમણાંજ લાવી આપું

ણું. મારા હાથથી છટકી તે કયાં જવાનો હતો ? અમે તો અ-
વની આકાશ એક કરી નાંખીશ તોપણ હું તને તારો મોર લાવી
આપીશ. જો તે પર્વતના ઉંચામાં ઉંચા શિખર ઉપર જઇ
બેઠો હશે તો હું ત્યાં જઇ તેને ઝાલી લાવીશ. જો તે ઉડીને
કોઇ અંધારી ગુફામાં સંતાઇ ગયો હશે તો ત્યાંથી પણ હું તેને
પકડી લાવીશ. મારા હાથમાં નહિ આવતાં જો તે પાંખો ફફ-
ડાવી આ સરિતા સલિલમાં ઝુંપાવા માટે ઉડશે તો મને તરતાં
આવડે છે, એકદમ છલંગ મારી હું આ નદીના કાળા અતળ
જળમાં કૂદી પડીશ અને તેને કેદ પકડી તારી આગળ હાજર
કરીશ. હિરણ ! તું ફિકર ન કર. હું તારો મોર હમણાંજ લાવી
આપુંછું. તું અહિંજ ઉભી રહેજે. તારો મોર પકડી હું આ
આવ્યો ! ”

આમ કહી જે દિશા તરફ મોર ઉડયો હતો તે દિશા તરફ અજયે જવા માંડયું. તેનો હાથ પકડી હિરણે એકવાર પર્વત અને પછી એકવાર નદી તરફ જોયું. પર્વતના વિશાળ શરીર ઉપર સન્ધ્યાની કરાલ છાયા પથરાઇ ગઇ હતી અને જાણે ભવાં ચ-ડાવી તે તેમના તરફ ક્રોધ ભરી દૃષ્ટિથી જોઇ ન રહ્યો હોય એવો ભાસ થઇ રહ્યો હતો. નદીના વક્ષસ્થળ પર પણ અંધ-કારે પોતાની કાળી ચાદર પાથરી હતી. ભયંકર અંધકારમાં ન-દીના તરંગ ભંગ ઘણાજ બિહામણા દેખાતા હતા. ‘ અજય આ પર્વતપર ચડશે, તે આ ભયંકર નદીમાં કૂદી પડશે ’ વગેરે વિચારોએ બાળિકાને બહાવરી બનાવી. તેની આંખોમાં આંસુ આવી ગયાં. ભયભીત મુખમુદ્રાથી અજય તરફ જોઇ તેણે કહ્યું.

"નહિ, નહિ, અજય! અત્યારે મોર પકડવા જવાની કાંઇ જરૂર નથી."

"નહિ, હિરણુ! મારો હાથ છોડી દે. હું તારો મોર પકડી હમણાંજ પાછો આવું છું." અજયે પોતાનો હાથ છોડાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

"નહિ, અજય!" હિરણ્મયીએ કહ્યું. "હું તને આવા ભયંકર વખતે ક્યાંય નહિ જવા દઉં. કદાચ પર્વતની કરાલ કરાડોમાંથી તું પાછો ન ફરે તો? કદાચ આ ભયંકર નદીમાં ભુસકો મારી તું ગુમ થઇ જાય તો? તો પછી હું શું કરૂં? મારી શી વલે થાય? લોકોને હું શું મોં બતાવું? નહિ, નહિ, અજય! હું તને હાથ જોડીને કહું છું કે પરમેશ્વરને ખાતર મને એકલી છોડી તું ક્યાંય જતો નહિ."

"હિરણુ!" ખિન્નવદને અજયે કહ્યું. "તું આ શું બોલી રહી છું તેનું તને ભાન છે? તું આટલી બધી બીકણુ ક્યારની બની ગઇ છે? શું તારા જેવી શુદ્ધ ક્ષત્રાણીના મોંમાં આવાં વચનો શોભે?"

"અજય!" દીનવદને હિરણ્મયીએ કહ્યું. મારૂં મન અધીર બની ગયું છે. ગમે તેમ કરોશ તોપણ હું તને અહિંથી જવા દેવાની નથી જ."

"ત્યારે શું તારો મોર અત્યારે તારે નથી જોઇતો? વારૂ, કાલ સવારમાં વહેલાં અહિં આવી આપણે તે મોરને ખોળી કાઢીશું." અજયે કહ્યું.

" અજય ! આપણે થોડી વાર અહિં જ બેસો. કદાચ અંધારાથી બ્હીને તે મોર અહિંજ પાછો આવશે." હિરણે કહ્યું.

એટલામાં નદી કિનારા પર કોઇનો પગરવ સંભળાયો. પોતાનો મોર પાછો આવે છે એમ ધારી તેણે અજયને કહ્યુ. " અજય! જો આ કોણ આવી રહ્યું છે ?"

એટલામાં એક ઉન્માદિની તાળોટા પાડતી તથા કંઇક ગાતી ગાતી તેમના મોં આગળ આવી ઉભી રહી. જો કે તેણે ફાટયાં તૂટયાં કપડાં પહેર્યાં હતાં તથા આખા શરીરે ભસ્મ લેપન કર્યું હતું તોપણ તેના સુંદર અને દીર્ઘ શરીરમાંથી યૌવન જનિત રૂપરાશિ ઝરી રહ્યું હતું, તેના વિશાળ લલાટપર માનસિક શકિતનાં અપૂર્વ ચિન્હો દૃષ્ટિગોચર થતાં હતાં. તેનાં મોટાં ચળકતાં નેત્રોમાંથી કોઇ અપુર્વજયોતિ નીકળી રહી હતી. તેના કાળા ચીકણા વાળ છિન્ન ભિન્ન થઇ છેક પગ સુધી લટકતા હતા.

કેટલીકવાર સુધી બંને બાળકો તરફ ધારી ધારીને જોયા પછી તાળી વગાડી તથા ખડખડ હસી તે ઉન્માદિનીએ કહ્યુ. "હાય ! મેં તને ઓળખી લીધી ! તું પેલી પિશાચિણીના પેટેજ પેદા થએલી છે. તારી આંખો તથા મોં ઉપરથી મેં તને ઓળખી લીધી છે. તારા આ કુંચિત કેશ જોઈ મારા મનની જમાખાતરી થઇ ગઇ છે કે તું તે ડાકણીનીજ પુત્રી છે. હું શું કહું છું તેની શું તને સમજણ નથી પડતી ? મારા સામું આમ મોં ફાડીને કેમ જોઇ રહી છે? ખરેખર, ઓ ડાકણની દિકરી ! તુ મને ઓળખતી નથી માટેજ મારા સામું આમ ટગર

ટગર જોઇ રહી છે. હું તે પિશાચણીની વાત કરૂંછું કે જે અતિ સ્વરૂપવાન છે અને લોકોમાં તારાબાઇના નામથી ઓળખાય છે."

ભય અને આશ્ચર્યથી વિહ્વલ થઈ બાળિકા તે ઉન્માદિનીનું નું કથન સાંભળી રહી હતી. પરન્તુ પોતાની હિરણનું તે ઉન્માદિની જે અપમાન કરતી હતી તે તે બાળકથી સહન થઇ શક્યું નહિ. જમણા હાથની મૂઠી વાળી તેને તે ઉન્માદિની તરફ ઉગામી તે ક્રોધપૂર્વક બોલી ઉઠયો "અલીએ ! ! તું કોણ છે? મારી હિરણને ગાળો કેમ ભાંડે છે? મારૂં કહ્યું માની એકદમ અહિંથી ચાલી જા. નહિતો એક ઠુંસો મારી તારૂં શિર તોડી નાંખવું પડશે, સમજી ?"

"વાહ, વાહ ! વામનજી !" વિકટ હાસ્ય કરી તે ઉન્માદિની બોલી, "તું આ શું કહે છે ? શું તારી હિરણ ? અલ્યા એ બુદ્ધિ તને કયાંથી સુઝી ! શું તું એમ સમજે છે કે તારા દાદાનો કુંભલમીર કિલ્લો તે રાક્ષસી તારાબાઇ અને તેની પુત્રીને મારા સપાટામાંથી બચાવી શકશે? અલ્યા એ બટક બોલા છોકરા ! હું તને ચેતવણી આપું છું કે આજથી તું આ પાપીણીનો પાલવ છોડી દે નહિ તો તારે પણ તેની સાથે ખરાબ થવું પડશે. જો મારા કહેવા પ્રમાણે નહિ કરે તો તો યાદ રાખજે કે તારે પણ તેની સાથે મરવું જ પડશે. જો, જો. પેલી ભયંકર નદીના અથાગ જળ તરફ નજર કર. જો મારી શીખામણ નહિ માને તો તારે પણ આવા ભયંકર જળમાં ડૂબી મરવું જ પડશે. સાવધાન ! બસ સાવધાન !"

આમ કહી જોરથી તાળોટા પાડતી તથા ઉતાવળથી કદમ ઉઠાવતી તે ઉન્માદિની પર્વતની સપાટી ઉપર અદૃશ્ય થઈ ગઈ. તે બે બાળકો નદી કિનારે કેટલીકવાર સુધી બેશી રહ્યાં. પરન્તુ તે મોર પાછો આવ્યો નહિ. ધીમે ધીમે અંધકારની ઘોર ઘટા ચારે તરફ પથરાવા લાગી, એટલે તે બાળકે બાળિકાને કહ્યું "હિરણ! આજ તારો મોર પાછો આવે એમ લાગતું નથી. કાલ આપણે અહિં આવી તેને ખોળી કાઢીએ તો કાંઇ વાંધો છે?"

"નહિ, અજય!" તે બાળિકાએ કહ્યું." હવે હું તારી સાથે નહિ આવું. સાંભળ્યું ને. પેલી ગાંડીએ શું કહ્યું હતું તે?"

"ગાંડીની ગાંડી વાતો પર વિશ્વાસ કરી, હિરણ! તું બીએ છે શું કરવા? જો તે નાશી ગઈ નહોત તો મેં તેને દેખાડી દીધુ હોત કે કોણ કોને ડૂબાવે છે?" અજયે કહ્યું.

અજયે હિરણનો હાથ પકડયો. તેઓ બન્ને અમરસિંહ મહારાજાના કોલાહલ પૂર્ણ અને દીપમાલા વિભૂષિત કમલમીર કિલ્લા આગળ આવી પહોંચ્યા. તે વખતે કિલ્લાનું દેવમન્દિર ક્ષત્રીઓના સ્તોત્રાદિ પાઠથી પ્રતિધ્વનિત થઇ રહ્યું હતું. મન્દિરમાં પેસતાં પેસતાં હિરણે અજયને પૂછ્યું. "અજય! તે ઉન્માદિની કોણ હતી? મન્દિરના ઘુંમટમાળમાંથી પ્રતિધ્વનિ નીકળ્યો. "તે કોણ હતી?"



॥ શ્રી ॥

અમૃત પુલિન

અથવા.

પરતંત્ર મેવાડ.

પ્રકરણ ૨ જું.

પશુ યુદ્ધ.

સજાગ નયન જોઇ ભૂમિ મેવાડની આ,
રસકસ ભરી આજે ધૂળ ભેગી થતી હા;
નિરવધિ દુઃખ સ્હેતાં શુદ્ધ સ્વાતંત્ર્ય રાખ્યું,
સુખની શી અભિલાષે નમ્યું રાણેય આપ્યું ?
દિનપર દિન ઝાંઝા આથડ્યું ડુંગરામાં,
તદપિ નહિ જડે તે શૌર્યનું નૂર આમાં !
નજીક ખીણની માંહે શબ્દ કૈં સંભળાય;
પશુ જઇ ત્યાં અર્પ્યું હોય જે ક્ષાત્રપાળ.

વકીલ મગનલાલ ચતુરભાઇ

કરાલ કાળના દંડ પ્રહારથી નીરવ અને નિસ્તેજ થઇ ગયું હતું. રાજપૂતોની વીરતા અને ક્ષત્રીઓના મહત્વની રંગભૂમિ ઉપર છેલ્લો પડદો પડી ચૂકયો હતો. હાલમાં અરવલ્લી પર્વત વીર સુભટોના પગના ધબકારાથી ધ્રૂજી ઉઠતો નહતો. આજ કાલ શાન્ત રાત્રિએ તરવારોના ઝણઝણાટ અને વીરલલનાઓનાં લલિત ગીત નદીનાં ચંચળ તરંગો સાથે અખંડ પ્રતિધ્વનિત થતાં નહતાં. પહેલાંનાં અતુલનીય સાહસ અને અદમ્ય ઉત્સાહ હમણાં યવનોના મોહ મંત્રથી મુગ્ધ થઇ ગયાં હતાં. પહેલાંનું વીર રાજસ્થાન હાલમાં યવનોના પદાક્રમણથી જીવ વિનાના ખોળીયા સમાન જડ અને નિઃસત્વ થઇ ગયું હતું.

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પણ ઉદયપુરમાં આજ આટલો બધો આનંદ કોલાહલ શાનો મચી રહ્યો હતો ? રાજભુવનને આજ ફૂલપાનથી આટલો બધો શણગારવામાં શા માટે આવ્યો હતો. આજ વિજયાદશમીનો દિન હતો. અમરસિંહ મહારાણા સાથે સંધિ કર્યા પછી આજ યવન સમ્રાટ જહાંગીર કિરણસિંહનું સન્માન કરવા પહેલ વહેલો ઉદેપુરમાં પગ મૂકતો હતો માટેજ રાજપૂતોની રાજધાનીમાં આજ આટલી બધી ધામધૂમ તથા આનંદ કોલાહલ મચી રહ્યાં હતાં. આજથી ઘણા દિવસ પહેલાં ખૂની અલાઉદ્દીનને પરાસ્ત કરી જે વખતે રણવીર હમીરસિંહે જનની જન્મભૂમિ રાજસ્થાનને પોતાને સ્વાધીન કર્યું તે વખતે રાજપૂતોમાં આવા પ્રકારનો આનંદ

અંગ્રેજોની સોળમી સદી હિન્દુઓના વીર ગૌરવને પોતાની કેડ પર લઇ અતીત અંધકારમાં લીન થઇ ગઇ હતી, આજ કાલ હિન્દુઓનો સીતારો પડતો હતો અને યવનોનો સૌભાગ્યસૂર્ય પૂર્ણકળામાં પ્રકાશી રહ્યો હતો. આખા ભારતવર્ષમાં બાદશાહ જહાંગીર એક દંડે અમલ ચલાવી રહ્યો હતો. તેના સઘળા શત્રુઓનો વિનાશ થઇ ગયો હતો. મેવાડ સૂર્ય પ્રતાપસિંહ ક્યારનોય અસ્ત થઇ ગયો. યવન સમ્રાટ, સ્વજાતીય કાપુરૂષ અને આર્યવર્તના અવશ્યભાવી અદૃશ્ય સાથે સત્તર વખત સંગ્રામ કરનાર નરકેસરી અમરસિંહ અઢારમી વખત શાહીલશ્કર સાથે લડતાં શાહજાદા ખુરમને હાથે પરાસ્ત થઇ ગયો હતો અને ધન તથા માણસના અભાવને લીધે યવનેશ્વર સાથે સન્ધિ કરી તેણે વીરભૂમિ મેવાડની ચીરસ્થાયી સ્વતંત્રતાનો નાશ કર્યો હતો. પોતાના હાથે થયેલા અપકૃત્યથી તેને એટલું બધું લાગી આવ્યું હતું કે દુનિયાને પોતાનું કલંકિત મોં નહિ બતાવતાં ઉદયપુરથી બે માઇલ ઉપર આવેલા "નોચોકી" નામના મહેલમાં નિવાસ કરી તેમાંજ પોતાનો દેહ પાડવા તે ચાલ્યો ગયો હતો. હમણા મેવાડની ગાદી ઉપર રાણા કિરણસિંહ વિરાજમાન થયેલો હતો. સ્વતંત્રતાનો નાશ થવાથી તેના અનુગામી બીજા ઉચ્ચ ગુણોનો પણ નાશ થવા માંડયો હતો. વીર પુરૂષોની લીલાભૂમિ રાજસ્થાન આજકાલ

કોલાહલ કર્ણગોચર થતો હતો. તે દિવસે પણ આજની માફક રાજભુવન તથા દરવાજા આદિને પુષ્પપાન તથા તોરણાદિથી શણગારવામાં આવ્યાં હતાં. જે દિવસે રાજપૂત સૂર્ય બાપારાવળ "રાજગુરૂ" ની પદવી ધારણ કરી મેવાડના સિંહાસન પર આરૂઢ થયા હતા તે દિવસે આજની માફક ચિતોડના કિલ્લાના ઉંચામાં ઉંચા શિખર પર પચરંગી પતાકાઓ હવામાં ફરફરી રહી હતી. શું આજ પણ એવાજ મંગળ ટાંકણાનું પર્વ હતું કે રાજપૂતો આટલા બધા ઉત્સાહમાં આવી જઇ આનંદમાં કલ્લોલ કરતા હતા? શું આજ પરતંત્ર મેવાડની ચીરસ્થાયી સ્વતંત્રા પાછી મેળવવામાં આવી હતી કે ઉદેપુરના રાજભુવનને આટલી બધી સુ-શોભિતરીતે શણગારવામાં આવ્યો હતો. જે યવનેશ્વરનાં મેવાડની પવિત્ર ભૂમિમાં પગલાં થતાં હજારો યોધ્ધાઓ પોતાના હાથમાં હથિયારો સાહી શોણિતતર્પણથી તેને આદરસત્કાર આપવા તૈયાર થતા હતા તેજ યવનેશ્વરને આનંદના બહારમાં પોતાની રાજધાનીમાં દાખલ કરવા આજ રાજપૂત કુળ ભૂષણ વીરનરો ઉધત થયા હતા, એ પણ વિષમ કાળની એક અજબ બલિહારી છે. હે વીર રાજપૂતો તમે તમારા મોં આગળ પડેલા અરીયુના ઢગલામાંથી મૂઠે મૂઠા ભરી તમારા મોંમાં ઓરો અને તમારા જીવનનો અન્ત આણો નહિતો તમને યવન સમ્રાટના ચરણ આગળ તમારાં શિર ઝોકાવવા પડશે !

એજ દિવસની સાંજના ઉદયપુરની પશ્ચિમે આવેલા એક અરણ્યમાં, અરાવલ્લી પર્વતના એક વિશાળ ચોગાન ઉપર, એક

હજાર કરતાં વધારે યોદ્ધાઓ હથિયારથી સુસજ્જિત થઈને ઉભા હતા. તેમાંના અડધા જહાંગીર બાદશાહના સીપાઈઓ હતા. જ્યારે બાકીના મહારાણા કિરણસિંહના સૈનિકો હતા. ઘોડાના હણહણાટ અને હાથીઓના ચિત્કારથી આખું અરણ્ય ગાજી રહ્યું હતું. સર્વના મુખારવિંદપર આનંદની છટા સ્પષ્ટ રીતે દેખાઈ રહી હતી કેમ ન દેખાય ? એક તો વિજયાદશમીનો દિવસ અને વળી દિલ્હીશ્વર યવનરાજ જહાંગીર ખુદ મેવાડ ભૂમિપર શિકાર ખેલવા આવ્યો હતો એટલે પછી બહાદુર યોદ્ધાઓના આનંદનું પૂછવું જ શું ? આજના પશુ યુદ્ધમાં પોતાનું શૈર્ય બતાવવાને દરેક સૈનિક એક પગે તૈયાર થઇ રહ્યો હતો. ફકત એકજ ખિન્ન વદન યુવાન કાંઇક માનસિક ચિન્તામાં હોય તેમ ધીમે ધીમે સર્વની પાછળ પોતાના ઘોડાને ચલાવતો હતો. તે યુવાનનો ઘોડો અભિમાનથી પોતાની ગરદન ઉંચી કરતો હતો અને અહંકારથી પોતાના બંને આગલા પગ ઉંચા કરી જાણે નૃત્ય ન કરી રહ્યો હોય તેમ કરતો હતો. જાણે તે તેના માલીકને એમ સૂચવી ન રહ્યો હોય કે " તમે સૌની પાછળ શા માટે ચાલો છો ? ચાલો આપણે સૌની આગળ થઇ જઇએ. " જેમ જેમ તે અશ્વ આગળ વધવાની ચેષ્ટા કરતો હતો તેમ તેમ તે યુવાન તેની લગામ ખેંચી તેને સર્વની પાછળ ચલાવવાને પ્રયત્ન કરતો હતો. આખરે અશ્વની આગળ વધવાની અત્યન્ત આતુરતા જોઇ, તેની ગરદન થાબડી તે યુવાને કહ્યું. " દાનવદમન ! શું તું પણ યવનોના ચરણ ચાટવાને આટલો બધો અધીર થઇ રહ્યો છે ? જો પિતા

શ્રીએ મને ખાસ આજ્ઞા ન કરી હોત તો શું તું એમ ધારે છે કે હું તને આ વિવાદ કોલાહલમાં, આ પશુ યુદ્ધમાં, આ બાળકોને રમવાના ક્રીડાસ્થાનમાં લાવ્યો હોત ? તે અવાચક પ્રાણી પોતાના માલીકનું કહેવું સમજી ગયો. ફરીથી તેણે આગળ વધવાનો પ્રયત્ન કર્યો નહિ પરન્તુ ધીમે ધીમે સૌની પાછળ પાછળ જવા લાગ્યો.

ચાલતાં ચાલતાં તેઓ એક ધાડા જંગલમાં આવી પહોંચ્યા. સૌની આગળ દિલ્હીશ્વર જહાંગીરશાહ ચાલતો હતો. અને તેમની જમણી બાજુએ મહારાણા કિરણસિંહ શોભી રહ્યો હતા. થોડીવાર સુધી કુચ કર્યા પછી એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી કિરરણસિંહે કહ્યું " દિલ્હીશ્વર ! જુઓ. નદી કિનારે પેલો જે સંગેમરમરનો સ્તંભ દેખાય છે તે તરફ દૃષ્ટિ કરો. ત્યાં આગળ એક દિવસ વીર રાજપૂતો પોતાની જનની જન્મભૂમિની તથા રજપૂતકીર્તિના અચળ ગૌરવની રક્ષા કરવા માટે માનનીય સંગ્રામસિંહની સરદારી નીચે આપના પ્રપિતામહ બાબર સાથે યુદ્ધ કરી સુરલોકમાં રસધાવી ગયા હતા. જુઓ, આમ આ બાજુએ જુઓ. પેલા દૂર દેખાતા પહાડના શિખર ઉપર જે ભાગીતુટી ઇમારત છે તે તરફ નજર કરો. તે રાજપ્રાસાદની બારીમાં બેસીને અન્ય વીરાંગનાઓ સાથે વીરરસપ્રચુર ગીતો ગાઇ દેવી મીરાબાઇએ રાજપૂત યોદ્ધાઓને સમરભૂમિમાં પતંગીઆની માફક ઉડી પડવાને ઉત્તેજીત કર્યા હતા. યવનેશ્વર ! પણે પેલા કીર્તિ

સ્તંભ તરફ દૃષ્ટિ કરો. ત્યાં આગળ અમારા વીર પૂર્વજ હમીરસિંહે ખૂની અલાઉદ્દીનના અફગાન લશ્કરની દાણાદાણ કરી મેવાડની ચીરસ્થાયી સ્વતંત્રતા પાછી મેળવી હતી. પરન્તુ હાય ! તે વીર પુરૂષો તથા તે વીરતાના દિવસો ચાલ્યા ગયા. હવે તો અમારે તેમને યાદ કરી નિઃશ્વાસ નાંખવાનાંજ બાકી રહ્યા !"

"રાણા સાહેબ !" જહાંગીર બાદશાહે ગંભીર સ્વરે કહ્યું. આ બિહામણા જંગલમાં, આ દિલેર રાજપૂતોના મેદાનેજંગમાં આપે કહ્યાં તેને પણ આંટ મારે તેવાં ઠેકાણાં હું આપને બતાવી શકું તેમ છે. જુઓ, પેલા પહાડ પાસે એક દિવસ દિલેર અને બહાદુર પ્રતાપસિંહે ફકત બસેંજ સિપાઇઓની મદદથી એક હજાર કરતાં પણ વધારે મુગલોને હરાવ્યા હતા. આ પર્વતની પેલી ગુફાના મોં આગળ નજર કરો. ત્યાં આપના બહાદુર દાદાએ મારા વાલિદની ગફરીના ફુરચે ફુરચા ઉડાવી દીધા હતા. પેલી બીહામણી કાળી ખીણુ તરફ આંખ ફેરવો. તેની વચમાં આવી રહેલા હલદીઘાટના મેદાનમાં આપના રૂસ્તમના જેવા પરાક્રમી દાદાએ એક સાચા સિપહસાલારને છાજે તેવી દિલેરી દાખવી મારા માવતને મારી મને પોતાને પણ ઘાયલ કર્યો હતો. આમ દૂર, પેલા વિશાળ મેદાન તરફ દૃષ્ટિ કરો. ત્યાં આપના વાલિદે શાહજાદા પર્વિઝને સખ્ત શીકસ્ત આપી તેના બેટાને બેજાન કર્યો હતો. અરે, દૂર ક્યાં જોવા જાઓ છો ? પેલા વિશાળ ઘટાવાળા વડ તરફ નજર કરો. ત્યાં મુગલ શહેન-

શાહતના નાક સમાન ગણાતા સુરત બંદરને લૂંટી બહાદુર કિરણસિંહે પોતાના વાલિદને જંગ આગળ ચલાવવા માટે પૈસા આણી આપ્યા હતા. ખરેખર, રાણા જનાબ ! આ અરવલી પહાડનો દરેક પત્થર દિલેર રાજપૂતોની દિલેરીના કીર્તિસ્તંભ સમાન છે અને મુગલ શહેનશાહની જોડેના જંગમાં બહાદુર કિરણસિંહે કાંઈ ઓછી બહાદુરી નથી બતાવેલી."

" દિલ્હીશ્વર ! " ભવાં ચડાવી તથા નિઃશ્વાસ નાંખી કિરણસિંહે કહ્યું. " જો બીજા કોઈને મોઢે આવા વખાણ સાંભળ્યાં હોત તો ખોટી ખુશામત કે કટાક્ષોકિત સમજત. પરન્તુ જો કિરણસિંહ બાયલો ન હોત, સૂર્યવંશમાં જન્મેલો એક કુલાંગાર ન હોત તો આપ શું એમ ધારો છો કે તેના પિતાના સંધિકરવાના વિચારને તેણે અનુમોદન આપ્યું હોત અને દિલ્હિના દરબારમાં આવી એક સાધારણ સરદારની માફક નોકરી કરી હોત? નહિ, નહિ, દિલ્હીશ્વર! જો તે ખરેખરો રાજપૂત બચ્ચો હોત, તેના પૂર્વજોના વીરગૌરવનું તેને જરા પણ ભાન હોત તો તેણે મેવાડની ચીરસ્થાયી સ્વતંત્રતા કદિપણ વેચાવા દીધી ન હોત અને સ્વર્ગ સમાન આ મેવાડ ભૂમીપર મુગલ સૈન્યના ચરણરેણુંની છાયા કદિ પણ પડવા ન પામી હોત.

" રાણા જનાબ ! " જહાંગીર બાદશાહે કહ્યું. " મોગલ શહેનશાહને આપના દુશ્મન સમજવામાં આપ મોટી ભૂલ કરોછો, કારણ કે આપના બહાદુર, પુરાણા અને પ્રખ્યાત ખાનદાનને બર્બાદ કરવાની તે મુદલ ઇચ્છા ધરાવતો નથી. અલ્લાહ

જાણો છે કે જહાંગીર ઉદયપુરનો દોસ્ત છે યા દુશ્મન ! તખ્ત નશીન થયા પહેલાં હિન્દુઓ માટે મારા હૃદયમાં ગમે તેટલા ભૂંડા વિચાર હતા તોપણ રાજની લગામ હાથમાં લીધા પછી તથા રૂસ્તમ પ્રતાપસિંહ અને દિલેર અમરસિંહની દિલેરી જાતે અનુભવ્યા પછી મારા વિચારમાં જમીંઆસમાંનો તફાવત પડી ગયો છે. હવે મારા મનની ખાતરી થઇ ગઈ છે કે હિંદુ મુસલ્માનમાં એકદિલી ઉત્પન્ન કરવાનો મારા વાલિદે જે પ્રયત્ન આરંભ્યો હતો તે દુરસ્ત છે. મારા વાલિદની માફક મારા ખરા મનની મંશા પણ એજ છે કે હિંદુ મુસલ્માન પોતાની પહેલાંની દુશ્મનાવટ ભુલી જાય અને હાથમાં હાથ મીલાવી-દોસ્ત બની-હિંદોસ્તાન પર હુકૂમત કરે. જ્યાં સુધી આ બે મોટી કોમો પોતાનો અંટસ વિસારી નથી મૂકતી અને એક બીજા તરફ ડોળા ધુરકાવતી ઉભી રહેછે ત્યાં સુધી આ પ્રાચિન દેશ સુરક્ષિત છે એમતો નહિજ કહી શકાય. રાણાજી ! મેવાડના બહાદુર રાજ્યને હું બીજા રાજ્યો માફક દબાએલું રાખવા મુદ્દલ ઇચ્છિતો નથી. હું તેને મુગલ શહેનશાતના આધાર સમાન જ બનાવવા માગું છું. રાણા અમરસિંહની સાથે મેં જે કોલકરાર કર્યા હતા તે પરથી અને આપ દરબારેદેહ્લીમાં આવ્યા ત્યારે આપના તરફ મેં જે વર્તણુક બતાવી હતી તે પરથી આપ જોઇ શકયા હશો કે હું જે બોલું છું તે ખરા દિલનું છે યા ખોટા."

"દિલ્હીશ્વર ! " કિરણસિંહે દીર્ઘ નિઃશ્વાસ નાંખી કહ્યું.

'જો હિન્દુઓના નશીબમાં આપ કહો છો તેવાજ લેખ લખાએલા હશે, જો માતૃભૂમી રાજસ્થાનના રક્ષણાર્થે વીર રજપૂતોએ મુસલમાનોની મદદ માગવીજ જોઇએ એવા વિધિના લેખ હશે તો તે લેખાનુગત કાર્ય કરવાનું મંગળાચરણ અકબરશાહ અને આપથી થઇજ ચૂક્યું છે. ”

આમ કહી કિરણસિંહે એક અતિ દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો. પછી કેટલીકવાર સુધી કાંઇક વિચારમાંને વિચારમાં ઉભો રહ્યો. આખરે કેટલેક દૂર એક પહાડ તરફ જોઇ દિલ્હીશ્વર તરફ નજર ફેરવી તેણે ઉચ્ચ સ્વરે કહ્યું. “ દિલ્હીશ્વર ! આજ ભારતના ભાવીની પરીક્ષા કરવાનો એક અનુપમ પ્રસંગ આવી પહોંચ્યો છે. જુઓ ! પણે અરણ્યના પેલા કિનારા તરફ જુઓ. ત્યાં એક મસ્તાન સફેદ પાડો મદથી ફાંકતો બેઠેલો છે. તેના પર આજ ભારતના ભવિષ્યની પરીક્ષા થશે. આપ જાણો છો કે આજ અમારો વિજયાદશમીનો માંગલિક દિવસ છે. આજના શીકાર પરથીજ ક્ષત્રીયો પોતાના આખા વર્ષનું ભવિષ્ય જાણે છે. આજના માંગલિક દિવસેજ અમારી કુળદેવી, મેવાડની અધિષ્ટાત્રી ભગવતી સિંહવાહિનીએ અસુરોનો સંહાર કરી ભૂમી ભાર ઓછો કર્યો હતો. આવા માંગલિક દિવસેજ આજ હિંદુ મુસલમાનના ભાગ્યની પરીક્ષા થશે. જો આજ સૂર્યાસ્ત પહેલાં અહિં એકત્ર મળેલા પાંચસો રાજપૂતોમાંથી કોઇ પણ શૂરવીર એકલે હાથે યુદ્ધ કરી તે ભયંકર પશુનો વધ કરશે તો હું એમ સમજીશ કે હિંદુઓના સૌભાગ્યનો દીવો હવાને હજુ ઘણો

વિલંબ છે. પરન્તુ જો આપના પાંચસો સૈનિકોમાંથી કોઇ એકલે હાથે તેનો સંહાર કરશે તો હું એમજ સમજીશ કે રાજસ્થાનની રાજલક્ષ્મી મેવાડ પ્રદેશને છોડી, સદાને માટે ચાલી ગઇ છે.

ઉપરના શબ્દો કહેતાં કહેતાં કિરણસિંહનું મોં આશા, ઉત્સાહ અને અભિમાનથી લાલચોળ થઇ ગયું. તેની વિશાળ આંખોમાંથી અનલજ્યોત્સ્ના ઝળકવા લાગી, તીવ્ર દૃષ્ટિથી તે રાજપૂત વીરમંડળ તરફ જોવા લાગ્યો. જહાંગીર બાદશાહે પણ પોતાના સૈનિકો તરફ જોઇ ઉક્ત પશુનું અનુસરણ કરવાનો ઈસારો કર્યો. ઇંગિત થતાંજ મુસલમાન સૈનિકો "અલ્લાહો અકબર" ની કિકિયારી પાડતા આગળ વધવા લાગ્યા. રાજપૂતો પણ "હર હર મહાદેવ" "મહારાણા કિરણસિંહની જય" આદિ પોકારો પાડતા પાડતા પોતાના અશ્વો દોડાવવા લાગ્યા.

જે યુવાન સ્વાર ઉદાસવદને સૌની પાછળ પાછળ ચાલતો હતો તેના કાન સુધી પણ કિરણસિંહ મહારાજાનો વજ્ર સમાન ગંભીર અવાજ ગયો હતો. આ પ્રાણી પર આજ ભારતના ભવિષ્યની પરીક્ષા થવાની છે એ શબ્દો સાંભળતાંજ તેની ઉદાસી આનંદમાં પલટાઇ ગઇ. તેણે પોતાના ઘોડાની લગામ ઢીલી કરી દીધી અને હેતથી તેની ગરદન થાબડી તેણે કહ્યું, "દાનવદમના તારૂં પાણી બતાવવાનો અમૂલ્ય પ્રસંગ હવે આવી પહોંચ્યો છે. અત્યાર સુધી આગળ વધવાને જે થનથનાટ કરી રહ્યો હતો તે જો ખરા દિલનો હોય તો સો અશ્વો કરતાં આગળ વધ જો-

ઢઓ" આમ કહી અશ્વને આગળ વધારવા માટે તેણે તેને એ-ડી મારી. એડી વાગતાંની સાથેજ તે ઉત્સુક પ્રાણી ચારે પગે કૂદયું અને એક નિમિષ માત્રમાં તો બધા અશ્વોથી આગળ થઇ ગયું !

સેંકડો હથિયાર બંધ સ્વારોને પોતાની તરફ ધસમસ્યા ધસી આવતા જોઇ તે ભયંકર પાડો ત્યાંથી જીવ લઇને નાઠો અને ઘાડા અરણ્યમાં કોણ જાણે ક્યાંય છુપાઇ ગયો !

દિનપતિ આખા દિવસની મુસાફરી પૂરી કરી, અસ્તાચળ તરફ જવાની તૈયારીઓ કરતા હતા. આ વખતે અરણ્યનો એક ભાગ બિલકુલ જનશૂન્ય હતો. ફક્ત એકજ રાજપૂત સ્વાર ગભરાએલી સ્થિતિમાં ચારે તરફ કાંઇક જોતો હતો. વચ્ચે વચ્ચે તે અસ્ત પામતા સૂર્ય તરફ નિરાશા ભરેલી દૃષ્ટિ નાંખતો હતો અને પછી તિવ્ર નજરથી જંગલમાં આમ તેમ તપાસ કરતો હતો. ઘોડાની પીઠ થાબડી એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી તેણે કહ્યું. "દાનવદમન ! આજ ઉદયપુરના લોકોને હું મોં કયી રીતે બતાવી શકીશ ? જંગલના એક રાની પશુને મારવાની પતિજ્ઞા પણ મારાથી પૂરી થઇ શકી નહિ. શીકાર કરવા નીકળી વખતે મેં મારા મન સાથે દૃઢ પ્રતિજ્ઞા કરી હતી કે આજ તે પાડાનો વધ હું મારા હાથે જ કરીશ. પરન્તુ વિધિ મારા વિરૂદ્ધ છે. અત્યાર સુધી તેની પાછળ પાછળ દોડયો. એક પળ માત્ર પણ તેને મારી દૃષ્ટિ મર્યાદાની બહાર જવા દીધો નહિ તોપણ અત્યારે તે કોણ જાણે ક્યાંય અદૃશ્ય થઇ ગયો.

પ્રભુ! પ્રભુ! અમારા રાજપૂતોનો સૌભાગ્ય સૂર્ય અસ્ત થયો. છે. તે ફરીથી ઉદય પામવાનો નથી માટે જ તે પાડો મારી દૃષ્ટિ આગળથી ગુમ થઇ ગયો છે!

તે યુવાન સ્વાર આ પ્રમાણે બોલતો હતો એટલામાં તેણે અરણ્યના એક ધાડા ભાગમાં તે ભયાનક પશુના આક્રમણનો અવાજ સાંભળ્યો. લાગલોજ કોઇ હાન્તિક-યોદ્ધાનો તરવાર ખેંચવાનો ઝણઝણાટ તેના કાને પડ્યો. ચમકીને જે દિશા તરફથી અવાજ આવ્યો હતો તે દિશા તરફ તેણે પોતાનો ઘોડો ફેંક્યો. ધાડા જંગલમાં પેસતાં તેનું શરીર કાંટાથી ઝરડાઇ ગયું. દાનવદમનનું શ્વેત શરીર પણ લોહીથી લાલચોળ થઇ ગયું. થોડે દૂર જઇ તેણે જોયું તો અત્યાર સુધી તે જેની શોધમાં ફરતો હતો તેજ ભયંકર મહિષ પોતાની પ્રચંડ ડોક નીચી નમાવી તથા ભયંકર તીક્ષ્ણ શીંગડાં ઉંચા ચડાવી એક મુસલમાન સ્વાર તરફ અતિ ક્રોધથી ધસતો હતો. તેને જોતાંજ તે સ્વારનું હૃદય હર્ષથી વેંત વેંત ઉંચું ઉછળવા લાગ્યું. તેના બિન્દ ઉપર આશા તથા ઉત્સાહની સુરખી ચડી આવી. પણ વધારે તપાસ કરીને જોતાંજ તેની આશા નિરાશામાં પલટાઇ ગઇ. તેનું મોં મ્લાન થઇ ગયું. તેણે જોયું કે જે સ્વાર ... તે મહિષ ધસતો હતો તે સ્વાર જહાંગીર બાદશાહ પોતેજ હતો તે મહિષ પોતાની પાસે આવે કે તરતજ તેના પર પ્રહાર કરી તેને બેજાન કરવા માટે જહાંગીર બાદશાહે પોતાની તરવાર તૈયાર રાખી હતી. બસ, થઇ રહ્યું. આજ ભારતના ભવિષ્યની

પરીક્ષા થઇ જશે! આજ જહાંગીર બાદશાહના હાથથી તે પાડાનો નાશ થઇ જશે અને મુસલમાનો સાર્વભૌમ રીતે હિંદુસ્તાન પર ચીરકાળ સુધી રાજ્ય કરશે તે વાતનો પણ નિર્ણય થઇ જશે!! આવા આવા અનેક વિચારો તે યુવાનના હૃદયમાં ઉત્પન્ન થવા લાગ્યા. પ્રતિજ્ઞા વિફળ જશે આજ મારી રાજસ્થાનની રાજલક્ષ્મી મેવાડ પ્રદેશ છોડી ચાલી ગઇ છે એ વાતનો આજ નિર્ણય થઇ જશે વગેરે વગેરે વિચાર હૃદયમાં આવતાં જ તેને નિરવધિ દુઃખ ઉત્પન્ન થયું. તેનું કાળજું દુઃખથી વીંધાઇ જવા લાગ્યું.

ભયંકર બરાડા પાડતો તથા લાલચોળ આંખો કાઢતો તે પાડો બાદશાહની નજીક આવી ગહોંચ્યો કે તરતજ જહાંગીરે પોતાની તરવાર તેના શિર પર તાકીને મારવા ઉંચકી. પાડાના શિર પર તરવાર પડી આ પડી એમ થઇ રહ્યું હતું એટલામાં એક અચિંન્તિત બનાવ બન્યો. બાદશાહે જેવી પોતાની તરવાર ઉગામી કે તરતજ તેમનો ઘોડો ભડકયો. જીવ પર આવેલા વિકાળ પાડાની ભયંકર બરાડ સાંભળી તે પાછો પડયો. જહાંગીરની તરવાર પાડાના શિર પર નહિં પડતાં ઝાડની એક ડાળી સાથે અથડાઇ અને ચુરે ચુરા થઇ જમીન પર પડી. એક પળ માત્ર તે પાડો પોતાની ભયંકર ઘાતમાંથી બચી ગયો.

પોતાના હાથમાં આવેલો આવો સરસ દાવ નહિ ચૂકવા માટે તે ચતુર પાડો એકદમ આગળ ધસ્યો અને એક પળમાં તે ઘોડાના પેટમાં પોતાના અણીઆરા શીંગડાં ભોંકી દીધાં. તે ઘોડો જમીન પર પટકાઇ પડયો અને એક કારમી ચીસ પાડી

આ ફાની દુનિયા છોડી ચાલ્યો ગયો. ઘોડો જમીન પર પડતાંજ જહાંગીર એક બાજુપર કૂદી પડયો અને તરવારના ઘાથી નીચે પડેલા ઝાડના ડાળાને હાથમાં ઝાલી તે ભયંકર પશુ સામે યુદ્ધ કરવા ઉભો રહ્યો. જો કે બાદશાહે બહારથી હિંમત બતાવી હતી તોપણ અંદરથી તેનું હૃદય ભયનું માર્યું બેબાકળું થઇ ગયું હતું તેના મોંઢાનું નૂર ઉડી ગયું હતું. તેના મુખારવિન્દ પર નિરાશાના ચિન્હો સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થતાં હતાં.

પોતાના એક દુશ્મનને પૂરો કરવાથી ઉત્તેજીત થયેલો પાડો તેનાં અણીઆળાં શીંગડાં હુલાવતો હુલાવતો બાદશાહ તરફ ચાલ્યો. દિલ્હીશ્વરને જીવન ભયમાં દેખી પેલો યુવાન રાજપૂત સ્વાર પોતાના ઘોડા ઉપરથી નીચે કૂદી પડયો અને બાદશાહ તથા પાડા વચ્ચે જઇ ઉભો રહ્યો. પોતાના માર્ગમાં નવિન શત્રુને આવેલો જોઇ, બાદશાહને પડતો મૂકી, તે પાડો તેનાજ તરફ ફરયો.

એકાએક પોતાની મદદે આ કોણ આવી પહોંચ્યું ? વિચારથી આશ્ચર્ય ચકિત થઇ બાદશાહ દિગ્મૂઢની માફકજ ઉભા રહ્યા હતા તેમની તરફ જોઇ મ્હોં મલકાવી તે રાજપૂત સ્વારે કહ્યું. " દિલ્હીશ્વર ! રાજપૂત વીર આ પશુ સાથે કેવી રીતે યુદ્ધ કરે છે તે જરા ધ્યાન દઇને જુઓ. "

આમ કહી, જરા આગળ વધી તે યુવાને પાડાના શિર પર જોરથી એક લાત લગાવી દીધી. પોતાના શિરપર એકાએક વજ્ર જેવો પ્રબળ પ્રહાર થવાથી પાડાનાં ચક્ષુ બંધ થઇ ગયાં.

તેનું ઘેરાએલું મગજ ધુમવા લાગ્યું. જાણે કોઇ પણ બનાવ ન બન્યો હોય એવી ધીરતાથી તે યુવાને પોતાની શીરોહી તરવાર તેના મ્યાનમાં ઘાલી અને પછી એક છલંગ મારી પાડાની પીઠપર સ્વાર થઇ ગયો. કેટલીકવાર સુધી, જાણે અશ્વ દોડાવતો ન હોય તેમ તેણે તે પાડાને ખૂબ દોડાવ્યો પછી એકદમ તેના આગલા પગપર જોરથી ઠુંસો લગાવી દીધો. તે પાડો થાક તથા ભયથી લોથ પોથ થઇ ગયો હતો. ઠુંસો વાગતાની સાથે જ તે ઘુંટણીએ બેસી ગયો. એટલે જમણે હાથે તેનું એક શીંગડું પકડી તથા ડાબા હાથે તેના એક પગને તેના શીંગડા પર ચડાવી બાદશાહ તરફ જોઇ તેણે કહ્યું. " જુઓ, જહાંપનાહ ! આજ હું આ ભયંકર પશુને વિના શસ્ત્ર મારૂં છું પણ જુઓ ! સૂર્ય અસ્ત પામવાની અણીઉપર છે અને મેવાડ ઇશ્વરની એવી આજ્ઞા છે કે સૂર્ય મેળ બેઠા પહેલાં જ આ પશુનો વધ થવો જોઇએ માટે જ નમેલા શત્રુ પર શસ્ત્ર પ્રહાર કરી મારી તરવારને કલંકિત કરવાની મને જરૂર પડે છે. "

એકાએક આછા લાલ પ્રકાશમાં વિજળીનો ચમકારો થયો. તે વિજળી તે વિકાળ પાડાના માથા પર તૂટી પડી. તે આખું અરણ્ય એક ભયંકર ચીસથી ગાજી ઉઠયું. પાડાનું શિર ધડથી જૂદું થઇ ગયું. તેનો પ્રાણાત્મા તેના ખોળીઆમાંથી ઉડી ગયો ભારત ભવિષ્યની પરીક્ષા થઇ ગઇ. રાજસ્થાનની રાજલક્ષ્મી મેવાડ પ્રદેશને છોડી ચાલી ગઇ નથી તેનો નિર્ણય થઇ ગયો. રાજપૂતોનો મંદ પડેલો સૌભાગ્યસૂર્ય હજુ એક વાર તેના

પૂર્ણ તેજમાં પ્રકાશશે એવી આશા રાજપૂત સ્વારના હૃદયમાં ઉત્પન્ન થઇ.


તે યુવાન રાજપૂત સ્વારના અકથનીય સાહસ અને પરાક્રમથી આશ્ચર્ય ચકિત થઇ જહાંગીર એકવાર તેના સુકોમળ શરીર તરફ તો બીજી વાર તેના મોં આગળ ભરાએલા લોહીના હોજ તરફ જોવા લાગ્યો. કેટલીવાર સુધી તે આમ જોઇજ રહ્યો પછી તેણે પોતાની કેડમાથી એક રણશીંગડું કાઢયું અને જોરથી ફુકવા માંડયું. રણશીંગડાનો અવાજ સાંભળી રાજપૂત તથા મુસલમાન હાન્તિકોએ જે દિશાએથી અવાજ આવતો હતો તે દિશા તરફ પોતાના અશ્વો દોડાવવા માંડયાં. સૌથી પહેલાં વિજળીની માફક ત્યાં મહારાણા કિરણસિંહ આવી પહોંચ્યા. તેમના મોં પર અસ્ત પામતા સૂર્ય સમાન લાલાશ છવાઇ ગઇ હતી. તેમનાં ચક્ષુમાંથી જાણે અગ્નિનો વર્ષાદ વરસતો ન હોય તેવો ભાસ થતો હતો. ભવાં ચડાવી બાદશાહ તરફ જોઇ તેમણે કહ્યું.

"દિલ્હીશ્વર ! હું આપને પહેલથીજ કહી ચૂક્યો છું કે રાજસ્થાનની રાજલક્ષ્મી મેવાડ પ્રદેશનો ત્યાગ કરી સદાને માટે ચાલી ગઈ છે. તેનો પ્રત્યક્ષ પુરાવો આપના ચક્ષુ સમીપજ છે. આ પશુનો વધ આપના શસ્ત્ર પ્રહારથીજ થયો છે ને ?"

'રાણા જનાબ !" જહાંગીર બાદશાહે મોં મલકાવી કહ્યું." આપ બેમતલબ રાજસ્થાનનું બુરું શા માટે વિચારો છો. ? રાજસ્થાનની રાજલક્ષ્મી અમરજ છે. આ ભયંકર પશુનો નાશ

મારા હથિયારથી નથી થયો. તેનો નાશ કરનારજ નહિ પણ મારા પોતાના જાનનો પણ બચાવ કરનાર આ નૌજવાનજ છે. આ બહાદુર નૌજવાનની બહાદુરી તથા દીલેરી-જોઇ હું ઘણોજ તાજાુબ થઈ ગયો છું આપ મને બતાવશો કે આ નૌજવાન કોણ છે ”

“ દિલ્હીશ્વર ! એ મારો નાનો કુમાર અજયસિંહ છે કિરણસિંહે ગર્વ સહિત જવાબ આપ્યો.





પ્રકરણ ૩ જું.

હાય! કોના ગળામાં ?

एषा मनो मे प्रसभं शरीरा
त्पितुः पदं मध्यममुत्पतन्ती ।
सुरांगना कर्षति खण्डिताग्रा
त्सूत्रं मृणालादिव राजहंसी

कालिदासः

વિજયાદશમીનો મહાન્ ઉત્સવ અને તેમાં વળી ખુદ દિલ્હીશ્વર પોતે પધારેલા હોવાથી આજ ઉદયપુરમાં આનંદનો

ઉદધિ ઉછળી રહ્યો હતો. સન્ધ્યા સમયે સર્વ મનુષ્યોએ દીપમાળાથી પોત પોતાના ઘરને શણગારી દીધાં હતાં. તેમાં રાજમહેલની શોભા તો અપૂર્વ કરવામાં આવી હતી. ભાત ભાતનાં પુષ્પ, તોરણું, ધ્વજાઓ અને દીપમાળાથી તેને એટલો બધો શણગારી દેવામાં આવ્યો હતો કે તે દુનિયામાં એક નાનકડું સ્વર્ગ નહોય એવો ભાસ થતો હતો। અત્યારે રાજમહેલની અગાશીમાં બે રમણીઓ બેઠી હતી. અને આહેરીઆમાં ગયેલા શીકારીઓને પાછા આવવાની વાટ જોતી હતી, તે બેમાંની એક કિરણસિંહ મહારાણાની કુંવરી કમળાદેવી હતી. જ્યારે બીજી ગ્વાલિયરના રાજાની પુત્રી હિરણ્મયી હતી. મુગલો સાથેના વિગ્રહમાં ગ્વાલિયરના રાજાએ મહારાણા અમરસિંહને અત્યન્ત મદદ કરી હતી. અને તે વિગ્રહમાંજ તેણે પોતાનો જીવનો ત્યાગ કર્યો હતો. કિરણસિંહને અને તેને જીગજાન મિત્રાચારી હતી. તે જ્યારથી વીરગત થયો ત્યારથી તેની પુત્રીને કિરણસિંહે પોતાને ત્યાંજ રાખી હતી. તે તેને ઘણોજ ચાહતો હતો અને તેને પોતાની પુત્રી સમાનજ રાખતો હતો. કમળાવતી અને હિરણ્મયીની ઉમર લગભગ સરખીજ હતી. તેથી તે બન્નેમાં નાનપણથીજ ધાડી પ્રીતિ બંધાઇ હતી. અત્યાર સુધી એક પણ એવો બનાવ બન્યો નહોતો કે જેથી તેમની મૈત્રીમાં વિક્ષેપ પડે. એક તો આ રાજકુમારીઓ સ્વરૂપમાં સ્વર્ગની અપ્સરાને પણ કોરાણે બેસાડે તેવી સ્વરૂપવાન હતીઅને વળી તેમના મુખારવિંદ પર સેંકડો દીવાઓનું તેજ પડતું હતું એટલે પછી તેમના સૌંદર્યનું

પુષ્પપુંજ શું ? સેંકડો તારામાં જાણે આ બે ભાનુ ઉગ્યા ન હોય .વો જ ભાસ થતો હતો."

"અલી હિરણ્ય !" કમળાવતીએ કોકીલા સમાન કોમળ સ્વરે પૂછ્યું. "આજ આખો દિવસ તું કયાં હતી ? તું એવા શા કામમાં ગુંથાઇ ગઇ હતી કે આખા દિવસમાં એક વાર પણ મારી પાસે આવી ન હતી?"

"બાગમાં બેઠી બેઠી આ હાર ગુંથતી હતી." એક હાર બતાવી હિરણ્મયીએ કહ્યું.

"શું હાર ગુંથતી હતી? અલી હિરણ્ય! તું એ હાર પહેરાવીશ કોને ?" કમળાવતીએ મશ્કરીમાં મોં મલકાવીને પૂછ્યું.

"કોને કેમ ! આજના શીકારમાં જે સર્વોત્તમ નીવડશે તેને આ હાર હું ઇનામમાં આપીશ" હિરણ્મયીએ જવાબ આપ્યો.

"હિરણ્ય ! ધન્ય છે તારી છાતીને ! આજના શીકારમાં પાંચસો રાજપૂત અને પાંચસો મુસલમાન મળી એક હજાર યોદ્ધાઓ ગયા છે. સર્વ યોદ્ધાઓ એક એકથી ચડે તેવા છે. તેમાં વિજય કોણ પ્રાપ્ત કરશે ? તે કેમ કહી શકાય ! જો કદાચ કોઇ મુસલમાન વિજય પ્રાપ્ત કરશે તો ?" કમળાવતીએ એક ગંભીર પ્રશ્ન ઉપસ્થિત કર્યો.

"જો આજના શીકારમાં કોઇ મુસલમાન વિજય પ્રાપ્ત કરશે તો, કમળા બ્હેન !" હિરણ્મયીએ કહ્યું. "હું જંગલ-

માં જઈ એક શિયાળ પકડી લાવીશ અને તેના ગળામાંજ આ હાર ઘાલીશ. પરન્તુ જો સિંહ કરતાં શિયાળવાં બળીઆ નહિ થાય અનેજો મેવાડની અધિષ્ઠા કુળદેવી મિથ્યાવાદિની નહિ હોય તો આ હાર તેમાં જેનું નામ ગુંથેલું છે તેનાજ ગળામાં પડશે "

" અલી ! તું તો ગજબ કરે છે. જોવા દે જો તેમાં કોનુંનામ ગુથેલું છે ? " કમળાવતીએ હાર જોવા માગ્યો.

હિરણમયીએ તે કુસુમહાર કમળાવતીના હાથમાં આપ્યો તે હાથમાં લઈ તેમાંનું નામ વાંચી આશ્ચર્ય ચકિત થઈ કમળાવતીએ કહ્યું. " અલી હિરણુ ! આમાં તો મારા ભાઈ અજયનું નામ છે. તેં શાથી જાણ્યું કે આજના શીકારમાં તેજ વિજય પ્રાપ્ત કરશે ? "

હિરણમયી કેટલીક વાર સુધી કમળાવતીના સુંદર મુખ તરફ જોઈજ રહી. તેના મોં પરનાં ચિન્હો પરથી સ્પષ્ટ રીતે જણાઈ આવતું હતું કે તે કોઈ ગંભીર વિચારમાં પડી ગએલી હોવી જોઈએ. કેટલીક વાર સુધી વિચાર કર્યા પછી તેણે કહ્યું. " કમળા બહેન ! " તમારાથી છાનું રાખું એવું મારે શું છે? મારા હૃદયની છૂપામાં છૂપી વાત પણ હું તમને કહી ચુકી છું તોપછી આ વાત મારે શા માટે છાની રાખવી જોઈએ! જુઓ હું તેમને તે કહી સંભળાવું છું તે બરોબર ધ્યાનપૂર્વક સાંભળો કાલ રાતે મને સ્વપ્ન આવ્યુ હતું. સ્વપ્નમાં મને ભગવતી સિંહવાહિનીએ દર્શન દીધાં હતાં, મારા આગળ આવી

અતિ પ્રેમ અને હર્ષથી તેમણે કહ્યું. "હિરણ્મયી! શું તું જાણે છે કે આ સઘળા ક્ષત્રી શૂરવીરોમાં મને સૌથી વધારે વહાલો કોણ છે? આ સઘળા રાજપૂતોમાં રાજપૂતજાતિના ભૂષણરૂપ કયો નર કેસરી છે તેના શું તને ખબર છે?" ભગવતીના પ્રશ્નથી ક્ષોભ પણ ગુંચવાડામાં નહિ પડતાં હું એકદમ બોલી ઉઠી. "માતુશ્રી! આ સઘળા રાજપૂતોમાં મને તો કુમારશ્રી અજયસિંહજી વીર શિરોમણી દેખાયછે. મહારાણા અમરસિંહનો તેમના પ્રતિ અપ્રતિમ પ્રેમ હતો. મહારાણા કિરણસિંહ તેમને માટે જાતજાતની આશાઓ બાંધી રહ્યા છે. તેમની જન્મપત્રીકા જોઇ જોશી મહારાજો પણ એમ કહેછે કે તે એક વખત આખા હિંદુસ્તાનમાં પોતાના નામનો ડંકો વગડાવશે. આવા આવા કારણોને લીધે હું તો એમજ ધારૂં છું કે કુમારશ્રી અજયસિંહ જ ક્ષત્રી જાતિના ભૂષણરૂપ છે." મારૂં આવું કથન સાંભળી મેં મલકાવી ભગવતીએ કહ્યું. "હિરણ્મયી! તારૂં કહેવું ખરૂં છે. અજયસિંહજ મારો વહાલામાં વહાલો વીરપુત્ર છે, તેજ ક્ષત્રીઓના શિરોમણી સમાન છે. કાલના આહેરીઆમાં તે એટલી બધી વીરતા બતાવશે કે યવન સમ્રાટ્ પણ આશ્ચર્યથી દિગ્મૂઢ થઇ જશે, જો મારી સાથે હું આ ભીમકાય પાડો લાવી છું, તે તરફ નજર કર. સેંકડો શૂરવીર યોદ્ધાઓમાંથી વીર અજયસિંહજ આ પાડાનો શીકાર કરશે." મેં તે પાડા તરફ નજર કરી તો તેનાં અણીઆરાં શીંગડાં, લાલચોળ આંખો, વિકાળ માથું તથા ભયંકર શરીર જોઇ મારાં તો મોતીયાંજ મરી ગયાં. ભયથી કંપતી કંપતી બે હાથ જોડી

ભગવતીને મેં વિનન્તિ કરી કે માતુશ્રી જગદંબે ! હું આપને બે હાથ જોડી, લળી લળી પાય લાગી વિનન્તિ કરૂં છું કે અજયસિંહની સાથે યુદ્ધ કરવા આપ આવા ભયંકર પશુને ન મોકલશો. તેનાં આવાં અણીઆરાં શીંગડાંનો પ્રહાર અજયસિંહની કમળસમાન કોમળ કાયા કયી રીતે સહી શકશે ? માતુશ્રી ! મારા પર કૃપા કરો. મારી વિનન્તિ દિલ ધરો અને અજયસિંહ સાથે યુદ્ધ કરવા આવું ભીષણ પ્રાણી ન મોકલો" મારી આવી વિનન્તિ સાંભળી ક્રોધ અને વિષાદથી ભવાં ઉંચા ચડાવી ભગવતી કેટલીક વાર સુધી મારા તરફ જોઇજ રહ્યાં. પછી અજયસિંહ તરફ જોઇ તેમણે તે ભયંકર પશુનો વધ કરવાની તેમને ઇશારત કરી. ઇશારત થતાંજ અજયસિંહ હસતા હસતા અન્ય વીરોથી આગળ વધ્યા અને એક પળમાત્રમાં તો તે પ્રાણીને સ્વધામ પહોંચાડી દીધું. તેમનું આવું અકથનીય પરાક્રમ જોઇ આશ્ચર્ય ચકિત થઇ હું તેમને એક કુસુમમાળા પહેરાવવા આગળ વધી. મને આગળ વધતી જોઇ ભવાં ચડાવી ભગવતીએ કહ્યું. "હિરણ્મયી ! તું અજયસિંહના શરીરનો સ્પર્શ કરતી નહિ. ક્ષત્રિય કન્યા હોવા છતાં પણ તું રાજપૂત વીરને યુદ્ધમાં જતો જોઇ શકતી નથી તેથી તું તેને સ્પર્શ કરવાને યોગ્ય નથી. માટે ખબરદાર જો તેના શરીરને અડકી તો !" ભગવતીનું આવું ક્રોધ પૂર્ણ કથન સાંભળી મારૂં શરીર વાયુમાં વૃક્ષ પત્ર માફક કંપવા લાગ્યું. ભય, લજ્જા અને અભિમાનથી મારાં શરીરનાં રૂવાંટાં ઉભાં થઇ ગયાં. પાછી હઠી મેં દૂરથીજ અજયસિંહ પર મારી

પુષ્પમાળા ફેંકી. હાસ્યવદને અજસિંહે તે માળા પોતાના હાથમાં લીધી અને જેવા તે તેને પોતાના ગળામાં ઘાલવા જતા હતા કે તરતજ તે માળા તેમની તરવારમાં ભરાઇ. દોરી કપાઈ ગઇ અને બધા ફૂલ જમીન પર સરી ગયાં. મારા તરફ જોઇ સિંહ-વાહિનીએ મોં મલકાવ્યું અને પછી ત્યાંથી અદૃશ્ય થઇ ગયાં.

હિરણ્મયીનું આ કથન સાંભળી કમળાવતી કંપી ઉઠી. કંપિત સ્વરે તેણે કહ્યું. " હિરણુ ! તે તો સ્વપ્નજ હતું ને ! સ્વપ્ન કાંઇ ઓછુંજ સાચું પડે છે ! પણ જો ભગવતીએ તારા પર પ્રસન્ન થઇ એકવાર તને દર્શન દીધાં તોપછી તારા પર ક્રોધે ભરાઇ અજયનો સ્પર્શ નહિ કરવાની આજ્ઞા તેમણે શા માટે દીધી હશે ?

આંખમાં આંસુ આણી તથા એક ઉષ્ણ નિઃશ્વાસ નાંખી હિરણ્મયીએ કહ્યું. " બહેન ? હું તમારા ભાઇનો સ્પર્શ કરવાને લાયકજ કયાં છું ? જો તેમ હોત તો ભગવતીએ કદિ પણ મને મના કરી હોત ? અસ્તુ. મારૂં સ્વપ્ન ખરૂં છે કે ખોટું તેનો નિર્ણય થોડીજ વારમાં થઇ જશે. જો અજયસિંહ આ-જના શીકારમાં ફતેહમંદ થશે તો હું મારી મનોકામના સિદ્ધ થયેલી માનીશ. પરન્તુ જો તેમ નહિ થાય તો ઘણી મહેનતે તૈયાર કરેલી આ કુસુમમાળા મારે જંગલના કોઇ શિયાળનેજ પહે-રાવી દેવી પડશે. બહેના જુઓ. યોદ્ધાઓ આહેરીઆમાંથી પાછા આવતા હોય તેમ પેલી બાજુએ અશ્વોના પગરવ સંભળાય છે.

કમળાવતીએ હિરણ્મયીએ બતાવેલી દિશા તરફ કાન

માંડી સાંભળવા માંડ્યું તો જાણે સઘન ઘોડાની પલટણ ચાલી ન આવતી હોય તેવો અવાજ સાંભળવામાં આવ્યો તેઓ બંને તે દિશા તરફ આતુર દ્રષ્ટિથી જોઇજ રહ્યાં. કેટલીક વારે કમળાવતીએ કહ્યું. " બહેન હિરણ્યા તારૂં સ્વપ્ન ખરૂં હોય તેમજ જણાય છે. જો ભગવતીનો પ્યારો પુત્ર અજયસિંહ ગળામાં વિજયમાળા ઘાલી તથા હાથમાં વિજયપતાકા પકડી હિંદુ મુસલમનથી ઘેરાયલો હસતો હસતો પે...લો આવે ! જો, બાદશાહની બાજુએ આવતા પિતાશ્રી વારંવાર પાછા ફરી સગર્વ દ્રષ્ટિથી તેના તરફ વળી વળીને જુએ છે.

જય જયકાર ધ્વનિ કરતું તથા જમીન આસમાનને પોતાની જયાઘોષણાથી ગજાવી મૂકતું સર્વ લશ્કર રાજમહેલ નજીક આવી પહોંચ્યું. ચંચલ હૃદયે, રોમાંચિત શરીરે તથા કંપતા હાથે હિરમણ્યીએ કુસુમમાળા પોતાના હાથમાં લીધી અને તાકીને અજયસિંહના શિર તરફ નાંખી. પરન્તુ હાય ! તે માળા અજયસિંહના શિર સાથે અથડાઇ, તેના પડખે ઉભેલા એક લાંબી ધોળી દાઢી મૂછવાળા ઠીંકણા અને કાંણા મુસલમાનના માથા પર પડી. વિધિની ગતિ અકળ છે. માણસ ધારે છે શું અને વિધિ કરે છે શું ? પોતાના માથા પર પુષ્પમાળા આવતાંજ તે મોગલ સરદારે તેને પકડી લીધી, અને તે નાંખનાર બાઇ તરફ કાણી આંખે ઉંચે જોયું. ગજબ ! તેના હૃદયમાં જાણે હજારો તીર વાગી ગયાં હોય તેમ થયું. મોં મલકાવી તથા સલામ કરી તેણે તે કુસુમ હાર પોતાના ગળામાં નાંખી દીધો. વીર રજપૂતના

ગળામાં પડવા યોજાયેલી કુસુમમાળા એક મોગલ સરદારના ગળામાં પડી. અપ્સરા સમાન સ્વરૂપવાન હિરણ્મયીના હાથે ગુંથાએલો અજયસિંહનો પુષ્પહાર એક કાણા સરદારના કંઠને વિભૂષિત કરવા લાગ્યો. વિધિ તારી રચનાનો કોણ પાર પામી શક્યું છે ! સત્ય કહેવામાં આવ્યું છે કે:—

અજબ તેરી રચના અજબ તેરા ખેલ.

સસ્સાકે શિરમેં ચમેલીકા તેલ.

એકાએક આ અણચીંતવ્યો બનાવ બનેલો જોઇ કમળાવતીનાં રોમાંચ ઉભાં થઇ ગયાં. ભય તથા વિસ્મયથી કંપી ઉઠી તે બોલી. " હાય, હિરણ ! તે આ શું કર્યું ! અજયની પુષ્પમાળા તેં કોના ગળામાં નાંખી !

પોતાના સ્વપ્નની બીના ખરી પડી એ જોતાંજ હિરણ્મયી ગભરાઇ ગઇ. તેનું મગજ ચકરાવા લાગ્યું. તેની આંખે અંધારાં આવ્યાં. એકદમ ચક્કર ખાઇ તે મૂર્છાવશ થઇ જમીનપર પડી.

કમળાવતીએ એકદમ પોતાની દાસીઓને બોલાવી અને હિરણ્મયીને શયન મંદિરમાં લઇ જઇ ત્યાં તેની સારવાર કરવા માંડી.

પ્રકરણ ચોથું

બાદશાહની માગણી.

Go where glory waits thee;
But, while fame elates thee,
Oh ! still remember me.
MOORE.

રાજપૂત તથા મુસલમાન સ્વારો પોતપોતાના ઘોડાપરથી નીચે ઉતરી પોતપોતાના યોગ્ય સ્થાને ચાલ્યા ગયા હતા. ફક્ત મહારાણો કિરણસિંહ અને દિલ્હીશ્વર જહાંગીરજી હાથમાં હાથ મીલાવી રાજભુવનના દ્વાર આગળ આવેલા ઝુલા

મેદાનમાં વાતચીત કરતા ઉભા હતા. કેટલીકવાર સુધી વિચાર કરી જહાંગીર બાદશાહે કહ્યું. “ કેમ ? રાણા જનાબ ! હવે આપના મનની ખાતરી થઇ ગઇને કે રાજસ્થાનની રાજલક્ષ્મી મેવાડનો ત્યાગ કરી ચાલી નથી ગઇ !

“ દિલ્હીશ્વર ! અત્યારે તો તેથા ઉલટુંજ જણાઇ રહ્યું છે. ” કિરણસિંહે શોકથી નિઃશ્વાસ નાંખી કહ્યું

“ રાણા જનાબ ” જહાંગીર બાદશાહે કહ્યું. “ જ્યાં સુધી આ મેવાડ ભૂમીમાં આપના તથા બહાદુર અજયસિંહના જેવા મનુષ્યો હયાતી ધરાવે છે ત્યાં સુધી રાજસ્થાનાન ગૌરવનો લોપ થયો છે એમ કેમ જ કહી શકાય !

ખરેખર જનાબ ! આજના શીકારમાં અજયસિંહે ઘણીજ દિલેરી દાખવી છે. તેના પરાક્રમથી હું તેના પર ઘણોજ ખુશ થઇ ગયો છું. આજ તેણે મારો જાન મોટા જોખમમાંથી બચાવી મને ઘણોજ એહસાનમંદ બનાવ્યો છે. માટે તેના એહસાનનો બદલો વાળવા હું તેને મારી જોડે દિલ્હી લઇ જવા માગું છું. રાણા જનાબ ! હું એમ ધારૂં છું કે તેને મારી સાથે મોકલવામાં આપ કોઇ પણ જાતનો વાંધો નહિ જ લો. ”

બાદશાહનું આ કથન સાંભળી કિરણસિંહ કાંઇક ગંભીર વિચારમાં પડી ગયો. કેટલીકવાર સુધી વિચાર કર્યા પછી તેણે કહ્યું “ દિલ્હીશ્વર! અજયસિંહ તરફ આપ જે સદ્‌ભાવ બતાવો છો તેને માટે હું આપનો ઘણોજ આભાર માનું છું. પરન્તુ દિલગીર છું કે કેટલાંક કારણોને લીધે અજયસિંહને દિલ્હી મોકલવાના

આપના પ્રસ્તાવનો હું સ્વીકાર કરી શકતો નથી. આપના અને મારા પિતાશ્રીની વચ્ચે જે તહનામું થએલું છે તેમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવેલો છે કે મેવાડેશ્વરનો પાટવી પુત્ર દિલ્હીશ્વરની સેવા ઉઠાવવા રાજધાનીમાં જાય. તે ઉલ્લેખાનુસાર મારો પાટવી પુત્ર યુવરાજ જગતસિંહ આપની સેવામાંજ છે. આ પુત્ર મને પ્રાણથી પણ પ્યારો છે. તેને દિલ્હી મોકલતાં મારી છાતી ચાલતી નથી. માટે મહેરબાની કરી મને માફ કરો અને અજયસિંહને દિલ્હી લઇ જવાનો વિચાર છોડી દો.

"રાણા જનાબ!" જહાંગીર બાદશાહે કહ્યું. "અજયસિંહને દિલ્હી મોકલવામાં તેનો પોતાનો જ લાભ સમાએલો છે. આપ જાણો છો કે આજ કાલ હિન્દુસ્તાનમાં જેટલા બહાદુર માણસો છે તે બધા દિલ્હીમાંજ રહેછે, માટે દિલ્હીમાં આવવાથી તેમના સમાગમમાં આવતાં અજયસિંહને કેટલુંક નવું શિક્ષણ મળશે તે ઉપરાન્ત કેટલાક ખાસ માણસો રોકી હું તેને યુદ્ધ કળામાં હોશિયાર બનાવવાની ઇચ્છા રાખું છું. માટે કાંઇ નહિ તો તેના પોતાના જ લાભનો વિચાર કરી આપ તેને મારી સાથે દિલ્હી મોકલો.

"દિલ્હીશ્વરો" કિરણસિંહે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી કહ્યું. "યુદ્ધ કળામાં નિપૂણ થવા માટે બાપા રાવળના વંશજને દિલ્હી જવું પડે એ વિચારજ મારા હૃદયને ચીરી નાંખે છે, શું મહારાણા હમીરસિંહ, સંગ્રામસિંહ, પ્રતાપસિંહ, અમરસિંહ વગેરે યુદ્ધ કળાનું જ્ઞાન સંપાદન કરવા માટે દિલ્હી ગયા હતા?

નહિ, નહિ, તેઓએ તો દિલ્હીનો દરવાજો પણ દીઠો ન હતો તો પણ તે બહાદૂર નહતા તેમ કોણ કહી શકશે !

કિરણસિંહનું આવું અભિમાન પૂર્ણ કથન સાંભળી જહાંગીર બાદશાહનું મોં લાલચોળ થઇ ગયું. તોપણ પોતાના અંતઃકરણનો ભાવ દબાવી મોં મલકાવી તેમણે કહ્યું. " જનાબ ! મારો કહેવાનો અર્થ એવો નથી કે શાહજાદો અજય દિલ્હીમાં આવ્યાથીજ બહાદુર બનશે કારણકે હું સારી પેઠે જાણું છું કે પ્રતાપી પ્રતાપના વંશજો જન્મથીજ બહાદુર હોય છે. પણ હરબારે દેલ્હીમાં આવ્યાથી તેની બહાદુરી દુનિયાને દેખાડવાને તથા આખા હિન્દોસ્તાનમાં નામ કરવાને તેને ઝાઝી તકો મળી શકશે દિલ્હીમાં રહેવાથી તે હિન્દુ રાહોરસમ છોડી દઇ મુસલમાન રસ્મો રિવાજ પ્રમાણે ચાલશે એવી જો આપને શંકા આવતી હોય તો હું આપને વચન આપું છું કે ક્ષત્રીઓના પાક મહજબ પ્રમાણે ચાલવાને હું તેને સખ્ત તાકીદ આપતો રહીશ. શું આપનથી જાણતા કે હું સિસોદિયાનો સાચ્ચો દોસ્ત છું ? "

જહાંગીર બાદશાહે પોતાના કથનનો અન્તિમ ભાગ પૂરે પૂરો કહ્યો પણ નહોતો એટલામાં તો કિરણસિંહ મહારાજાની પાછળ ઉભેલો એક મનુષ્ય બોલી ઉઠયો. " મેવાડેશ્વર ! બાદશાહનું કહેવું સત્ય છે. વખત આવે કોયલને પણ કાગડાની પાસેથી શિક્ષણ લેવાની જરૂર પડે છે. "

તે આગન્તુક તરફ ક્રોધયુકત દૃષ્ટિથી જોઇ મહારાણા કિરણસિંહે પૂછ્યું. " તું કોણ છે ? "

તે આગન્તુક બ્રહ્મચારી વેષમાં હતો. મહારાણા પાસે આવી તેમને યોગ્ય આશીર્વાદ આપી તે બોલ્યો. "રાજન્ ! કૃપા કરી એક ક્ષણમાત્ર આ સંસારત્યાગી સન્યાસીનું કહેવું એક ધ્યાને સાંભળો. આજ સન્ધ્યા સમયે સરોવર કિનારે આવેલા ઉદયસિંહ મહારાજના ઉપાસન મંદિરમાં એકલો બેઠો બેઠો હું શીવપૂજન કરતો હતો. એટલામાં એકાએક ત્રિશૂળધારી પાર્વતીનાથની મૂર્ત્તિ મારી દૃષ્ટિએ પડી. મારા તરફ જોઇ તે મૂર્ત્તિએ કહ્યું. "હવે મેવાડની આ સ્વર્ગ સમાન પવિત્ર ભૂમી સ્મશાન સમાન ઉજડજ થવા બેઠી છે. કારણ કે ઉદયપુરના મહારાણા ફિરંગુસિંહ તેમના પ્રતાપી પુત્ર અજયસિંહનું લગ્ન ગ્વાલિયરના રાજાની પુત્રી હિરણ્મયી સાથે કરવા માગે છે. માટે અત્યારેને અત્યારે તું મહારાણા પાસે જા અને તેમને નિવેદન કર કે તે વિચાર તે સદાને માટે પોતાના મનમાંથી કાઢીજ નાંખે. જા, તું જઇને તેમને ચેતાવ કે જો તેઓ મેવાડની રાંક પ્રજાનું ભલું ઇચ્છતા હોય તો હિરણ્મયી સાથે અજયસિંહનું લગ્ન કરવાનો વિચાર મનમાંથી સમૂળગો કાઢીજ નાંખે. જો તેમ નહિ કરતાં તેઓ પોતાના વિચારને વળગીજ રહેશે તો મેવાડ પર અવસ્ય એક ભયંકર દુઃખ વાદળ તૂટી પડશે."

" ખરેખર ! તમારી લાગણી છટકી ગએલી છે અથવા કોઇ ખાસ કારણથી તમે મીથ્યા બાપણુ બોલી રહ્યા છો. હું મારા પ્યારા મિત્રની અપ્સરા સમાન પુત્રી સાથે મારા પુત્ર અજયસિંહનું લગ્ન કરું તો તેમાં ભગવાન્ ભવાનીપતિ શા માટે કોપાયમાન

થાય ? તેથી મેવાડપર આફતનું વાદળ તૂટી પડશે એમ કેમ કહી શકાય ? " કિરણુસિંહે જટાધારી તરફ જોઈ પ્રશ્ન કર્યો.

" મેવાડેશ્વર ! " પહેલાંની માફક અવિચલિત ભાવથી તે બ્રહ્મચારીએ કહ્યું. " મારા કહેવાપર વિશ્વાસ કરવો કે ન કરવો એ આપની મુનસફી પર છે. મેં તો મારી મેળે મને જેવી શીવ આજ્ઞા થઇ હતી તેવીજ આપને કહી સંભળાવીછે. હવે તેને અમલમાં મૂકવી કે ન મૂકવી એ આપની પોતાની મરજીપર આધાર રાખે છે. જો તે આપને ઉચિત લાગતી હોય તો તે પ્રમાણે વર્તાવ કરો. નહિતો પછી જેવી આપની મરજી. પરન્તુ યાદ રાખજો કે શીવઆજ્ઞા ઉથાપવાથી મેવાડપર એક ભયંકર આફત આવી પડશે "

આટલું બોલી, કિરણુસિંહ તેનો શો પ્રત્યુત્તર આપે છે તે સાંભળવા ઉભો નહિ રહેતાં તે સન્યાસી ત્યાંથી ચાલ્યોજ ગયો. તેના ગયા પછી કેટલીક વાર સુધી શાન્તપણે વિચાર કરી કિરણુસિંહે કહ્યું. " દિલ્હીશ્વર ! આપ એમ ન સમજતા કે મને પેલા સન્યાસી—વેષધારી ધૂર્તના—કથનમાં લગાર પણ વિશ્વાસ છે. પરન્તુ અત્યારે હું આપની માગણીનો સ્વીકાર કરૂં છું. ફક્ત થોડીજ પળો ઉપર જે કરવા હું અસંમત હતો તેજ કરવા અત્યારે હું સંમત થાઉં છું. કૃપા કરી આજની રાત આપ આ દીનજનની ઝુંપડીમાં વિશ્રામ લો. કાલ સવારેજ હું આપની સાથે અજયને દિલ્હી મોકલીશ. અત્યારેજ અજયને બોલાવી હું તે બાબતથી તેને જ્ઞાત કરૂં

હ્યું. "આમ કહી અજયસિંહને દિવાનખાનામાં બોલાવી લાવવા તેમણે એક સેવકને આજ્ઞા કરી.

કિરણસિંહ અને જહાંગીર બાદશાહે પણ રાજભુવનમાં પ્રવેશ કર્યો. તેઓ જઇને ઝાઝીવાર દીવાનખાનામાં બેઠા નહિ હોય એટલામાં તો અજયસિંહ ત્યાં આવી પેહોંચ્યો અને હસ્તદ્વય જોડી કિરણસિંહને પ્રણામ કરી ત્યાંજ ઉભો રહયો.

"બેટા, અજય !" અજયસિંહ તરફ પ્રેમભીની દ્દષ્ટિ નાંખી કિરણસિંહે કહ્યું. "તારી આજની વીરતાથી દિલ્હીશ્વર તારા પર અત્યન્ત પ્રસન્ન થઇ ગયા છે અને તને દિલ્હી લઇ જઇ, ભારતસામ્રાજ્યશાસનમાં તારી સહાય્ય લેવા તેઓ આગ્રહ કરે છે."

"શાહજાદા અજય !" જહાંગીર બાદશાહે કહ્યું. "આજ તેં મને મોતના પંજામાંથી બચાવી મારા પર મોટો એહસાન કર્યો છે. તેના બદલામાં હું તને મારો એક માનીતો સરદાર બનાવવા ઇચ્છું છું. આજ તેં મારાપર જે એહસાન કર્યો છે તેનો પૂરે બદલો તો મારાથી કદિપણ વાળી શકાય તેમ નથીજ, તો પણ આ માં તારૂં કાંઇક બહેતર કરી તારા એહસાનનો કેટલાક ભાગે બદલો વાળવાની હું ઇચ્છા રાખું છું, હું ખાતરી રાખું છું કે મારી તે ઇચ્છા અમલમાં મૂકતાં તું કોઇ પણ રીતનો વાંધો નહિજ લે."

જે પિતા બાલ્યાવસ્થાથીજ તેને બાપ્પારાવળ, હમીરસિંહ,

સંગ્રામસિંહ, પ્રતાપસિંહ. અમરસિંહ, વગેરેનાં રૂવાંટાં ઉભાં કરે તેવાં વીરરસ પ્રચુર પરાક્રમો કહી સંભળાવતો હતો અને દરબારે દિલ્હીમાં જતાં પોતાને કેટલો બધો પરિતાપ થયો હતો તેનાં અતિ દુઃખકારક ચિત્ર વર્ણવી બતાવતો હતો તેજ પિતાને પોતાને દિલ્હીમાં જઇ યવનરાજની નોકરી કરવાની અને જે બાજુ મેવાડની મુક્તિ માટે વાપરવાની તે તેને શીખામણ આપતો હતો તેજ બાગ મેવાડની સ્વતંત્રતા લૂંટનારના હાથ મજબૂત કરી આપવામાં વાપરવાની સલાહ આપતો જોઇ તેને અત્યન્ત ખેદાશ્ચર્ય થયું. પત્થરના પુતળાની માફક કેટલીક વાર સુધી તે કિરણસિંહ તરફ જોઇજ રહ્યો.

અજયસિંહને આ પ્રમાણે મૂક દેખી જહાંગીર બાદશાહે કહ્યું. "શાહજાદા અજય ! હું તને બીજા રાજપૂત શાહજાદાઓની મ્વાફિક સાધારણ સરદાર બનાવવા માગતો નથી પણ હું તને મારા દરબારમાં ઘણો માન ભરેલો હોદ્દો આપવા ઇચ્છા રાખુ છું મારા માનીતામાં માનતા સરદારો તરફ હું જેવો વર્તાવ રાખું છું તેવોજ વર્તાવ હું તારી તરફ રાખીશ. હું આશા રાખું છું કે તારા એહશાનનો આ જે નાનકડો બદલો વાળવાની હું ઇચ્છા ધરાવું છે તેનો અસ્વીકાર તો તું નહિજ કરે."

"દિલ્હીશ્વર !" અજયસિંહે જહાંગીર બાદશાહ તરફ જોઇ કહ્યું. "મેં આપના પર કોઇ પણ પ્રકારનો ખાસ ઉપકાર કર્યો નથી. તે પશુનો મેં જે વધ કર્યો હતો તે કાંઇ આ-આપના પ્રાણનો બચાવ કરવા માટે કર્યો નહતો પરન્તુ મારા

પિતાશ્રીએ જે ભવિષ્ય જાણવા માગ્યું હતું તે ભવિષ્યમાં મુસલમાનોનો જય ન થાય તે માટેજ મેં તે પાડાનો વધ કર્યો હતો. હું પોતે તો આજના શીકારમાં ઉતરવા મુદ્દલ રાજી નહતો પરન્તુ મારા પિતાશ્રીના ખાસ આગ્રહથીજ આજના પશુ યુદ્ધમાં હું જોડાયો હતો.

દિલ્હીશ્વરને આ પ્રમાણે કહી કિરણસિંહ તરફ જોઇ અજયસિંહે કહ્યું. " પિતાજી ! આપની સેવામાં રહી ક્ષત્રી શૌર્યનો મેં જે લાભ મેળવ્યો છે તેનો શું આવોજ ઉપયોગ થશે? શું આપની આવીજ ઇચ્છા છે ? "

અજયસિંહનું ઉપરોકત કથન સાંભળી જહાંગીર બાદશાહ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે જે વંશમાંના જુવાનો આ છોકરાનાં જેવા સ્વતંત્રતાને ચહાનારા અને પિતૃભકત હોયછે તે વંશના રાજાઓને સ્નેહની સાંકળ સિવાય બીજા શેનાથી બાંધી શકાય ? જે કિરણસિંહ દરબારે દેલ્હીમાં એક ગાંડા સ્વાફિકજ વર્તતો હતો તેજ કિરણસિંહ અત્યારે એક પાકટ તથા નિપૂણ રાજદ્વારી માણસને છાજે તેવી રીતે મેવાડમાં રાજ્ય કરી રહ્યા છે. હાલમાં જગતસિંહ મારા દરબારમાંજ છે પણ તેની વર્તણુક પણ કેટલેક અંશે તેના વાલિદને મળતીજ આવે છે. આનું કાંઇક ગૂઢ કારણ હોવું જોઇએ અને તે કારણ એજ છે કે તેઓ મારા દરબારમાં નોકરી કરવા નથી ઇચ્છતા. તેમના પૂર્વજોની સ્વારિક તેઓ પણ સ્વતંત્રજ રહેવા માગે છે. આવા આપ અખ્તીઆરીમાં રહેવા ટેવાએલા માણસોને સ્નેહ સિવાય બીજા શેનાથી જીતી શકાય ?

દરબારથી સિસોદિયાઓ દબાયા નથી અને ભવિષ્યમાં દબાવાના પણ નથી એ વાત ચોકસ છે. આ છોકરો પણ તેના કુળના રિવાજ પ્રમાણે સ્વતંત્રતાને ચહાનારો છે. જો તેના બળને હું યુક્તિથી મારા ઉપયોગમાં નહિ લઉં તો મુમકિન છે કે તે તેનો ઉપયોગ કોઇક દિવસ મારી વિરૂદ્ધમાંજ કરશે. એક પળ માત્રમાં જહાંગીર બાદશાહના મગજમાં ઉપરોક્ત વિચાર ઉત્પન્ન થયા. અજયસિંહ તરફ જોઇ તેમણે કહ્યું, " શાહજાદા અજય ! તું મારી મરજી વિરૂદ્ધ વર્તીશ એવી મેં સ્વપ્નમાં પણ આશા રાખી ન હતી. તારા વાલિદે તને દિલ્હી મોકલવાનું કબૂલ કર્યું છે. માટે તારે તેમની કબૂલાતને માન આપી મારી સાથે દિલ્હી આવવુંજ જોઇએ.

"શું પિતાશ્રી આપે મને દિલ્હી મોકલવાની કબૂલાત આપી દીધી છે? આપે તે શું કર્યું ? " અજયસિંહે આશ્ચર્ય ચકિત થઇ પ્રશ્ન કર્યો.

" બેટા, અજય ! " કિરણસિંહ નિઃશ્વાસ નાંખી કહ્યું, " તું શું કહેવા માગે છે તે હું બરાબર સમજુ છું. પરન્તુ વિધિના લેખજ એવા છે ત્યાં માણસનું શું ચાલે ? ગમે તેમ હો તો પણ મારા મનની ખાતરી છે કે જહાંગીરશાહ ઘણા ઉદાર મનુષ્ય છે. તે એમ નથી ઇચ્છતા કે મેવાડના રાજ કુંવરો ક્ષત્રિયકુળકલંક માનસિંહની માફક દાસત્વ કરે. સિંહના પુત્રને તે સોનાના પાંજરામાં પૂરી રાખવા મુદલ નથી ઇચ્છતા. દિલ્હીમાં તેમણે મારી તરફ જે વર્તણુક બતાવી હતી તે પરથી હું ચોકસ રીતે કહી શકું છું કે તે આપણા તરફ

ઘણા પ્યાર તથા આદરથીજ જુએ છે. માટેજ ભારતના ભાવી-ના શુભાશુભનો વિચાર કરીનેજ મેં તને દિલ્હી મોકલવાનો નિશ્ચય કર્યો છે.

"પિતાજી! જો આપે મને દિલ્હી મોકલવાનો નિશ્ચય કર્યો હોય તો હું આપની ઇચ્છા મારા શિર પર ચડાવું છું" અતિમાનપૂર્વક શિર ઝુકાવી અજયસિંહે કહ્યું.

અજયસિંહને દિલ્હી મોકલવાનો પ્રસ્તાવ આ પ્રમાણે પૂરો થયા પછી અજયસિંહ તરફ જોઇ કિરણસિંહે કહ્યું. "બેટા અજય! તારી માતાના આગ્રહથી તારૂં લગ્ન હિરણ્મયી સાથે થવાનું નક્કી થઇ ગયું હતું પણ હવે તું દિલ્હી જતો હોવાથી તે લગ્ન કેટલોક વખત સુધી મુલતવી રાખવું પડશે. જો તે દરમ્યાનમાં કાંઇ વિઘ્ન નહિ આવે તો હું તને દિલ્હીથી બોલાવી લાવવા એક દૂત મોકલીશ. માટે તે વાતે તું નિશ્ચિત જ રહેજે"

કિરણસિંહનું ઉપરોક્ત કથન સાંભળી અજયસિંહના મુખ મંડળ પર પહેલાં હર્ષ અને પછી શોકની છાયા છવાઇ ગઇ. કોણ જાણે શાય કારણથી તે ગળગળો થઇ ગયો! પોતાની લાગણીઓ છુપાવવા માટે કિરણસિંહને પ્રણામ કરી તેણે ત્યાંથી ચાલવા માંડયું. એકાએક કાંઇક સાંભળી આવ્યું હોય તેમ કિર-ણસિંહે તેને પોતાની પાસે પાછો બોલાવ્યો અને કહ્યું. "બેટા, અજય! કાલ પ્રભાતમાંજ તારે દિલ્હીશ્વર જોડે દિલ્હી જવાનું છે. ત્યાં જાય ત્યારે તારે મારી બે શીખામણો ખાસ યાદ રાખ-રાખવાની છે. તે એ છે કે ગમે તેમ હોય તો પણ મુસલમાનનો-

પક્ષ કરી કોઇ પણ દિવસ હિંદુઓ ઉપર હથિયાર ઉપાડતો નહિ. રાજપૂતના હાથે રાજપૂત રૂધીર રેડી ભારતમાતાને કદિપણ દુભાવતો નહિ. મારે તને બીજી શીખામણ દેવાની છે તે એ છે કે કોઇપણ દિવસ વિના શસ્ત્ર કોઇ મુસલમાનને મળતો નહિ. જા બેટા ! મારી આ શીખામણ તારા કાળજામાં કોતરી રાખજે. પ્રતિપળે મારા બોધ વચનો સ્મરણમાં રાખજે. એક પળ માત્ર પણ મારા વચનોથી અન્યથા વર્તન કરતો નહિ. બસ, હવે તું અહિંથી જા અને ખાઇ પીને આરામ લે."

પિતૃ આજ્ઞાને દેવાજ્ઞા સમાન માનનાર અજયસિંહ વિચારમાં તલ્લીન થઇ ત્યાંથી પોતાના શયન મંદિરમાં ગયો અને જહાંગીર તથા કિરણસિંહ કેટલીકવાર સુધી વાતચીત કરી આખરે જૂદા પડયા.





પ્રકરણ ૫ મું.

સ્વપ્નમય જીવન.

અમે ઉંઘ્યાં ત્યારે સ્મિતભર હતાં મોં મલકતાં
હતી ચિન્તા ના ના જરી પણ કશાની મગજમાં
અરે, તેમાં કયાંથી! દુઃખમય થયું સ્વપ્ન મુજને?
નથી એ ભૂલાતું હજુ પણ પીડે છે જીગરને,

કલાપી.

કૃષ્ણ પક્ષની રાત હોવાથી અંધકાર સર્વ સ્થળે વ્યાપી ગયો હતો. સન્ધ્યાકાળ સમયે થયેલી વાતચીતથી અજયસિંહના મનમાં અનેક વિચાર તરંગ ઉઠતા હતા. તેનું મન તદ્દન અસ્વસ્થ

થઈ ગયું હતું. અત્યારે તે પલંગ પર આળોટતો હતો તથાપિ તેને જરાપણ ચેન પડતું નહતું. પલંગપરથી ઉઠી તે અગાશીમાં આવી બેઠો. મધ્ય રાત્રિ વીતી ગઇ હતી. ચારે દિશામાં ભયંકર અંધકાર છવાઇ ગયો હતો. શાંન્તિનુ સામ્રાજ્ય પૂર્ણ રીતે જામી ગયું હતું. કદિ કદિ ઘુવડના અશુભસૂચક ચિત્કાર અને કુતરાના ભસવાનો અવાજ શાન્તિના સામ્રાજ્યમાં વિક્ષેપ નાંખતા કર્ણગોચર થતા હતા. તે સિવાય સકળસૃષ્ટિ શાન્તિમાં ડૂબી ગઇ ન હોય એવો ભાસ થતો હતો. અગાશીમાં આવી અજયસિંહે આકાશ તરફ દષ્ટિ કરી. જો કે આકાશમાં વાદળાનું નામ નિશાન પણ ન હતું તો પણ એટલો બધો ઘટ્ટ અંધકાર છવાઇ ગયો હતો કે તેનું હૃદય કંપી ઉઠયું. જાણે પ્રાકૃતિક અંધકારની ભયંકર મૂર્તિ તેના હૃદય પટમાં પડી ન હોય તેમ તેના અંતઃકરણમાં શોકની છાયા છવાઇ ગઇ. એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી તેણે કહ્યું. “ હાય! આજ મારામાં આ શું વ્યતિક્રમણ થઇ રહ્યું છે? હું શુદ્ધ ક્ષત્રી છું, પવિત્ર સિસોદિયાકુળમાં જન્મેલો છું, પ્રતાપી બાપા રાવળ, ભીમસિંહ, સંગ્રામસિંહ, પ્રતાપસિંહ, અમરસિંહ, આદિનું લોહી મારી નાડીઓમાં વહે છે તથાપિ આજ આ અંધકાર જોઇ મારા હૃદયમાં ભયનો સંચાર કેમ થાય છે! જાણે કાંઇ અશુભ શુકન થતાં હોય તેમ મારૂં ડાબુ અંગ ફરકે છે શા માટે? જે વીર રાજપૂતો સમરભૂમીમાં હજારો માણુસોનાં શિર ધડથી જૂદાં કરી નાંખતાં હતાં તેમનો વંશજ હું વિના શત્રુઓ આ અંધકારથી બીઉં છું એ શું? શું સિસોદિયામાંથી તેમનું અસલ પાણી જતું રહ્યું? શું રાજપૂતોમાંથી રાજપૂત તેજનો નાશ થયો કે તેઓ

ર્તિના શત્રુ ફક્ત આંધકાર જોઈને જ કંપી ઉઠે છે? ખરેખર! તેમજ હોવું જોઇએ. તેમ થવાને એક સબળ કારણ છે. શું સંગ્રામસિંહ, પ્રતાપસિંહ આદિ કોઇ દિવસ પરતંત્રતાની બેડીથી જકડાએલા હતા. તેઓ સાચા શૂરવીર હતા, તેમનામાં રાજપૂત શૌર્ય પૂર્ણ રીતે પ્રકાશી રહ્યું હતું, તેનું મૂળ કારણ તેમની સ્વતંત્રતાજ છે. સ્વતંત્રતામાં એક જાતનું તેજ રહેલું છે. તે તેજ પરતંત્રતામાં નથી. સ્વતંત્રતામાં આશા અને ઉત્સાહનો વાસ છે જ્યારે પરતંત્રતામાં બીક અને નિરાશાનો નિવાસ છે. હાલમાં સિસોદિયાઓ પરતંત્ર થઇ ગયા છે એટલે તેમનામાં આશા અને ઉત્સાહનો ઉદ્દભવ ક્યાંથીજ હોઇ શકે? મેવાડની ચીરસ્થાયી સ્વતંત્રતાનો નાશ થતાં હવે સિસોદિયાને ઘડીએ ઘડી અને પળે પળ બ્હીતાંજ રહેવાનું છે. રખેને દિલ્હીશ્વરની કફા મરજી થાશે, રખેને પોતાનો અધીશ્વર નાખુશ થાશે એ માટે અમારે હવે પ્રતિપળ બીતાંજ રહેવાનું સરજાએલું છે. અમારા ચીર પ્રતિસ્પર્ધિને પ્રસન્ન રાખવો, તેની સેવા ઉઠાવવી, તેની ખુશામત કરવી એજ હવે અમારો પરમ ધર્મ થયો છે. અહા! જે દિલ્હીના સિંહાસનપર અમારા પૂર્વજ સંગ્રામસિંહે આરૂઢ થવાની ઇચ્છા કરેલી તે સિંહાસનનાજ દાસ થવાનો અમારા કમનશીબે અમને પ્રસંગ આવ્યો. જે સ્વતંત્રતા સાચવવા અમારા વીર પૂર્વજ પ્રતાપસિંહે અસહ્ય સંકષ્ટ સહન કર્યાં હતાં તેજ સ્વતંત્રતા અમે ગુમાવી. અમે મુસલમાનોને નમ્યા. તેમના દાસ બન્યા એટલે સ્વાતંત્રાનુગામી વીર તેજ તથા શૌર્ય અમારામાં ક્યાંથીજ રહે? અમારા બાપદાદાઓ

મેવાડના સામ્રાજ્યને સુદૃઢ કરવાને પ્રયત્ન કરતા હતા અમે અમારા ચીર શત્રુના સામ્રાજ્યને દૃઢ કરવાને પ્રયત્નશીલ થઇશું. અમરસિંહ મહારાણાએ જહાંગીર બાદશાહ સાથે સન્ધિ કરી ત્યારથીજ અમે પતિત થયા. મારા પિતા દિલ્હીમાં નોકરી બજાવવા ગયા હતા. મારો વડીલ બન્ધુ પણ ગયો છે અને હું પણ જાઉં છું. અત્યારે અમારા મન આટલાં ખમચાય છે પરન્તુ અમારા છોકરાઓનાં મન ખમચાશે એ સંભવિત દેખાતું નથી. તેઓ આનંદથી દિલ્હીશ્વરના પગ ચુમવા ઉદ્યત થશે. આપારાવળના સમયથી સ્વતંત્રતા સાચવવી એ સિસોદિયાનો પરમ ધર્મ હતો. અમરસિંહ રાણાના સમયથી દિલ્હીશ્વરને પ્રસન્ન રાખવો એ તેમનો પરમ ધર્મ થયો છે. સત્ય કહેવામાં આવ્યું છે કેઃ—

"ભ્રષ્ટ થયું જરી સતમુખ તેનો વિનીપાતજ નિર્મેલો"

મારા પ્રપિતાએ ભ્રષ્ટતાની શરૂઆત કરી. અમે તેમાં તણુાઇએ છીએ. આમાં આખરે અમારો વિનીપાત જ દેખાય છે. પ્રભુ ! પ્રભુ !! અમારૂં શું થવા બેઠું છે ? વિધિ ! તારા મનની શી ઇચ્છા છે ?" આમ બોલતાં બોલતાં અજયસિંહનું અંતઃકરણ ભરાઇ આવ્યું. મેવાડના અશુભ ભાવીની કલ્પના આવતાંજ તેના હૃદયમાં સહસ્ત્ર વીંછીના ડંશ સમાન દુઃખ થયું. તેનું મગજ ભ્રમિત થવા લાગ્યું. તે અગાશીમાંથી ઉઠયો અને પલંગ પર આંખો મીંચી પડયો. ફરીથી વાર તેણે તેના ચક્ષુ ઉઘાડયાં તો તેના શયનમંદિરમાં ઘણુ ભયંકર અંધકાર દ્રષ્ટિગોચર થયો. ઉપર, નીચે, આજુબાજુ જ્યાં તેણે દૃષ્ટિ નાખી ત્યાં તેને તેનો તેજ કરાલ અંધકાર દેખાવા લાગ્યો. જાણે સારા સંસારમાં અનન્ત

વ્યાપી અંધકારજ છવાઇ ન રહ્યો હોય ! નેત્ર બંધ કરવાથી અંધકાર નહિ દેખાય એમ ધારી તેણે તેનાં નેત્ર બંધ કરી દીધાં. પણ પરિણામ ઉલટુંજ નીવડયું. પહેલાંના કરતાં પણ અધિક બીહામણો અંધકાર તેની આંખો આગળ તરવળવા લાગ્યો. ઘોર અંધકારમાં એક તેજપુંજ મૂર્તિ ચગચગી રહી હતી. તે મૂર્તિ અજયસિંહની શૈશવસખી—હૃદયેશ્વરી હિરણ્મયીનીજ હતી. હિરણ્મયીની સુવર્ણ સમાન કાંતિ અંધારા આકાશમાં—જાણે અંધકાર પોતાનું ભયંકર ડાચું ફાડી તેને ગળી જતો ન હોય તેમ—વિલીન થવા લાગી. જોતજોતામાં હિરણ્મયીનું સુંદર શરીર ભયંકર અંધકાર ભેગું ભળી ગયું. એકદમ ચમકી અજયસિંહ ઉભો થઇ ગયો. ચંચળપદે શયનમંદિરમાં તે આમ તેમ આંટા મારવા લાગ્યો. મનમાંને મનમાં તે બોલવા લાગ્યો. " હાય ! મારૂં મન આજ આટલું બધું ચંચળ કેમ થઇ ગયું ? મારી બુદ્ધિમાં એકાએક આ શો વ્યતિક્રમ થઇ ગયો ? શું આ કોઇ ભાવી અમંગળનું ચિન્હ તો નહિ હોય ? ભવિષ્યનો વિચાર કરી પહેલાં કોઇ દિવસ તે ગભરાયો નહતો તેથી ઉલટી રીતે અમંગળ સાથે કમર કસી યુદ્ધ કરવા તે હમેશા પ્રસ્તુત રહેતો હતો પરન્તુ આજ ભવિષ્યનો વિચાર આવતાં તે ગભરાઇ ગયો. હું દિલ્હીમાં જઇશ તે વખતે હિરણ્મયી પર કોઇ આફત તો નહિ આવે ? કદાચ તેનાપર જો કોઇ વિપદ્ વાદળ ચડી આવશે તો તેમાંથી તેનું રક્ષણ કોણ કરશે ! એ વિચારે તેને બહાવરો બનાવ્યો. પોતે દિલ્હી જવું કે નહિ એ વિચારની તેના મનમાં ગડભાંગ થવા માડી. અલ્પકાળમાંજ તે

બોલી ઉઠયો "ગમે તેમ થાઓ તો પણ હું દિલ્હી તો જવાનોજ કારણકે તેમ કરવાની પિતાશ્રીએ આજ્ઞા કરી છે. પિતૃ આજ્ઞા પાળવી એ અમારો સિસોદિયાકુલોદ્ભૂતનો પરમ ધર્મ છે. તે ધર્મમાંથી એક તસુ માત્ર પણ હું ચલિત થવાનો નથીજ."

આમ કહેતો કહેતો અજયસિંહ પુનઃ પોતાના પલંગપર જઇપડયો. તેના મનમાં જાતજાતના તર્ક ઉઠી રહ્યા હતા. તેના મનને જરીકપણ શાન્તિ પડતી ન હતી. ઉંઘવાને તેણે ઘણોએ પ્રયત્ન કર્યો પરન્તુ વ્યર્થ. ગોઝારણ નીદ્રા જાણે તેની વેરણ બની ન હોય તેમ તેનાથી દૂરજ રહી. તેણે ઘણુંય તરફડીઆં માર્યાં. પાસા બદલ્યાં તોપણ કાંઇ વળ્યું નહિ. આખરે તેને નિદ્રા તો ન આવી પરન્તુ તંદ્રાએ તેનાપર કૃપા કરી. તે અર્ધ નિંદ્રિત, અર્ધ જાગ્રતાવસ્થામાં પડયો હતો એવામાં તેને એક ભયંકર સ્વપ્ન લાધ્યું.

જોરથી વિકટ હાસ્ય કરતી એક ગાંડી તેની દૃષ્ટિ સમિપ આવી. દશ વર્ષ ઉપર અરવલી પર્વત ઉપર હિરણમયીનો મોર પકડવા તે પ્રયત્ન કરતો હતો તે વખતે જે ઉન્માદિની તેના સામી હસતી હસતી તથા તાબોટા પાડતી પાડતી આવી હતી તેજ ઉન્માદિની આજ તેના સ્વપ્નમાં આવી ખડી થઇ. અજયસિંહના મોં આગળ આવી તેણે કહ્યું. " કેમ અજય ! તે દિવસે મારા પંજામાંથી હિરણમયીને બચાવવાનું તુંજ કહેતો હતો ને ? પણ જો આજ તું કયાં છે અને તે કયાં છે ? અંધારા આકાશ તરફ આંગળી કરી તેણે કહ્યું. જો, જો, તારી શૈશવસખી, તારી હૃદયેશ્વરી હિરણ આ ભયંકર અંધકારમાં વિલીન થાય છે. જો

તારામાં બહાદુરી હોય, જો તું ખરો ક્ષત્રી હોય તો તેને બચાવ જોઇએ ? આમ કહી વિકટ હાસ્ય કરતી તથા જોરથી તાબોટા પાડતી તે ઉન્માદિની ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ.

અજયસિંહની આંખો ઉઘડી ગઇ. તે પલંગ પર બેઠો થઇ ગયો અને શયનગૃહમાં ચારે તરફ જોવા લાગ્યો. ત્યાં કોઇ પણ મનુષ્યને નહિ જોવાથી તેના મનની ખાતરી થઇ ગઇ કે તેણે ફક્ત સ્વપ્નજ જોયું હતું. તે ફરીથી પલંગપર સુતો અને ઉંઘવાને પ્રયત્ન કરવા લાગ્યો. એટલામાં તેણે દક્ષિણ તરફના ખંડમાંથી કોઇ સ્ત્રીઓની બૂમનો અવાજ સાંભળ્યો. અજયસિંહ જાણતો હતો કે તે ઓરડામાં તેની બહેન કુમળાવતી અને તેની શૈશવસખી હિરણ્મયી સુઇ રહેતી હતી. બૂમનો અવાજ સાંભળતાંજ તેણે તે ઓળખ્યો. તે હિરણ્મયીનોજ કંઠસ્વર હતો. બૂમની સાથેજ તેણે કોઇના હસવાનો તથા તાળીઓ વગાડવાનો અવાજ સાંભળ્યો. અજયસિંહને અત્યંત આશ્ચર્ય લાગ્યું કારણ કે તે વિકટ હાસ્ય અને તે કરતાલધ્વનિ પેલી ગાંડીનાંજ હતાં.

ઉતાવળે પગલે તે ખંડના દ્વાર આગળ ગયો અને બોલ્યો " કુમળા બ્હેન ! કુમળા બ્હેન ! અંદર શું છે,? આટલી બધી બૂમો શા માટે પાડો છો ? "

"ભાઇ ! ઉતાવળા આ ઓરડામાં આવો. હિરણ્મયીએ કોઇ ભયંકર સ્વપ્ન દેખ્યું છે. બીકથી તે તદ્દન બેશુદ્ધ થઇ ગઇ છે. " કુમળાવતીએ ભયથી કંપિત સ્વરે ઉત્તર આપ્યો.

અજયસિંહે હિરણ્મયીના શયનગૃહમાં જઇ જોયું તો તે

કમળાવતીના ખોળામાં માથું મૂકી ડુસ્કે ડુસ્કે રોઇ રહી હતી. તેનું સુંદર અને સુદીર્ઘ શરીર વાયુમાં માધવી લતા માફક કંપી રહ્યું હતું. તેને તેના શરીરનું પણ ભાન ન હતું. અજય-સિંહ અને કમળાવતીએ કેટલાક ઉપચાર કર્યા ત્યારે તેને ભાન આવ્યું જ્યારે તેને બરાબર શુદ્ધિ આવી ત્યારે અજયસિંહે તેને પૂછયુ, "હિરણ ! તને શું થયું છે? તું આમ ગાભરી કેમ બની ગઇ છે ? તું રૂએ છે શા સારૂ ?"

વિધુકરસ્પર્શથી ઉલ્લસિત થનાર કુમુદિની માફક પોતાના પ્રિયતમનો અમૃતસ્રાવી પ્રશ્ન સાંભળી હિરણ્મયીના ચક્ષુ વિક-સિત થયાં. પોતાનાં બિભુક્ષિત નેત્રોથી અજયસિંહ તરફ પ્રેમ કટાક્ષ નાંખી તેણે કહ્યું. "અજય! તમે મને સાચે સાચું કહીદો કે બાદશાહ જોડે દિલ્હી જવા તમે કબૂલ થયા છો કે નહિ ?"

અજયસિંહે હિરણ્મયીનો આવો વિષાદથી મધુર અને નિરાશાથી કોમળ કંઠસ્વર પહેલાં કદિ સાંભળ્યો નહતો. આવો ભાવનામય અને પ્રેમસ્નિગ્ધ, વિષાદપૂર્ણ અને સુધામય પ્રેમકટાક્ષ પહેલાં તેણે કદિ જોયો નહતો. હર્ષ તથા દુઃખની લાગણીથી તેણે પૂછયું; "હિરણ ! હું દિલ્હી જવાનો છું એ તને કોણે કહ્યું?"

અજયસિંહ તરફ પહેલાંની માફક પ્રેમ કટાક્ષ નાંખી પ્રેમ સ્નિગ્ધ મધુર સ્વરે હિરણ્મયીએ કહ્યું "અજય! આ-જથી લગભગ દશ વર્ષ ઉપર જ્યારે આપણે અરવલી પર્વત ઉપર રમતાં હતાં ત્યારે એક ઉન્માદિની આપણી પાસે આવી હતી તે તો તમને યાદ હશેજ. આજ રાતે તે ઉન્માદિની મારા

સ્વપ્નમાં આવી હતી. મારી પાસે આવી તેણે કહ્યું. "કેમરે ડાકણ ! હવે મારા પંજામાંથી તને કોણ બચાવી શકશે ! તારો અજય કાલે સવારે જ તને સદાને માટે છોડી બાદશાહ સાથે દિલ્હી જવા કબૂલ થઇ ગયો છે. હવે તું કયાં રહીશ અને તારો અજય કયાં રહેશે. હવે જોઉં છું કે આ ઉન્માદિનીના સપાટામાંથી તને કોણ બચાવી શકે છે?" ઉન્માદિનીનું આ કથન સાંભળી ભયની મારી હું મોટેથી બૂમ પાડી ઉઠી અને તે જોરથી તાળીઓ પાડતી તથા મોટેથી હસતી હસતી અદશ્ય થઇ ગઇ."

હિરણ્મયીનું આ કથન સાંભળી અજયસિંહ કંપી ઉઠયો. તેના શરીર પરનાં રૂવાંટાં ઉભાં થઇ ગયાં. હિરણ્મયીનું કયી રીતે શાન્તવન કરવું તે તે સમજી શકયો નહિ. પોતાની શૈશવસખી ના વિષાદમય–અમૃતમય અધર તથા નૈરાશ્યપૂર્ણ–આદરમય નેત્રો તરફ અનિમિષ ચક્ષુથી તે જોઇજ રહ્યો. અકસ્માત્ તેની આંખો ભરાઇ આવી. તે ઉભો થયો અને કમળાવતી તરફ જોઇ બોલ્યો " બહેન કમળાવતી ! હિરણ્મયીને આશ્વાસન આપી કહેજો કે ચિન્તા કરવાનું કાંઇ પણ કારણ નથી. હું દિલ્હીથી જેમ બને તેમ જલદીથીજ પાછો આવીશ. "

આમ કહી અજયસિંહ તે ઓરડામાંથી બહાર નીકળ્યો અને પોતાના શયનમંદિરમાં ગયો. ત્યાં જઇ તેણે કહ્યું. " હે ઇશ્વર ! શું આ એકલું સ્વપ્ન જ છે ! કે મનુષ્યનું આખું જીવન સ્વપ્નમયજ છે. ?"

પ્રકરણ ૬ ઠું.

ચિત્ર.

Fair tresses man's imperial race ensnare,
And beauty draws us with a single hair.

POPE.

શાહજાદો પર્વિઝ દિલ્હી નગરમાં આવેલા તેના આ-
મોદ ઉદ્યાનના એક ખંડમાં બેઠો હતો અને તેના પ્રિય મિત્ર સખાવતઅલી સાથે શરાબ ઉડાવી રહ્યો હતો. બન્ને જણા પ્યાલા ભરી એક બીજાને પીવરાવતા હતા. દારૂનો એક પ્યાલો ભરી સખાવતઅલીને આપતાં આપતાં પર્વિઝે કહ્યું. "સખાવતા

કાફર લોકોએ દિલ્હીના બાદશાહો પર મોહિની નાંખી છે કે શું? અકબર તો જાણે પહેલેથી જ તેમને ચહાતો હતો પણ મારા વાલીદ જહાંગીર કે જેમને કાફરોએ એટલા બધા હેરાન કર્યા હતા તે પણ જ્યારે તેમના તરફ આટલાબધા માનથી જુવે છે ત્યારે મારી તાજ્જુબીનો પાર રહેતો નથી. દિન પ્રતિદિન દરબારે દેલ્હીમાં કાફરોનો દરજ્જો ચડતોજ જાય છે. મને તો એમ લાગે છે કે કોઇક દિવસ તે નીમકહરામ કાફરો દિલ્હીની સલ્તાન ઉથલાવી નાંખશે."

"જી હજુરા આપનું કહેવું રાસ્ત છે. કાફરોપર વિશ્વાસ મૂકવો તદ્દન ગેરમુનાસેબ છે કારણ કે આખી આલમમાં તેમના જેવી નીમકહરામ તથા વિશ્વાસઘાતી પ્રજા બીજી કોઇ પણ નથી. તેમને તો દબાએલાજ રાખવા જોઇએ. જો તેમને લગાર પણ છુટ આપવામાં આવે તો તે માથે ચડી બાગે તેવા છે. શહેનશાહ અકબરે તેમના પર વિશ્વાસ રાખ્યો તેનું શું ફળ તેમણે તેની જૈફીમાં કેવું આપ્યું હતું? શાહજાદા ખુશરૂનો પક્ષ પકડી તેઓએ આપના વાલિદ જહાંગીરને કાંઇ ઓછા પજવ્યા છે? તેમણે તેમને એટલા બધા હેરાન કર્યા હતા તોપણ તે તેમના તરફ આટલી બધી રહેમદિલી તથા પક્ષપાત રાખે છે.એ ઘણી તાજ્જુબીની વાત છે." સખાવતઅલીએ પર્વિઝના કથનને ટેકો આપતાં કહ્યું.

"અહમદનગરના જંગમાં એક ઔરતે મને હરાવી જે અપમાન પહોંચાડયું છે તેનો કીનો લેવા હું માગતો હતો તેથી અહમદનગરપર ફરીથી મનેજ મોકલવાના મ બાદશાહને

અર્જ ગુજારી હતી તોપણ કોણ જાણે શાય કારણથી મારી અર્જ નામંજુર કરી તેમણે એક કાફરના બચ્ચાને ત્યાં મોકલવાનો નિશ્ચય કર્યો છે" પોતાને થએલા અપમાનથી ડુસકી રહેલા પર્વિઝે કહ્યું.

"જી જનાબ! બાદશાહે તે કાફરના બચ્ચાને ત્યાં મોકલ્યો તે ઘણુંજ સારૂં કર્યું. હવે તો ખબર પડશે કે જનાવર જોડે જંગ કરવામાં અને માણસ જોડે જંગ કરવામાં કેટલો ફેર છે." સખાવતઅલીએ પર્વિઝથી ઉલટુંજ કથન કહ્યું.

"સખાવત! તું આ શું બકે છે તેની મને કાંઇ સમજણ પડતી નથી. નિશાની ફુલકેરમાં ગરક્ષાંતરલાં તો નથી મારતો ને?" પર્વિઝે સખાવતઅલ્લીને ઠપકો આપતાં કહ્યું.

"નહિ જનાબ! આ ગુલામ નીશાને પત કરે તેવો નથી. પણ શું આપ નથી જાણતા કે જે કાફરના બચ્ચાને બાદશાહ અહમદનગર મોકલવા માગે છે તે ઉદયપુરના કિરણસિંહનો છોકરો છે? અને એક જંગલી પાડાને મારી બાદશાહનો આટલો બધો માનીતો થયો છે?" સખાવતઅલીએ સત્ય ખીના જણાવતાં કહ્યું.

"કેટલી મોટી બેવકૂફીનું કામ? કોણ કહેશે કે અમરસિંહ સાથે સુલેહ કરવી યોગ્ય હતી? અને તે એવી અપમાન ભરેલી રીતે? જો એમજ કરવું હતું તો એટએટલું જર લુંટાવવાની અને ખુન વહેવડાવવાની શી જરૂર હતી? ઉદયપુરના વિગ્રહની અંદર મને જે નુકશાન થયું છે તથા જે અપમાન

પહોંચ્યું છે તે આ ભવમાં તો મારાથી કદિ પણ ભૂલી શકાય તેમ નથીજ. મારા હાથમાં સત્તા આવતાંની સાથેજ હું ઉદયપુર પર હુમલો લઇ જઇશ અને મારા પુત્રના ખૂનનો બદલો લઇશ." શાહજાદાએ ઉદયપુર તરફનો પોતાનો ધિઃક્કાર તથા કીનો વ્યકત કર્યો.

"શાહજાદા! આપનું કહેવું રાસ્ત છે. મારા મત પ્રમાણે તો આપ અત્યારે જ ઉદયપુર પર હુમલો લઇ જાઓ તો વધારે સારૂં. કારણ કે ઉદયપુર સાથે જંગ જગાડવામાં આપણે જેમ જેમ વિલંબ કરતા જઇએ છીએ તેમ તેમ ત્યાંનો રાણો પોતાના હાથ મજબુત કરતો જાય છે. જે વખતે અમરસિંહ બાદશાહને શરણે આવ્યો તે વખતે બાદશાહે તેને ઘણીજ સહેલાઇથી કચરી નાંખ્યો હોત કારણ કે તે વખતે તેનાં લડાઇના બધાં સાધન ખૂટી ગયાં હતાં અને પૈસેટકે તથા માણસે તે ઘણીજ તંગીમાં હતો લેકીન હવે કિરણસિંહે લડાઇની સામગ્રીઓ પહેલેથીજ સજી મૂકવા માંડી છે. ઉદયપુરના કિલ્લા. ને તેણે સમારી દીધો છે અને આજુબાજુના ગઢોને મજબૂત કરવાના કામમાં પરોવાએલો છે. જો તેને વખત આપવામાં આવશે તો તે પોતાના હાથ એટલા બધા મજબુત કરશે કે પછી તેને હરાવવાનું કામ ઘણુંજ ભારે થઇ પડશે માટે અત્યારેને અત્યારે એકદમ ઉદયપુર સાથે જંગ શુરૂ કરો. તે જંગમાં મારા તરફથી જે મદદ આપ માગશો તે આપવા હું તૈયાર છું. તેના બદલામાં મારે ઇનામ બીનામ કાંઇ જોઇતું નથી ફકત એકજ વસ્તુ—" સખાવતઅલીએ શાહજાદાના મતને અનુમોદન આપતાં કહ્યું.

સખાવત મૂળથી જ નીચ પ્રકૃતિનો માણુસ હતો અને આજ પુષ્કળ દારૂ પીધેલો હોવાથી તેની રહી સહી બુદ્ધિ પણ નષ્ટ થઇ ગઇ હતી. પર્વિઝના પાદમાં શિર નાંખી તેણે કહ્યું. "ખુદાવિન્દ ! જો આપ ધ્યાન પર લ્યો તો ઘડીના છઠ્ઠા ભાગમાં જંગેમેવાડમાં ફતેહ હાંસિલ કરી શકો તેમ છે. હું આપને ખરા દિલથી વચન આપું છું કે ઉદયપુર સાથેના જંગમાં હું આપને દિલો જાનથી મદદ કરીશ. તેના બદલામાં મારે કાંઇ પણ જોઇતું નથી. ફક્ત એકજ ચીજ જોઇએ છે. જો હૂકમ હોય તો તે આપને જણાવું."

"બોલ, બોલ, તારે શું જોઇએ છે ?" શાહજાદાએ હસતાં હસતાં મજાકમાં કહ્યું.

સાંભળો જનાબ ! સાંભળો "ખુદાવિન્દ ! મારા આટલા બધા સહવાસથી આપ જાણી તો શકયા હશો કે આ ગુલામમાં હવે પહેલાંના જેવી તાકાત અને હિંમત રહી નથી. મારૂં શરીર દિન પ્રતિદિન લેવાતુંજ જાય છે. આપ કદિ પૂછશો કે તેમ થવાનું કારણ શું છે ? તો જણાવું છું કે ફિકર ! બસ, ફિકરજ આ કલેજાને કોરી ખાય છે. ફિકર જ આ તનને તાવી નાંખે છે. ફિકરજ આ બહાદુર સિપહસાલારની હિંમતનો નાશ કરે છે" સખાવતઅલી પોતાનું દુઃખ રડવા લાગ્યો.

"શી વાતની ફિકર છે?" પર્વિઝે મજાકમાં મૂળ બાબત જાણવા માગી.

"શી બાબતની ફિકર ? ફિકર કોઇ બીજી બાબતની હો

ય છે કે ? બસ માશુકાની ફિક્ર. તેને મેળવવાની ફિક્ર, તે ચાંદના ટુકડાને, તે નાજનીનને, તે જન્નતની હૂર અને આકાશની પરીને મેળવવાની ફિક્ર." સખાવતઅલીએ તેની ફિક્રનું મૂળ કારણ દર્શાવતાં કહ્યું.

"કઇ હૂરની ફિક્રમાં તું તારૂં તન તાવી નાંખે છે?" શાહજાદાએ આશ્ચર્ય પામી પ્રશ્ન કર્યો.

"સાંભળો ત્યારે ખુદાવિન્દા આજ દિલ ખોલીને સર્વ વાત આપને કહુ છું. આપને ખબર તો છે કે આજથી લગભગ બે મહિના ઉપર બાદશાહ સલામતની સાથે હું ઉદયપુર ગયો હતો. રાતે શીકાર કરી જે વખતે અમે રાજમહેલ પાસે આવ્યા તે વખતે અહા,—શું કહું અને શું ન કહું—તે નાજનીએ છજા ઉપરથી મારા પર ફુલનો હાર નાંખ્યો હતો. બસ, તેજ વખતથી મારા કલેજામાં આગ બળી રહી છે. બબ્બે મહિના થયા તોપણ તે આગ હોલવાઇ નથી પણ મારા કલેજાને બાળીને ભસ્મ કરી નાંખે છે. તેના જેવી ખૂબસુરત હુર કે પરી મેં ખ્વાબમાં પણ નથી જોઇ. શાહજાદા ! હું કમનશીબ છું, મોટા, મોટા કમનશીબ છું નહિતો અત્યાર સુધીમાં મેં તેને કયારનીએ મારા કબજામાં લીધીજ હોત અથવા તેને કબજામાં લેતાં મારો જાન આપ્યો હોત, ધિક્કાર છે, ફીટકાર છે, લાનત છે મારી જીન્દગાની પર ને મારી મુહબ્બત પર!" સખાવતઅલીએ તેની ફિક્રનું મૂળ કારણ બતાવતાં તથા તેની જીંદગી પર ધિક્કારનો વર્ષાદ વરસાવતાં કહ્યું.

આમ કહી આંડાતુર થઇ ગએલા સખાવતઅલીએ પર્વિઝના પાદકમળમાં તેનું માથું મૂકી ડુસકે ડુસકે રોવા માંડયું.

તેની આવી સ્થિતિ જોઇ પર્વિઝ જોરથી હસી પડ્યો. તેણે પૂછ્યું. "તે ઓરત કોણ છે ?"

"શાહજાદા જનાબ ! તેનું બયાન હું કઇ રીતે કરૂં ? હિંદુઓનો શેષનાગ પણ તેનું બયાન કરવાને અસમર્થ છે તો પછી મારાથી તે કેમ થઇ શકે ? એક વાર કિરણસિંહ સાથે જંગ શુરૂ કરો એટલે તે કોણ છે તે એની મેળે જણાઇ આવશે. તે જન્નતની હુરને, તે ચાંદના ટુકડાને જોઇશ કે તરતજ હું ઓળખી કાઢીશ. તેની મંગળમૂર્તિ મારા હૃદયમાં રમી રહી છે. કિરણસિંહ સાથેના જંગમાં અવશ્ય આપણને ફતેહ મળશે. હું સત્ય કહું છું કે આપણને જય મળશેજ. કારણકે હું આપની તરફથી દિલોજાનથી લડીશ. જીવ કોરાણે મૂકીને લડીશ. તેના બદલામાં મારે બીજું કાંઇ પણ જોઇતું નથી. ફકત તે નાજનીન મળે એટલે બસ." દારૂની લહેરથી તથા હૃદયના આવેશથી તાનપર ચડેલા સખાવઅલીએ કહ્યું.

પર્વિઝ અને સખાવતઅલી એમ સમજતા હતા કે તેમની વાત કોઇ સાંભળતું નથી પણ તેમ નહતું. જે ઓરડામાં તે વાતો કરતા હતા તે ઓરડાના કમાડને ઓઠે, સંધ્યા સમયના આછા અજવાળામાં ઉભી રહી એક જીર્ણ વસ્ત્ર ધારી, વીખરાએલા વાળવાળી તથા વિભૂતિ ચર્ચિત અંગવાળી ગાંડી એકાગ્ર ચિત્તે તેમની સઘળી વાત સાંભળતી હતી.

"સખાવત ! તું એક બેવકૂફ માણસ છે. તારામાં કાંઇ સમજણ નથી, તેથીજ કોઇ મામુલી ઔરત માટે કોઇ [illegible] [illegible]

જગાડવાની તું મને સલાહ આપે છે." સખાવતને ઉપાલંભ આપતાં શાહજાદાએ મોં મલકાવી કહ્યું.

પર્વિઝનું આ કથન સાંભળી સખાવત ફીકો ફચ પડી ગયો. તેના હોંસ કોંસ ઉડી ગયા શરાબનો પ્યાલો જમીનપર મૂકી તે બોલ્યો. "યા અલ્લાહ ! આપ આ શું બોલોછો ? તે જન્નતની હૂર અને આકાશની પરીને આપ મામુલી ઔરત કહો છો ? જે ચાંદનો કડકો આ હૃદયની અંદર બબ્બે મહિના થયાં અગ્નિ પ્રગટાવી રહ્યો છે, આ કલેજાને બાળી ભસ્મ કરી રહ્યો છે તેને આપ એક મામુલી ઔરત કહોછો ? શું હું એટલો બધો મૂર્ખ છું કે એક મામુલી ઔરતપર મરી ફીટું ! શાહજાદા ! આપ મારી મૂર્ખતા પર હસોછો પણ—ખૈર, જોઇલીધી આપની મુહબ્બત, આપના જેવાની સોબત કરવા કરતાં મરણને શરણ થવું વધારે સારૂં છે. બસ, લો આપનો દારૂનો સીસો અને સોનાનો પ્યાલો, આપનો આ ગુલામ આજથી આપને સદાને માટે છોડીચાલ્યોજાય છે. મારે માટે તો આવી જીંદગી ગાળવા કરતાં મરવુ બહેતર છે"

આમ કહી શાહજાદા પર ક્રોધિત થયેલા સખાવતઅલીએ રીસાઇ જવા માંડયું. તે જેવો બારણા આગળ આવ્યો કે તરતજ તેની દૃષ્ટિ પેલી ઉન્માદિનીપર પડી. તેને જોઇ તે ભયથી આકુળ વ્યાકુળ થઇ ગયો ને જોરથી બૂમ પાડી ઉઠયો. હાય હાયરે, ખાધો મારા બાપ ! આતો કોઇ ભૂત કે જન છે."

પોતાને ચાહના પડેલી જોઇ તે ઉન્માદિનીએ ઓરડામાં પ્રવેશ કર્યો. તેને પોતા તરફ આવતી જોઇ સખાવતઅલી

વધારે ગભરાયો. તેને તો એમજ લાગ્યું કે આ ડાકિની મને ખાઇ જવાજ આવે છે તેથી તે દોડીને શાહજાદા પાછળ સંતાઈ ગયો અને કહેવા લાગ્યો. " શાહજાદા જનાબ આ જન મને ખાઇ જવા આવે છે. મહેરબાની કરી તેના પંજામાંથી મને બચાવો "

" બસ આજ તારૂં જોર કે ? આ જોર ઉપર તું ઉદયપુરમાં ફતેહ હાંસીલ કરવાની મને ખાતરી આપતો હતો કે ? " શાહજાદાએ મજાકમાં કહ્યું.

"અરે, જહન્નમમાં ગયું ઉદયપુર અને ચુલામાં પડ્યું મારૂં જોર. મને આ જનના પંજામાંથી બચાવો એટલે બસ." સખાવતઅલીએ સખાવત માગી.

એટલામાં તે ઉન્માદિની આગળ આવી. તેનું ભયંકર સ્વરૂપ જોઇ પર્વિઝને પણ કાંઇક ડર લાગ્યો. પર્વિઝ આગળ આવી તેણે કહ્યું. "શાહજાદા! હું જન નથી, ભૂત નથી, ડાકણ શાકણ કે પિશાચિની પણ નથી. હું માણસ છું. શું ભૂત અંધારામાં સંતાઇ રહી પ્યારની વાતો સાંભળે છે કે ? શું ભૂત શાહજાદાના પ્રમોદ ઉદ્યાનમાં એકલું અટુલું આવી શકે છે કે? (છબી બતાવીને) શું ભૂત પરીની છબી છાતી સરસી રાખી કીનો લેવા માટે દેશ વિદેશમાં ભટકે છે કે ? શું ભૂત કોઇ આદમીનું આબેહુબ ચિત્ર કાઢી શકે છે કે ? (સખાવત તરફ જોઇ) જો મૂર્ખા ! આ છબીમાં કોણ છે તે જોતા ખરા" આમ કહી તે ઉન્માદિનીએ એક છબી પર્વિઝના હાથમાં મૂકી. પર્વિઝે તેની અંદર જોયું તે તો એક અપૂર્વ સૌંદર્યભરી યૌવનાની પ્રતિમૂર્તિ હતી.

ઘણા વખતથી ઇચ્છેલી વસ્તુ જ્યારે માણુસને એકાએક મળે છે ત્યારે તે જેવા આનંદ તથા ઉત્સાહથી લે છે તેવાજ આનંદ તથા ઉત્સાહથી સખાવતઅલીએ તે છબી પર્વિઝના હાથમાંથી લઇ લીધી અને બોલ્યો. "અરે આ શું? આ તો મારી માશુકાનીજ છબી છે. જે હૂરને માટે આ કલેજુ બબ્બે મહિના થયાં બળી રહ્યું હતું તેજ હૂરનું આ ચિત્ર છે. આ તસ્વીર તેની જ છે. બોલ ડાકિની! આ છબી તને ક્યાંથી મળી?"

તે ઉન્માદિનીએ આમાંનું કાંઇ પણ સાંભળ્યું નહોતું. તેનું ધ્યાન તો પર્વિઝ તરફજ લાગેલું હતું. કેટલીક વાર સુધી તે ઉન્માદિની તરફ એકી ટસે જોયા પછી પર્વિઝે પૂછ્યું. "મને સાચે સાચું કહે કે આ તસ્વીર કોની છે?"

તે તસ્વીર પેલી ચંડાળ–રાક્ષસી તારાબાઇની છોડી હિર-ણ્મયીની છે. તેની પાસે આ બીજી જે છબી છે ને જેની કોટમાં તે ગોઝારી પુષ્પમાળા પહેરાવે છે તે ઉદયપુરના શાહજાદા અજય-સિંહની છે જેને બાદશાહે આપની જગ્યાએ અહમદનગરના જંગમાં મોકલવાનો નિશ્ચય કર્યો છે. હાય! અજયસિંહને તે હત્યારી પુષ્પમાળા પહેરાવશે તે વિચારથીજ મારૂં હૃદય બળી જાય છે. શું તે જન્નતની પરી એક રાજપૂતની ગૃહિણી બન-શે! શું તે ગોઝારી ડાકણની મનોકામના પૂર્ણ થશે!" તે ઉન્માદિનીએ શોકોદ્‌ગાર કાઢ્યો.

"નહિ, કદિ નહિ, જ્યાં સુધી આ શાહજાદો જીવતો છે ત્યાં સુધી તો એ વાતથી તું બેફિકર રહે. હું ભાર મૂકીને કહું છું કે આ તસ્વીરમાં ચિત્રી છે તેની ખૂબસુરત ઓરત જો દુનિયા

માં હયાતી ધરાવતી હશે તો તે રાજપૂતના હાથમાં નહિંજ જાય, ઉદયપુરના રાજવંશમાં તો અવશ્ય નહિ જાય. તું ખાતરી કરી માનજે કે આ ચિત્રમાં ચિત્રેલી ઔરત એક દિવસ આ પવિત્ર-ની ગોદને ગરમ કરશે." શાહજાદાએ તે ઉન્માદિનીને ખાતરી આપતાં કહ્યું.

ઠીક ત્યારે, જોઉં છું કે આપની મનોકામના પૂર્ણ થાય છે કે તે ગોઝારીની. અત્યારે તો હું આપની રજા લઇ જાઉં છું! કોઇ યોગ્ય પ્રસંગે મળીશ." આમ કહી તે ઉન્માદિની ત્યાંથી ચાલી ગઇ. શાહજાદાએ એક સિપાઇને બોલાવીને હૂકમ કર્યો કે "પેલી ગાંડીની પાછળ પાછળ ગુપ્ત રીતે જા અને તે કયાં રહે છે અને શું કરે છે તે જલદીથી આવીને મને કહે. જો બહુ ખબરદારી અને હુશિયારીથી તેની પાછળ જજે એવી રીતે તપાસ કરજે." કે તેને લગાર પણ ખબર ન પડે."

ધીમે ધીમે મધુર ગીત ગાતી તે ઉન્માદિની દિલ્હીની દક્ષિણ તરફ યમુના નદીના કિનારે આવેલા એક ઘોર અરણ્યમાં ચાલી. તે અરણ્યમાં આશરે સો સ્ત્રીઓ તેની વાટ જોતી બેઠી હતી. તેઓએ જ્યારે તેને આવતી જોઇ ત્યારે તે એકદમ ઉભા થઇ અને તેને આદરસત્કાર આપ્યો.

તે અરણ્યમાં એક વિચિત્ર જડાઉ સિંહાસન પહેલેથીજ ગોઠવી રાખવામાં આવ્યું હતું. તેની આજુબાજુના ઝાડોની લાંબી ડાળોમાં ચંદરવા બાંધવામાં આવ્યા હતા. જ્યારે તે ઉન્માદિની ત્યાં આવી ત્યારે કેટલીક સ્ત્રીઓએ આવી તેના ફાટ્યાં તૂટ્યાં કપડાં ઉતારી લીધાં અને બહુમૂલ્ય કપડાં તથા અલંકાર

લાવી તેને શણગારવા માંડી. કેટલીક સ્ત્રીઓ સોનાનો ચમર ઢોળવા લાગી તો બીજીઓ રત્ન જડિત પંખાવતી વાયરો નાંખવા લાગી. આ પ્રમાણે ભુવનેશ્વરી મોહિનીનું રૂપ ધારણ કરી તે ઉન્માદિના સિંહાસન પર આરૂઢ થઇ. પછી સર્વ સ્ત્રીઓ તરફ જોઇ તે બોલી. "અલ્લાહનો આભાર માનો. આજ હુ મારા એક કામમાં સફળ થઇ છું. તે રાક્ષસી તનયાના ભુ. વન મોહન રૂપનું ચિત્ર સુરાપ્રમત્ત શાહજાદા પર્વિઝને બતાવી તેના મનમાં કામાગ્નિ પ્રદિપ્ત કરવામાં હું ફતેહ પામી છું. શાહજાદા એ મને ખાતરી આપી છે કે તે તેને અજયના હાથમાં નહિજ જવા દે. પણ આજ તમે આ શું કર્યું ? શું આ વસ્ત્રાલંકાર મને શોભે છે ? જ્યાં લગી મારા હૃદયમાં ધગધગતો પ્રચંડ અગ્નિ શાન્ત થયો નથી ત્યાં લાગી આ વેશ મને મુદલ ગમતો નથી. જાઓ જલદીથી જઇને મારાં તે કપડાં લાવો. કે જે પહેરીને હું ગાંડીનો સ્વાંગ ધારણ કરૂં છું.





પ્રકરણ ૭ મું.

નવિન સેનાપતિ.

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा-
स्त्रिभुवनमुपकारश्रेणिभिः पूरयन्तः ।
परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

भर्तृहरिः

આ...આના રાજભુવનના એક ખંડમાં જહાંગીર બાદશાહ અને તેની સામે અજયસિંહ બેઠા હતા. કેટલીક વાર

સુધી વિચાર કરી બાદશાહે કહ્યુ " અજય ! એટએટલા બહાદુર યોદ્ધાઓ હોવા છતાં અહમદનગરના લશ્કરની સરદારી એક ઓરતે લીધી તે વાત શું ખરી હશે ? જનાનખાનામાં રહેનારી એક પડદા બીબીએ મારા લશ્કરને હરાવી હાંકી કઢાડયું એ વાત શું તને ખરી લાગે છે ? "

દિલ્હીશ્વર ! આપ એ વાત માનતાં અચકાઓછો તે જોઇ મને ઘણોજ અચંબો થાય છે. ભારતવર્ષની લલનાઓના અપાર્થિવ દેશ વાત્સલ્ય તથા અતુલનીય વીરત્વની વાતો શું આપે નથી સાંભળી ? રાજસ્થાનના પ્રત્યેક ઘરની હિંદુ રમણીઓના લલાટપર ભારત માતાની જીવતી જાગતી મૂર્તિ અંકિત થયેલી છે તે શું આપ નથી જાણતા ? રાજપૂત લલનાઓનાં પરાક્રમ આર્યાવર્તના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાએલા છે તેથી આપ અજ્ઞાત તો નથીજ." અજયસિંહે ભારતવર્ષની લલનાઓનાં પરાક્રમનાં વખાણ કરતાં કહ્યું.

તારૂં કહેવું દુરસ્ત છે. પણ અહમદનગરમાં જે ઓરતે મારા લશ્કરને હરાવ્યું હતું તે રાજપૂત નહોતી લેકિન મુસલ્માન હતી. " બાદશાહે લગાર મોં મલકાવી કહ્યું.

"હિંદુ હો કે મુસલમાન હો, પણ ફરજંદ તો હિંદુસ્તાનનુંજ છે ને ! ચન્દનના વનમાં રોપેલા દેવદારના ઝાડમાં પણ ચંદનની સુગંધ આવે છે એ શું આપ નથી જાણતા ! અહમદનગરમાં ઓરતે આપના લશ્કરને હરાવ્યું તેનો આ કાંઇ પહેલો દાખલો નથી. પહેલાં સુલ્તાના ચાંદબીબીએ પણ શાહી લશ્કરને હરાવ્યું હતું ને!" અજયસિંહે બાદશાહને દાખલા દલીલો આપી કહ્યું.

"બસ, બસ થયું, ત્યારે તારા કહેવાનો અર્થ એવો છે કે મુસલમાન ઔરતો પણ સોબતથી હિંદુ ઔરતોના ગુણ મેળવી શકે છે. તારે મોંઢે આ કહેવડાવવાનેજ મેં આ વાત છેડી હતી. હિંદુસ્તાનનો દરેક ખેરખ્વાહ જાણે છે કે જ્યાં સુધી હિંદુ મુસલમાનમાં આપસ આપસમાં લગ્ન થતાં નથી ત્યાં સુધી તે બંને કોમો એકદિલ થઇ શકે તે અસંભવિત છે અને જ્યાં સુધી એ બે મહાન કોમો એકદિલ થઇ નથી ત્યાં સુધી હિંદુસ્તાન સુરક્ષિત નથીજ." પોતાને મન ગમતી વાત અજયસિંહના મોમાંથી કઢાવી બાદશાહે પોતાનો મૂળ મુદ્દો આગળ આણ્યો.

"પણ જ્યાં સુધી હિંદુ સામ્રાજ્યના સિંહાસન પર કેવળ મુસલમાનોજ આરૂઢ થશે ત્યાં સુધી હિંદુઓ તેમને લૂંટારા કહીનેજ બોલાવવાના" અજયસિંહે રાજપૂતોનો ખરો અભિપ્રાય જણાવ્યો.

"હું પોતે એમ નથી ઇચ્છતો કે હિંદુસ્તાનના સિંહાસનપર કેવળ મુસલમાનોજ બેસે. તેના પર બન્ને કોમોનો સરખો હક છે. માટેજ હું ઇચ્છું છું કે તારા વાલિદની રજા લઇ તારો નિકાહ મારી શાહજાદી સાથે કરૂં." જહાંગીરે પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

દિલ્હીશ્વર ! મારા પિતા રજા આપે તોપણ આપની તે ઇચ્છા પૂર્ણ થઇ શકે તેમ નથી. હિંદુઓના રિવાજથી આપ અજ્ઞાત નથી છતાં આપ આવું બોલો છો તે જોઇ મને ઘણુંજ આશ્ચર્ય થાય છે. અજયસિંહે ધીમે રહીને પોતાનો અભિપ્રાય જણાવ્યો.

" તારા પિતા હિરણમયી સાથે તારું લગ્ન કરવા નાખુશ હોય તોપણ "—અજયસિંહનું કથન પૂરેપૂરું સાંભળ્યા સિવાય બાદશાહે સવાલ કર્યો.

બાદશાહનું ઉપરોક્ત કથન સાંભળી અજયસિંહનું મોં પહેલાં તો લાલચોળ ગઇ ગયું પણ પછી તેના પર ફીક્કાશ ફરી વળી. તેની લાગણી છુપાવવા માટે તેણે તેના મોંપર હાથ ફેરવવા માંડયો. તેના રૂવે રૂવાં ઉભાં થઇ ગયાં.

એની આવી સ્થિતિ જોઈ વધારે ગંભીર મોં કરી બાદશાહે કહ્યું. " શાહજાદા અજય ! તારે એમ ન સમજવું કે હું તારા પર બનાવટી મુહબ્બત કરૂંછું. તારે એવો ખ્યાલ પણ ન કરવો કે હું ગરજમંદ અને સ્વાર્થસાધુ છું તેથી મતલબ સાધવા માટે તારા ભવિષ્યના સુખમાં કાંટારૂપ થઇ પડીશ. હું પણ તારા જેવો નૌજવાન હતો. મારા કલેજામાં પણ ઇશ્કના તીરના સખ્ત ઘા લાગેલા છે. તેથી આજ તારી કેવી સ્થિતિ છે તેનો ખ્યાલ મારા હ્રદયમાં આવી શકે છે. નુરજહાંનને મારાથી દૂર કરવામાં આવી ત્યારે મને જે દુઃખ થયું હતું તે હજુ મને સાંભરે છે તેથી હું તારા સુખમાં કાંટારૂપ થવા નથી માગતો. હું ઘણી સારી રીતે જાણું છું કે ઇશ્ક એક અજબ બલા છે. તેના પંઝામાં સપડાએલા ઇન્સાનની કેવી દશા થાય છે તેને ખ્યાલ મને પૂરેપૂરો છે. પણ, અરે ! આ શું ? પેલો સ્વાર કયાંથી આવે છે. તે કિલ્લી તરફથી આવતો

હોય તેમ લાગે છે. ”

પુરપાટ ઘોડો દોડાવતો એક સ્વાર આગ્રાના કિલ્લા તરફ આવતો હતો. તેને જોઇ બાદશાહ વિચારમાં પડી ગયા. જોતા જોતામાં તે સવાર બાદશાહના મોં આગળ આવ્યો અને કુર્નિશ કરી ઉભો રહ્યો.

“ શી બીના છે? તું આટલો બધો જલદીથી ઘોડો દોડાવતો કેમ આવ્યો છે. તારા આવવાનું કારણ શું છે તે જલદી કહી દે ” જહાંગીર બાદશાહે અધીર બની પ્રશ્ન કર્યો.

જમીન સુધી નીચા નમી તથા સલામ કરી તે સ્વારે બાદશાહના પગ આગળ એક પત્ર મૂકયો. પછી અદબ વાળી કેટલેક દૂર ઉભો રહ્યો. તે પત્ર લઇ બાદશાહે વાંચવા માંડયો. અથથી ઇતિ સુધી વાંચી તે કંઇક વિચારમાં પડી ગયા. અજયસિંહ તરફ જોઈ તેમણે ફરીથી પત્ર વાંચવા માંડયો. પત્ર વાંચતાં વાંચતાં તેમનાં ભવાં તથા કપાલ ઉંચાં ચડી જતાં હતાં બીજીવાર પત્ર વાંચી નેત્ર મીંચી તેમણે કંઇ ગંભીર વિચાર કરવા માંડયો. મનમાં ને મનમાં વિચાર કરતાં તે બોલવા લાગ્યા કે.... ...રાજપૂતબાળા ....સખાવતઅલી............ઉદયપુરની સંધિ...એકાએક આંખ ઉઘાડી તેમણે કાગળના કડકે કડકા કરી નાંખ્યા ને મોટેથી બૂમ પાડી બોલ્યા. “ આલમશેર ! ”

આલમશેર બાદશાહના અશ્વપાળનું નામ હતું. પોતાને બોલાવતો સાંભળી તે દોડતો દોડતો ત્યાં આવ્યો ને સલામ કરી ઉભો રહ્યો.

“ જલદી એક તેજ ઘોડાને તૈયાર કરી લાવ. ઘોડારમાં જે

ઉત્તમમાં ઉત્તમ ઘોડો હોય તે લઇ મહેલના બારણા આગળ આવ" બાદશાહે આલમશેરને હુકમ કર્યો. પછી સ્વાર તરફ જોઇ તેમણે કહ્યું. તું થાકથી ઘણોજ પરેશાન થઇ ગયો છે માટે જઇને આરામ લે." આજ તેં મને અગત્યની ખબર આપી છે. તેનો બદલો હું તને અવશ્ય આપીશ."

આલમશેર અને તે સ્વાર ત્યાંથી ચાલ્યા ગયા એટલે અજયનો હાથ ઝાલી બાદશાહે કહ્યું. "શાહજાદા અજય. તારી હુશિયારી તથા બહાદુરીથી ખુશી થઇ મેં તને અહમદનગરના જગનો સિપહસલ્લાર નીમ્યો છે. માટે બહુ સાવધાની-થી કામ કરજે. રાજપૂત કિર્તિ અને અમરસિંહના અમર

નામને બટ્ટો ન લગાય તો. હું ક્યારે પાછો આવીશ તેનું કાંઇ નક્કી નથી. કાલ સવારેજ ગોઠવણ મુજબનું અહમદનગર તરફ કુચ કરજે. જોજે તે ઔરત સિપહ સલારની તીરછી આંખોના કટાક્ષથી મોહવશ થઇ ઇશ્કમાં ફસી ન જતો યાદ રાખજે કે તારી બહાદુરીના બદલામાં તને પેલી મેવાડની હુર હિરણમયી

આટલામાં આલમશેર અશ્વ લઇ મહેલના દ્વાર આગળ આવ્યો અજયસિંહ અને જહાંગીર બાદશાહ નીચે ઉતર્યા. અશ્વ પર આરૂઢ થતાં થતાં બાદશાહે કહ્યું. "જો, અજય ! તારાપર મને પૂરેપૂરો વિશ્વાસ છે માટે તારી ફરજ બરાબર સાવધાની-થી બજાવશે કોઇપણ રીતે ગાફેલ બનતો નહિ, હો ! " આમ

કહી બાદશાહે અશ્વને એક ચાબુક લગાવી દીધી. ચાબુક વાગ-તાંજ તે તેજી ઘોડાએ વાયુ જોડે વાતો કરવા માંડી.

પ્રકરણ ૮ મું

યાવનિક પરિણય.

Give mo that mar.
That is not passion's slave, and I will
wear him.
In my heart's core, aye, in my heart
of heart,
As I do thee. Something too much of this.
IBID.

પ્રભાત થવામાં ફકત અલ્પ કાળજ બાકી હતો નિશાનાથના પ્રેમાભિનયનો અન્તિમ પ્રવેશ ભજવાઇ રહ્યો હતો. તે પ્રીતિમય—આનંદમય રંગભૂમીની દીપમાળામાંના દીપક એક પછી

એક બુઝાઇ જવા માંડયા હતા. આ વખતે ઉદયપુરમાં રાજમહેલ પાસે આવેલા બગીચામાં હિરણ્મયી એકલી ફરતી હતી. સવારમાં વહેલાં ઉઠી આવી આવી, દેવ સેવા માટે પુષ્પ ચુંટવાનો તેનો નિયમ હતો. આજ તેના મુખચંદ્ર પર મલિનતાની રેખા પડેલી હતી. તેના ચક્ષુમાં વારંવાર અશ્રુ ભરાઇ આવતાં હતાં. તે એક ઠેકાણે બેઠી અને પેટ ભરીને રોઈ. પછી સાળુના અંચલ વતી અશ્રુ લોહી, બે હાથ જોડી, આકાશતરફ નજર કરી તેણે કહ્યું. "હે પાર્વતિપતિ ! હે ભોળા શંભુ ! જો મારી ગઇ રાતનું સ્વપ્ન ખરૂં હોય તો કૃપા કરી મને બતાવો કે કયું વ્રત કર્યાથી મારા હૃદયેશ્વર પર આવેલી આફત દૂર થશે !"

એકાએક તે ઉદ્યાનનો ભૂમી ભાગ "હર હર બમ્ બમ્" એવા શબ્દથી પ્રતિધ્વનિત થવા લાગ્યો. ચક્ષુ ઉઘાડી હિરણ્મયીએ જોયું તો તેના સામે એક જટાજુટધારી, વિભૂતિચર્ચિત બ્રહ્મચારી ઉભો હતો. બ્રહ્મચારીની શરીરકાન્તિ ઘણીજ તેજઃપુંજ હતી. તેના વદન મંડળ ઉપર સ્વૈર ગતિથી ઉગેલા શ્મશ્રુ તથા જટાએ અત્યન્ત શોભા આણી હતી. તેનાં વિશાળ અને બંકિમ નેત્ર જટાની વચ્ચે, લીલમાં છુપાએલા કમળ સમાન ભાસતા હતા. હિરણ્મયી તરફ જોઈ કરૂણાપૂર્ણ સ્વરથી તે બ્રહ્મચારીએ કહ્યું. "બેટા ! શું તું તારા ભાવી પતિ અજયસિંહના અમંગળની આશંકા કરી બી ગઇ છે? બીવાનું કાંઇ પણ કારણ નથી. ભગવાન ભવાનીપતિ સૌ સારાં વાનાં કરશે."

આ બ્રહ્મચારીએ પોતાના મનનો ખરો ભાવ કહી આપ્યો તેથી હિરણ્મયીના મનમાં તેને માટે ઘણોજ પૂજ્ય વિચાર ઉત્પન્ન થયો. બન્ને હાથ જોડી તેણે કહ્યું. "મહારાજ ! ગઇ રાતે

સ્વપ્નમાં મેં અજયસિંહને એક ભયંકર આફતમાં પડેલા જોયા હતા. જો મારૂં સ્વપ્ન ખરૂં હોયતો કૃપા કરી મને બતાવો કે કયું વ્રત કર્યાથી તે ભયમાંથી મુકત થશે ? ”

બંને નેત્રો બંધ કરી બ્રહ્મચારી કાંઇક ગંભીર વિચારમાં પડી ગયા. કેટલીક વારે ચક્ષુ ખોલી તેમણે કહ્યું. “ દીકરી ! તારૂં સ્વપ્ન ખરૂં છે. તથાપિ ચિન્તા કરવાનું કાંઇ કામ નથી. તું મારી સાથે શિવજીના પેલા નવા મંદિરમાં ચાલ અને હું પૂજા કરાવું તેમ પૂજા કર એટલે ભકતવત્સલ મહાદેવજી તારા પતિની સર્વ આપદાઓનો નાશ કરી નાંખશે.”

આ અજાણ્યા બ્રહ્મચારી સાથે એકલાં જવું કે નહિ તે બાબતનો હિરણ્મયી વિચાર કરવા લાગી. તેને આમ વિચાર મગ્ન દેખી મોં મલકાવી તે બ્રહ્મચારીએ કહ્યું. “ દીકરી ! મારી સાથે આવવામાં તને કાંઇ સંકોચ તો નથી ને ? તે મંદિર કાંઇ દૂર નથી, નજીકજ છે. શિવપૂજન કરી ત્યાંથી તું જલદીથી જ પાછી આવી શકીશ ”

તે બ્રહ્મચારીએ આ કથન એટલા બધા કૃપાપૂર્ણ તથા મધુર સ્વરે કહ્યું કે હિરણ્મયીના મનમાં ઉત્પન્ન થએલી શંકા નાશ પામી. તેણે તેની પાછળ જવા માંડયું. કેટલેક દૂર જતાં તેઓ એક નાનકડા મંદિર પાસે આવી પહોંચ્યાં. તે બ્રહ્મચારીએ કહ્યું. “ બેટી ! હું કહેતો હતો તે શિવાલય આજ છે. તેમાં પ્રવેશ કરી શિવજીની આરાધના કર એટલે તારી બધી મનોકામના સફળ થશે. તારા પતિની બધી ઉપાધિયો ટળી જશે. ”

બ્રહ્મચારીની સાથે હિરણ્મયીએ તે મંદિરમાં જેવો પગ મૂક્યો કે તરતજ તેનાં દ્વાર બંધ થઇ ગયાં. મહાદેવજીની મૂર્તિ ક્યાં છે તે જોવા માટે હિરણ્મયી ઉત્સુક નજરથી ચારે તરફ જોવા લાગી. પણ અરે, આ શું ? આ કોઇ મંદિર હોય તેમ લાગતું નથી. આ તો કોઇ મુસલમાનની મસ્જીદ છે. ગરીબ બિચારી બાળા ! મોટી સપડામણમાં આવી ગઇ. ભયથી તેનું શરીર થર થર કંપવા લાગ્યું. ફાટી આંખે તે ચારે તરફ જોવા લાગી. એક બાજુએ સંગેમરમરની એક ચતુષ્પાદી હતી તેના ઉપર એક લાલ વસ્ત્ર પાથ- રવામાં આવ્યું હતું અને તે ઉપર એક નાનકડું પુસ્તક અને કેટલાંક પુષ્પ મૂકવામાં આવ્યાં હતાં. ચતુષ્પાદી પાસે એક ધોળી દાઢી વાળો વૃદ્ધ મુસલમાન બેઠો હતો અને તેની પાસે બે પુરૂષો ઉભા હતા. તે બે પુરૂષોમાંના એકે બહુમૂલ્ય કશબી પોશાક પરિધાન કર્યો હતો તે ઉપરથી કળી શકાતું હતું કે તે કોઇ રાજવંશી પુરૂષ હોવો જોઇએ. બીજા પુરૂષ તરફ દૃષ્ટિ જતો- જ—અરે આ શું ! હિરણ્મયી કંપી કેમ ઉઠી ? તેણે પહેલાં એક વાર તેને જોયો હતો. વિજયાદશમીના દિવસે આહેરીઆ- માંથી પશુ વધ કરી ગળામાં જળમાળા પહેરી તથા હાથમાં વિજય પતાકા પકડી વીર અજયસિંહ જ્યારે રાજમહેલ પાસે આવી ઉભો રહ્યો ત્યારે આ લાંબી દાઢીવાળો કાણો ઠીંગુજી તેની પાસેજ ઉભેલો હતો અને અજયસિંહ ઉપર તેણે જે કુસુમમા- ળા નાંખી હતી તે તેના શરીરને અથડાઇ આ મુસલમાનનાજ માથા પર પડી હતી. અજયસિંહની ઉપહાર માળા પહેરનાર આ મુગલ સરદારજ હતો. તેને જોતાંજ હિરણ્મયીનો ભય

ક્ષિત્રુભિત થયો. ભયપૂર્ણ દૃષ્ટિથી તેણે જોયું કે તે મુસલમાન હસતો હસતો તેના તરફ આવતો હતો. તેને પોતાના તરફ આવતો જોઇ હિરણ્મયી ગભરાઈ ગઇ. બ્રહ્મચારી ક્યાં છે તે જોવા માટે કાતર દૃષ્ટિથી તે ચારે તરફ જોવા લાગી. આશ્ચર્ય ઉપર આશ્ચર્ય અને દુઃખ ઉપર દુઃખ ! તે બ્રહ્મચારીનો ત્યાં પત્તો માત્ર પણ નહોતો. જટા જુટધારી, વિભૂતિ ચર્ચિત સન્યાસીને બદલે ત્યાં એક ઉન્માદિની ઉભી હતી. અરવલી પર્વત ઉપર જે વખતે તે અજયસિંહ સાથે રમતી હતી તે વખતે જે ઉન્માદિની તેને ધમકાવી ગઇ હતી, અજયસિંહ ઉદયપુરથી દિલ્હી જવાનો હતો તેની પહેલી રાતે જે ઉન્માદિની તેના સ્વપ્નમાં આવી તેને બીવરાવી ગઇ હતી તેજ ઉન્માદિની તેની દૃષ્ટિએ પડી ! જે ઉન્માદિનીનું વિકટ હાસ્ય તથા તેની ભયંકર કરતાલ ધ્વનિથી તેનું કાળજું ચીરાઇ જતું હતું ! તેજ ઉન્માદિની તેને આ અજ્ઞાત સ્થળમાં તેડી લાવી હતી. જેવું હિરણ્મયીએ તેના તરફ જોયું કે તરતજ તેના સદાના રિવાજ માફક વિકટ હાસ્ય કરી તથા ભયંકર તાળી વગાડી તે ઉન્માદિનીએ કહ્યું. “ બોલ, ડાકિની ! તારો અજયસિંહ તારી રક્ષા કરવા અહિં આવી શકશે કે ? આ ઉન્માદિનીના સપાટામાંથી તારો બચાવ કરે એવું અહિં કોણ છે ? ”

હિરણ્મયીનું શિર ઘુમવા લાગ્યું. તેના હોંસકોસ ઉડીગયા. તેની આંખે અંધારાં આવી ગયાં. આરસના પુતળાની માફક તે

ત્યાં નિશ્ચેષ્ટ ઉભી રહી. સુરાપ્રમત્ત સખાવત આગળ વધ્યો અને હિરણમયીનો કેતકી સમાન કોમળ હસ્ત ચુંબવા લાગ્યો. શાહજાદા પર્વિઝ તરફ જોઇ તેણે કહ્યું. "જહાંપનાહ ! હજરત કાજીને કહો કે નિકાહ પઢવામાં તે દેર શું કરવા કરે છે ? ખુદાવિન્દ ! આપ તેમને જલદી કરવાને હુકમ કેમ નથી કરતા ?"


મંત્રમુગ્ધ તથા વાકશૂન્ય થઇ ગયો હોય તેમ શાહજાદો પર્વિઝ સુરસુંદરી હિરણમયી તરફ એકે ટસે જોઈ રહ્યો હતો. તેણે સખાવતનું ઉપરનું કથન સાંભળ્યું પણ નહોતું. અધીરા થઇ ગએલા સખાવતે કહ્યું. "કાજી સાહેબ ! ઇજાબ અને કબૂલાત ખતમ થઇ ગઇ છે. મારી સાથે નિકાહ કરવાને આ હૂર ઇન્કાર કરતી નથી તો પણ આપ દેર શા માટે કરો છો ?" સખાવતનું આ કથન સાંભળી કાજી ઉભા થયા અને પોતાની સફેદ દાઢી હલાવતાં બોલ્યા. "ઇજાબ અને કબૂલાતનાં ગવાહ કોણ છે ?"

"કેમ સાહેબ ! ખુદ શાહજાદા પર્વિઝ અને આ પાગલ ઔરત તેનાં ગવાહ છે." સખાવતઅલીએ કહ્યું.

કાજીએ કુરાન ઉઘાડયું અને ગંભીર સ્વરે તેમાંથી કાંઇક બડબડવા માંડયું એટલામાં મસ્જિદના કમાડને કોઇએ જોરથી ઠોકયાં અને જોરથી ગંભીર સ્વરે કોઇએ કહ્યું. "અંદર કોણ છે? કમાડ એકદમ ઉઘાડો નહિતો લાત મારી મસ્જિદના કમાડના ચૂરેચૂરા કરી નાંખવાં પડશે."

કાજીના હાથમાંથી કુરાન નીચે પડી ગયું. શાહજાદા પર્વિઝના માથા પરની પાઘડી જમીનપર પડી ગઇ. સખાવતનું

શરીર પરસેવાથી તરાતર થઇ ગયું. હિરણ્મયીનો હાથ છોડી તે જમીનપર બેસી ગયો. અત્યાર સુધી હિરણ્મયી સંજ્ઞાશૂન્ય હતી. એકાએક આકાશ વાણી જેવો શબ્દ સાંભળી તે ચમકી ઉઠી અને ચારે તરફ ફાટી આંખે જોવા લાગી. અંદરથી કાંઇ પણ પ્રત્યુતર નહિ મળતાં તે આગન્તુકે મસ્જિદના કમાડ પર જોરથી લાત લગાવી દીધી. કડેડાટ કરતાં કમાડ જમીનપર તૂટી પડયા. આગન્તુકે મસ્જિદમાં પ્રવેશ કર્યો. હિરણ્મયીએ તેને ઓળખ્યો. તે સમ્રાટ જહાંગીર પોતે હતા.



કાર્ડ સાઇઝ કીંમત માત્ર રૂ. ૪)
ફોટોગ્રાફ પાડવાના ન્યુ-

છુપા કેમેરા.

હાલમાં વિલાયતથી મોટા ફેરફાર સાથે કેમેરાનો મોટો જથો આવી પહોંચ્યો છે ! આ કેમેરાથી નાનું બચ્ચું પણ સહેલાઈથી ફોટો ઉતારી શકે છે. દોડતી રેલ્વે ગાડી, ઉડતું પક્ષી, વગેરેનો સહેલાઇથી ફોટો ઉતારી શકાય છે. ફોટોગ્રાફ ઉતારવાની સંપુર્ણ માહિતી ઘેર બેઠે શીખવી શકીએ છીએ. કેમેરા સાથે ન્યુ ફાઇન્ડર (જેનો ફોટો લેવો છે- તે જોવા માટે) ગ્રાઉન્ડ ગ્લાસ ડબલ કાર્ડ સ્લાઇડ, પ્લેટ, દવાઓ, સાથે કીંમત ફકત રૂ. ચાર પોસ્ટેજ દશ આના.

છોટાલાલ છગનલાલ મહાજન.
નવી માર્કીટ સામે કાલબાદેવી રોડ—મુંબઇ
બ્રાંચ ઓફીસ ૧૭૭-૨ -હેરીસન રોડ
કલકત્તા.

પ્રકરણ ૯ મું.

પ્રેમનો બદલો.

નિજ નારી વીસારી, પરનારી પર નજર કુનર થાપે;
પછી નિજ ઘરના દાણા, મુષક સરપનો કરંડિયો કાપે.

× × × × ×

મરતાં સુધી મટે નહિ, પડી ટેવ પ્રખ્યાત.
ફાટે પણ ફીટે નહિ, પડી પટોળે ભાત.

કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ.

મસ્જિદમાં પગ મૂકતાંજ જહાંગીર બાદશાહ શાહજાદા પર્વેઝ તરફ આરક્ત નેત્રથી જોવા લાગ્યા. તેમની એવી ભ્રૂ

પણ દૃષ્ટિ જોતાંજ શાહજાદાનું હૃદય કંપી ઉઠ્યું. પોતાની શમશેર પર બંને હાથનો ટેકો દઇ તે ત્યાંનો ત્યાં જ ઉભો રહ્યો. ભવાં ચડાવી જહાંગીર બાદશાહે સખાવત અલી તથા કાજી તરફ નજર કરી. પછી હિરણમયી તરફ કરૂણાપૂર્ણ ચક્ષુ નિક્ષેપ કરી તેમણે તે ઉન્માદિની તરફ જોયું અને પૂછ્યું " તું કોણ છે ? અને અહિં શા માટે આવી છે ? " પોતાના વિશાળ નેત્રો તિરછાં કરી, બંને હાથથી માથાના વાળ તોડતી, હોઠ દબાવતી તથા વક્ષસ્થલ પર કરાઘાત કરતી તે ઉન્માદિની ઉચ્ચ સ્વરે હસવા લાગી. આશ્ચર્ય ચકિત થઇ બાદશાહે પ્રશ્ન કર્યો " શું તું પાગલ છે ? "

પહેલાંની માફક ઉચ્ચ હાસ્ય કરી તે ઉન્માદિનીએ કહ્યું:— " દિલ્હીશ્વર ! હું કોણ છું તેની ખબર આપને થોડાજ કાળમાં થઇ જશે. મારી ઓળખાણ કરવાનો આ ઉચિત અવસર નથી. સમય આવે મારો સઘળો ઇતિહાસ હું આપને કહેવા માગું છું. દિલગીર છું કે તે કહેવાનો અત્યારે મને અવકાશ નથી. " આમ કહી તે ઉન્માદિની ચૂપ થઇ ગઇ અને પછી જોરથી હસી પડી બોલી. " અહાહાહા ! આજ કેવો હર્ષનો દિવસ છે ? આજ કેટલે દિવસે મારી એક મનોકામના સિદ્ધ થઇ. દિલ્હીશ્વર ! જુઓ. આ નિષ્ઠુર ગ્વાલિયરરાજની પુત્રી અને પેલી રાક્ષસી તારાબાઇની દુહિતા આજ આ નીચ કુલોદ્‌ભૂત મુસલમાનની ધર્મ પત્ની થઇ ગઇ છે. શાહજાદો પર્વિઝ, આ કાજી અને હું તેનાં ગવાહ છીએ. "

આમ કહેતી કહેતી તે ઉન્માદિની હિરણમયી સામે ફરી

અને જોરથી તાળી વગાડી તથા મોટેથી હસી તે ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ. હિરણમયી અત્યાર સુધી વાકૂશૂન્ય, વિસ્મય વિમુગ્ધ ઉભી હતી. ઉન્માદિનીનું કથન સાંભળતાંજ સર્વ ઘટનાઓ તેનાં ચક્ષુ સમિપ તરવરવા લાગી. બ્રહ્મચારીના વેષમાં તે ઉન્માદિનીનું આવવું, કપટ પ્રયોગ કરી તેને મસ્જિદમાં આણી લાવવું, કાજીનું કુરાન વાંચવું તથા તે કાણા ઠીંગુજીનું તેનું પાણી ગ્રહણુ કરવું એ બધાની શી મતલબ હતી તે તે સમજી ગઇ. નિશ્ચેષ્ટ થઇ તે એકદમ જમીન પર ઢળી પડી. સાહસ કરી હિરણમયીને પકડવા સખાવતઅલીએ પોતાના હાથ લંબાવ્યા પણુ ક્રોધથી રાતા પીળા થઇ જહાંગીર બાદશાહે કહ્યું. " ખબરદાર, બદમાશ ! જો તારા નાપાક હાથ તે પાકદામન ઓરતને અડાડયા તો મારા જેવો કોઇ ભૂંડો નથી."

પાછો હઠી તથા હસ્તદ્વય જોડી સખાવત બોલ્યો. " જહાંપનાહ ! આપ આ શો ઇર્શાદ ફરમાવો છો ? આ ઓરત મારી મન્હૂહા છે. જો ખાતરી ન થતી હોય તો પૂછો આ શાહજાદાને ! "

સખાવતના કથન પર કિંચિત્ માત્ર પણુ ધ્યાન નહિ આપતાં પર્વિઝ તરફ જોઇ જહાંગીર બાદશાહે કહ્યું. 'પર્વિઝા અત્યાર સુધીમાં મેં તારી હજારો કુસૂરો માફ કરી છે લેકિન આજ તેં એવી કુસૂર કરી છે કે તારી બેવકૂફી માટે મારે તને શી સજા કરવી તેનો કાંઇ પણુ તય હું કરી શકતો નથી.

" ખુદાવિન્દ ! " પર્વિઝે કહ્યું " જે કુસૂર કરે તેને શિ-

ક્ષા થવીજ જોઇએ. આ બાબતમાં આ સખાવતઅલીજ કુસૂરવાર છે. હું તો માત્ર ગવાહજ છું. માટે આપના હુકમ પ્રમાણે ગુનાહગારને યોગ્ય શિક્ષા આપની રૂબરૂમાંજ આપું છું."

આમ કહી એકદમ પર્વિઝે પોતાના મ્યાનમાંથી શમશેર બહાર કાઢી અને જોત જોતામાં તે સખાવતઅલીના ગળામાં ભોંકી દીધી. ભયંકર ચીસ પાડી સખાવતનો પ્રાણુ હંસલો તેના દેહ પીંજરમાંથી ઉડી ગયો. મિત્રે મિત્રનો વધ કર્યો! જન્નતની હૂર લેતાં જાન ગયો!!

પોતાની દૃષ્ટિ સમિપ શાહજાદાએ જે ઉદ્ધતાઇ કરી તેથી જહાંગીર બાદશાહનું મુખમંડળ ક્રોધનું માર્યું લાલ લાલ થઇ ગયું. તેમની આંખોમાંથી અગ્નિ વર્ષવા લાગ્યો. મ્યાનમાંથી તરવાર ખેંચી એકદમ તે પર્વિઝ તરફ ધસ્યા. એક પળમાત્રમાં પર્વિઝ પણુ પોતાના મિત્રનો સાથી બન્યો હોત, પણુ જેવી બાદશાહે તરવાર ઉગામી કે તરતજ વૃદ્ધ કાજી વચ્ચે પડયો. તેણે કહ્યું. "જહાંપનાહ! આપ આ શો જૂલમ કરી રહ્યા છો. શાહજાદો તો બેવકૂફ છે. શું આપ પણુ તેવા છો? પુત્ર કપુત્ર થાય છે, લેકિન માવિતર કમાવિતર થતાં કદિ સાંભળ્યા છે? હું આ કુરાનના સોગંદ આપી આપને અર્જ કરૂં છું કે મારાં ચશ્મ સામે કોઇનું ખૂન ન વહેવડાવતા."

પોતાની શમશેર દૂર ફેંકી તથા કાજી તરફ ક્રોધપૂર્ણ કટાક્ષ નાંખી શાહજાદાને જહાંગીરે કહ્યું. "બદચાલ છોકરા! શું ગુનાહ પર ગુનાહ! બેવકૂફી પર બેવકૂફી! શું તું મને નિહાયત બેવકૂફજ સમજે છે? શું તું એમ સમજે છે કે હું તારી ચાલ-

બાજી સમજી શકતો નથી? જો આજ આ કાજી વચ્ચે આવ્યો ન હોત તો તારી કુસૂરોનો પૂરેપૂરો બદલો તને આપી દીધો હોત. પણ લાચાર! કુરાનના કસમ મને અટકાવે છે. ખેર, મારો હુકમ ગૌરથી સાંભળ. તારી આજની કુસૂરો તો હું માફ કરૂં છું લેકિન આવી કુસૂરો ફરીથી કરી તો યાદ રાખજે કે તને જાનથી પૂરો કરીશ. જો, સાંભળ. આ પાકદામન ઔરતને હું મારી સાથે આગ્રે લઇ જઉં છું. તેને મારી શાહજાદી માફક રાખવાનો મારો વિચાર છે. હું તેને બાદશાહી જનાનખાનામાં જ રાખીશ કારણકે રસમો રિવાજ પ્રમાણે તેનો નિકાહ એક મુસલમાન સાથે થઇ ગયો છે એટલે તે ઉદયપુરમાં રહી શકે તેમ નથી. જો આજપછી કોઇ પણ દિવસ આ ઔરતપર માશુકાના તૌરથી જોઇશ તો યાદ રાખજે કે તારા રાઇ રાઇ જેટલા ટુકડા કરી નાંખીશ. બસ, ચાલ્યો જા અહિંથી—”

વારંવાર હિરણ્મયીના અતુલનીય રૂપરાશિ અને તેનાં કટાક્ષપૂર્ણ ચક્ષુ તરફ નજર નાંખતો શાહજાદો પર્વિઝ મસ્જિદમાંથી બહાર નીકળ્યો અને ઘોડાપર સ્વાર થઈ આગ્રા તરફ રવાને થયો.



પ્રકરણ ૧૦ મું.

માનવી કે કિન્નરી ?

The man that hath no music in himself,
Nor is not mov'd with concord of sweet sounds,
Is fit for treasons, stratagems, and spoils;
The motions of his spirit are dull as night,
And his affections dark as Erebus;
Let no such man be trusted.

IBID.

ઈતિહાસના વાંચકોને સુવિદિત છે કે મહત્વાકાંક્ષાવાળી નૂરજહાંએ પોતાના જમાઈ શહરિયારને દિલ્હીનું તખ્ત મળે માટે

શાહજહાં અને જહાંગીર વચ્ચે ભયંકર વિદ્રોહ ઉત્પન્ન કરાવ્યો હતો. બાદશાહને આડું અવળું સમજાવી તેણે શાહજહાંપર કંદહાર પર ચડાઇ લઇ જવાનું ફરમાન કઢાવ્યું હતું. નૂરજહાંના હેતુને પામી ગએલા શાહજહાંએ તે ફરમાન અમાન્ય કરી બાદશાહ સામે બંડ ઉઠાવ્યું. પર્વિઝ અને મહોબતખાંએ તેને સખ્ત શિકસ્ત આપી ત્યાર પછી શાહજહાંએ આશ્રય માટે આમ તેમ નાસભાગ કરી. પરન્તુ કોઇએ તેને શરણુ આપ્યું નહિ. આખરે પોતાના હાથે પરાસ્ત થએલા મલીકમ્બર પાસે તે આશ્રય માટે ગયો. મલીકમ્બરે તેને શરણુ આપ્યું તેથી દિલ્હીશ્વરની તેના પર કફા મરજી થઇ. એક જબરૂં સૈન્ય આપી જહાંગીરે પર્વિઝને અહમદનગર પર મોકલ્યો. તેણે તે નગરને ઘેરો ઘાલ્યો, ઘેરો દીર્ઘ સમય સુધી ચાલ્યો. ભયંકર યુદ્ધ થયું. યુદ્ધમાં મલીકમ્બર સખ્ત રીતે ઘાયલ થયો, તોપણ તેની પત્ની હુમીદા પૂર્ણ વીરતાથી પર્વિઝ સામી લડી અને તેને પરાસ્ત કરી અહમદનગરની હદમાંથી હાંકી કાઢયો.

એક ઓરતના હાથે શિકસ્ત પામેલો શાહજાદો પર્વિઝ દિલ્હીમાં ગયો અને પોતાને સૈન્ય આપી અહમદનગર પર ફરીથી મોકલવા તેણે બાદશાહને અર્જ ગુજારી. બાદશાહે તે અર્જ નામંજુર કરી અને ઉદયપુરના રાણા કિરણસિંહના પુત્ર અજયસિંહને અહમદનગરના જંગનો સિપહસાલાર નીમ્યો.

જહાંગીર બાદશાહ પુનઃ અહમદનગર પર ચડાઇ કરવા માગે છે એ સમાચાર મળતાંજ હુમીદાએ [આહાર નિંદ્રા ત્યજી લડાઇની તૈયારીઓ કરવા માંડી. અહમદનગરનો દુર્ગ તેણે સમ-

શવી દીધો અને નિયમિત રીતે સૈન્યને કવાયદ કરાવવા લાગી. નવા નવા અસ્ત્ર શસ્ત્ર તૈયાર કરાવવાના હૂકમ તેણે આપી દીધા અને યુદ્ધની સઘળી સામગ્રીઓ જાતે તપાસવા લાગી.

એક દિવસ સંધ્યા સમયે આખા દિવસના પરિશ્રમથી ક્લાન્ત થએલી હમીદા તેની કેટલીક સાહેલીઓ સાથે મહેલ પાસે આવેલી સરિતા તટે બેઠી હતી. પોતાની એક સાહેલી તરફ જોઇ તેણે કહ્યું. "જુલેખા! આજ ઘણીજ ગરમી છે. આફતાબે આજ ઘણુંજ ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલું છે. તાપ એટલો બધો પડે છે કે મારૂં તો આખું શરીર પરસેવાથી તરબતર થઇ ગયું છે. લોકો કહે છે કે મલ્હાર રાગ ગાવાથી વર્ષાદ વરસે છે. તો તું મલ્હાર ગાને? મુમકિન છે કે તારો સુરીલો અવાજ ઠેઠ ઈંદરના કાન સુધી પહોંચશે અને તારા ગાયનથી ખુશ થઇ તે વર્ષાદ વરસાવશે."

"હૂજુરનો હૂકુમ બજાવવાને આ લોંડી કયે દિવસે આથી પાછી થએલી છે કે આપ આમ બોલો છો? આપ મારી નકામી મજાક શા માટે કરો છો!" પોતાની પ્રસંશાથી શરમાઇ ગએલી જુલેખાએ કહ્યું.

ઉપરોકત કથન કરી જુલેખાએ પોતાનો તંબુરો લીધો અને મધુર સ્વરે મલ્હાર રાગ આલાપવા લાગી. પ્રફુલ્લ નયને હમીદા તેની તરફ જોઇ રહી અને તેનું મધુર કંઠી ગાયન સાંભળવા લાગી. જુલેખા ગાવામાં ઘણી જ હુશિયાર હતી. તેનું પહેલું ગાયન પૂરૂં થયું નહતું એટલામાં તો આકાશમાં એક વાદળું ચડી આવ્યું. તે તરફ જોઇ હમીદાએ કહ્યું.

"જો, જો, જુલેખા! તારા સુરીલા અવાજથી ઈંદર ખુશ થઇ ગયા છે અને આ વાદળાના ટુકડાને વરસવા માટે મોકલ્યો છે. હવે એક બીજું ગાયન છેડ એટલે વર્ષાદ વરસવા માંડશે અને આપણો ઉકળાટ બંધ થશે."

આપ કહેતાં હશો તો એકવાર નહિ હજાર વાર ગાઇશ પણ મહેરબાની કરી મજાક કરવાનું છોડી દો. સખ્ત ગરમી પછી કુદરતી રીતેજ વાદળ ચડી આવે છે અને કેટલીક વાર વર્ષાદ વરસવા પણ માંડે છે. આ વાદળાના ટુકડાને ને મારા ગાવાને શો સંબંધ છે? તે તો એક કુદરતી બનાવ છે અને સર્વ કોઇ તે જાણે છે." વાદળાના ટુકડાને ને પોતાના ગાયનને કાંઇ સંબંધ નથી એવું જણાવતાં શરમાળ જુલેખાએ કહ્યું.

"વાહવાહ, જુલેખા!" મોં મલકાવી હમીદા બેગમે કહ્યું. "તું તો મોટી તાલબાજ લાગે છે તારા પોતાનાજ ગાયનથી આ વાદળાં તણાઇ આવ્યાં છે લેકિન તું તેને કુદરત પર ઢોળી પાડે છે એ શું?"

"બેગમ સાહેબા!" જુલેખાએ કહ્યું. "ઇન્સાન શું કરી શકે છે? એ તો કુદરતના ખેલ છે તે કુદરત કરે છે."

"વારૂ, વારૂ! હવે બીજું ગાયન છેડવું છે કે આમ વાતોના તડકામાં જ વખત વીતાડવાનો છે." હમીદા બેગમે કહ્યું.

જુલેખાએ પોતાનો તંબુરો લીધો અને પહેલાંની માફક મધુર કંઠી ગાયન ગાવા લાગી. એકાએક સર્વ સ્ત્રીઓ ઉભી થઇ ગઇ. જુલેખાનું ગળું બંધ થઇ ગયું. તેનો તંબુરો સહિતા સ-

લિલમાં પડી ગયો. સરિતાનો કલકલ નિનાદ, વૃક્ષ પત્રનો થણુ-થણાટ અને વાયુનો સુસવાટ એકાએક નિરવ થઇ ગયાં અને કેટલેક દૂર સરિતા તટ પાસે આવેલા વનમાંથી કોઇનો મધુર સ્વરે વીણા સાથે મલાર ગાવાનો અવાજ કર્ણગોચર થવા માંડયો. પ્રકૃતિ નિસ્તબ્ધ થઇ ગઇ. વાદળાના જે ટુકડા તરફ જોઇ હુમીદાબેગમે જુલેખાની મશ્કરી કરી હતી, તેણે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. આખા આકાશમાં વાદળાં આમ તેમ દોડવા લાગ્યાં. વચ્ચે વચ્ચે ચપલાના ચમકાટ પણ થવા માંડયાં. જોત જોતામાં મૂશળ ધાર વર્ષાદ વરસવા લાગ્યો. પેલો મોહમય ગીતધ્વનિ, મધુર વીણા ઝંકારવ સાથે સંમિલત થતો વધારે અને વધારે ઉચ્ચ સ્વરથી મોહમુગ્ધા પ્રકૃતિ દેવીએ ચૈતન્ય સ્વરૂપ ધારણ કરી અમૃતમય મલ્હારના તાન સાથે વૃષ્ટિ પતન રૂપી નૂપુર ધારણ કરી નૃત્ય કરવા ન માંડયું હોય ! જાણે કર્ણ-ગોચર થવા માંડયો. અચંબામાં ગરકાવ થઇ સર્વ સ્ત્રીઓ મુશળ ધાર વરસાદમાં તે ગીત ધ્વનિ સાંભળતી ઉભી રહી. ધીમે ધીમે તે ધ્વનિ પાસે ને પાસે આવવા લાગ્યો આખરે વીણા વગાડતી એક યોગિની હુમીદા બેગમ અને તેની સાહેલીઓ સામે આવી ઉભી રહી. તે ગાયિકાનું ગાયન પૂરૂં થયું એટલે તેણે તેની વી-ણાને ચુંબન કરી પોતાની છાતી સરસી ચાંપી.

ગાયન બંધ પડ્યું એટલે સર્વ સ્ત્રીઓને ભાન આવ્યું. એક સ્ત્રીએ હુમીદા બેગમ તરફ જોઇ કહ્યું. “બેગમ સાહેબા ! અમારી આ કુસૂર માફ કરશો. અત્યાર સુધી અમે આ ઔર-તના ગાયન સાંભળવામાં એટલા બધા તલ્લીન થઇ ગયાં હતાં

કે અમને અમારા દેહનું પણ ભાન નહતું માટેજ આ આટલા બધા અંધારામાં તથા મુશળધાર વરસાદમાં ઉભાં છો તેનો ખ્યાલ અમને આવી શકયો નહતો. હવે મહેલ તરફ ચાલો નહિ તો આપની તબીઅત બગડી જશે."

આગન્તુક ગાયિકા તરફ જોઇ જુલેખાએ પૂછ્યું. "તું ઇન્સાન છે કે હૂર ?" ધીરે ધીરે તે ગાયિકા જુલેખા તરફ આગળ વધી. એટલામાં વીજળીનો ચમકારો થયો. સર્વ જણીઓએ જોયું કે તે ગાયિકાએ ફાટયાં તૂટયાં કપડાં પહેર્યાં હતાં અને ભીખારણ જેવી દેખાતી હતી.

હમીદા બેગમની સહચરીઓમાંની એકે કહ્યું "તું રહે છે કયાં? બીજીએ કહ્યું. "તું કયાંથી આવી?" ત્રીજીએ પૂછ્યું. "તારે શું જોઇએ છે ?"

"હું ભીખારણ નથી. હુ ગાંડી છુ." તે ગાયિકાએ અસ્પષ્ટ મૃદુસ્વરે કહ્યું.

"તેને કોઇ પણ પ્રકારનો સવાલ નહિ પૂછતાં સાથે લઇ એકદમ મહેલમાં ચાલો." હમીદા બેગમે હૂકમ કર્યો.

પોતાનાં ભીનાં વસ્ત્ર બદલી હમીદા બેગમે એક લોંડીને કહ્યું. "જા, જઇને આ ગાંડી માટે બેશ કીમત ઉમદા પોશાક લઈ આવ."

બાંદી તેને માટે નવાં કપડાં લાવી. હમીદાએ તે કપડાં તે ગાંડીને આપ્યાં. જોરથી વિકટ હાસ્ય કરી તથા તે કપડાંને જમીન પર ફેંકી તે ગાંડીએ કહ્યું. "ખરેખર, શું તમારો આ

પોશાક મારે યોગ્ય છે ?”

હમીદા બેગમે પોતાની સહચરીઓને સંબોધીને કહ્યું હું આ ઔરત સાથે કેટલીક પોશીદા વાતચિત કરવા માગું છું માટે જ્યાં સુધી હું હુકમ ન આપું ત્યાં સુધી તમારે કોઇએ મારી પાસે આવવું નહિ.

આમ કહી તે ગાંડીને પોતાની સાથે લઇ હમીદા બેગમ એક ઓરડામાં પેઠી અને અંદરથી દ્વાર બંધ કરી દીધાં.



પ્રકરણ ૧૧ મું.

ઉન્માદિનીની પૂર્વકથા,

કહીશ સઘળું વ્હાલા ! તુંને, ભલે રડતાં કહું;
કહીશ સઘળું વ્હાલા તુંને, બધું મરતાંય હું.
મુજ જીવિત તો ત્હારી હું છે, યદિ જીવવા સામું:
તુજ ચરણમાં ના તો ક્યાં હુ પછી જઈને નમું?

કલાપી.

દીપમાળાથી સુશોભિત, સુખોપભોગ સાધનોથી સુસજ્જિત અને પુષ્પ પાનાદિકથી સુગંધિત ઓરડામાં હમીદા બેગમ અને તે ઉન્માદિની કેટલીકવાર સુધી ચૂપચાપ ઉભાં રહ્યાં. બંને જણાના મનમાં કાંઇક ગડભાંગ ચાલી રહી હોય એમ સ્પષ્ટ જણાઈ આ-

વતું હતું. કેટલીક વારે તે ઉન્માદિનાએ કહ્યું. "બેગમ સાહેબા ! આપ તો અહમદનગરમાં કરતા કારવતા બેગમ સાહેબ જેવાં છો. આપને મારા જેવી એક પાગલ ઔરત સાથે શી પોશીદા ગુફતગુ કરવાની છે ? "

" મુમતાજ ! " એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી હમીદા બેગમે કહ્યું. " શું તું એમ ધારે છે કે મેં તને નથી પીછાની ? કેટલાંક વર્ષો પછી આજ એકાએક તને અહિં આવેલી જોઇ મારૂં દિલ રંજ, ખુશી અને તાજ્જુબીથી ઉથલપાથલ થઇ રહ્યું છે. તને શું પૂછવું અને શું ન પૂછવું તેની મને કાંઇપણ સમજણ પડતી નથી."

" જો, ખરેખર એમજ હોય તો આપને સવાલ પૂછવાની કાંઇ પણ જરૂરત નથી. હું મારી મેળે જ મારો સઘળો ઇતિહાસ આપને કહી સંભળાવીશ. " તે ઉન્માદિનીએ હમીદા બેગમની મુસ્કેલી ટાળતાં કહ્યું. આમ કહીને તે ઉન્માદિની કેટલીકવાર સુધી હમીદા બેગમ તરફ ટીકીને જોઇ રહી પછી તેણે પોતાનું આત્મકથન કથવા માંડ્યું. તેણે કહ્યું. "જુઓ, સાંભળો. આ પલંગ પર તશરીફ રાખજો. અહિં ઉભીરહીનેજ હું મારી આપવીતીનું બયાન આપને કહી સંભળાવા માગું છું. આજથી કરી બાવીસ સાલોપર જ્યારે આપ ખીલતી જુવાનીમાં પ્રવેશ કરતાં હતાં ત્યારે આપની પાસે બેસી હું આપને તવારીખી બયાનત સંભળાવતી હતી, એક દિવસે બિલકુલ આજનાજ વખતે આવાજ ઠઠમાઠથી શણગારેલા ઓરડામાં આવાજ પલંગપર બેસી મારી જબાનથી આપણી ખાનદાનના બેરહમ મુસલમાનોની તરવારથી વિજયન-

અરના છેલ્લા રાજા રામરાજાનું કેવી રીતે મોત નીપજાવવામાં આવ્યું તેનો હાલ સાંભળી આપનાં ચશ્મમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં હતાં. કેમ તે વાત આપને યાદ છે ને? આજ પણ તેવીજ રીતે—ચીરાતા કલેજે આ શણગારેલા ઓરડામાં આ પલંગપર બેસી આ બદનશીબ મુમતાજનું આત્મચરિત્ર સાંભળો. આપ અત્યાર સુધી એમ સમજતાં હશો કે મુમતાજ આ ફાની દુનિયાને છોડી જન્નતમાં ચાલી ગઇ છે અને તે માટેજ આજ અંધારામાં ગાતી ગાતી જ્યારે હું નદી કિનારે આવી ત્યારે આપ ડરી ગયા હતાં અને હજુ સુધી ગભરાટથી આપની છાતી આટલી બધી જોરથી ધડકી રહી છે."

"ખરેખર, મુમતાજ !" હમીદા બેગમ વચ્ચેજ પોકારી ઉઠી "આજ તને એકાએક આવેલી જોઇ મારા હૃદયમાં ગભરાટ પેદા થયો હતો તેની હું ના પાડતી નથી લેકિન મારો ગભરાટ ડરથી ઉત્પન્ન થયો નહોતો પણ તને આવી કમનશીબ હાલતમાં પાછી આવેલી જોઇ મારા હૃદયમાં જે નવનવા વિચારો ઉત્પન્ન થયા હતા તેથીજ મારા હૃદયમાં કાંઇક ગભરાટ પેદા થયો હતો. દુનિયાના લોકો તારે માટે ગમે તે ધારતા હશે લેકિન હું તો ખાતરી બંધ માનતી હતી કે તું આ દુનિયા છોડી ચાલી ગઇ નથી. આજ ઘણા દિવસે તને આમ એકાએક આવેલી જોઇ મારૂં હૃદય રંજથી ઘણુંજ પરેશાન થઇ ગયું છે."

"ખેર, સાંભળો" તે ઉન્માદિનીએ—મુમતાજ બેગમે પોતાનું આત્મકથન આગળ ચલાવતાં કહ્યું. "આપનો નિકાહ થઇ ગયા

પછી આપ અહમદનગરમાં આવ્યાં અને આપના કાકાની દુખ્તર તેના વાલિદના મરણ પછી તેમની ગાદીપર બેઠી. આપ જાણો છો કે તે વખતે તેની ઉમર નાની હતી. દુનિયા કેવી કપટમય છે તેનું તેને મુદ્દલ ભાન નહતું. બસ, હાથમાં સત્તા આવતાં જ પ્રજાના લાભનાં કામ કરવામાં દિલ પરોવવાને બદલે તેણે એશોઆરામ ભોગવવામાં પોતાનું મન લગાડ્યું. કેટલેક દિવસે તેણે એક ખૂબસૂરત અને નૌજવાન રાજપૂત જોયો. તે રાજપૂત ગ્વાલિયરનો દેશ નિકાલ થએલો શાહજાદો હતો. તે ખૂબસૂરત તથા ફુર્તીલા રાજપૂત પર નજર જતાંજ પંદર વર્ષની શાહજાદી તેના પર આશક પડી. પોશીદા તેરથી નિકાહ કરવા માટે તેણે તે શાહજાદાને કહાવી મોકલ્યું લેકિન અલ્લેહઇસ્લામપર નફરત રાખનાર તે કાફિરે પોશીદા મુહબ્બત કરવાની પોતાની નાખુશી બતાવી. તે વખતે તેને એક ખૂબસૂરત ઓરત અને બે ત્રણ વર્ષની એક દુખ્તર હતી. તેઓને તેણે ઉદયપુરના રાણા અમરસિંહ પાસે મૂકયાં હતાં. મુમતાજે જાતજાતની યુકિતઓ વાપરી, અનેક અનેક પ્રકારનાં ફંદો રચ્યાં ત્યારે આખરે તેની ખ્વાહિશ પુરી થઈ. કેટલાક દિવસ પછી તે રાજપૂતના વિર્યથી મુમતાજને એક નિહાયત ખૂબસૂરત પુત્રી પેદા થઇ. પુત્રી ઉત્પન્ન થતાં મુમતાજ એક મોટી આફતમાં આવી પડી. તેમાંથી બચવાની એક પણ તરકીબ નહિ માલૂમ પડવાથી તે તે રાજકુમારના પગ પકડી રોઇ પડી.તેના હૃદયફાટ રૂદનથી રાજકુમારનું હૃદય ભરાઇ આવ્યું. લેકિન તે વખતે તેની પહેલી જોરૂ ત્યાં આવી પહોંચી હતી. તે ઘણી તાલબાજ ઓરત હતી. તેની ચાલાકીથી મુમ-

તાજરી પ્યારી દુખ્તરને તેની પાસેથી લઇ જવામાં આવી અને કોણ જાણે ક્યાંય તેને પોશીદા રાખવામાં આવી. મુમતાજે ઘણી-ય શોધો કરાવી લેકિન કાંઇ પણ પતો લાગ્યો નહિ. તે હતાશ થઈ ગઈ. એટલામાં તેનો નિકાહ એક બીજા માણસ સાથે કેવી રીતે થયો તે આપથી છૂપું નથી. કમભાગ્ય મુમતાજ ! તેના નશીબમાં સુખનો એક પણ દિન લખેલો નથી. નિકાહ થયા પછી થોડાજ દિવસમાં તેનો બીજો ખાવિન્દ પણ આ ફાની દુનિયા છોડી—"

મુમતાજ બેગમનું પાપી ચરિત્ર સાંભળી હમીદા બેગમ દિગ્મૂઢ થઇ ગઇ હતી. તેનો એકેક શબ્દ તેને સહસ્ર વૃશ્ચિક ડંશ સમાન લાગતો હતો. તેનું અન્તિમ કથન સાંભળી તે ક્રોધ તથા દુઃખથી ફફડી ઉઠી. અતિ ક્રોધથી કંપિત સ્વરે તે બોલી. "કમબખ્ત ચુડેલ ! ચૂપ રહે. તારી જબાનથી જૂઠા લફ્ઝ સાંભળી હું મારા કાનને અપવિત્ર કરવા નથી ઇચ્છતી. તારા ખાવિન્દનો જાન તેં પોતેજ લીધો હતો. તેં પાપણીએજ તેને ઝહર દીધું હતું."

"હમીદા બહેન !" કિંચિત્ માત્ર પણ ખોટું લગાડ્યા સિવાય મુમતાજ બેગમે પોતાનું આત્મકથન આગળ કહેવા માંડયું. "આપ મારા પર એક ગંભીર અને મોટું આળ મૂકો છો. મારા ખાવિન્દને મેં ઝહર આપ્યું હતું એમ કહેવામાં આપ એક મોટી ભૂલ કરો છો. બીજાઓનાં મોઢેથી ગલત વાતો સાંભળી આપ તેમાં યકીન કરી બેઠાં છો તેથી જ આમ બોલો છો પણ જ્યારે મારા મોંઢે ખરી બીના જાણુશો ત્યારે આપના

મનની ખાતરી થઇ જશે કે મારા ખાવિન્દનો જાન મારા હાથે ગયો નથી. હું ઘણી સારી પેઠે જાણું છું કે ચારે મેર એવી અફવા ચાલી રહી છે કે મારા ખાવિન્દને ઝહર આપી હું નાશી ગઇ હતી લેકિન તે અફવા ગલત છે, તદ્દન ગલત છે. મારી કુસૂર અને મારાં પાપને લીધે તેમનું મરણ નીપજ્યું હતું એ વાતની હું ના પાડતી નથી લેકિન મેં મારા હાથે તેમને ઝહર આપ્યું ન હતું પેલો ગ્વાલિયરનો શાહજાદો જ્યારથી મને છોડી ચાલ્યો ગયો હતો ત્યારથી મારૂં હૃદય બળી રહ્યું હતું. મારા દિલની વાત મેં મારા દિલમાંજ છૂપાવી રાખી હતી. તેનું બયાન કોઇ પણ માણસ આગળ કર્યું ન હતું. હું દરરોજ દિલગીરીમાં ગીરફતાર રહેતી હતી. મારા ખાવિન્દ મને દરરોજ મારા શોકનું કારણ પૂછતા હતા લેકિન હું મારૂં પાપાચરણ તેમને કહેતી ન હતી. મારૂં મન દબાવવાને, મારા દિલની દિલગીરી ટાળી દેવાને મેં અનેક પ્રયત્ન કર્યા પણ વ્યર્થ. દિવસે દિવસે મારો શોક વધતો જ જતો હતો. એકલી બેઠી બેઠી હું કેટલીક વાર રોતી હતી. એક દિવસ મારા ખાવિંદ મારી પાસે આવ્યા. મને બહુ વિનતી, અત્યન્ત કાલાવાલા કર્યા ત્યારે મારૂં દિલ મારા હાથમાં રહ્યું નહિ, મારો સઘળો વૃત્તાન્ત મેં તેમને કહી સંભળાવ્યો. ઘણુંજ શાન્ત ચિત્તે તમણે મારો વૃત્તાન્ત સાંભળ્યો લેકિન પરિણામ ઘણુંજ બુરૂ આવ્યું. બહારથી જો કે તેમણે શાન્તિ બતાવી હતી તોપણ તેમના હૃદયમાં ભયંકર ઉલ્કાપાત થતો હોવો જો. ઇએ કારણ કે તેને તેજ રાતે તેમણે ઝહર ખાધું અને આ ફાની દુનિયા છોડી ચાલ્યા ગયા. તેમના કૃત્યની મને ખબર પડી. હું

ભયંકર સરડામણમાં આવી ફસાઇ. શું કરવું અને શું ન કરવું? તેનો કાંઇ પણ તગ હું કરી શકી નહિ. આવેશમાં ને આવેશમાં કેટલુંક અમૂલ્ય જવાહિર, કિંમતી સામાન તથા સો ખૂબસૂરત ઓરતો લઇ હું મારા નગરમાંથી રાતના વખતે બહાર નીકળી પડી અને એક શહેરથી બીજે શહેર તથા એક જંગલમાંથી બીજા જંગલમાં ભટકવા લાગી. ભટકતાં ભટકતાં હું ઉદયપુરમાં જઇ પહોંચી. ત્યાં મને એવા સમાચાર મળ્યા કે ગ્વાલિયરનો શાહજાદો જહાંગીર બાદશાહ સાથેના યુદ્ધમાં માર્યો ગયો હતો અને તેની જોરૂ તારાબાઇ તેની પાછળ બળી મરી હતી. મારી ખ્વાહિશમાં મોટો ખતરો પડયો. ઘણાં લાંબા સમયથી હું એવી ઇચ્છા રાખતી હતી કે તારાબાઇને હેરાન કરી હું તેનાપર મારો કીનો લઇશ પણ મારી તે ઇચ્છા ધૂળ મળી. મારો દિમાગ બગડી ગયો. હું પાગલ થઇ ગઇ. ગાંડપણ અને ગાંડપણમાં મેં સંગીત શાસ્ત્ર અને ચિત્ર કળાનો અભ્યાસ કરવા માંડયો. સંગીતમાં હું કેટલી બધી પાવરધા થઇ ગઇ છું તેનો અનુભવ આપને થઇ ચૂકયો છે. જ્યારે હું મારી વીણા લઇ ગાન કરવા માંડું છું ત્યારે આખી કુદરત એકતાલ થઇ જાય છે અને મારી માફક તે પણ શોકમાં ગીરફતાર થઇ જાય છે. ચિત્રકળામાં પણ હું તેટલીજ નિપૂણ થએલી છું. ફકત અનુમાનથી હું એવાં ચિત્ર દોરૂં છું કે તે જોઇ ભલભલા મોંમાં આંગળીઓ ઘાલે છે. આજથી ચૌદ વર્ષ ઉપર જે શાહજાદીને હું મારી છાતી સરસી ચાંપી દૂધ પીવરાવતી હતી તેની આજની-પૂર્ણ જુવાનીની છબી હું એવી હુબેહુ રીતે ચિત્રી શકું છું કે તે જોઇ આપ તાજ્જુબ થઇ જશો. હમીદ બહેન!

મારો જીવન વૃત્તાન્ત મેં મારા ખાવિન્દ અને આપના સિવાય બીજા કોઇને કહ્યો નથી. મહેરબાની કરી મારૂં પાપી જીવન ઉઘાડું પાડશો નહિ. આજ કાલ આપના ખાવિન્દ અહમદનગરમાં કરતા કારવતા છે. તેમના પર આપનો સારો પ્રભાવ પડે છે. આપના રાજ્યમાં મારી દુખ્તર છે કે નહિ તેની શું આપ શોધ નહિ ચલાવો? મારા આખા જન્મારામાં એકવાર પણ હું મારી પ્યારી શાહજાદીને પૂર્ણ હેતથી મારી છાતી સરસી ચાંપી નહિ શકું! શું મારી તે છેલ્લામાં છેલ્લી ખ્વાહિશ પુરી નહિ થાય? આપ મારાં બેન છો. મારા સુખ દુઃખમાં અનુકંપિત થવું તે આપની ફરજ છે. મેં આપના પર અત્યન્ત ઉપકાર કરેલા છે તેનો બદલો આપ શું મને નહિ આપો? હમીદાબહેન! આપ નિષ્ઠુર હૃદયનાં નથી. આપની છાતી મારૂં દુઃખ સાંભળી ફાટી નથી જતી શું! ફકત એકવાર, આખા જન્મારામાં ફકત એકજ વાર મારી પ્યારી દુખ્તરનો ભેટો કરવા હું ખ્વાહિશ રાખું છું. મારી તે ખ્વાહિશ આપ પૂરી કરો. મારા પર રહેમ કરો, દયા કરો." આમ કહી દીનવદને મુમતાજ બેગમ હમીદા બેગમ તરફ જોવા લાગી. થોડીજ વારમાં ગાંડાની માફક જોરથી હસી પડી તે બોલી " હા—હા—હા હમીદા બહેન! અત્યાર સુધી એક અગત્યની વાત કહેવી હું ભૂલી ગઇ. કેટલાક દિવસ ઉપર તારાબાઇના ઘોર કૃત્યનો બદલો મેં લીધો છે. તેની ખૂબસુરત દુખ્તર હિરણ્મયીનો નિકાહ મેં એક નીચકુળમાં ઉત્પન્ન થએલા કાણીઆ મુસલમાન સાથે કરાવી દીધો છે. હવે ફકત એકજ વાતનો બદલો લેવાનો બાકી છે. તારાબાઇને તથા હિરણ્મયીને ઉદયપુરના રાણા તરફથી આશ્રય આપવામાં આવ્યો હતો માટે તેનું ફળ તેને આપવુંજ જોઇએ.

તે ફળ આપવાનો પ્રસંગ મને અહિં મળી શકે તેમ છે માટેજ હું અહિં આવી છું નહિતો આ પાપણીએ પોતાનું કાળું મુખ આપને કદિપણ બતાવ્યું ન હોત. જે વખતે હું આગ્રામાં હતી તે વખતે મારા સાંભળવામા આવ્યું હતું કે જહાંગીર બાદશાહ અહમદનગર પર ચડાઇ કરવા માગે છે. ઉદયપુરનો રાજકુમાર અજયસિંહ કે જેની સાથે હિરણ્મયીનો નિકાહ થવાનો હતો તેને અહમદનગરપર મોકલવાનો બાદશાહે નિશ્ચય કર્યો છે. મહેરબાની કરી તે રાજપૂત સાથે જંગમાં મુકાબલો કરવા આપ આપના લશ્કરની સિપહસાલારી મને નહિ આપો! જો આપ તેમ કરશો તો મારી સો સહચરીઓની સેના સાથે હું અદ્‌ભૂત પરાક્રમ બતાવીશ. ”

“ ધીરજ રાખ, મુમતાજ ! ધીરજ રાખ અને ફીનો સેવાના વિચાર દિલમાંથી કાઢી નાંખ. જો અહમદનગરના મુલ્કમાં તારી દુખ્તર હશે તો હું તેને અવસ્યમેળવી આપીશ. માણસથી જેટલો પ્રયત્ન થઇ શકે છે તેટલો પ્રયત્ન હું તારી પુત્રી મેળવી આપવાને કરીશ તેમાં કોઇપણ જાતની કચાશ નહિ આવવા દઉં. તારી દુખ્તરની તલાશ કરવા માટે કાલ સવારેજ હું મારાં માણસો મોકલીશ. માટે ચિન્તા છોડી તું અહિં આરામમાં રહે અને તારી જનાના ફોજને બખાતિર કિલ્લામાં રહેવાદે.



પ્રકરણ ૧૨ મુ

નારીસેનાપતિ.

મર્દ તેહનું નામ, સમો આવે કે ચાલે,
કનક કામિની ત્યજી, સજી રણમાં જઈ મ્હાલે-
મર્દ તેહનું નામમ, ડરે નહિ રણે જવાથી;
હોંશે ચડે તોખાર, ડગે નહિ રિપૂ મળ્યાથી.
મર્દ તેહનુ નામ, સિંગથી શૂર વધારે;
તોપ ભડાકા કરે તેમ તે ધસે પુકારે.
મર્દ તેહનું નામ, ચળકતાં શસ્ત્રો જોઇ.
ઉછળી કરતો હાથ, કીર્તિ ઉજળી પર મોહી.
મર્દ તેહનું નામ, લોહીની નદીઓ દેખી;
ધડ માથાને હાડ, કાંપતો નહિ જે ટેકી.

અર્વાચીન સાહિત્યનો પિતા નર્મદ.

અહમદનગરની બાજુમાં છાવણી નાંખીને પડેલા મુગલદળની મધ્યમાં આવેલા તંબુમાં રાત્રિના સમયે અજયસિંહ પલંગ પર સૂતો હતો. ચારે તરફ ઘોર અંધકાર અને વિચ્છિન્ન શાન્તિ જામી ગયાં હતાં. કોઇ પણ જાતનો અવાજ કર્ણગોચર થતો ન હતો. પલંગપર પડ્યો પડ્યો અજયસિંહ તંબુના દ્વાર તરફ જોતો હતો અને કોણ જાણે શાય વિચારમાં નિમગ્ન થઇ જતો હતો.

જે દિવસે તેની શૈશવસખી હિરણમયીએ કાતર, ચંચળ અને અશ્રુપૂર્ણ ચક્ષુથી તેને જહાંગીર બાદશાહ સાથે દરબારે દેહ્લીમાં જવાને રજા આપી હતી તે વખતે જેવો અંધકાર તેની દૃષ્ટિએ પડ્યો હતો તેવોજ અંધકાર અત્યારે તેને દૃષ્ટિગોચર થતો હતો. એકાએક તેના હૃદય સમુદ્રમાં એવો તરંગ ઉઠ્યો કે હિરણમયીને એકલી છોડી હું અહિં આવ્યો તે મેં ઘણુંજ બુરૂં કર્યું. પેલી ઉન્માદિનીના કહેવા પ્રમાણે ખરેખર તેના પર કોઇ ભયંકર આફત આવી પડી હશે. હું ઉદયપુર હોત તો તેનો બચાવ કરી શકત પરન્તુ હું તો આમ હજારો કોસ દૂર આવી પડ્યો છું. મારી પ્રાણ વલ્લભાના હૃદયને ચીરી હું ઉદયપુરની બહાર નીકળ્યો તે મેં મોટી મૂર્ખામીનું કામ કર્યું છે. પણ ખેર, ભૂલ થઇ ગઇ તો થઇ ગઇ હવે તે સુધરી શકે તેમ ઓછી છે? દૂધ ઢળી ગયા પછી તેને માટે વિલાપ કરવો વ્યર્થ છે તેમ ભૂલ

કર્યો પછી પરતાવો કરવો વ્યર્થ છે. હું રાજપૂતનો બાળક છું. શત્રુને સામી છાતીએ શિર આપવુ અને શિર લેવું તે મારો પરમ ધર્મ છે. હું મારા ધર્મથી કિંચત્ માત્ર પણ ચલિત થવાનો નથી જે સમરભૂમી છોડી ઉદયપુર જાઉતો બાદશાહનો નીમકહરામી તથા વિશ્વાસઘાતી થાઉ અને શુદ્ધ રાજપૂત ટળી બાયલામાં ખપું. બસ હવે તો મારે સમરાંગણુનોજ વિચાર કરવાનો છે. જેમ બને તેમ જલદીથી શત્રુનો સંહાર કરી, અહમદનગર હ. સ્તગત કરી પછી ઉદયપુર પાછા જવાના વિચારમાંજ મારે મારા મનને ગુંથાએલું રાખવું જોઇએ. શુદ્ધ ક્ષત્રીને માટે તો તેવા વિચારજ ઉચિત છે. તે સિવાયના બીજા વિચાર કરવા તે ક્ષાત્ર ધર્મ વિરુદ્ધ છે અને ઘટ જતાં પણ હું મારો ક્ષાત્ર ધર્મ નહિંજ તજુ.

અજયસિંહના મગજમાં આવા આવા વિચાર તરંગ ઉઠતા હતા એવામાં એકાએક જાણે ભયંકર કડાકો થયો હોય જેવો એક જબ્બર અવાજ થયો. લાગલોજ એક બીજો અવાજ કર્ણગોચર થયો અને તે પછી તે અવાજની પરંપરા ચાલવા લાગી. અકસ્માત્ યુદ્ધ થવાની મોગલ સૈન્યને કિંચિત્ માત્ર પણ શંકા નહતી તેથી તે પૂર્ણ આનંદ તથા શાન્તિમાં સુતી હતી. એકાએક જવાળામુખી પર્વતના ફાટવા જેવો ભયંકર અવાજ સાંભળી મુગલ સૈન્ય ચમકી ઉઠયું અને ગભરાટ તથા વિસ્મયથી કિલ્લા તરફ જોવા લાગ્યું તો કિલ્લાપર જાણે બારસો સૂર્યનું તેજ ઝળઝગી ન રહ્યું હોય તેવો ભાસ થતો હતો. જરૂર પડતાં શત્રુના કિલ્લાને ઉડાવી દેવા માટે મુગલોએ ત્રણ સુરંગો તૈયાર કરી

હતી. અજયસિંહે તંબુ બહાર આવી જોયું તો સઘળો મામલો બગડી ગયો હતો. તેણે કરેલો અવિશ્રાન્ત પરિશ્રમ ધૂળ મળ્યો હતો. તેણે જોયું કે પ્રતિપક્ષીઓએ સામેથી સુરંગ ખોદી નાંખી તેની અંદર ભરેલા દારૂગોળાને સળગાવી દીધો હતો. અજયસિંહને લાગ્યું કે જય મેળવવાની સઘળી આશા વિછિન્ન થઇ ગઇ છે. એકાએક તેના હૃદયમાં આશાનો અંકુર સ્ફુર્યો. તેણે વિચાર કર્યો કે જો ત્રીજી સુરંગને કોઇ પણ પ્રકારે સળગાવવામાં આવે તો કાંઇ નહિ તો કિલ્લાનો એક ભાગ તો અવશ્ય ઉડી જવાનો. આ વિચાર આવતાંજ તે પોતાના સૈનિકો તરફ ફર્યો અને તેમને સંબોધીને બોલ્યો, "મારા બહાદુર વીરો ! તમારામાં કોઇ એવા સાહસિક પુરૂષો છે કે જે શત્રુઓના વર્ષતા દારૂગોળાની દરકાર કર્યા સિવાય પૂર્વ તરફની સુરંગના મોંમાં અગ્નિ પ્રકટાવી પોતાનો પ્રાણ અર્પે અને આ વીસ હજાર યોદ્ધાઓને અપયશની કાળી ટીલીમાંથી બચાવે. જો તમારામાં એવા કોઇ સાહસિક શૂરવીરો હોય તો ઓછામાં ઓછા વીસ જણાઓ બહાર આવો."

આમ કહી અજયસિંહ પોતાના સૈનિકો તરફ ચારે બાજુએ જોવા લાગ્યો. વીસ હજાર યોદ્ધાઓના સૈન્યમાંથી એક પણ માણસે કાંઇ પણ જવાબ આપ્યો નહિ તેમ કોઇ બહાર પણ નીકળ્યું નહિ. દિલ્હીશ્વરના આવા કારણ લશ્કરથી ખેદ પામી શાહજાદા શહરિયાર તરફ જોઇ અજયસિંહે કહ્યું "શાહજાદા શહરિયાર ! દિલ્હીના સમ્રાટે કાયર પુરૂષોની મદદથી યુદ્ધનો આરંભ કર્યો છે. જુઓ, આપના આ વીસ હ-

બાર યોદ્ધામાંથી એક પણ યોદ્ધો આ જીવલેણ કાર્ય બજાવવાને છાતી ચલાવી શકતો નથી. હવે આપ સેનાપતિનો બાર આપના શિર પર લો. હું પોતે સુરંગના મોંમાં આગ લગાડી પ્રાણ અર્પ-વા જાઉં છું."

અજયસિંહનું આ કથન સાંભળી શહિરયારે કહ્યું. "શા-હજાદા અજયસિંહ ! તમારે એવું જોખમ ખેડવાની કાંઇ પણ જરૂરત નથી. આપણા લશ્કરમાંથી કોઇક સિપહસાલારને તે કામ બજાવવાનો હુકમ કરો."

"શાહજાદા !" અજયસિંહે કહ્યું "આજનો મામલો કટાકટીનો છે. સ્વામી ભક્તિ માટે પ્રાણ અર્પનાર મનુષ્યનીજ આમાં જરૂર છે પણ એવો એક પણ મનુષ્ય આપના સૈન્યમાં નથી. પરાણે કામ કરાવ્યાથી આવા મામલામાં સારૂં પરિણામ નીપજતું નથી. આવા મામલામાં તો ખરા અંતઃકરણથી કામ કરનારની અગત્ય છે માટે હું પોતેજ તે કામ કરવા જાઉં છું."

આમ કહી અજયસિંહે પોતાના ઘોડાને ચાબુક મારી. ચાબુક વાગતાંજ દાનવદમત વાયુ જોડે વાતો કરવા લાગ્યો. ઇશ્વર કૃપાથી અજયસિંહને પોતાનો પ્રાણ અર્પવો ન પડયો તે ઝાઝો દૂર નહિ ગયો હોય એટલામાં તો અગ્નિની એક આગગારી સુરંગના મોંમાં જઇ પડી. એકાએક તે સળગી ઉઠી. જોત જોતામાં કિલ્લાનો એક ભાગ તૂટી પડયો અને તેના ઉપર ઉભેલા એક હજાર યોદ્ધાઓ બળી ભસ્મ થઇ ગયા. નવિન ઉત્સાહથી મુગલ સેના યુદ્ધમાં પ્રવૃત્ત થઇ. એકાએક

પાસો પલટી ગયો. અહમદનગરની સેના બધી ભાગી ગઈ. દુશ્મનનો હતોત્સાહ જોઈ મુગલ સેના આગળ વધી. તેની ગતિને કોઈ પણ રોકી શક્યું નહિ. જોતજોતામાં આખું મુગલ દળ ભાગેલી દીવાલ પાસે આવી પહોંચ્યું. અહમદનગરના સૈન્યની રહી સહી હિંમત પણ નષ્ટ થઈ ગઈ. કેટલાક યોદ્ધાઓ હથિયાર છોડી નાઠા તો કેટલાક મોગલોને શરણે ગયા જ્યારે બાકીનો કેટલોક ભાગ મારવા મરવાનો નિશ્ચય કરી લડવા લાગ્યો. વસ્તુ સ્થિતિ આવી થઈ રહી હતી એટલામાં એકાએક વીણાનો અસ્પષ્ટ અને તાલલયપૂર્ણ મધુર શબ્દ સંભળાવા લાગ્યો. તોપોના ધડાકા અને તરવારોના ઝણઝણાટ, મુગલોના વિજયનિનાદ અને ઘાયલોની બુમો એ સઘળા એકદમ શાન્ત થઈ ગયાં. જાણે તે સઘળા શબ્દ વીણાના મોહક શબ્દમાં મળી ન ગયા હોય ! કોણ જાણે તે વીણામાં એટલી બધી શી મોહિની શક્તિ હતી કે બંને બાજુના સિપાઈઓ નિસ્પન્દ અને નિશ્ચેષ્ટ ભાવથી જ્યાં ને ત્યાં ઉભા રહ્યા. મુગલ સૈનિકોની ઉપાડેલી તરવાર શત્રુઓનાં શિરપર નહિ પડતાં જ્યાંને ત્યાં સ્થિર થઈ ગઈ. નાસવા માટે તૈયાર થએલા અહમદનગરના સૈનિકોના પગ ઉપડી શક્યા નહિ. વિસ્મિત અને સ્તંભિત થઈ સર્વએ જોયું કે એક તેજ અરબી અશ્વ પર આરૂઢ થઈ હમીદા બેગમ પોતે, પ્રલયજલ રાશિમાં સૌદામિનીની માફક હાથ હલાવતી તથા પોતાના નાસતા સૈનિકોને હિંમત આપતી આગળ આવતી હતી. તેની બાજુએ આ બીજી સ્ત્રી કોણ હતી ! તેના કરતમાં એક વીણા હતી. વીણાના મધુર રવ સાથે પોતાના હૃદય વિહાર તથા તાનલયપૂર્ણ

મિશ્રિત કરતી તે યૌવના હમીદા બેગમની સાથેજ પોતાના અશ્વને કુદાવતી હતી. પગની પાનીથી તે શિરના કેશ સુધીનું તેનું આખું શરીર બહુ મૂલ્ય કસબી પોશાકથી ઢંકાયલું હતું. તેના કાળા ભુજંગ સમાન તેની પીઠપર વાળ વીખરાએલા હતા. તેની કમરમાં એક તીક્ષણ તરવાર લટકી રહી હતી. તે યૌવનાનું મધુર કંઈ ગાન પૂરૂ થયું ન હતું એટલામાં તો અહમદનગરની નાસતી સેનામાં આશા અને ઉત્સાહનો સંચાર થયો. ઘોર ગર્જના કરતી પ્રલય જળધારાની માફક એકઠી થઇ તે સમરભૂમીમાં દોડવા લાગી.

આણીમેર અજયસિંહ આગળ આવ્યો અને પોતાના સૈનિકોને ઉત્સાહિત કરવા લાગ્યો. અજયસિંહને જોતાંજ તે રમણીએ પોતાની વીણા પૃથ્વીપર ફેંકી દીધી અને મ્યાનમાંથી તરવાર ખેંચી તે અજયસિંહપર ઉગામી તે બોલી " સાવધાન, અજયસિંહ! સાવધાન.

એક ક્ષણ માત્રને માટે અજયસિંહના હોસકોસ ઉડી ગયા. જાણે કોઇ ચિત્ત વિકારથી તેનું આખું શરીર કંપી ન રહ્યું હોય એમ તેને ભાસ થયો. એકાએક તેને જહાંગીર બાદશાહની શિખામણ યાદ આવી. જો જે અજયસિંહને નારી સેનાપતિના હાવભાવપુર્ણ: કટાક્ષથી મોહીત ન થઇ જતો ? જહાંગીર બાદશાહના એ વચન તેના મગજમાં ગણગણાટ કરવા લાગ્યા. અજયસિંહે અતીવ ચપળાથી મ્યાનમાંથી તરવાર બહાર ખેંચી કાઢી. તેને યુદ્ધ કરવા સજ્જિત થએલો જોઇ તે રમણી બોલી. " અજયસિંહ! શુદ્ધ રાજપૂતની શું આજ વીરતા છે કે! એક

ગરીબ અબળાપર અસ્ત્ર ઉપાડવામાંજ તેનું શૌર્ય પૂરૂં થાય છે કે? જો, જો, તારી સકળ સેના જીવ લઈને નાસે છે. તું એકલો મારા સામો ઉભો રહી શું યુદ્ધ કરવાનો હતો?" આમ કહી તે રમણી ઘણુંજ જોરથી હસી પડી.

તે સ્ત્રીનું વિકટ હાસ્ય અજયસિંહના હૃદયમાં કાંઈક ખટક્યું. મંત્રમુગ્ધ થએલા મનુષ્યની માફક તે તે સ્ત્રી તરફ જોઈજ રહ્યો. તે સ્ત્રી ફરીથી હસી. અલ્પકાળને માટે તેના મુખ પરનો બુરખો નીચે સરી પડ્યો. અજયસિંહ કંપી ઉઠ્યો. તે બોલ્યો "અરે, આ શું? આ તો પેલી ઉન્માદિનીજ છે."



પ્રકરણ ૧૩ મું.

હિરણમયી ક્યાં છે ?

કામ કાજ તો બંધને, સહુ ઉદાવરૂં જોય;
ગામ વિષે હડતાળને, હસતું નહિરે કોય.
લડકા પીળા લાગતા, શોક શોક સહુ ઠામ;
ઝાડ જનાવર તો દિસે, શોકાતુર ઓ રામ.
મંદ ઉદાસી દીસતા, નહિ અંગમાં જોર,
પળે પળે તે હબકતા, શોક તણો બહુ ફંદાર.

નર્મદાશંકર લાલશંકર.

કેટલાક દિવસ સુધી યુદ્ધ ચાલ્યા પછી હમીદાબેગમ અને મુગલો વચ્ચે સન્ધિ થઇ. તે કુંવારી-સેનાપતિનાં શૌર્ય, ધૈર્ય

અને ચારુએ જોઇ મુગલ સેના વિસ્મયથી દંગ થઇ ગઇ હતી. મુગલોના મનની ખાતરી થઇ ગઇ હતી કે હમીદા બેગમમાં વીરતા ઉપરાન્ત બીજા કેટલાક અમાનુષિક ગુણો પણ હતા જેના પ્રયોગથી તે તેની નિરાશ થઇ ગએલી સેનામાં ઉત્સાહ ઉદ્દિપ્ત કરતી હતી અને પેલી અલૌકિક વીણા વગાડી, તેના હૃદયઆહ્લાદ ઝંકારવથી દુશ્મન દળને મંત્ર મુગ્ધ બનાવી દેતી હતી. હમીદા બેગમના મનની પણ ખાતરી થઇ ગઇ હતી કે યુદ્ધ આગળ ચલાવવાથી તે બાઝી લાંબુ મેળવી શકે તેમ ન હતું, કારણ કે તેના મિત્રોમાં ફાટફુટ પડી હતી અને તેની પોતાની પાસે એટલાબધા યોદ્ધા પણ ન હતા કે તે એકલી મુગલ સમ્રાટ સામે ઝાઝો વખત સુધી ટકી શકે લડાઇનું મૂળ, શાહજહાં તો અહમદનગરનો પ્રદેશ છોડી પોતાની રાજી ખુશીથી ક્યારનોય ચાલ્યો ગયો હતો એટલે નકામા યુદ્ધ આગળ ચલાવવાનું તેને યોગ્ય લાગ્યું નહિ. તેણે સન્ધિને માટે પ્રસ્તાવ કર્યો અને મુગલો તો સલાહ કરવાને એક પગે તૈયાર હતા એટલે અલ્પ સમયમાંજ સન્ધિપત્ર તૈયાર થઇ ગયું અને બંને બાજુએ તેપર સહીઓ કરી દીધી. હા ના ની લડાઇમાં જે ભયંકર યુદ્ધ જામ્યું હતું તે બંધ પડયું. મિથ્યા સેંકડો મનુષ્યોનાં જીવની હાની થતી હતી તે બચી.

બે પહોર દિવસ ચડી ચૂક્યો હતો. માર્તણ્ડ ભગવાન્ પોતાની પૂર્ણ કળામાં પ્રકાશતા હતા. પશુ પ્રાણી સર્વ તેમના પ્રખર તાપથી ક્લાન્ત થઇ છાયાવાળી જગ્યામાં જઇ ભરાયાં હતાં. આ વખતે અજયસિંહ ઉદયપુરમાં આવ્યો. રાજપ્રાસાદ આગળ આવતાં જ તે પોતાના દાનવદમન અશ્વ ઉપરથી નીચે કૂદી પ-

ડયો. આ સમયે શાન્તિ સંપૂર્ણ રીતે જામી ગઇ હતી. સખ્ત ગરમીથી અકળાઇ ગએલા કેટલાક સિપાહીઓ મહેલની દીવાલને અઢેલીને ઉંઘતા હતા જયારે કેટલાક અફીણની લહેરમાં ઝોકાં ખાતા હતા. ઘોડાનો પગરવ સાંભળી સર્વ સાવધાન થઇ ગયા. અજયસિંહને જોતાંજ તેઓ એકદમ ઉભા થયા અને અતિ વિનયથી તેને નમન કરવા લાગ્યા.

પહેરેગીરો તરફ જોઇ અજયસિંહે પ્રશ્ન કર્યો. " પિતાજી કયાં છે ? "

અજયસિંહના આ પ્રશ્નનો પ્રત્યુત્તર કોઈ પણ પહેરેગીર આપી શકયો નહિ. આખરે એક વૃદ્ધ પહેરેગીરે આગળ વધી કહ્યું. " કુમારશ્રી ! આજ બે દિવસ થયાં મહારાણા દિલ્હીશ્વરને મળવા આગ્રે ગયા છે. જતી વખતે તેઓ બાદશાહપર ઘણાજ ગુસ્સે થએલા દેખાતા હતા. મને તો એમ લાગે છે કે મુગલો સાથે ફરીથી વિગ્રહ શરૂ થશે. "

" શા માટે?" આશ્ચર્ય ચકિત થઇ અજયસિંહે પ્રશ્ન કર્યો "

" આપ અંતઃપુરમાં પધારો. ત્યાં આપને સઘળી બીના શીઘ્રતાથી જણાઇ જશે. "પોતાના મોઢે અશુભ સમાચાર ન કહેવા માટે તે વૃદ્ધ પહેરેગીરે કહ્યું.

કુમળા રોપાપર એકાએક વિદ્યુત પ્રહાર થતાં તેની જેવી સ્થિતિ થાય છે તેવીજ સ્થિતિ તે પહેરેગીરનું કથન સાંભળતાં અજયસિંહની થઈ. અંતઃપુરમાં શો બનાવ બન્યો હશે ! શું હિરણ્મયી સાથે તેનો મેળાપ નહિ થઇ શકે? વગેરે વિચાર એકા

એક તેના હૃદયમાં ઉત્પન્ન થવા લાગ્યા. તેની જીભ સેવાઇ ગઇ. તેનાથી આગળ પ્રશ્ન પૂછાઇ શકયો નહિ. ધીમે ધીમે તેણે અં-તઃપુરમાં પ્રવેશ કર્યો તો ત્યાં ચારે તરફ શૂન્યકાર વ્યાપી રહ્યો હતો. કોઇ પણ જાતનો સ્વર ત્યાં કર્ણગોચર થતો નહતો. કેટ-લીક દાસીઓ હાથમાં પંખા ઝાલી જમીનપર આડી થઇ હતી. તો કેટલીક હાથપર કપોલ ટેકાવીને પૂર્ણ વિચારમાં ડૂબી ગએલી હતી જ્યારે બાકીની કેટલીક પોતાની સમોવડીયણ સહચરીઓ સાથે ધીમે ધીમે કાંઇક ગુસપુસ કરી રહી હતી. હરણનું એક હળી ગએલું બચ્ચુ દીવાલને અઢેલીને બેઠું હતું. અને શૂન્ય દૃષ્ટિથી આકાશ તરફ જોઇ રહ્યું હતું, ભીંતના એક ગોખલામાં કબુતરનું એક જોડું ચૂપચાપ બેઠું હતું. પાળેલા મોરની રૂપાની સાંકળ વીખરાએલી જમીન પર પડી હતી. તે પોતે ક્યાં હતો? તેનો કાંઇપણ પત્તો ન હતો. મેના પોપટનું સોનાનું પાંજરૂ ખાલી હતું. પોપટ શોકસાગરમાં ડુબેલો વિપન્ન વદને કેટલેક દૂર બેઠો હતો જ્યારે મેના તો જાણે ક્યાંય ઉડી ગઇ હતી. અમરસિંહ મહારાણાએ બંધાવેલો "આનંદભુવન" મહેલ, જે હમેશાં પ્રમોદમય તથા કોલાહલ પૂર્ણ રહેતો હતો તેને આવો શૂન્ય તથા મૃણમાણ અજયસિંહે કદિ દેખ્યો નહતો. ધીરે ધીરે અજય-સિંહ હિરણમયીના ઓરડા આગળ ગયો અને દ્વાર આગળ ઉભો રહી કંપિત સ્વરે બોલ્યો. "હિરણ!" નિર્જન-નિઃસ્તબ્ધ ઓરડામાંથી પ્રતિધ્વનિ થયો "હિરણ!"

કાંઇ પણ પ્રત્યુત્તર નહિ મળવાથી અજયસિંહ પાછો ફરતો હતો એટલામાં તેની બેન કમળાવતી ઘણા આગ્રહથી

દોડતી દોડતી તેની પાસે આવી. ધીમે સ્વરે અજયસિંહે તેને પૂછ્યું " કમળા બેન ! હિરણ્મયી ક્યાં છે ? "

અજયસિંહનો આ પ્રશ્ન સાંભળી કમળાવતીનો કંઠ રૂંધાઇ ગયો. તેનાં નેત્રોએ તેના વક્ષસ્થળપર અભિષેકની ધારા ચલાવી. જાણે તેનાં અશ્રુ તેના હૃદયની અગ્નિને શાન્ત પાડતાં નહોય ! કેટલાક પ્રયાસે રડતાં રડતાં તેણે કહ્યું. " ભાઇ— "

" કમળા બેના તમે રૂઓ છો શા સારૂં? શું હિરણ્મયી આ અસાર સંસાર છોડી ચાલી ગઇ છે?" અજયસિંહે કમળાવતી-ની આંખમાં આંસુ જોઇ ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો.

" ભાઇ ! " દુઃખથી ચીરાઇ જતા હૃદયે કમળાવતીએ કહ્યું. "હિરણ મરી નથી ગઇ પણ જો તે મરી ગઇ હોત તો ઘણું સારૂં થયું હોત કારણકે તેથી આપણને આટલું બધું દુઃખ કદિ પણ થયું ન હોત."

" ત્યારે થયું છે શું ? જે બીના હોય તે મને જલદીથી કહી નાંખો કારણકે હિરણ્મયીના સમાચાર જાણવા મારૂં મન તલપાપડ થઇ રહ્યું છે. " અજયસિંહે કહ્યું.

" ભાઇ ! હું કહેવાને હું ઘણો પ્રયત્ન કરૂંછું પણ મારી જીભ ઉપડી શકતી નથી. " કમળાવતીએ પોતાની અશક્યતા જણાવી.

"કમળા બેન !" અજયસિંહે કહ્યું. "હિરણ્મયી ક્યાં છે તે મને જલદીથી જણાવો. "

"બાઇ ! હિરણ્મયી બાદશાહના મહેલમાં છે. લોકો કહે છે કે કોઇ મુસલમાન સરદાર તેને જોર જુલમથી પરણી ગયો છે." કમળાવતીએ હૃદયપર પત્થર મૂકી અશુભ સમાચાર કહ્યા.

અજયસિંહનો ચહેરો એકદમ નિસ્તેજ થઇ ગયો. ક્રોધથી તેનું આખું શરીર થરથર ધ્રૂજવા લાગ્યું. કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય તે ત્યાંથી પ્રસ્થાન કરવા લાગ્યો. તેને શાન્ત પાડવાને કમળાવતીએ પુષ્કળ પ્રયત્ન કર્યો, અત્યન્ત કાલાવાલા કર્યા. પરન્તુ કાંઇ પણ ફળ નીકળ્યું નહિ.

કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય ફક્ત હાથની ઇશારતથીજ અજયસિંહે તેને નિષેધ કર્યો અને પોતે મહેલ બહાર નીકળી, કોઇની સાથે કોઇ પણ પ્રકારની વાતચિત કર્યા સિવાય તે દાનવ દમનપર સ્વાર થયો. પોતાના માલિકની ઇચ્છા જાણનાર ચતુર ઘોડો ચારે પગે કૂદ્યો અને જોત જોતામાં તો તે ત્યાંથી અદૃશ્ય થઇ ગયો. ઉદયપુરનો રાજકુમાર ઉદયપુરને છેલ્લી સલામ કરી ચાલ્યો ગયો. પ્રેમાળ પુત્ર માતાને મોં બતાવ્યા સિવાય પ્રસ્થાન કરી ગયો !

પ્રકરણ ૧૪ મું

આશ્ચર્યકારક માગણી.

A mother is a mother still,
The holiest thing alive.
COLERIDGE.

આગ્રાના શાહી મહેલના એક સુશોભિત ઓરડામાં જહાંગીર બાદશાહ એકલા બેઠા હતા. તેમના હાથમાં એક પત્ર હતો. તે પત્ર તેમને અહમદનગરથી આવેલી એક દૂતી આપી ગઇ હતી. તે પત્ર ફારસી જબાનમાં લખાએલો હતો. અમારા વાંચકો તે જબાનથી અજ્ઞાત હોવાથી અમે તેનો ગુર્જર અનુવાદ અહિં આપીએ છીએ.

" ભારતેશ્વર !

આપના પિતાશ્રીની માફક આપ પણ એક મોટા દિલના સખી રાજન્ છો. તખ્તનશીન થયાં પહેલાં આપનામાં ગમે તેવી એબો હતી પરન્તુ શાહે હિંદોસ્તાન થયા પછી આપ જે ઉદાત્ત ગુણ દર્શાવી રહ્યા છો તેથી આખી આલમ જાણુતી છે. આપના ઉદાર ગુણની અસંખ્ય વાતો મારા સાંભળવામાં આવેલી હોવાથીજ હું દીન ઉન્માદિની આપના આગળ મારૂં દુઃખ રડવા તૈયાર થઇ છું. દિલ્હીશ્વર ! જે વાતનો વિચાર આવતાંજ મારૂં હૃદય તલપી ઉઠે છે, જે બાબતનો ખ્યાલ આવતાંજ હું મારા જીવનનો અંત આણવાની જીજ્ઞાસુ થઉં છું, જે વાત મારી પ્યારી સખીને કહેતાં પણ મારા મોંપર શરમના શેરડા ચડી આવે છે તેજ વાત—સ્રીના હૃદયની એક છૂપી વાત—હું આપને કહેવાને ઉદ્યત થઇ છું. તે વાત આપને કહેવાનો મેં નિશ્ચય કર્યો છે. મારી સહચરી હુમીદા બેગમના મોંઢે મેં સાંભળ્યું છે કે આપ આપની શરણે આવેલાને શરણ આપો છો એટલું જ નહિ પણ તેનાં દુઃખ કાપી સુખી બનાવો છો. ઉદયપુરનો મહારાણો અમરસિંહ જે વખત આપની શરણે આવ્યો તે વખતે આપે જે ઉદાર ચિત્ત દેખાડ્યું છે તે ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાઇ ગયું છે. આલમે શાહ ! મારી સહચરીનું કહેવું સત્ય છે કે અસત્ય તેની ખાતરી અલ્પ કાળમાંજ થઇ જશે. કારણ કે હુમીદા બેગમ અને આપની વચ્ચે સન્ધિ થઇ ગએલી છે અને મારી સહચરીએ મારો પ્રદેશ આપને આપી દીધો છે. અફસોસ ! આપ એમ સમજ્યા હશો કે મીહાક

બેગમે જાન માલથી બીને આપની સાથે સન્ધિ કરી હશે. નહિ, નહિ, દિલ્હિશ્વર! તેમ ન હતું. તેની પાસે માણુસ તથા પૈસા જોઇએ તેટલાં હતાં. સત્ય છે કે આપના સિપહસાલારે જ્યારે હુમીદા બેગમના કિલ્લાનો એક ભાગ ઉડાવી દીધો ત્યારે તેને ગંભીર નુકશાન થયું હતું. તેના લશ્કરના ઘણાં માણુસ માર્યાં ગયાં હતાં તો પણ મારી જનાના ફોજ હજુ સુધી દૂરજ રહેલી હતી. દિલ્હીશ્વર! મારી પાસે સો નારીઓની એક જનાના ફોજ છે. મેં તેને ઘણા પરિશ્રમથી યુદ્ધ તથા સંગીત કળામાં પ્રવિણુ કરેલી છે. મારી માફક જ તે સો નારીઓમાંની દરેક નારી હૃદયગ્રાહી વીણા વગાડી શકે છે. આપના પાંચ હજાર સૈનિકો મારી સો નારીઓ આગળ પાણી ભરે છે. આ ઉપરાન્ત હુમીદા બેગમની મદદમાં મારી સંજીવની વીણા શત્રુસંહારિણી તરવાર અને તેથી પણ અધિક મારો નિષ્ઠુર પ્રાણ હતો. આટલી આટલી મદદ હોવા છતાં તેને જીતી શકે તેવું આ આલમમાં કોણ છે? આપ આપના નવિન સૈનાપતિને પૂછી જોજો કે મારૂં કહેવું સત્ય છે કિંવા નહિ? આપ કદિ એવો પ્રશ્ન ઉપસ્થિત કરશો કે આટ આટલી મદદ હોવા છતાં હુમીદા બેગમે સન્ધિને માટે માગણી કેમ કરી? તેના પ્રત્યુત્તરમાં હું આપને જણાવવાની રજા લઉં છુ કે મારી હઠ અને અનુરોધથીજ તેણે સન્ધિને માટે પ્રસ્તાવ કર્યો હતો આ અભાગિનીની મર્મવેદના દૂર કરવા માટેજ મારી પ્યારી સહચરીએ આપના લશ્કર આગળ હાર કબૂલ કરી હતી. નામવર! આપને મારી એક પ્રાર્થના છે. હું આપને શા માટે પ્રાર્થના કરૂં છું તેનું કાંઇ

પણ કારણ હું સમજી શકતી નથી. દિલ્હીશ્વર ! મારૂં દુઃખ લખતાં મારૂં હૃદય ચીરાઇ જાય છે. મારી લેખણુ આગળ ચાલી શકતી નથી. મારી આંખોમાંથી અસંખ્ય અશ્રુ પ્રવાહ વહન કરવા માંડે છે. ભારત સમ્રાટ ! ક્ષમા કરો. અત્યારે મારૂં આખું દુઃખ આપને નહિ કહી શકાય. કોઇ વખતે પ્રસંગ મળતાં હું મારો કુલ હેવાલ આપને કહી સંભળાવીશ. જે દિવસે પાપિષ્ટ ગ્વાલિયરરાજની પિશાચિની તારાબાઇની પુત્રી હિરણમયીનો નિકાહ એક નીચ કુળમાં ઉત્પન્ન થયેલા કાણા મુસલમાન સાથે થયો (હાય ! તે કેવા દુ;ખનો દિવસ હતો !!) તે દિવસે એક ઉન્માદિનીએ તેનો પરિચય આપવાનો આપનું વચન આપ્યું હતું તે તો આપને યાદ હશેજ. આજ હવે આપ સમજી શકશો કે તે ઉન્માદિ ની કોણ હતી આજ ફરીથી હું પ્રતિજ્ઞા કરૂં છું કે કોઇક દિવસે હું મારો આખો ઇતિહાસ આપને જણાવીશ. એકી વખતે બધું વૃતાન્ત કહેવાને મારામાં સામર્થ્ય નથી. આ પત્રની સાથે હું આપના પર એક તસ્વીર મોકલું છું. દિલ્હીપતિ ! આપની ઇચ્છાનુસાર મેં મારો બધો પ્રદેશ આપને આપી દેવરાવ્યો છે, યુદ્ધનો અંત આણી મેં સલાહસંપ સ્થપાવ્યો છે અને મારી શત્રુ શોણિતબુભુક્ષિત નિષ્ઠુર તરવારને આપના પ્યારા સેનાપતિનું શોણિત પીતાં અટકાવી રાખી હતી, તે સઘળી સેવાઓના બદલામાં હું આપની પાસે એક ભિક્ષા માગું છું. જુઓ, આપને મોકલેલી તસ્વીરમાં એક બાલિકાનું ચિત્ર આલેખાએલું છે. તે બાલિકાને હરકોઇ પ્રકારે ખોળી કઢાવી આપ મારી પાસે મોકલાવી દેજો. આપ કદિ કહેશો કે હું તેને કયાંથી શોધી કઢાવું ? આપના તે પ્રશ્નનો

શો પ્રત્યુત્તર આપવો તે હું સમજી શકતી નથી. મારા મનની ખાતરી છે કે આપ એવો સવાલ કદિ ઉભો નહિજ કરો. મારા કાનમાં કોઇ ગેબી અવાજ પોકારી પોકારીને કહે છે કે તું દિલ્હીશ્વર આગળ તારૂં દુઃખ રડ એટલે તારા સકળ દુઃખનો અંત આવશે. હું બહુ સારી પેઠે જાણુંછું કે આ આખા ભારત વર્ષમાં કોઇ એવો પ્રદેશ નહિ હોય કે જે દિલ્હીશ્વરે નહિ જોયો હોય. હિમાલયના પહાડી પ્રદેશથી માંડી ગોદાવરી નદીના ફળદ્રુપ પ્રદેશ સુધી, તખ્ત સુલેમાનથી માંડી આસામના વેરાન પ્રદેશ સુધીનો દરેક પ્રદેશ આપની હકૂમત તથા તહેનાતમાં છે. આખા હિંદોસ્તાનમાં નાની પર્ણકુટીથી માંડી મોટા મોટા મહેલ સુધી આપના હસ્તમાં છે. દિલ્હીશ્વર એક દિવસ યમુનાના તીર પ્રદેશમાં વિહાર કરતા હોય છે તો બીજે દિવસે ગોદાવરી નદીના કિનારે આવેલી સન્યાસીની ફાટીતૂટી કુટીરમાં વેષ બદલેલી સ્થિતિમાં ઉભેલા દૃષ્ટિગોચર થાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી કોઇ દિવસ આ તસ્વીરમાં ચિત્રેલી છોડી આપની દૃષ્ટિએ પડે એ સંભવિત છે. આજકાલ થયાં બાર વર્ષથી તે છોડી માટે હું પાગલ થઇ ગઇ છું. કોણ જાણે કેટલાએ પહાડ, કેટલીએ ગુફાઓ અને કેટલાંએ જંગલોમાં મેં તેની શોધ ચલાવી છે તથાપિ તેનો કાંઇપણ પત્તો મને મળી શક્યો નથી. મારો સઘળો પરિશ્રમ વ્યર્થ ગયો છે. સમ્રાટવર! શું આપ મારી ઇચ્છા પૂર્ણ નહિ કરો! આ કાતર પ્રાણી અભાગિની ઉન્માદિની મર્મ વેદનાથી અનુકંપિત થવું કે તેનો ઉપહાસ કરવો તે આપની મરજી પર આધાર રાખે છે. મારી સઘળી આશાનો આધાર આપના પર

છે. હવે તે આશા પૂરી થાય છે કે નહિ તે જોવાનું છે, એજ.

લી.

મુમતાજ મહાલ.

પત્ર વાંચી તે છબી તરફ જોઇ બાદશાહે કહ્યું. "કેવો બેઢબ સવાલ! જે છોકરીને ખોળી કાઢવાને પોતે બાર બાર વરસ થયાં નિષ્ફળ નીવડી છે તે છોકરી ખોળી કાઢવાને મને અર્જ કરે છે!" બાદશાહ આ પ્રમાણે વિચાર કરતા હતા એટલામાં ચોબદારે અંદર આવી સલામ કરી કહ્યું. "જહાંપનાહ! સરદાર અજય-સિંહ આપને મળવાને બહાર રાહ જોતા ઉભા છે"

ચોબદારનું આ કથન સાંભળતાંની સાથેજ બાદશાહ બીજા ખંડમાં ગયા. ત્યાં જઇ જોયું તો તેનો ચહેરો ફીકોફચ પડી ગયો હતો. તેનું આખું શરીર વાયુમાં વૃક્ષ પત્રની માફક કંપી રહ્યું હતું. તેનો બધો પોશાક પરસેવાથી ભીંજાઇ ગયો હતો.

તેની આવી સ્થિતિ જોઇ બાદશાહે કહ્યું. "શાહજાદા અજય! તમે મુસાફરીથી ઘણા જ પરેશાન થઇ ગએલા દેખાઓ છો, માટે જઇને થોડીક વાર આરામ લો. મારે તમને ઘણી વાતો કરવી છે તે પછીથી કહીશ. અહમદનગરના જંગમાં તમે ઘણી જ બહાદુરી બતાવી છે, તેના ઇનામમાં—"

બાદશાહનું અન્તિમ વાક્ય સાંભળી અજયસિંહનું શરીર વિશેષ જોરથી કંપવા લાગ્યું. દુઃખથી કંપિત સ્વરે તેણે કહ્યું. "તેના ઇનામમાં સુર સુંદરી હિરણમયી મળવાની હતી. પણ તેને તો કોઇ નીચ મુસલમાન જોર જુલમથી પરણી ગયો છે

અને ક્ષત્રી કુલાંગાર અજયસિંહ હજુ સુધી તેને કાંઇ પણ શિક્ષા કરી શક્યો નથી."

આમ કહેતાં કહેતાં અજયસિંહને તમ્મર આવી ગયાં. એક ચક્કર ખાઇ તે બાદશાહના મોં આગળ મૂર્છા ખાઇ પડ્યો.

પ્રકરણ ૧૫ મું.

અમ્મર કુમારી.

Noble mind their virtue prove,
By pity, sympathy and love;
These are feelings trully fine,
And prove their owner half divine,

COWPER.

આ જ કાલ હિરણ્મયી આગ્રાના કિલ્લામાં આવેલા બાદશાહી મહેલમાં રહેતી હતી. લોકોને સારી રીતે વિદિત હતું કે બાદશાહ તેને પોતાની શાહજાદી સમાન રાખતા હતા. તેઓએ તેને રહેવા માટે એક અલગ મકાન અને સેવા સુશ્રુષા માટે કેટલીક દાસદાસીઓ પણ આપ્યાં હતાં. શાહજાદીઓ અને નુરજહાં સિવાય અન્ય કોઇને હિરણ્મયીના મકાનમાં જવાને સખ્ત મનાઇ હતી.

એક દિવસ સાંજના હિરણ્મયી ચિન્તા કરતી બેઠી હતી એટલામાં તેને કાને નૂપુરના જેવો એક અવાજ પડયો. થોડીવાર પછી કોઇએ તેને "હિરણ્મયી, ઓ બહેન હિરણ્મયી" કહીને બોલાવવા માંડી. આ સાંભળી તેને ઘણુંજ આશ્ચર્ય થયું. કારણ કે ઉદયપુરથી આગ્રે આવી હતી ત્યારથી અત્યાર સુધીમાં કોઇએ તેને આવી રીતે બોલાવી નહોતી. બારીએ આવી તેણે જોયું તો એક ખૂબસૂરત યુવાન સ્ત્રી આંગણામાં ઉભી હતી.

બારીએ હિરણ્મયીને જોઇ તે યૌવનાએ કહ્યું. "ઓ બહેન હિરણ્મયી! હું તમને પગે લાગીને કહું છું કે એક વાર મને તમારા મહેલમાં આવવાની રજા આપો. આજ કાલ એક અહિનો થયાં હું તમને મળવાને વળખાં મારી રહી છું પણ અત્યાર સુધીમાં એક વાર પણ તમારી સાથે વાતચિત કરવાને

ભાગ્યશાળી નથી થઇ. દરરોજ હું અહિં આવું છું પણ બાદશા-હના સખ્ત મનાઇ હૂકમને લીધે મારાથી તમારા મહેલમાં આવી શકાતું નથી. જો તમેજ મને રજા આપો તો પછી બાદશાહ કાંઇ કહી શકશે નહિ. બહેનો મુસલમાન સાથે વાતચિત કરવાથી કાંઇ વટલી જવાતું નથી, તો પછી શા સારૂ મને નથી આવવા દેતા? કેમ, હું તમારા મહેલમાં આવું કે?"

"તમે કોણ છો?" હિરણ્મયીએ તે બાઇને પ્રશ્ન કર્યો.

"બહેન!" તે બાઇએ કહ્યું. "હું તમારી શુભેચ્છક છું. એક વાર મને તમારા મ્હેલમાં આવવાની રજા આપો, પછી જો હું તમારી સહચરી થવાને અયોગ્ય ઠરૂં તો જૂતીનો માર મરાવીને મને હાંકી કઢાવજો હું અલ્લાહના સોગંદ ખાઇને કહું છું કે હું કોઇ કપટી ઓરત નથી."

"ઠીક, તેમ હોય તો ખુશીથી આવો" હિરણ્મયીએ તેને રજા આપતાં કહ્યું.

રજા મળતાંજ તે સ્ત્રીએ મહેલમાં પ્રવેશ કર્યો. પાસે આ-વતાંજ હિરણ્મયીએ જોયું કે તે સ્ત્રી એક અતિ લાવણ્યવતી પર-મસુંદરી હતી. તેનાપૂર્ણ વિકસિત શરીરમાંથી ચંચળ, અવિરામ લીલામય સૌંદર્ય એવી રીતે ઝરી રહ્યું હતું કે જાણે પૂર્ણ શશિ નદીના હ્રદયપર તરંગ રાશિ લહેરિયો મારી ન રહી હોય! તેના મુખ તરફ જોતાંજ બાલિકાનો ભ્રમ થતો હતો. તેની બા-લિકા સમાન ચંચળ અને સરળ દૃષ્ટિ એવી માલૂમ પડતી હતી કે જાણે તેના પર કોઇ પુરૂષનો કુટિલ કટાક્ષપાત નહિ જ થયો

હોય ! તેના બાલિકાના સમાન હસમુખા, સરલતામય અને અનાઘ્રાત સૌરભયુક્ત ગુલાબપુષ્પ સમાન હોઠપર મંદ સ્મિત મલકાઇ રહ્યું હતું. તેનો કંઠસ્વર બાલિકાના સમાન એટલો બધો સરલ અને સુધામય હતો કે તે સાંભળતાંજ હૃદયમાં મોહ ઉત્પન્ન થતો હતો. તેનો પોશાક મુસલમાની ઢબસરનો હતો. તેમાં ઠેરઠેર જાતજાતનાં જવાહિર જડવામાં આવેલાં હતાં. તેના પગમાં પન્ના અને મોતીનાં નૂપુર શોભી રહ્યાં હતાં. તેનો કંઠહાર તેની શોભામાં વિશેષ વધારો કરી રહ્યો હતો. તેની આંગળીઓમાં હીરાની વીંટીઓ ચમકી રહી હતી. તેના મોં પરના બાગ ઉંચા ચડાવી તેણે હિરણ્મયીને કહ્યું " બહેના મારો આ પોશાક જોઇ તમને ઘણું આશ્ચર્ય હતું હશે, કેમ ખરૂ કે નહિ? તમને તો તમારો આ પોશાકજ પ્યારો લાગતો હશે. મને પણ તમારી માફક આ પોશાક પર ઘૃણા થતી હતી, હું સત્ય કહું છું કે પાયજામો અને પેશવાજ જોઇ એક વખત મને પણ ઘણુંજ હસવું આવતું હતું પણ હવે મારા મનની ખાતરી થઇ ગઇ છે કે રાજપૂત સ્રીઓના પોશાક કરતાં આ પોશાક ઘણોજ સારો છે.

આશ્ચર્યથી તે યુવતી તરફ જોઈ હિરણ્મયીએ કહ્યું. " શું તમે રાજપૂત કન્યા છો ? ત્યારે તો તમે યુવરાજ પર્વિજની પત્ની આમેર-કુમારીજ હશો. "

" હા બહેના " તે યુવતીએ લગાર મોં મલકાવી કહ્યું. " તમારૂં ધારવું ખરૂં છે. તે અભાગિની હુંજ છું. અહાહા બહેના તમારૂં મોં કેટલું બધું સુંદર છે. બહેના તમને જોતાં

મને એમ થઇ જાય છે કે જાણે હું તમારા પર પ્યાર કરૂં કે તમને દેવી દાખલ એક સ્થળે બેસાડી તમારા પાદકમળ આગળ તમારી સેવા કરતીજ બેસું. બહેના તમારા જેવી સ્વરૂપવાન સ્ત્રી મેં મારા જન્મારામાં નથી જોઇ. ખરેખર, તમે તો લક્ષ્મી કે સરસ્વતીનાં અવતારજ છો. ઉર્વશી કે મેનકામાં પણ તમારા જેટલું સૌંદર્ય નહિ હોય ! લોકો કહે છે: કે બાદશાહના જનાનખાનામાં એટલી બધી સ્વરૂપવાન સ્ત્રીઓ છે કે તેમના જેવી સ્ત્રીઓ દુનિયામાં ભાગ્યેજ અસ્તિત્વ ધરાવતી હશે. મને તો એમ થઇ જાય છે કે જાણે જનાનખાનાની બધી બેગમોને એકઠી, કરી તેમની મધ્યમાં તમને બેસાડી દુનિયાના લોકોને બતાવું કે તેમનું માનવું ખરૂં છે કે ખોટું ? બાદશાહની બેગમો પણ પોતાના સ્વરૂપની એટલી બધી મગરૂર છે કે જમીનપર પગ પણ નથી મૂકતી. તેઓ જ્યારે તમારૂં સૌંદર્ય જોશે ત્યારે તેમની કેવી દશા થશે ? પણ બહેના તમે કંઇ શણગાર કેમ નથી સજ્યો ? જુઓને, તમારા સુંદર કેશ તદ્દન કોરા છે. સાવોને, લગાર તેલ ઘાલી તમારો ચોટલો વાળું."

"બહેના" હિરણ્મયીએ નિઃશ્વાસ નાખી કહ્યું. "શું મારે આ ચોટલો વાળવાનો અને અલંકાર સજવાનો વખત છે. શૃંગાર તો તમારા જેવી ગૃહિણીએજ સમજવાનો છે. મારૂં નસીબ તો હવે ફુટી ગયું. મારાથી હવે શણગાર સજી શકાયજ નહિ." આમ કહેતાં કહેતાં હિરણ્મયીની આંખમાં આંસુ આવી ગયાં.

"બહેના એટલાં બધાં દુઃખી શા સારૂ થાઓ છો ! એ તો દુનિયાનું ચક્કર છે તે ચાલ્યું જ જાય છે. કોઇ વખત સુખ તો કોઇ વખત દુઃખ ! એમાં આપણું કંઇ ચાલી શકે છે ?" આમેર—કુમારીએ આશ્વાસન આપતાં આપતાં કહ્યું.

"બહેન ! મારા પર તો એટલાં બધાં દુઃખ પડ્યાં છે કે ઝાડ ઉગ્યું હોત તો નીછાની રહી જાત." હિરણ્મયી પોતાનું દુઃખ રડી.

"બહેના એમાં માણસનું કંઇ ચાલી શકે છે ! સુખ દુઃખ તો માણસ ઉપરજ પડે છે ને ? પરમેશ્વર દુઃખનાં ઝાડ વાવે તો આપણાથી કંઇ ના કહી શકાય છે ? આપણી ફરજ તો એ છે કે પરમેશ્વર જે કંઇ સુખ દુઃખ નાંખે તે ધીરતાથી સહેવું." આમેર—કુમારીએ ધર્મોપદેશ કર્યો.

"પણ બહેના મારી બાબતમાં તો હદ થઇ છે હો." હિરણ્મયીએ રડતાં રડતાં કહ્યું.

"હોય, બહેન! આજે દુઃખ છે તો કાલે સુખ પણ મળશે. પરમેશ્વર કોઇને સદા સર્વદા કાંઇ એકજ સ્થિતિમાં નથી રાખતા, જુઓને સૂર્ય ચંદ્રને પણ અસ્તોદય છે તો આપણે કોણ વિસાતમાં ! પણ બહેના તમારા લાંબા સુંદર વાળ આમ અસ્તવ્યસ્ત ઉડે છે તેથી મારૂં કાળજું બળી જાય છે. કહોતો તેને સચ કરી એક લટથી અંબોડો વાળું." આમેર કુમારીએ આશ્વાસન આપી સવાલ બીજી તરફ વાળ્યો.

આમ કહી આમેર—કુમારી હસતી હસતી ઉઠી અને હિરણ્મયીના વાળ સચ કરી વેણી બાંધી, પછી મંદ સ્મિત કરી તે બોલી. "બહેના હું તમને જે સવાલ પૂછું તેનો બરોબર જવાબ મને નહિ આપો કે ?"

"પૂછ બહેના ખુશીથી પૂછ તું જે કાંઇ પૂછીશ તેનો ખરો-

બાર જવાબ હું તને અવશ્ય આપીશ.” હિરણમયીએ તેને ખાતરી આપતાં કહ્યું.

“ જુઓ, બહેન! તમે મને તમારી સગી બહેન જેવી ગણુ-જો હો. મારાથી કંઇ પણ છૂપું રાખો તો મને મુઇ ભાળો હો.” આમેર-કુમારીએ વધુ ચાલાકી વાપરી.

“ બહેન! હું તમને કહી ચૂકી છું કે તમારા પ્રશ્નનો બરોબર પ્રત્યુત્તર હું તમને આપીશ, કાંઇ પણ છૂપું નહિ રાખું.” હિરણમયીએ તેને વધુ ખાતરી આપી.

“ કહો બહેન, ત્યારે! લોકો કહે છે કે મારા પતિ (યુવ-રાજ પર્વિઝ) તમારી પાછળ ગાંડાતુર થઇ ગયા છે એ વાત ખરી છે કે ખોટી ? શું તેમની સાથે લગ્ન કરી હિન્દના સિંહા-સનપર બેસવા તમે નથી ઇચ્છતા ? ” આમેર-કુમારીએ ચતુરાઇથી ઉત્તર મેળવવાની ખાત્રી મેળવ્યા પછી પ્રશ્ન કર્યો.

આમ કહી તે હિરણમયીના મોં તરફ એકી ટસે જોઇ રહી. તેની ખાતરી થઇ ગઇ તે પર્વિઝને પરણવા નથી ઇચ્છ-તી, એટલે તેણે પોતાનું કથન આગળ ચલાવ્યું. “બહેન હિર-ણમયી! લગાર ઉંડા ઉતરી વિચાર કરી જોશો તો તમને માલૂમ પડશે કે તેમની સાથે લગ્ન કરવામાં તમારૂં એમજ છે. મારૂં લગ્ન થયાં પહેલાં મને પણ તમારી માફકજ વિચાર આવતા હતા કે બલ્યું મુસલમાનની સય્યા પર તે કેમ સુઇ રહેવાશે ? સુવા યવનોનો પોશાક તે કયી રીતે પહેરાશે ? પ્યાજ અને લસ-ણની દુર્ગંધ તે કયી રીતે સહન થશે ? અને “ અલ્લાહ તો-

ખાડ " નું કથન સાંભળી હસવું કેમ રીતે રોકી શકાશે ? એવા એવા અનેક વિચારો એ વખતે મારા મનને અસ્વસ્થ કરી રહ્યા હતા પણ અત્યારે પરમેશ્વરના સોગંદ ખાઇને હું કહુંછું કે એ વિચારો પર મને હાસ્યજ થાય છે. હવે મારા મનની ખાતરી થઇ ગઇ છે કે આખી દુનિયામાં મુસલમાન જેવી પવિત્ર અને ઉત્તમ જાત એક પણ નથી અને એમના (યુવરાજ પર્વિઝના) જેવા ફુર્તિલા ખૂબસૂરત અને ચૈની જવાન આખી આલમમાં ભાગ્યે જ હશે. જેમ ચંદ્રનું કલંક તેની શોભામાં વિશેષ વધારો કરે છે તેમ તેમની હજારો એબો તેમના ગુણને વિશેષ પ્રકાશમાન કરે છે. મને તો એમ લાગે છે કે તેમના જેવો પતિ આ દુનિયામાં કોકજ ભાગ્યશાળી સ્ત્રીને પ્રાપ્ત થાય છે. બહેન ! તમને માલૂમ તો હશે કે બાદશાહ હવે મરણ પથારીપર છે એટલે વરસ બે વરસમાં તેઓજ દિલ્હીના સિંહાસન પર આરૂઢ થશે. કહો ભારતેશ્વરી થવું કોને ન ગમે ? કેમ ખરૂં કે નહિ બહેન ? "

જેમ જેમ આમેર–કુમારી પોતાનું કથન આગળ ચલાવતી હતી તેમ તેમ હિરણમયીનો ક્રોધ વૃદ્ધિંગત થતો હતો. તેનો છેલ્લો પ્રશ્ન સાંભળી તેને અત્યન્ત ક્રોધ વ્યાપ્યો. ક્રોધથી દાંત ઘસી તથા હોઠ કરડી તેણે કહ્યું. " બસ આમેર–કુમારી ! બસ થયું ! હદ વળી ગઇ ! મેં તને આટલી બધી નીચ પ્રકૃતિની નહોતી ધારી. મારા મોં આગળ આવું બોલતાં તને લાજ નથી આવતી ? પોતે ધર્મ ભ્રષ્ટ થઇ છે તો ભલે, પણ બીજાને આંખેપાટા બંધાવી ધર્મભ્રષ્ટ કરવા માગે છે એ શું

ઓછું લજ્જાસ્પદ છે ! જો તારા પતિને જોટો આખી દુનિયા-માં મળી શકે તેમ ન હોય તો ખુશીથી તેની સાથે મોજમજાહ ઉડાવ. જો મુસલમાનોની જાત ઉત્તમ હોય તો સાતે ભવ તે જાતમાં જન્મવાનું પરમેશ્વર પાસે પ્રાર્થના કરીને માગી લે. હું તો મુસલમાનોને ધિક્કારૂં છું, તેમને મારા દેશશત્રુ, ધર્મ શત્રુ માનું છું. શું તું નથી જાણતી કે હું ગ્વાલિયરના શુદ્ધ રાજપૂત કુળમાં જન્મેલી છું અને શુદ્ધ સૂર્યવંશી રાજાના મહાલયમાં ઉછરી મોટી થએલી છું ? શું તું એમ ધારે છે કે હું તારા ખોટા વખાણથી ભોળવાઇ જઇ, જે યવનની સાથે યુદ્ધ કરતાં મારા પિતા વીરગત થયા છે તેજ યવનની ગૃહિણી બનીશ. નહિ, નહિ. સિંહણ ભૂખથી મરણને શરણ થશે પણ તૃણાહાર તો કોઇ દિવસ નહિજ કરે. એ તો તારા જેવી ભૂંડણ હશે તેજ નર્ક અહારમાં આનંદ માનશે. જે હૃદયમાં અજયસિંહનો વાસ થયો છે ત્યાં પર્વિઝનો પ્રવેશ થઇ શકે કે ? જ્યાં દેવની પતિષ્ઠા થઇ હોય ત્યાં દાનવને સ્થાન મળી શકે કે ? નહિ કદિ નહિ. આમેર-કુમારી! તું નીચ છે, પતિત છે, તેથીજ આવું કથન કરી રહી છે. ધિક્કાર છે, ફિટકાર છે, તને અને તારા યવનીય સુખને ! જો તારે કોઇ સ્રીને તારી શોક બનાવવી હોયતો તારા જેવી નીચ પ્રકૃતિ વાળીને ખુશીથી બનાવ. મારા આગળ તેની વાત કાઢી તો મારા જેવી કોઇ ભૂંડી નથી, સમજી."

હિરણમયીના આવાં કટુવચન સાંભળી જો કોઇ જેવી તેવી બાઇ હોત તો સડકજ થઇ ગઇ હોત પણ આમેર-કુમારી તેવી નહોતી. કંઇ પણ ખોટું નહિ લગાડી તથા ઉત્સાહભંગ

થયા વિના તેણે પોતાનું કથન આગળ ચલાવ્યું "બહેન! અહિં શોકનું શું દુઃખ છે? બાદશાહનું જનાનખાનું તો પુષ્પ ગુચ્છ સમાન છે. એકવાર પુષ્પને તોડીને આ ગુચ્છનાં મૂકવામાં આવ્યું પછી કોણ ઉંચી આંખ કરીને તેનાપર નજરે નાખે છે. પરન્તુ જો તમે તેની અંદર હો તો આપણે બન્ને બહેનો સુખી થઇ શકીએ. જો તેઓ છતી આંખે આંધળા નહિ બને, જો તેમનું હૃદય વજ્ર કરતાં પણ વધારે કઠણ નહિ હોય તો તમે હોવા છતાં બીજી કોઇ સ્ત્રી દિલ્હીના સિંહાસન પર બેસી શકે તેમ છે? યવનકન્યાને બદલે કોઇ રાજપૂત કન્યા ભારતેશ્વરી થઇ સિંહાસનપર આરૂઢ થાય શું અમારે માટે શું ઓછું આનંદદાયક છે?"

"બસ, આમેર–કુમારી બસ થયું. હવે તારી કાતર સમાન ચાલતી જીભને બંધ રાખ. મારે તારા દિલ્હીના સિંહાસનપર નથી બેસવું. મેવાડ તેમાં એક મેરથી પૂજો કે બળીને ખાખ થઇ જાઓ! જે ખરી રાજપૂત કન્યા હોય છે તે તો એક ગરીબ રાજપૂતને પરણી, મહેનત કરી પોતાનું પેટ ભરવાનું કબુલ કરશે પણ યવનનું પાણી ગ્રહણ કરી સિંહાસનપર બેસવા નહિજ ઇચ્છે. હવે તારૂં અપવિત્ર કથન આગળ ચલાવી મારા પવિત્ર કાનને અપવિત્ર ના કરતી, નહિતો દાસીઓ પાસે જૂતીનો માર મરાવી તને હાંકી કઢાવીશ સમજી." હિરણ્મયીએ ઉકળી જઇને કહ્યું.

"મહેતા જો મારા કહ્યા પ્રમાણે નહિ કરો તો યાદ રાખજો કે પરિણામ સારૂં નહિજ આવે. પ્રત્યેક ક્ષણે તમારા પર વિપદ્

વાદળ તૂટી પડશે, સમજ્યાં" આમેર-કુમારીએ ચેતવણી આપતાં કહ્યું.

"ભલે મારા પર ગમે તેટલી વિપદ આવો, ગમે તો આકાશ તૂટી પડો, સમુદ્ર ઉછળી આવો કે સાક્ષાત યમદેવ પોતે ભ્રુ ચડાવી ચડી આવો તોપણ હું મારા નિશ્ચયમાંથી એક તસુ માત્ર પણ ચલિત થવાની નથીજ, ગમે તે થાઓ તોપણ મારો જીવ તો મારા હાથમાંજ છે ને ?" હિરણ્મયીએ પોતાની દૃઢતા દર્શાવી.

હિરણ્મયીનું આવું નિશ્ચયાત્મક કથન સાંભળી આમેર-કુમારી એકદમ ઉભી થઈ ગઈ. તેની બાલ્ય-ચાપલ્યતાપૂર્ણ મૂર્તિએ એકાએક ભારતેશ્વરીનું ગાંભિર્ય ધારણ કર્યું. હિરણ્મયીનો હાથ ઝાલી તેણે કહ્યું. "બહેન હિરણ્મયી, અત્યાર સુધી મેં તને જે કથન કહ્યું છે તે માટે હું તારી ક્ષમા માગું છું. તે કહેવામાં મારો મુખ્ય ઉદ્દેશ તારી પરીક્ષા કરવાનોજ હતો. જ્યાં લગી હિરણ્યને કસોટી પર ચડાવવામાં નથી આવતું ત્યાં લગી તેની ખરી કિંમત અંકાતી નથી, તેવીજ રીતે માણસની પરીક્ષા કર્યા વિના તેના ખરા ગુણ જાણી શકતા નથી. મેં મારી હિરણ્યને કસોટી પર ચડાવી જોઈ છે. તે ખરેખર ઉંચી જાતનુંજ હિરણ્ય છે. બહેન ! હવે મારા મનની ખાતરી થઈ ગઈ છે કે તું એક શુદ્ધ રજપૂત કન્યા છે. જ્યાં સુધી તારા જેવી પવિત્ર લલનાઓ રાજસ્થાનમાં ઉત્પન્ન થાય છે ત્યાં સુધી તેના પ્રાચીન ગૌરવનો લોપ થયો છે એમ નહિજ કહી શકાય. જે દેશમાં તારા જેવી દેવીઓ ઉત્પન્ન થાય છે તે દેશ શું લાંબો વખત સુધી ભીરુ

પ્રજાઓને આઘાત કે પ્રદાન રહી શકશે? જે વીર ભૂમિમાં તારા જેવી વીરાંગનાઓ જન્મ લે છે તે વીરભૂમિ સદા સર્વદા પરતંત્રતામાં સબડયા કરે એ શું સંભવિત છે? બહેન! હું પરમેશ્વરના સોગંદ ખાઇને કહું છું કે જો જરૂર પડશે તો તારા માટે દિલ્હીના સિંહાસનને પણ હું ક્ષણને મોંએ તજી દઇશ. પણ, ખયર, બહેન! હું તારે માટે એક અલંકાર લાવી છું."

"શું અલંકાર!" હિરણ્મયીએ આશ્ચર્ય ચકિત થઇને પ્રશ્ન કર્યો.

"હા બહેન, એક અલંકાર!" આમેર-કુમારીએ કહ્યું. "તે અલંકાર એવો છે કે જેના કરતાં વધારે સારો અલંકાર વિપદ્ગ્રસ્ત રાજપૂતબાળાને ભાગ્યેજ મળી શકે છે."

આમ કહી આમેર-કુમારીએ તેના વસ્ત્રમાંથી એક ઉંચા પાણીની કટાર કાઢી. હીરકના તેજથી તે વીજળીની માફક ચમકવા લાગી. તે હિરણ્મયીને આપતાં આમેર-કુમારીએ કહ્યું. જો, બહેન! આ અલંકાર ગમે છે ને? જ્યારે આશાનો એક અંશ માત્ર પણ નહિ હોય ત્યારે આ અલંકાર કેટલો બધો ઉપયોગી થઇ પડશે? પણ હું તારી પાસે આજીજી કરીને માગી લઉં છું કે આ અલંકાર મારા પ્યારા પતિના અંગને અડકવો ન જોઇએ હો."

"બહેન, આમેર-કુમારી! આજ તેં મારા પર મહદુપકાર કર્યો છે. બાદશાહના મહેલમાં રહેવું ને વાઘની બોડમાં વસવું એ સરખું ભયંકર છે, એ વિચાર અત્યાર સુધી મારા મનમાં આવ્યો જ નહોતો. પણ તારી આ ટુંકી મુલાકાતથી મારા મ-

નની ખાતરી થઇ ગઇ છે કે જે સ્થાનમાં હું વસું છું તે નિર્ભય તો નથીજ. આપદમાંથી રક્ષણ કરનાર એક અમૂલ્ય સહાયક આપી તેં આજ મને ઘણી જ આભારી કરી છે. જ્યાં સુધી મારા જીવમાં જીવ છે, ત્યાં સુધી હું તેને મારી પાસે જ રાખીશ, એક ઘડી પણ મારાથી તેને દૂર નહિજ કરૂં. તું ખાતરીપૂર્વક માનજે કે તારી આપેલી ભેટ તારા પતિને નુકશાન નહિજ કરે" હિરણ્મયીએ આમેર–કુમારીનો આભાર માનતાં કહ્યું.

"ઠીક, બહેન!" આમેર–કુમારીએ કહ્યું. "ત્યારે અત્યારે તો હું જઉં છું. જ્યારે મારા જેવું કામ પડે ત્યારે બેશક મને બોલાવવા દાસી મોકલજે. કોઇ વાતે મુઝાતી નહિ. જ્યાં લગી બનશે ત્યાં લગી તારી સેવા કરવામાં હું કંઇ પણ કચાશ નહિ વાપરૂં."

આમકહી આમેર-કુમારી ત્યાંથી ચાલી ગઇ, ને હિરણ્મયીએ તે કટારને પોતાની છાતી સરસી ચાંપી ચુમ્બન કરી કહ્યું. "આવ, આપદ્ગ્રસ્ત રાજપૂત બાળાના વહાલા અલંકાર, આવ. તું મારા હાથમાં કેટલો બધો દીપી નીકળે છે! શું તારો ઉપયોગ કરવાની મને જરૂર પડશે કે? શું તું મારૂં આપદમાંથી રક્ષણ કરી શકીશ કે?"

પ્રિય વાંચક! કદાચ તમે એમ સમજતા હશો કે આ રાજપૂત લલનાઓનું સંભાષણ કોઇ ત્રાહીત વ્યકતિએ નહિ સાંભળ્યું હોય. પણ નહિ. તેમ નહોતું. એક નકાબપોશ ભીંત પાછળ છુપાઈ રહી, કાન દઇ, સઘળી વાતો સાંભળ્યા કરતો હતો. તે કોણ હશે? બીજું કોઇ નહિ, યુવરાજ ગર્જિંસ પોતે.

પ્રકરણ ૧૬ મું.

ચંદ્રજ્યોત્સ્નામાં.

નહીં સત્તા ત્હારી પ્રણય મમ આવો ડગવવા,
" હવે ધિક્કારૂં," એ મુજ ઉરથી શબ્દો કઢવવા;
કરી લે ચાહે તે પણ નહિ કહું જે નવ કહ્યું,
કરી લે ચાહે તે પણ નવ બને જે નવ બન્યું.

કલાપી.

પૂર્ણિમાની રાત્રિ હતી. હિરણ્મયી એક દાસી સાથે તેના મહેલ પાસે આવેલા બગીચામાં બેઠી હતી. પૂર્ણ પ્રેમથી મુગ્ધ થએલી વસુમતી પૂર્ણ સુખમાં પ્રહસન કરી રહી હતી. નિશાના

મણીને મુખને ઉજ્જ્વલ કરી, તારકમણને અમૃત પ્રવાહમાં પ્રવાહિત કરી, ચકોરના ચંચળ હૃદયમાં સુધા વરસાદ વરસાવી, કુસુમના પરિમલમાં વૃદ્ધિ કરી, તથા કોકિલાના મધુર સ્વરને અમૃતસિંચનથી મધુતર કરી, પૂર્ણ શશી પૂર્ણ આનંદથી ખીલી રહ્યો હતો. તે કોકિલાના મધુરા સ્વરથી મનોલ્હાદક થએલા, કુસુમોના પરિમલથી સુખશાન્તિ આર્પનારા, અને અમૃતપ્રવાહયુકત ગગનતલનીચે આવેલા ઉદ્યાનમાં બેસવાથી હિરણ્મયીનું મ્લાનમુખ વિશેષ મ્લાન થવા લાગ્યું. બાળપણનાં સઘળાં સુખ તેને સાંભળી આવ્યાં. બાળસખા અજયસિંહનું પ્રેમમય મુખમંડળ તેના હૃદયપટ પર સ્પષ્ટપણે ચિત્રિત થવા લાગ્યું. એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી તેણે દાસીને કહ્યું. "કેમ અલી, આમેર–કુમારી કયાં છે ? મને મળવાને તે અહિં જ આવવાની છે એમ તેં મને નહોતું કહ્યું કે ! હજુ સુધી તે કેમ નહિ આવી હોય ?"

"જાણે બાઇ સાહેબ, તેમણે તો મને કહ્યું હતું કે જા હિરણ્મયીબાને બગીચામાં બોલાવી લાવ. હું તેમને મળવા માગું છું. બલ્કે અત્યાર સુધી કેમ નહિ આવ્યાં હોય ! ઉભા રહો, હું તેમને બોલાવી આવું." એમ કહી તે પરિચારિકા ત્યાંથી ચાલી ગઇ.

તે દાસી દૃષ્ટિમર્યાદાની બહાર નહિ ગઇ હોય એટલામાં કોઇએ કંપીત સ્વરે કહ્યું. "હિરણ્ !"

હિરણ્મયીએ આશ્ચર્ય ચકિત થઇ પાછળ જોયું તો ત્યાં અજયસિંહ ઉભો હતો.

અજયસિંહ હિરણ્મયીના મોં આગળ આવી ઉભો રહ્યો. કેટલીક વાર સુધી બન્ને જણાં એક બીજા તરફ એકીટસે જોઇ રહ્યાં, જાણે પરસ્પર મુખપાનથી વિચારપાન કરતાં ન હોય! અત્યન્ત મુખપાનથી કે બીજા કોઇ કારણથી હિરણ્મયીનાં ચક્ષુંમાંથી વારિમોચન થવા લાગ્યું, તેનો પ્રતિબન્ધ કરતાં કરતાં તેણે કહ્યું. "અજયસિંહ! તમે અહિં કેમ આવ્યા છો?"

હિરણ્મયીના આ કથનનો સંપૂર્ણ ભાવાર્થ અજયસિંહ સમજી શકયો નહિ. સખેદાશ્ચર્ય ચકિત થઇ તેણે કહ્યું. હિરણ! એ તેં શું કહ્યું? હું અહિં કેમ આવ્યો છું?"

"હા" હિરણ્મયીએ કહ્યું "શું તમે નથી જાણતા કે આ યવનસમ્રાટનું અંતઃપુર છે? અહિં આવવું તે જીવને જોખમ સમાન છે?"

"જીવનું જોખમ! હાય, હાય! હિરણ!! શું તારા મોંમાંથીજ આવાં વચન સાંભળવાની મેં આશા રાખી હતી કે? મારી હિરણ યવનગૃહમાં કેદ પડી હોય ને હું પ્રાણભય રાખી બાયલાની માફક બેસી રહું એ શું સંભવિત છે? હિરણ,! આવું કથન કહી તું મારા કાળજાને ચીરી નાંખે છે." અજયસિંહે એક નિશ્વાસ નાંખી કહ્યું.

"અજયસિંહ!" હિરણ્મયીએ રોતાં રોતાં કહ્યું. "બ્રહ્માના લેખ કોણ મીથ્યા કરી શકે છે? મારા નસીબમાં લખ્યું હતું તે તો બની ગયું. હવે શું કરવા તમે તમારી જીંદગી નકામી જોખમમાં નાંખો છો?"

હિરણ્મયીનું આ કથન સાંભળી અજયસિંહ જમીન પર બેસી ગયો. તેની આંખે અંધારાં આવવાં લાગ્યાં. કૌમુદી દીપ્તા હાસ્યમયી વસુધરા તેને અંધકારમય ભાસવા લાગી. બન્ને હાથે કપાળ તથા આંખો દાબી વિકૃત કંઠે તેણે કહ્યું " હાય, જગદીશ્વર! શું જહાંગીર બાદશાહ જૂઠો છે?! શું મારી પ્રાણપ્યારી હૃદય વલ્લભા હિરણ્મયી ખરેખર યવન પરિણીતા થઇ ગઇ છે?

" અજયસિંહ " હિરણ્મયીએ આવેશમાં કહ્યું, "તમે ગાંડા બાંડા તો નથી થઇ ગયાને? તમે આ શું લવો છો? શું તમને તે વાત શકય લાગે છે?

એકદમ અજયસિંહનાં ચક્ષુ ઉઘડી ગયાં. હિરણ્મયી આગળ ઘુંટણીએ બેસી તથા હાથ જોડી તેણે કહ્યું. " હિરણ્મયી તો એક વાર મને કહે કે આ કનકપરિજાત યવનસ્પર્શથી કલંકિત થયું છે કે નહિ? બોલ, મારા કાળજામાં અગ્નિ ધગધગી રહ્યો છે. તેનો તાપ મારાથી સહન થઇ શકતો નથી. "

"અજયસિંહ" હિરણ્મયીએ કહ્યું. શું તમે મને એટલી બધી પતિત ધારો છો કે યવનસ્પર્શથી કલંકિત થઇને પણ હું મારૂં જીવન ધારી રાખું? પ્રભુ, પ્રભુ! જ્યારે તમે જ આમ ધારો છો તો પછી દુનિયાના અન્ય લોકો શું નહિ ધારે!"

હિરણ્મયીનું આ કથન સાંભળી અજયસિંહ એકદમ ઉભો થઇ ગયો. આશા અને ઉત્સાહથી તેનું મુખમંડળ પ્રફુલ્લિત થઇ ગયું. હિરણ્મયીનો હાથ ઝાલી તેણે કહ્યું. " તો વહાલી, તું આમ યવનના અંતઃપુરમાં કેદ શામાટે પડી રહી છો ચાલ ચાલ. મારી પવિત્ર તરવારની મદદથી હું તને હજારો મુસલમાનો

ની વચમાંથી ઉદયપુર લઇ જઇ શકું તેમ છું, । તથાપિ તું યવનસદનમાં કેદ પડી રહે એ ઠીક નહિ. ”

અજયસિંહના હાથમાંથી પોતાનો હાથ છોડાવી દૂર ઉભી રહી હિરણ્મયીએ કહ્યું. “ અજયસિંહ હું તમને પ્રાર્થના કરીને કહું છું કે મારા શરીરને તમે સ્પર્શ ન કરતા. તમારી પવિત્ર જીહ્વાએ આ અભાગિનીનું નામ ન લેતા. હવે હું તમારી નથી રહી. પણ, અરે આ શું ? તમે આશું કરો છો ? તમારી આંખમાંથી અશ્રુધારા કેમ વહે છે ! ”

ચંદ્રજ્યોત્સ્નામાં હિરણ્મયીએ જોયું કે અજયસિંહનાં ચક્ષુમાંથી એકસરખી અશ્રુધારા વહન કરી રહી હતી. પહેલાં કદિ તેણે તેની આંખમાં આંસુ જોયાં નહોતાં તેથી આજ તેને ઘણુંજ દુઃખ થયું. તેનું સઘળું ધૈર્ય જતું રહ્યું. એકદમ તે આગળ વધી અને બન્ને હાથ વતી અજયસિંહનાં આંસુ લોતાં લોતાં બોલી. “અજયસિંહ! તમે કોને માટે રૂવો છો ? શું આ રૂદન મારે માટે છે ! હું તમારા આગળ આ વિષાદમાં છું ! પ્રભુને ખાતર તમે રોવાનું છોડી દો. તમારી આંખમાં આંસુ જોઇ મારૂં હૃદય ફાટી જાય છે ”

“ હિરણ્ણા તું આ શું બોલી રહી છે તેની મને કાંઇ સમજણ પડતી નથી. ”અજયસિંહે પોતાની ગુંચવણ દર્શાવી કહ્યું.

પુનઃદૂર ખસી હિરણ્મયીએ કહ્યું. “ જુઓ, અજયસિંહ! તમે વીરક્ષત્રી છો, વીરગૌરવ મહારાણા પ્રતાપસિંહના પવિત્ર કુળમાં જન્મેલા છો. શું મારા જેવી એક અભાગિની માટે તમે તમારા પવિત્ર સૂર્યકુળને કલંક લગાડશો ? તમારા પર એટએટલી આશા

બાંધી બેઠેલા તમારા પિતા પ્રપિતાને નિરાશ કરશો? નહિ, નહિ, અજયસિંહ! ઇશ્વરને ખાતર એમ ન કરતા. જ્યાંલગી મારા જીવમાં જીવ છે ત્યાં લગી તો કોઇ પણ યવન મારા શરીરને સ્પર્શ નહિ કરી શકે. પણ હાં, હાલમાં હું યવન સમ્રાટના સદનમાં રહું છું. લૌકિક આચાર પ્રમાણે મારૂં લગ્ન એક મુસલમાન સાથે થઇ ગયું છે, એટલે તમારી સાથે લગ્નની પવિત્ર ગાંઠથી બંધાઉં એવી સ્થિતિમાં હું નથી રહી. માટે મને ભૂલી જાઓ. એમ જ સમજજો કે હિરણ્મયી આ અસાર સંસારને છોડી ચાલી ગઇ છે. જો તમને મારા ભવિષ્યની ચિન્તા થતી હોય તો તેનું કંઇ કારણ નથી. આમેર-કુમારીએ આપેલી કટાર પોતાના વસ્ત્રમાંથી કાઢી તે અજયસિંહને બતાવી તેણે કહ્યું. " જુઓ, અજયસિંહ! સુદૈવે વિધાતાએ મને સંકટ સમયમાં સહાય્ય કરનાર આ અમુલ્ય સહાય્યક આપ્યો છે. દુનિયામાં આના કરતાં વધારે સારો સહાય્યક રાજપૂત બાળાને ભાગ્યેજ મળે છે. બસ, હવે જાઓ. કોઇ પણ દિવસ મારી પાસે આવતા નહિ. મને ભૂલી જજો વિસરી જજો.

"હાય" અજયસિંહે છાતી પર હાથ મૂકી તથા દીર્ઘ નિઃશ્વાસ નાંખી કહ્યું. "હિરણ્મ! તું શું એમ ધારે છે કે તને ભૂલી હું આ સંસારમાં જીવતો રહી શકીશ? મારા પ્રાણના ટુકડેટુકડા થઇ જશે, હૃદયના ચૂરેચૂરા થઇ જશે. તોપણ તારી-મારી પ્રાણજ્યોતિ હિરણ્મયીની-સ્મૃતિ મારા પ્રાણ અને હૃદયના પ્રત્યેક અણુઓમાં ભરેલીજ રહેશે. હિરણ્મ! તું કહે છે કે " મને ભૂલી જાઓ " પણ હું તને કયી રીતે ભૂલી જઉં ? તારી

ગળ મૂર્તિ મારા હૃદય પટમાં મજબૂતાઇથી કોતરાઇ ગઇ છે તેને, તું કહે, હું કયી રીતે કાઢી નાંખું ? તું યવન સમ્રાટ્‌ના સદનમાં રહે છે એવા સમાચાર જ્યારથી મેં સાંભળ્યા છે ત્યારથી મારા હૃદયમાં કેવી અસહ્ય યાતના થયા કરે છે તેની તને કયાં ખબર છે ? જો હૃદય ખોલી દેખાડાતું હોત તો હું તને બતાવત કે આ આહત હૃદયમાં રુધિરધારા કેવી રીતે વહન કર્યા કરે છે. હિરણ્મયી ! તું કહેછે કે મને ભૂલી જાઓ, પણ જ્યાં સુધી મારા જીવમાં જીવ છે ત્યાંસુધી તો તારૂં વિસ્મરણ મને નથીજ થવાતું. ”

“ અજયસિંહ ! ” ચક્ષુમાં અશ્રુ લાવી હિરણ્મયીએ કહ્યું. “ મેવાડનો ફકત તમારા ઉપરજ આધાર છે. જ્યારથી સિંહાસન ત્યજી વાનપ્રસ્થ થતા મહારાણા અમરસિંહે તમને સંબોધીને કહ્યું હતું કે “ પ્યારા અજયા તારી જન્મોતરી ઉપરથી હું કહી શકું છું કે તું મેવાડના રાજકુળની આ દુ:ખદ સ્થિતિમાંથી કેટલેક અંશે મુક્તિ કરીશ, ત્યારથી મેવાડી પ્રજા તમારાપર કેટકેટલીક આશાઓ બાંધી બેઠેલી છે ? તમને યુદ્ધકળામાં આટલા બધા પ્રવિણ જોઇ તમારા પિતાએ કેટકેટલી ઉમેદો બાંધેલી છે એ શું તમને ખબર નથી ? શું મારા જેવી એક અભાગિની રમણી પર પ્યાર રાખી એ સઘળી આશા અને ઉમેદોને તમે નષ્ટ કરશો ? ના, ના, તમે તમારા ભવિષ્ય તરફ નજર કરો. પેલી ઉન્માદિનીએ તમને અરવલી પર્વત ઉપર શી શિખામણ આપી હતી તે યાદ કરો અને મને ભૂલીજાઓ. અજયસિંહ! તમે રાજસ્થાનની અધિષ્ઠાત્રી દેવીના પ્રિયતમ

વીરપુત્ર છો. તમને હું અભાગિનીએ સ્પર્શ ન કરવો એવી સિંહવાહિનીની ઇચ્છા છે. તમે ઉદયપુરથી અહિં આવ્યા, તેના કેટલાક દિવસ પહેલાં ભગવતીએ મારા સ્વપ્નમાં આવી મને આજ્ઞા કરી હતી કે સાવધાન, હિરણ્યમયી! તું મારા પ્યારા પુત્ર અજયસિંહને સ્પર્શ કરતી નહિ. તું તેને સ્પર્શ કરવા યોગ્ય નથી. જો તું તેને સ્પર્શ કરીશ તો તેનું અમંગળજ થશે માટે તેનું ભલું ઇચ્છતી હોય તો તું તેનાથી દૂરજ રહેજે" એ વખત તો મને એમજ લાગ્યું હતું કે એ સાધારણ સ્વપ્ન હતું પણ હવે મારા મનની ખાતરી થઇ ગઇ છે કે તે સ્વપ્ન નહોતું પરન્તુ સાક્ષાત્ સિંહવાહિનીની આજ્ઞાજ હતી. તે આજ્ઞા મારે શિરસાવંદ્ય છે. હું તમારાથી દૂરજ રહીશ. અવની આકાશ એક થઇ જશે તોપણ તમારી સાથે લગ્ન કરી હું તમારૂં અમંગળ નહિજ કરૂં."

"દેવી" અજયસિંહે કહ્યું. "જ્યારે તારૂં પવિત્ર શરીર યવનસ્પર્શથી કલંકિત નથી થયું ત્યારે તારી સાથે લગ્ન કરવાથી કયો રાજપૂત મને પતિત ગણવાનો હતો ? જો કોઇ મુસલમાન તને લોક રીતિથી પરણી ચૂકયો હશે તોપણ તેમાં કાંઇ અડચણ નથી કારણકે તે આ આલોકમાંથી યમલોકમાં ચાલ્યો ગયો છે. એટલે મહારાણા હમ્મીરસિંહે જેવી રીતે એક બાળ વિધવા સાથે લગ્ન કર્યું હતું તેવીરીતે હું પણ તારી સાથે લગ્ન કરી શકું તેમ છું. ચાલ, હિરણ્ય! પિતાશ્રી આગ્રામાં આવ્યા છે તેમને પૂછી જોઇએ કે આ બાબતમાં તેમનો શો અભિપ્રાય છે ? "

આમ કહી હિરણ્મયીનો હાથ ઝાલવા અજયસિંહે તેનો હાથ લંબાવ્યો પણ એટલામાં પાછળથી કોઇએ કહ્યું. " જો

ચોર શહેનશાહના જનાનખાનમાં બેધડક આવવાનું સાહસ કરે છે તેના શિરને પર્વિઝની તરવાર ધડથી જૂદું કર્યા સિવાય નહિજ મૂકે ! "

આ કથનની સાથે જ અજયસિંહના મસ્તિષ્ક પાછળ ચંદ્રજ્યોત્સ્નામાં શાહજાદા પર્વિઝની તરવાર ચમકવા લાગી. પણ તે અજયસિંહના શિરને સ્પર્શ કરી શકી નહિ, કારણ કે પાછળથી બીજા કોઇ મનુષ્યે વિદ્યુત્ વેગે શાહજાદાની તરવારપર પોતાની તરવારનો વાર કર્યો. ઝણઝણાટ કરતી પર્વિઝની તરવાર જમીનપર પડી ! ! પોતાની ધારણા નિષ્ફળ નિવડેલી જોઇ ચીડાઇ જઇ શાહજાદા પર્વિઝે કહ્યું. "જે રાજ્યમાં બાદશાહ પોતે કાફર ચોરની વારે ચડે છે તે રાજ્ય થોડાજ વખતમાં ધૂળધાણી જવાનું. સત્ય કહેવામાં આવ્યું છે કે:—

"બર્બાદ હો જાતા હય, મુલ્ક વો શાહકા,
મદદકાર જો હોતા હય, ગુનાહગારકા."

આમ કહેતો કહેતો શાહજાદો પર્વિઝ ત્યાંથી ચાલ્યો ગયો.

આંખ બંધ કરીને ઉઘાડતાં જેટલો સમય થાય છે તેટલા અલ્પ સમયમાંજ આ સઘળી ઘટના બની ગઇ. પવનની પહેલી લહેરિ આવી ત્યારે અજયસિંહના મસ્તિષ્ક પાછળ શાહજાદા પર્વિઝની તરવાર ચમકતી હતી પણ બીજી લહેરિ આવી ત્યારે તો તે ત્યાંથી અદૃશ્ય થઇ ગયો હતો.

એકાએક પોતાનો પ્રાણ કોણે બચાવ્યો તે જોવાને અજયસિંહે પોતાની પાછળ જોયું તો તેની દૃષ્ટિ ત્યાં ઉભેલા શહેનશાહ જહાંગીર પર પડી!

પળભર તે બન્ને જણાં એક બીજા તરફ શૂન્ય શૂન્ય જોઇ રહ્યા. પછી બાદશાહે અજયસિંહને સંબોધી કહ્યું. "શાહજાદા અજયસિંહ! લગાર મારી સાથે પણ સુધી ચાલોને."

મંત્રમુગ્ધ મનુષ્ય માફક અજયસિંહ ધીમે ધીમે બાદશાહની પાછળ પાછળ ચાલ્યો, પુષ્પવાટિકાની બહાર ગયા પછી બાદશાહે અજયસિંહને કહ્યું. "શાહજાદા! મારા કહેવાથીજ દાસી તને હિરણમયી પાસે લઇ ગઇ હતી. હજુ સુધી કોઇ મુસલમાને હિરણમયીને નાપાક કરી નથી એવું જ્યારે મેં તને કહ્યું હતું ત્યારે તારા મોંપર શંકાના ચિન્હો સ્પષ્ટ રીતે દેખાતાં હતાં તેથીજ તારી ખાતરી કરાવવા મેં આ ગોઠવણ કરી હતી. હવે હિરણમયીના મોંઢે પણ તેજ વાત સાંભળીને તારા મનની શંકા નીકળી ગઇ છે કે નહિ ?"

આમ કહી બાદશાહે અજયસિંહની મુખમુદ્રા બારીકાઇથી નીહાળવા માંડી. તેણે તેના પ્રશ્નનો કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ. કેટલીક વાર પછી બાદશાહે કહ્યું. "શાહજાદા અજયા તને ખબર છે કે આજ કેટલાક દિવસ થયાં રાણાજી કિરણસિંહ અહિં આવ્યા છે. કાલ સવારે તેમને કહી, જો બનશે તો થોડાજ દિવસમાં તારો નિકાહ હિરમણયી સાથે કરાવી દઇશ."

આકાશ તરફ દૃષ્ટિ કરી તથા લલાટ પરનો પ્રસ્વેદ લોહી નાંખી અજયસિંહે કહ્યું. "હાય, પ્રભુ! આજ શીતરશ્મિનાં શીત કિરણોમાં પણ મને આટલો બધો તાપ કેમ લાગે છે? પ્રકૃતિના સર્વ પદાર્થોએ આજ આટલું બધું પ્રચંડ સ્વરૂપ કેમ ધારણ કર્યું હતું ?

પ્રકરણ ૧૬ મું.

સમ્રાટ્ અને રાણો.

सत्याऽनृता च परुषा प्रियवादिनी च
हिंस्रा दयालुरपि चार्थपरा वदान्या
नित्य   या प्रचुरनित्यधनागमा च
वारागहनवे नृपनीतिरनेकरूपा

भर्तृहरिः

આશરે બે પહોર દિવસ ચડી ગયો હતો. પણ પક્ષિ

તથા આબાલ વૃદ્ધ વનિતા વગેરે સર્વ જણ પોતપોતાના કામમાં પ્રવૃત્ત થઇ ગયાં હતાં. પૂર્વ તરફના આકાશમાંથી નીલ ઋતુનાં વાદળાં સ્વચ્છ આકાશમાં પથરાવા લાગ્યાં હતાં. જોતજોતામાં આખું નિરભ્ર આકાશ અભ્રથી આચ્છાદિત થઇ ગયું. અને પ્રકૃતિના શાન્ત સ્વરૂપે એકાએક ભયંકર સ્વરૂપ ધારણ કર્યું.

આવા વખતે સમ્રાટ્ જહાંગીર આગ્રા નગરમાં આવેલા તેમના વિશ્રામ મંદિરમાં બેઠા હતા. તેમની પાસેના એક સુવર્ણ આસનપર ઉદયપુરના રાણા કિરણસિંહ વિરાજી રહ્યા હતા. બન્ને જણા ચૂપચાપ બેઠા હતા. બન્નેના મોંપર ચિન્તાના ચિહ્નો સ્પષ્ટ દૃષ્ટિગોચર થતાં હતાં. કેટલીકવાર પછી બાદશાહે રાણાને કહ્યું. " જનાબ રાણાસાહેબ ! આજ એક જરૂરના કામનો વિચાર કરવાને મેં આપને અહિં બોલાવ્યા છે. મને આશા છે કે આજ હું આપને જે વાત કહીશ તેને આપ મામુલી તો નહિજ ગણી કાઢો. તે બહુ જરૂરની હોવાથીજ શુરૂઆતમાં મને આટલું કહેવાની જરૂર પડે છે."

બાદશાહનું આ કથન સાંભળી રાણાના મનમાં અનેકાનેક વિચાર આવી ગયા. ઔત્સુકયથી તેમણે પૂછ્યું. "તે કામ શું છે?"

પોતાની વાત કયી રીતે કહેવી તે જહાંગીર બાદશાહ સમજી શકયા નહિ. કેટલીક વાર સુધી તો તે કિરણસિંહ તરફ ગંભીર મુખમુદ્રાથી જોઈ રહ્યા. આખરે ધૈર્ય ધરી તેમણે કહ્યું. " રાણા જનાબ! આપને માલુમ તો હશેજ કે આજ કેટલાક દિવસ થયાં ગ્વાલિયરના રાજાની શાહજાદી હિરણ્મયી અહિંયાં રહે છે."

બાદશાહનું આ કથન સાંભળી કિરણસિંહનું મોં ક્રોધથી ખદિરાંગાર જેવું લાલચોળ થઇ ગયું. મૂછો ઉપર હાથ ફેરવતાં ફેરવતાં તેમણે કહ્યું, "હા દિલ્હીશ્વર! મને તે માલૂમ છે. સિંહ સુઇ ગયો હતો ત્યારે તેના ગૃહમાં પ્રવેશ કરી જંબુક તેના શાવકને લઇ ગયું હતું એ વાત સત્ય છે. મુમૂર્ષુ કિરણસિંહ હજુ સુધી તે સહન કરી બેસી રહ્યો છે. બોલો, હવે આગળ આપને શું બોલવું છે ! "

કિરણસિંહના કહેવાનો ખરો ભાવ જહાંગીર બાદશાહ સમજી શકયા હતા કે નહિ તે અમારાથી કહી શકાય તેમ નથી. અમારા ધારવા પ્રમાણે તો તેમણે કિરણસિંહનું કથન સંપૂર્ણરીતે સાંભળ્યુંજ નહોતું કારણકે તેમનું ધ્યાન તો હવે શું કહેવું તે વિચારમાંજ રોકાઇ રહ્યું હતું. રાણાનું છેલ્લું કથન સાંભળી તેમણે કહ્યું. " અને આપને એ પણ માલૂમ હશે કે તેને મેં મારી શાહજાદી ગણીનેજ મારા મહેલમાં રાખી છે અને હજુ સુધી તે પાક છે. "

" એક નિઃસહાય્ય રાજપૂતબાળા તરફ આપ આટલી બધી કૃપા દષ્ટિ રાખો છો તેને માટે હું આપનો ઘણોજ આભાર માનું છું. પણ આપ જે વાત કહેવા માગતા હતા તે શી છે?" કિરણસિંહે પોતાની કૃતજ્ઞતા દર્શાવી મૂળ વાત જાણવાને પ્રશ્ન કર્યો.

"મારી મંશા એવી છે કે તેનો નિકાહ કોઈ કુલીન રાજપૂત સરદાર સાથે કરવો જોઇએ. " જહાંગીર બાદશાહે પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

" ઓહોહોહો " કિરણસિંહે તિરસ્કાર યુક્ત હાસ્ય કરી

કહ્યું. " તેવા કુલીન રાજપૂતોની આપના દરબારમાં ક્યાં ખોટ છે! જોધપુર, જયપુર વગેરે જે રાજ્યો રાજસ્થાનના સ્થંભરૂપ ગણાય છે ત્યાંના રાજાઓ તો આપના દરબારમાં જ છે, તેમાંના એક રાજાની જોડે તેનું પાણિ ગ્રહણ કરી નાંખો. તેમાં મારે કાંઇ વાંધો નથી. "

"રાણાજી આપ હિરણ્મયીના દામન વિષે કાંઇપણ સંશય ન આણતા. જો તેને મેવાડના શાહી ખાન્દાનમાં પરણાવવામાં આવે તો કાંઈ હરકત છે ?" ધીમે રહીને બાદશાહે પોતાનો મૂળ વિચાર કિરણસિંહ આગળ મૂકી દીધો.

" ક્ષમા કરો, દિલ્હીશ્વર ! "કિરણસિંહે ક્રોધથી રાતાપીળા થઇ જઇ કહ્યું. " નીચાશય યવને મારા અંતઃપુરમાંથી મારા સ્વર્ગવાસી મિત્રની પ્યારી કન્યાને કાઢી લઇ જઇ તેને મારા કુળ માટે તદ્દન નકામી કરી નાંખી છે. નરકમાં નાંખી નન્દન વનના પવિત્ર પારિજાતકને દેવપૂજાને માટે જેવી રીતે અયોગ્ય કરવામાં આવે છે તેવીજ રીતે હિરણ્મયીને સિસોદિયાના રાજકુળમાં વરવાને તે નીચાશય યવને તદ્દન અયોગ્ય કરી નાંખી છે. દિલ્હીશ્વર! અહિં સુધી તો કિરણસિંહનું પાષાણ હૃદય સહન કરી રહ્યું છે. કૃપા કરી હવે તેને શૂળો ઘોંચી વિશેષ ન સતાઓ. "

"રાણાજી" કિરણસિંહનું આ આવેશયુક્ત કથન સાંભળી જહાંગીર બાદશાહે શાન્તિથી કહ્યું. "આપ આટલા બધા ઉતાવળા ન થાઓ. ધીરજ ધરી જરા ગોર કરી જુઓ કે જો બહુ જરૂરી વાત નહોત તો મેં આપના આગળ આ વાત કરીજ નહોત.

ધારો કે મેવાડના રાજવંશનો એક શાહજાદો હિરણમયી પર એટલો બધો આશક પડ્યો છે કે જો તેનો નિકાહ તેની જોડે કરવામાં ન આવે તો તેના ભાવીસુખની સર્વ આશાઓનો નાશ થઇ જાય એમ છે. આવી હાલત હોવા છતાં પણ એક અદના બાબદ માટે આપ તેના સઘળા સુખને મિટ્ટીમાં મેળવો એ શું મુનાસિબ છે ?"

" મેવાડના રાજકુળમાં જન્મેલો એવો કયો ભાગ્યશાળી પુરૂષ છે કે જે હિરણમયી પર આટલો બધો આશક પડ્યો છે? તે ભાગ્યશાળી નર રત્નનું નામ તો મને કહો. ! !" કિરણસિંહે તેનું નામ જાણવા માગ્યું.

" તે નૌજવાન" જહાંગીર બાદશાહે કહ્યું "રાજસ્થાનનો નામી બહાદુર અજયસિંહ છે. જો તેની આ મંશા પૂરી નહિ કરવામાં આવે તો મુમકિન છે કે તે પાગલ થઇ જશે. આપ જાણો છો કે તે પહેલેથી જ હિરણમયીના પ્યારમાં લુબ્ધ થએલો છે. "

યવનપરિણીતા હિરણ્મયી સાથે જો અજયસિંહનું લગ્ન નહિ કરવામાં આવે તો તે ગાંડો થઇ જશે એવું બાદશાહનું કથન સાંભળી કિરણસિંહને પગથી માથા સુધી અગ્નિ જવાળા વ્યાપી. ક્રોધથી તેનું મોં કેશુડા જેવું લાલચોળ થઇ ગયું. તેની આંખમાંથી અગ્નિવર્ષા વરસવા લાગ્યો. તેના આરક્ત લલાટપર પ્રસ્વેદની શેરો છૂટવા લાગી. ધીમે ધીમે તેના માથા પરથી પાઘડી પણ નીચે સરવા લાગી ક્રોધથી તે તદન બેભાન થઇ ગયો. મ્યાનમાંથી તરવાર ખેંચી પ્રલયકાળના મેઘધ્વનિ જેવી ગર્જના કરી બાદશાહ તરફ ધસતાં તેણે કહ્યું. 'બસ, બસ, યવનેશ્વર ! વાર

વાર લાતો-ઠેસો મારી તમે સુતેલા સિંહને જગાડી દીધા છે. હવે તેના પરાક્રમનો અનુભવ કર્યા સિવાય આપને નહિજ ચાલે"

ઇતિહાસના જ્ઞાતાઓને વિદિત હશે કે જહાંગીર બાદશાહ યુવાવસ્થામાં મોટામાં મોટો બદમાશ હતો. દુનિયામાં જેટલી કુટેવો, જેટલાં કુલક્ષણ અસ્તિત્વ ધરાવે છે તે સઘળાં તેનામાં ઠાંશીઠાંશીને ભર્યાં હતાં. સત્ય છે કે તે ખુશામતીઓ, આપમતલબી અને ધર્મ ચુસ્ત મુસલ્માનોનો પક્ષકાર અને અકબર બાદશાહના હિંદુ સગાવો તથા ઉદાર મુસલમાન મિત્રને જીગરથી ધિક્કારનાર હતો. સત્ય છે કે તેણે તેના પિતાના જીવન કાળમાં સુખશાન્તિથી રાજ્ય કરવામાં અનેક અડચણો નાંખી હતી, અનેક વખત બંડ ઉઠાવ્યા હતાં, અને ફૈજી જેવા ઉદાર મનુષ્યનું ખૂન કરાવ્યું હતું. વળી એ પણ સત્ય છે કે ગાદીએ બેસતાંજ તેણે તેના પુત્ર શાહજાદા ખુશરૂના સાતસેં મળતીયા રાજ પૂતોને ક્રૂરતાથી મારી નંખાવ્યા હતા અને નૂરજહાંના ધણી શેરખાંનું ખૂન કરાવ્યું હતું તો પણ તખ્તનશીન થયાં પછી અને નુરજહાંની સાથે નિકાહ કરવા પછી તેના સ્વભાવમાં ઘણો જ ફેરફાર થઇ ગયો હતો. પ્રજાને ન્યાય મળે તે સુખશાન્તિમાં રહે તેને માટે તે ઘણીજ કાળજી રાખતો હતો. ગરીબ પ્રજાની ફરિયાદ પોતાને જાતે સાંભળવાનો પ્રસંગ મળે માટે તેણે તેના મહેલમાં એક ઘંટ બંધાવ્યો હતો અને તે ઘંટને બાંધેલી સાંકળ ધોરી રસ્તા ઉપર લટકતી મૂકવામાં આવી હતી. જે કોઇ મનુષ્યને બાદશાહને ફરિયાદ કરવી હોય તે તે સાંકળ ખેંચતો એટલે મહેલમાંનો ઘંટ વાગતો

ભાને બાદશાહ જાણતા કે કોઈ ફરિયાદી આવ્યો છે. ગમે તેવા કામમાં મુક્ત હોય તોપણ ઘંટ સાંભળતાંની સાથે જહાંગીર બાદશાહ ફરિયાદીને પોતાનીપાસે બોલાવતા અને ફરિયાદ એક ચિત્તે સાંભળતા. જહાંગીર અને વૃદ્ધ અશ્વની વાત ઘણીખરી ટેક્સ્ટ બુકોમાં દાખલ થએલી છે. કેટલાક લોકોનો એવો અભિપ્રાય છે કે તેના સ્વભાવનો આ ફેરફાર નુરજહાંની સંગતિને લીધે થયો હતો. તે ગમે તે કારણથી થયો હોય પણ એટલું તો નક્કી છે કે શાહજાદા સલીમમાં અને શહેનશાહ જહાંગીરમાં જમીન આસમાન જેટલો ફેર હતો. તેમાં ઉદયપુરના રાણાઓ, જેમને યુવાવસ્થામાં તે ખરાબ્જીગરથી ધિક્કારતો હતો તેમના તરફ ગાદીએ બેઠા પછીને ઘણાજ માનની નજરથી જોતા લાગ્યો હતો. તેના લશ્કરને સત્તર વખત પરાસ્ત કરનાર રાણા અમરસિંહે જે વખત લડાઈના સાધનો ખુટી જવાથી સંધિને માટે માગણી કરી તે વખતે તેણે જે ઉદાર દિલ દેખાડ્યું હતું તે દુનિયાના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાઇ રહેશે. અમરસિંહની નબળાઈનો લાભ જો તેણે લેવા ઇચ્છયો હોત તો પૂરે પૂરો લઇ શકત પણ તેમ નહિ કરતાં તેણે તેના શાહજાદા ખુરમને લખી મોકલ્યું કે અમરસિંહ જે શરતે સંધિકરવા ઇચ્છતા હોય તે શરતે સન્ધિ કરો. તે પ્રતાપી પુરૂષની નબળાઇનો લાભ લેવા અમે મુદ્દલ નથી ઇચ્છતા. કેવું મોટું મન ! ! શું આવું મોટું મન યુવાવસ્થાના ઝેરીલા સલીમમાં સંભવી શકે ? !

જહાંગીરનામાની કલમને અનુસરીને જે વખતે યુવરાજ કિરણસિંહ દિલ્હીના દરબારમાં ગયો તે વખતે જહાંગીર બાદશાહે

તેની તરફ ઘણીજ ઉદાર વર્તણુક બતાવી હતી. તેણે તેને તેની જમણી બાજુએ—હિંદુસ્તાન અન્ય રાજાઓની બેઠક ઉપર, સ્થાન આપી તથા કિંમતી જાગીરો અને બહુ મૂલ્ય ભેટો તથા ખિલાતો આપી ઉદયપુર તરફનો પોતાનો ઉદાર ભાવ પ્રદર્શિત કર્યો હતો. તે કિરણસિંહને ઘણોજ ચહાતો હતો. જો કે તે વારંવાર દિલ્હીના દરબારમાં તોછડાઈથી વર્તતો હતો. તોપણ તેણે કોઈ વખતે માઠું લગાડ્યું નહોતું. આજ આવેશમાં આવી જઈ કિરણસિંહ તેને મારવા તૈયાર થઈ ગયો હતો તોપણ જહાંગીરે જે ધૈર્ય તથા શાન્તિ ધારણ કરી રાખી હતી તે તેના ઉમદા ગુણોનો એક વધુ નમુનો હતો.

આખરે જહાંગીર બાદશાહ ની શાન્તિ સફળ થઇ. કિરણસિંહે પોતાની તરવાર મ્યાનમાં ઘાલી અને આસન પર જઇ બેઠો. કેટલીકવાર સુધી વિચાર કર્યા પછી તેણે બાદશાહને કહ્યું. " જહાંપનાહ આપે શું કહ્યું હતું ? શું મેવાડના ભવિષ્યનો ત્રાતા, ઉદયપુરના લોકોને અન્તિમ આશા આધાર, મારો પ્યારો પુત્ર અજયસિંહ પવનસ્પર્શથી કલંકિત થયો તથા મુગલ શહેનશાહના મહેલમાં વસનારી હિરણમયી સાથે લગ્ન કરવા ઉન્મત્ત થઇ રહ્યો છે ? નહિ, નહિ. તે અસંભવિત છે. તેમ કદિ બનેજ નહિ. આપના કથનમાં મને જરાએ વિશ્વાસ બેસતો નથી. જો આપનું કહેવું આપ પુરાવાથી સાબીત કરી નહિ આપો તો હું કહીશ કે જહાંગીર બાદશાહ એક મોટામાં મોટા અસત્યવક્તા છે."

" જો આપને મારા કહેવામાં વિશ્વાસ ન બેસતોય હો તો ખુદ શાહજાદા અજયસિંહને બોલાવી પૂછી જોઇએ. " જહાંગીર બાદશાહે છેલ્લો ઉપાય દર્શાવ્યો.

" ઠીક ત્યારે. તેનેજ અહિં બોલાવી મંગાવો, " કિરણસિંહે બાદશાહનું અન્તિમ કથન પકડી લીધું.

જહાંગીર બાદશાહે લાગતોજ એક સેવક અજયસિંહને બોલાવવા મોકલ્યો.





પ્રકરણ ૧૭ મું.

પિતા અને પુત્ર.

કરીશ યત્નો હું ભુલવાને,
મથીશ હું પ્રીતિ ટાળવાને;
નહીં બને તો જશે પડીને,
કરૂં પ્રતિજ્ઞા મરી જવાને.

આનંદોર્મિ.

આ દશાહનો સેવક અજયસિંહને બોલાવવા ત્યાંથી ચાલ્યો ગયો એટલે કિરણસિંહે તેના મનમાં બડબડવા માંડ્યું. "અસંભ-

વિત, શું આ સત્ય હશે? નહિ, નહિ, અસંભવિત ! અરે કદાચ અસંભવિત હોય પણ ખરૂં! હાલમાં મેવાડનો સિતારો પડતો છે ને બાદશાહનો સિતારો ચડતો છે એટલે અસંભવિત પણ કદાચ સંભવિત થઇ શકે ! હાય, હાયા તે કુળ કલંક છોકરા ઉપર હું કેટકેટલી આશાઓના કોટ ચણી રહ્યો હતો ? શું તેણે મારી સર્વ આશાઓ નષ્ટ કરી નાંખી ? હા તેમજ હોવું જોઇએ, પ્રભુ પ્રભુ! આ સંસાર પ્રતારણા અને વિશ્વાસઘાતથીજ પરિપૂર્ણ છે. જે જહાંગીર બાદશાહને હું એટલો બધો ઉદાર ધારતો હતો તેણેજ મને નષ્ટ કરી નાંખ્યો ! કિરણસિંહ ! તેં તારા પ્રતિપક્ષીના હાથમાં ખુશીથી તારૂં પ્યારૂં રત્ન સોંપ્યું, તેનું ફળ હવે તું ભોગવ."

કિરણસિંહ પોતાના મનમાં આ પ્રમાણે બોલતો હતો ત્યારે જહંગીર બાદશાહ બારી આગળ ખુલ્લી હવા ખાવા ગયા હતા. આકાશપર એવાં ઘોર વાદળાં પથરાઇ ગયાં હતાં કે દિવસ હોવા છતાં પણ સન્ધ્યાનો ભાસ થતો હતો. તેમણે કિરણસિંહનું બોલવું સાંભળ્યું નહોતું.

કેટલીક વારે અજયસિંહ ત્યાં આવ્યો. બાદશાહ જહાંગીર પોતાના સ્થાનપર જઇ બેઠા. અજયસિંહ તરફ વિષાદપૂર્ણ મુખ અને અશ્રુપૂર્ણ ચક્ષુથી જોઇ કિરણસિંહે કહ્યું. "બેટા અજયસિંહ ! આજ યવન સમ્રાટ્ તારાપર એક ભયંકર આળ મૂકે છે. બોલ, તે આળ ખરૂં છે કે ખોટું ! "

કિરણસિંહનું આ કથન નહિ સમજી શકવાથી અજય-

સિંહ તેના તરફ જોઈજ રહ્યો. કિરણસિંહે કહ્યું. " બોલ જ-લદી બોલ, એકવાર કહે કે જહાંગીર બાદશાહ જૂઠા છે. "

" જેવી આજ્ઞા " અજયસિંહે શિર ઝુકાવી કહ્યું-

" શું ત્યારે જહાંગીર બાદશાહ અસત્ય વકતા છે ? ખરે-ખર, તેમજ હોવું જોઈએ. તારા મોંઢા પરનાં ચિન્હોજ તારી નિર્દોષતા દર્શાવી આપે છે। ચાલ કહે કે હિરણ્મયી એક મુસ-લમાનને પરણી ચૂકી છે અને હાલમાં મુસલમાનના જનાનખા-નામાં રહે છે એ જાણવા છતાં પણ તું તેને પરણવા ઉન્મત્ત થઈ રહ્યો છે, એ વાતમાં કાંઇ સત્ય છે કે ? " કિરણસિંહે જહાંગીર બાદશાહપર દોષારોપણ કરી પ્રશ્ન કર્યો.

કિરણસિંહનો આ પ્રશ્ન સાંભળી અજયસિંહ સ્તબ્ધ થઈ ગયો. કંપીત સ્વરે તેના મોંમાંથી "પિતાજી" એટલોજ શબ્દ નીકળી શકયો. તેની આંખમાંથી એક સરખી અશ્રુધારા વહી ભૂમિને અભિષેક કરવા લાગી. બન્ને હાથ છાતી પર મૂકી તથા શિરને ભીંત સાથે અઢેલી તે ત્યાં ઉભો રહ્યો.

" બોલ, બોલ, સત્ય બીના શી છે ? " કિરણસિંહે શંકિત મુખમુદ્રાથી સવાલ કર્યો.

" પિતાજી ! " ધૈર્ય ધરી અજયસિંહે કહ્યું. " બાદશાહનું કહેવું સત્ય છે. જે દિવસથી મેં સાંભળ્યું છે કે હિરણ્મયી એક મુસલમાનને પરણી છે ત્યારથી મેં તેને વિસરી જવાને પુષ્કળ પ્રયત્ન કર્યો છે પણ મારૂં હૃદય મારા હાથમાં નથી. મારો સઘળો પ્રયત્ન નિષ્ફળ ગયો છે. ખરેખર, હું તેને માટે ઉન્મત્ત થઇ રહ્યો છું."

અજયસિંહનું આ કથન સાંભળી કિરણુસિંહ પર વિદ્યુત પ્રહાર થયો. તેનું મોં ફીકું પડી ગયું. તેના શરીર પર પરસેવાના રેલેરેલા વળ્યા. તેનાં ચક્ષુ બંધ થઇ ગયાં. તેનું મગજ ચકરાઇ ગયું. એકદમ મૂર્ચ્છા ખાઇ તે જમીનપર પડ્યો. અજયસિંહે તેના પિતાના સંજ્ઞાશૂન્ય શરીરને તેના ખોળામાં લીધું અને મોં પર ધીમે ધીમે પાણી છાંટવા લાગ્યો. જહાંગીર બાદશાહ પોતે હાથમાં પંખો ઝાલી તેને વાયુ ઢોળવા લાગ્યો. અચેત અવસ્થામાં રાણાએ લવવા માંડ્યું. "કોણુછે? બોલો. અરે, તમે કોણુછો? કોણુ! ભગવતી દુર્ગે! માતુશ્રી! આજ આટલા દિવસ પછી આપ-સાક્ષાત મને દર્શન દેવા આવ્યાં? પણુ અરે, આ શું? તમે આજ મને કયા સ્વરૂપમાં દર્શન આપોછો? હાયહાય, માતુશ્રી! આપનું તે ભુવનમોહન રૂપ ક્યાં ગયું? આજ આપના સ્વરૂપમાં આટલો બધો વિપરીત ફેરફાર કેમ થઇ ગયો છે? આપનું પહેલાંનું સ્વરૂપ ક્યાં ગયું? જનની! આપની નરરૂંડમાળા ક્યાં ગઇ? હાય હાય, આપની લોલ જીહ્વાપર રક્ત ધારા કેમ નથી? માતુશ્રી! આપ આપની અસુરકુલધ્વંસી દાનવ રૂધિર લોહિત કરાલ કૃપાણુ ક્યાં મૂકી આવ્યાં? બોલો, બોલો, જગજ્જનની! આપનું પહેલાંનું સ્વરૂપ આટલું બધું પલટાઇ કેમ ગયું? અફસોસ કે હું કમન-શીબ આપનું આવું વિકૃત સ્વરૂપ જોવા જીવતો રહ્યો! આવો, આવો, માતુશ્રી! એક વાર આપ આપના અસલ સ્વરૂપમાં આવો, અને આ કિરણુસિંહે કયો માર્ગ ગ્રહણુ કરવો તે દેખાડો. પછી જોઇ લેજો કે આ કિરણુસિંહમાં બાહુબળ છે કે નહિ? અરે, નહિ,

નહિ, દેવી! આ યવનગૃહમાં આપ નહિ પધારતા. આ કરાલ ગૃહમાં જ મને જીવનોત્સર્ગ કરવા દો. હવે હું આપના અસલ સ્વરૂપનો ઉપાસક નથી રહ્યો. હું નીચ બની ગયો છું, મારૂં કુળ ભ્રષ્ટ થઇ ગયું છે. હવે તો આપ આ ભયંકર સ્વરૂપજ ધારણ કરી રાખજો. મેવાડની સ્વતંત્રતા લુંટાઇ ગઇ છે. તેની સ્થિતિ પલટાઇ ગઇ છે. મેવાડનો પુનરૂદ્ધાર થાય એ હવે અસંભવિત છે એટલે આપ હવે આપનું આ પલટાએલું સ્વરૂપજ ધારણ કરી રાખજો!"

કેટલાક ઉપચાર પછી કિરણસિંહને શુદ્ધિ આવી. અજયસિંહ તરફ ક્રોધપૂર્ણ રક્ત નેત્રોથી જોઇ વિકૃત કંઠે તેણે કહ્યું. હાય! મેવાડકુળકલંક અજયા તેં આ શું કર્યું! પાપી તેં મારા શરીરને સ્પર્શ કેમ કર્યો? તારા શરીરને સ્પર્શ થવાથી મને જે પાપ લાગ્યું છે તે હું કયા ભવમાં છૂટીશ. કુલાંગાર! તેં મારી સઘળી આશાઓનો ઉચ્છેદ કરી નાંખ્યો." ઉંડી હાય મારી જહાંગીર બાદશાહ તરફ જોઇ તેણે કહ્યું. "દિલ્હીશ્વર! ત્યારે શું તે વાત સત્ય છે? મોગલરાજ! મેં આપને વિના કારણ અસત્યવક્તા કહ્યા તે માટે હું આપની ક્ષમા માગું છું. બેટા અજયા અરેરે! એ હું શું બોલ્યો! પાપી અજયા તું યવન પરિણીતા, યવનગૃહવાસિની હિરણમયીને પરણાવવા કબૂલ થઇ રહ્યો છે, ખરૂં કે નહિ? આવ, આવ, મેવાડના પ્રધાન રત્ન, કિરણસિંહની અન્તિમ આશા! આમ આવ, મારી પાસે આવ! તારા પાપી હૃદયના મારી તરવાર વડે કકડે કકડા કરી નાંખવા દે."

પિતાની આજ્ઞા શિરસાવંદ્ય માનનાર અજયસિંહ કિરણસિં પાસે ગયો અને તેની વિસ્તીર્ણ છાતી ઉઘાડી કરી અસિ પ્રહારની પ્રતીક્ષા કરવા લાગ્યો. કંપિત હસ્તે કિરણસિંહે તેની કૃપાણ મ્યાનમાંની બહાર ખેંચી, અને અજયસિંહના વક્ષઃસ્થળ પર મારવા ઉગામી. એટલામાં વિદ્યુતવેગે જહાંગીર બાદશાહે તેનો હાથ પકડયો અને કહ્યું "રાણા જનાબ, આપ આ શું કરોછો ! અત્યાર સુધી હું આપને એક મોટા દિલેર પુરૂષ ધારતો હતો પણ આપનું આ કામ તો સેતાનને પણ શરમાવે તેવું છે."

બાદશાહનું આ કથન સાંભળી કિરણસિંહ દાંત તથા હોઠ પીસવા લાગ્યો. તરવાર જમીનપર ફેંકી એકદમ તે આસન પર જઇ બેઠો. થોડી વાર પછી તેણે કહ્યું. " ખરેખર દિલ્હીશ્વર ! તુંજ મેવાડાધીશના અદૃસ્યનો અશુભ નક્ષત્ર છે. પગલે પગલે ને ડગલે ડગલે તેને વારીજ પ્રતિકુળતા સહન કરવી પડે છે. "

જહાંગીર બાદશાહને આમ કહી કેટલીક વાર સુધી આંખો ઉપર હાથ મૂકી કિરણસિંહ ચૂપચાપ બેસીજ રહ્યો પછી અજયસિંહ તરફ જોઇ દુઃખિત કંઠે તેણે કહ્યું. "અજયસિંહ ! જો આજ મારી તરવારથી તારા હૃદયના બે ટુકડા કરવા હું શક્તિમાન હોત તો મારૂં કુળકલંક નીકળી જાત અને મેવાડનુ અપૂર્વ ગૌરવ અખંડિત રહેત પણ શું કરૂં ? વિધાતાની ઇચ્છા એવી નથી. માટેજ તને જીવતો છોડું છું. ઠીક, હવે મારે તને છેલ્લે છેલ્લું જે કથન કહેવું છે તે ધ્યાન દઇ સાંભળ. અજયસિંહ ! તું કાંઇ જેવો તેવો રાજપૂત નથી. પવિત્ર સૂર્ય કુળમાં તારો જન્મ થએલો છે. બાપ્પારાવળ, હમીરસિંહ, સંગ્રામસિંહ, પ્રતાપસિંહ વગેરે ક્ષાત્રપાળોનું

શોણી તારી નાડીઓમાં વહે છે તથાપિ તું એક યવન પરિણીતા માટે આમ ઉન્મત્ત થઇ રહે એ ઠીક નહિ. બસ, આજથી બે વર્ષમાં તું હિરણ્મયીને ભૂલી જવાને પ્રયત્ન કર. જો તે મુદતમાં તારાથી તેને ભૂલી ન શકાય તો પછી તારૂં મ્હોં ફરીથી મને ન બતાવતો. પરન્તુ હિરણ્મયીમય-યવન પરિણીતાથી ચિત્રિત થએલા-તારા હૃદયને કોઇ પુનિત જળ પ્રવાહમાં વહેવડાવી દેજે. ચાલ, મારા આગળ શપથ ખાઇ કહે કે "આ બે વર્ષની અંદર જો તું હિરણ્મયીને ભૂલી નહિ શકે તો તું તારા અપવિત્ર હૃદયને ગંગા, યમુના, નર્મદા, ગોદાવરી કે કાવેરીના પુનિત જળમાં પહેવડાવી પવિત્ર કરીશ."

"પિતૃદેવ!" અજયસિંહે તરવાર પર હાથ મૂકી શપથ લઇ કહ્યું. "હું આ ભવાનીપર હાથ મૂકી કહું છે કે આજથી બે વર્ષ સુધી હું હિરણ્મયીને ભૂલી જવાનો પ્રયત્ન કરીશ. પણ જો તે મુદતમાં મારી પ્રતિજ્ઞા પૂર્ણ નહિ થાય તો જાન્હવી કે યમુના, ગોદાવરી કે નર્મદાના પવિત્ર જળમાં પતન કરી જીવનોત્સર્ગ કરીશ. પિતાજી! હું આપને અન્તિમ પ્રણામ કરૂં છું તે સ્વીકારો"

"જ્યાં સુધી કુલાંગાર મટી કુળદીપક ન થાય ત્યાં સુધી મને પિતાના નામથી ન સંબોધતો. ઠીક, જા, અને પ્રતિજ્ઞા પૂર્ણ કરી યશ પ્રાપ્ત કરી પાછો આવજે." કિરણસિંહે તેને આશિષ આપી.



પ્રકરણ ૧૯ મું.

યમુનાને કાંઠે.

મધ ઉડી જજે ગાતું ગાતું સ્વછન્દ મહીં જરા !
જીગર હલકું મ્હારૂં થાતું તને સુણતાં જરા !
મુજ દિલ મહીં આજે કોઇ દિસે સુખ સાંપડ્યું,
કંઇ સમયથી ભૂલાયેલું ફરી સ્મૃતિએ ચડ્યું.

કલાપી.

મધ્ય રાત્રિના સમયે એક ક્ષુદ્ર નૌકા યમુનાના જળ તરંગો સાથે અતિ વેગથી ચાલી જતી હતી. તે નૌકામાં એકલો

અજયસિંહ આંખો મીંચીને બેઠેલો હતો. સરિતા સલિલમાં તારકગણથી સુશોભિત નીલ આકાશ પ્રતિબિંબિત થયું હતું. તટિનીના ચંચલ વક્ષઃસ્થળ પર સુધાંશુ ક્રીડા કરી રહ્યો હતો. નીલવસના, ચંચલપ્રાણા, હીરકહારશોભિતા, સૌંદર્યમયી યમુનાની પ્રેમલહરિ તરંગોથી નૃત્ય કરી ન રહી હોય! એવો ભાસ થતો હતો. ઉચ્ચ સ્વરે અજયસિંહે તે નાવિકને કહ્યું. "નૌકા ખૂબ જોરથી ચાલાવ. હું તને ઇનામમાં આ હીરાનો હાર આપીશ."

"મહારાજ! નૌકા કયી બાજુએ લઉં." ઇનામની લાલચથી આનંદિત થએલા તે નાવિકે કહ્યું.

"દૂર—દૂર—ખૂબ દૂર—અંધકારમાં—ઘોર—નિબિડ ભયાનક અંધકારમાં, જ્યાં તારાની માળા પહેરી યમુના નૃત્ય કરતી ન હોય, જ્યાં ચંદ્ર, તારા, વાયુ અને મનુષ્ય એમાંનું કોઇ પણ ન હોય ત્યાં તારી નૌકા લઇ જા. ચાલ, ઝટ કર. વાર ન લગાડ." એમ કહી અજયસિંહે નાવિકનાં હાથમાં બે સુવર્ણ મહોર મૂકી.

નાવિકના હાથમાં સુવર્ણ મહોર આવતાં જ તેનામાં અદ્વિતીય જોમ આવ્યું. સડસડાટ કરતી નૌકાએ સરિતા સલિલ પર વહન કરવા માંડ્યું.

હાય! બાળક અજયસિંહ! આજ તું આ શું કરવા તૈયાર થઇ ગયો છે!!! તને ક્યાં ખબર કે આ સંગ્રામપૂર્ણ નર જીવનમાં જ્યાં સુધી રક્ત પ્રવાહ ચાલુ છે ત્યાં સુધી કોઇ પણ મનુષ્ય પોતાના મનને જીતી શકતો નથી જ! ભલભલા સન્યાસીનાં મન ફરી ગયાં છે તો તું કોણ માત્ર છે? શું તું

આ પવિત્ર યમુનાના અતુલ જળમાં પતન કરી જીવનોત્સર્ગ કરવા માગે છે ? જો તારી તેવી ઇચ્છા હોય તો તે વ્યર્થ છે. કારણ કે ભાવીનું નિર્માણ જૂદું જ છે.

કંઇ પણ ચૂ કે ચાં કર્યા સિવાય નાવિકે નાવ આગળ ચલાવ્યું. અજયસિંહ પહેલાંની માફક જ સ્તબ્ધ બેસી રહ્યો હતો. કેટલીક વારે સરિતા તટ પરથી કોઇનો ગીત ધ્વનિ તેને કાને પડયો.

બિનતિ કરૂં સાંવલિયા તોરી
મોસે ના બોલ; બાંય છોડ મોરી. ॥ ધ્રુ૦ ॥
રોષ કરિ હૈ યહિ સુન પાયે । પિયા તોરી યે મતબારી ॥
બિનતિ કરૂં સાંવલિયા તોરી ॥
પ્રાણ પર તોરે જાગત પ્યારી । મોસે બનમાલી ચાતુરી સારી ॥
બિનતિ કરૂં સાંવલિયા તોરી ॥

અરે, આ શું ! અજયસિંહ આજ આ સ્વપ્ન જોઈ રહ્યો હતો કે શું ! ! અનેક દિવસ પહેલાં બાળપણમાં આજ ગાયન, આજ સુધામય કંઠસ્વર તેણે કેટલીબધી વાર સાંભળ્યો હતો ? આ ગાયન તેની શૈશવસખી હિરણ્મયીને ઘણુંજ પ્રિય હતું. વસન્તના પ્રભાત સમયે વસન્તી પોશાક પહેરી તથા કંઠમાં જુઇનો હાર ધાલી, એક હાથમાં અબીલ અને બીજા હાથમાં અશોક પુષ્પ લઇ આ ગાયન આવાજ કંઠસ્વરથી ગાતી ગાતી હિરણ્મયી અજયસિંહ સાથે ક્રીડા કરવા આવતી અને જ્યારે અજયસિંહ તેને પકડવા જતો ત્યારે તે તેના શરીર પર અબીલ અને અશોક પુષ્પ નાંખી દૂર નાશી જતી !

પણ આજ તેજ ગાયન, તેવાજ કંઠસ્વરથી કોણ ગાતું હશે ?? તે હિરણ્મયી તો નહિ હોય? પણ આટલી રાતે આવે સ્થળે હિરણ્મયી ક્યાંથી ??? પોતે આ દૃશ્ય ઉંઘમાં જુએ છે કે સ્વપ્નમાં તે જોવા માટે અજયસિંહે તેનાં ચક્ષુ ઉઘડયાં અને જોયું તો યમુનાના અંચળ: વક્ષ:સ્થળ પર સુધાં શું ક્રીડા કરી રહ્યો હતો, તેના કંઠમાં હીરકમાળા ચમકી રહી હતી. સરિતાતટ પરથી પુનઃગીતધ્વનિ આવ્યો:—

> પ્રાણ પર તોરે જાગત પ્યારી ।
> મોસે વનમાલી ચાતુરી સારી ॥

આ સાંભળી અજયસિંહ એકદમ નાવમાં ઉભો થઇ ગયો અને મોટેથી બૂમ પાડી બોલ્યો. " હિરણ્મયી ! "

ચારે બાજુએથી તેનો પ્રતિધ્વનિ થયો. " હિરણ્મયી ! હિરણ્મયી ! હિરણ્મયી ! ! " યમુના તરંગ, આકાશ, ચંદ્ર સર્વ પરથી તેનો તે જ પ્રતિધ્વનિ આવવા લાગ્યો.

અજયસિંહ, એક હાથ હૃદયપર અને બીજો હાથ આંખો પર મૂકી, દિલગીરીથી નાવમાં બેસી ગયો. યમુના પહેલાંની માફકજ નૃત્ય કરી રહી હતી અને નાવ સપાટાબંધ સરિતાની સપાટી ઉપર ચાલ્યું જતું હતું.

પ્રકરણ ૨૦ મું.

અંધકારમાં.

ન છૂટે ધ્યાન પ્રતિમાનું ખુદાની યાદ ના આવે;
પડ્યા પત્થર સમજમાં શું? કહે લોકો કે કાફર છે.
જિગરનો દાગ જૂનો છે, નિરાશાનો નમૂનો છે;
સહૂ સંસાર સૂનો છે, ઉજડ આશક તણું ઘર છે.

અમૃતલાલ કેશવલાલ નાયક.

પિતાની આજ્ઞા પ્રમાણે અજયસિંહ ઉદયપુર અને આબેથી ઘણોજ દૂર ચાલ્યો ગયો હતો. આર્યશાસ્ત્રમાં પુનિત ગણાતો ગંગા યમુનાનો તીર પ્રદેશ કે જ્યાં અનેક ઋષિ મુનિઓ પ્રચંડ

યેગાભ્યાસ કર્યા કરે છે, જ્યાં દશે દિશાઓ પવિત્ર હોમગંધથી સુવાસિત થઇ રહે છે, અને જ્યાં અહોરાત્ર વેદપાઠધ્વનિ ગુંજી રહે છે, ત્યાં રહી ઉપયોગ સાધવાનું તેણે ઉચિત ન ધાર્યું પરન્તુ જનશૂન્ય અને પાષાણમય વિન્ધ્યા પર્વત પર વાસ કરી તેના મૃદુ હૃદયને પાષાણમય બનાવવાનો તેણે નિશ્ચય કર્યો. વિન્ધ્યા પર્વત પર આરોહણ કરી તેણે ચારે તરફ દૃષ્ટિ નાંખી તો લીલીછમ વૃક્ષરાજિ લહેકી રહી હતી. વૃક્ષશાખાઓમાં ભિન્નભિન્ન પ્રકારનાં પક્ષીઓ સુમધુર સ્વરે ઇશ્વરનું યશોગાન કરી રહ્યાં હતાં. મધ્યમાંથી એક અલ્પવયસ્ક સરિતા પર્વતના પાષાણમય હૃદયને ભેદી તેને આર્દ્ર બનાવતી વહેતી હતી, જ્યારે તળેટીમાં ચીર ચૈતના, રજતસલિલા નર્મદા પ્રેમથી મનોહારક નૃત્ય કરતી હતી. અજયસિંહ નિરાશ થઇ ગયો. આવા નિર્જન પર્વત પર આવો દૃશ્ય જોવાને તેણે સ્વપ્નમાંએ કલ્પના કરી નહોતી. જ્યાં જ્યાં તેણે દૃષ્ટિ નાંખી ત્યાં ત્યાં તેને હિરણ્મયીની પ્રેમમયી મૂર્તિ દૃષ્ટિગોચર થવા લાગી. તે ગભરાઇ ગયો. તેનાં ચક્ષુ બંધ થઇ ગયાં. શબ્દમયી સૃષ્ટિ મધુર સ્વરથી હિરણ્મયી માફક ગાન કરી ન રહી હોય એવા ભણકારા તેને થવા માંડયા. ગરીબ બિચારો અજયસિંહ! તે હિરણ્મયીને કયી રીતે ભૂલી શકે? કયા સ્થાને જવાથી તે સૃષ્ટિની મોહ જાળમાંથી મુક્ત થઇ શકે? શું વિશાળ વિન્ધ્યા પર્વતપર એવું એક પણ સ્થળ નહિ હોય કે જ્યાં વસવાથી તે પ્રાકૃતિક પ્રલોભનથી બચી શકે? નિરાશ અંતઃકરણે તેણે એકાદ અંધકારપૂર્ણ ગુફા શોધી કાઢવાનો નિશ્ચય કર્યો. ઘણીજ શોધ કરી ત્યારે તેને લતાવૃક્ષ રહિત એક

નિર્જન સ્થાન મળ્યું. ત્યાં સરિતાનો કલકલધ્વનિ કે પક્ષીઓનો કિલબિલાટ એમાંનું કાંઇ કર્ણગોચર થતું નહોતું. ત્યાં વસી ઉગ્ર યોગાભ્યાસ કરી હિરણ્મયીનું વિસ્મરણ કરવાનો તેણે નિશ્ચય કર્યો.

દિવસ ગયો, રાત્રિ આવી. તે શાન્ત સ્થાન હતું તેનાથી એ વિશેષ શાન્ત થયું. દશે દિશાઓમાં ભયંકર અંધકાર છવાઇ ગયો. જોતજોતામાં કૃષ્ણ આકાશમાં ઘનઘોર વાદળાં ગર્જના કરતાં દોડવા લાગ્યાં.

થોડીજ પળોમાં મુશળધાર વરસાદ વરસવા લાગ્યો. આ મુશળધાર વરસાદ અને ભયંકર અંધકારમાં અજયસિંહનું મન અવસન્ન થવા લાગ્યું. તેનો શોણિત પ્રવાહ નિસ્તેજ થવા લાગ્યો. તેના મનમાં ભયનો ઉદય થવા માંડ્યો. ભયંકર અંધકાર અને પ્રલયકાળની જળવૃષ્ટિના સમયે પણ હિરણ્મયીની મૂર્તિ તેના હૃદયમાંથી દૂર ન થઇ. પરન્તુ તેતો તેના ચક્ષુ સમિપ વધારે અને વધારે સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થવા લાગી. મનમાંને મનમાં કંપિત સ્વરે તે બોલ્યો, " અજયસિંહ ! તું હિરણ્મયીને ભૂલવા વ્યર્થ પ્રયત્ન કરી રહ્યો છે. જ્યાં સુધી તારા જીવમાં જીવ છે ત્યાં સુધી તો તેની વિસ્મૃતિ તને નથીજ થવાની ! "

આ વખતે પાછળથી એક સ્વર આવ્યો, " આ સ્થળ ઘણુંજ અંધારૂં છે અને વરસાદ ઘણાજ જોરથી વરસે છે માટે ચાલો આપણે અહિંથી બીજા સ્થળે ચાલ્યા જઇએ. "

શું આ કોઇ મનુષ્ય સ્વર હશે ! આવા નિર્જન સ્થાનમાં

આવી ભયંકર રાત્રિના સમયે મનુષ્ય ક્યાંથી ? ત્યારે શું આ અજયસિંહના ભમી ગએલા મગજની ભ્રમણા હશે? કે અજય-સિંહનું દુઃખ જોઇ સાક્ષાત શૈલવિહારી તેને સહાય્ય કરવા આવ્યા હશે ?

એકદમ ઉભા થઇ જઇ અજયસિંહે કહ્યું. " તમે કોણ છો ? મનુષ્ય છો કે દેવ ! "

" હું પણ તમારા જેવો એક ભગ્નહૃદય સન્યાસી છું. તમારા જેવીજ મર્મ વેદનાથી મુકત થવાને મેં આવા અંધારા સ્થળનો આશ્રય લીધો હતો. " તે મનુષ્યે કહ્યું.

આ કથન સાંભળી અજયસિંહના મનમાં એક પ્રકારના આનંદનો આવિર્ભાવ થયો. એક આહમારી અજયસિંહે પોતાના મનમાં કહ્યું." હાય ! આ દુઃખી સંસારમાં હું એકલો કાંઇ આવો દુઃખી મનુષ્ય નથી ! મારા જેવા કેટલાએ દુઃખી મનુષ્યો આવી યાતના સહન કરતા હશે ! આવા દુઃખી મનુષ્યની ભેટ કરાવી પ્રભુ! તેં મારા પર મહત્ કૃપા કરી છે ! આવ ભાઇ ! આપણે બંને ભગ્નહૃદય સન્યાસી એક બીજાના હૃદયને ભેટી કાંઇક સુખાનુભવ કરીએ.

આમ કહી તેને ભેટવા અજયસિંહે પોતાના હાથ લંબાવ્યા પણ તે સન્યાસીએ એકદમ દૂર ખસી કહ્યું. "આજની રાત્રિ ઘણીજ ભયંકર છે ! "

" ખરેખર ! આજની રાત્રિ ઘણીજ ભયંકર છે. " અજયસિંહે કહ્યું.

" ચાલો ત્યારે, આપણે અહિંથી ચાલ્યા જઇએ તો " આગન્તુકે કહ્યું.

" ક્યાં જઇશું ? " અજયસિંહે પ્રશ્ન કર્યો.

" વસ્તીમાં " તે આગન્તુકે કહ્યું. " અંધકારમાં શાન્ત થવાને બદલે મન વિશેષ વ્યાકુળ બને છે અને એકાન્તમાં સ્મૃતિ મંદ થવાને બદલે વિશેષ તિક્ષણ થાય છે. માટે આપણા જેવા મનુષ્યે વસ્તીમાં જઈ રહેવું વિશેષ શ્રેયઃકર છે. "

નિરાશ હૃદય અને કાતરતા પૂર્ણ પ્રાણને જ્યારે સહાનુભૂતિ મળે છે ત્યારે થોડા વખતને માટે તેમાંથી નિરાશા અને વ્યાકુળતાનો લોપ થઇ જાય છે, અને ચિત્તમાં એક પ્રકારના આનંદ અને શાન્તિનો આવિર્ભાવ થાય છે. પ્રેમમુગ્ધ કવિ કલાપીએ સત્ય કહ્યું છે કેઃ—

" બને છે દર્દ કૈં ઓછું દર્દીને દર્દી લાધતાં,
ભાગી કો દર્દમાં થાતાં પોતાનું દર્દ જાય છે. "

તાળી વગાડી અજયસિંહે કહ્યું. " હે નિરાશ હૃદય, ભગ્નપ્રાણ સન્યાસી ! તમારૂં કહેવું સત્ય છે. એકાન્તમાં હૃદયની અગ્નિ અને સ્મૃતિ સમતાને બદલે પ્રબળ થાય છે એનો અનુભવ આજ મને થઈ ચૂક્યો છે. ચાલો ત્યારે, આપણે બન્ને ભગ્નહૃદય સન્યાસી વસ્તીમાં જઇએ અને ત્યાં શું વીતે છે તેનો અનુભવ કરીએ. "

આમ કહી અજયસિંહ ધીમે ધીમે આગળ વધ્યો. આ-

ગન્તુક સન્યાસી તેનું અનુસરણ કરવા લાગ્યો. ઘનઘોર અંધકાર વ્યાપી ગયો હતો તેથી તેઓને સીધો માર્ગ જડી શક્યો નહિ. કેટલીક વાર સુધી તેઓ આમ તેમ આથડયા. આખરે અંધકારનો લોપ થયો. નીલ આકાશપર ઉષ:કાળની મુકુટજ્યોતિ ઝગૂકવા લાગી. અજયસિંહને લાગ્યું કે હવે સહેલાઇથી પર્વત પરથી નીચે ઉતરી શકાશે ! પણ જવું ક્યાં ? તે પોતે કાંઇ "હવે પણ નિર્ણય કરી શક્યો નહિ, તેથી તેણે તે આગન્તુકને પૂછ્યું ક્યાં જવાનો વિચાર છે ?"

આગન્તુક તરફથી કાંઇ પણ ઉત્તર ન મળ્યો. અજયસિંહે પાછા ફરી જોયું તો ત્યાં તે સન્યાસી નહોતો ! થાક લાગવાથી તે વિશ્રાંતિ લેવા ક્યાંક બેઠો હશે એમ ધારી અજયસિંહે કેટલીક બૂમો પાડી પણ કંઇ પણ પ્રત્યુત્તર મળ્યો નહિ—બહુ દૂર સુધી તેણે તેની શોધ કરી પણ તેનો પત્તો લાગ્યો નહિ. કેટલીક વાર સુધી તેણે તેની રહા જોઇ પણ તે તો ના આવ્યો તે ન જ આવ્યો.

પ્રકરણ ૨૧ મું.

ગિરિરાણી

વદન કમલે કન્યાના છે હજુ અનભિજ્ઞતા,
દુઃખ નથી સહ્યાં સંસારી કે ન કૈં જ કઠોરતા;
પણ સુખભરી બાલ્યાવસ્થા વહી ગઈ છે અને,
મધુ સમય શી યુવા તેના શરીર પરે ઝુમે !

કલાપી

આ જ કેટલાક દિવસ થયાં નીલ નભમંડળમાં વર્ષાકાળની મેઘજાળ વિખરાઇ ગઇ હતી. તેને સ્થળે અત્યારે સૂર્ય કિરણમાં નાની નાની શુભ્ર મેઘમાળાઓ ચમકી રહી હતી. બંને કાંઠે છલોછલ વહેતી નર્મદાના જળમાં તે શુભ્રમેઘમાળાનાં પ્રતિબિંબ અપૂર્વ શોભા આપતાં હતાં. પૃથ્વીપર પ્રકૃતિએ પોતાની લીલી ચાદર પાથરી દીધી હતી. સરિતા તટપર ઉગેલાં

વૃક્ષો સુવર્ણ રંગથી રંજિત થએલાં દેખાતાં હતાં. કેટલેક દૂર, પહાડના એક શિખર ઉપર એક નાનું સરખું મકાન જણાતું હતું તેથી એવો ભાસ થતો હતો કે જાણે વિન્ધ્યા પર્વતે પોતાના શિરપર મુકુટ તો ધારણ નહિ કર્યો હોય ! થાકી લોથ પોથ થઇ ગયેલો અજયસિંહ એક વિશાળ વૃક્ષ નીચે ઉંઘતો હતો. એકાએક તે પર્વતીય પ્રદેશ વાંસળીના મધુરા રવથી પ્રતિધ્વનિત થવા લાગ્યો. અજયસિંહના કર્ણમાં પણ તે રવે પ્રવેશ કર્યો. તેની ઉંઘ ઉડી ગઇ. તેનાં ચક્ષુ ઉઘડી ગયાં. આશ્ચર્ય ચકિત દૃષ્ટિથી તેણે જોયું તો પર્વતના શિખર પરથી એક અપૂર્વ સૌંદર્યમયી સુંદરી, તેની સહચરીઓ સાથે, વંસળી વગાડતી વગાડતી સરિતા તટ તરફ આવતી હતી. તે સુંદરીનું સુંદર અને કોમળ શરીર તાજા ખીલેલા અને સુગંધિત પુષ્પથી શણગારાએલું હતું. તેના ગળામાં મોગરાનો હાર હાથમાં શેવતીનાં કંકણ અને ચંપાના ગુચ્છ આદિ અલંકારો એવી રીતે શોભી રહ્યાં હતાં કે જાણે વન દેવીએ પોતાની દુહિતાને શણગારવા માટે સર્વ પુષ્પોને આજ્ઞા તો કરી નહિ હોય! કિશોરીની સાથે તેની જે સહચરીઓ ચાલતી હતી તેમણે પણ કુસુમનો આછો અલંકાર ધારણ કરેલો હતો. એકાએક વાંસળીનો અવાજ બંધ થઇ ગયો. તે નવ યૌવના કિશોરીએ પોતાનાં વિશાળ, અચળ અને સ્થિર, સૌદામિની માફક ચમકતાં નેત્રોથી અજયસિંહ તરફ કટાક્ષથી જોયું. તેના સુંદર અને સરલ મુખમંડળ પર એકાએક આશ્ચર્યનાં ચિન્હો દૃષ્ટિગોચર થવા લાગ્યાં. તેના નિતંબ ભાગપર લટકનારી લાંબી વેણી કંપવા લાગી. લલ્લ ગુ-

લાબને લજાવનારા તેના અધરમાં એકાએક ચૈતન્ય ઉત્પન્ન થતાં તે ફરફરવા લાગ્યાં. પ્રાતઃકાલના કમળ સમાન તેનું કપોલ સ્થળ લાલ થઇ ગયું. વસન્તમાં હાલતી વૃક્ષ શાખાઃ પ્રમાણે તેનાં દીર્ઘ હસ્ત હાલવા લાગ્યા. પોતાની એક સહચરીનો હાથ ઝાલી તેણે કહ્યું. " ચપલા ! આવા નિર્જન સ્થળમાં પેલો કોણ પુરૂષ સુઇ રહ્યો હશે ? "

" હશે કોઇ વટેમાર્ગુ, " ચપલાએ કહ્યું. " અને ચાલતાં ચાલતાં થાકી ગયો હશે એટલે વિશ્રામ લેવા સુઇ રહ્યો હશે. "

" તે કોણ છે અને અહિં કયાંથી આવ્યો છે તે લગાર તેને પૂછી જોને. " તે કિશોરીએ કહ્યું.

" બાઇ સાહેબ ! તમે પોતેજ તેને પૂછી જુઓને. " સમવયસ્ક સહચરીએ મોં મલકાવી કહ્યું.

" બ્હ્યું, મને તો શરમ આવે છે. તું પોતેજ પૂછી જોને. " મોંપર શરમના શેરડા પડી ગએલા હતા તેનાપર હાથ ફેરવતાં ફેરવતાં તે કિશોરીએ કહ્યું.

મોં મલકાવતી મલકાવતી ચપલા આગળ વધી અને અજયસિંહ પાસે જઇ બોલી. " મહાશય ! આપ કોણ છો અને અહિં કયાંથી આવી ચડયાછો તે જાણવાની અમારી ગિરિરાણી ઇચ્છા રાખે છે "

" હું એક મુસાફર છું અને ચાલતાં ચાલતાં થાકી ગએલો હોવાથી અહિં વિશ્રામ લઉં છું. " અજયસિંહે કહ્યું.

" સખી ! " ગિરિરાણીએ તેની સહચરીને કહ્યું. " તે

બિચારો થાકી ગયો છે અને તેની તબીઅત બગડી ગઈ હોય એમ જણાય છે. તેને આપની અતિથિશાળામાં આવી વિશ્રામ કરવાનું કહે. "

અજયસિંહને પહેલાં તો ગિરિરાણીની માગણીનો સ્વીકાર કરવાનું યોગ્ય લાગ્યું નહિ પણ જ્યારે તેની સહચરીએ બહુ આગ્રહ કર્યો ત્યારે તેણે તે માગણી સ્વીકારી. માગણીનો સ્વીકાર કરતાં પહેલાં અજયસિંહે લાવણ્યમયી રાજરાજેશ્વરી સમાન ગિરિરાણીના સુકુમાર અને ઉન્નત તનુ તરફ દૃષ્ટિ કરી. તેનાં વિશાળ અને ઉજ્જવળ નેત્રો તરફ તે બારીકાઇથી જોવા લાગ્યો. તે નેત્રો કોઈ અપરિજ્ઞાત અને શબ્દશૂન્ય ભાષામાં દીનતાથી તેને એમ કહી ન રહ્યાં હોય કે ' શું તમે મારી માગણીનો અસ્વીકારજ કરશો ' એવો તેને ભાસ થયો. એકદમ તેણે તેનું મોં બીજી બાજુએ ફેરવી દીધું. એક બાજુએ છલાછલ પાણીથી ભરેલી વિશાળકાયા નર્મદા નદી તરંગભંગ સાથે ગાન કરતી હતી તો બીજી બાજુએ પલ્લવ ભારથીનમ્ર અને પુષ્પ ગુચ્છથી સુશોભિત થએલાં વૃક્ષસમૂહ હવામાં ડોલી રહ્યાં હતાં. ઉપર નીલ આકાશ અસ્ત પામતા સૂર્યના તેજથી સોનેરી રંગે રંજિત થયું હતું તો નીચે પ્રકૃતિની લીલી વાડી મોહમયી રીતે શોભી રહી હતી. અજયસિંહે કહ્યું " આપની ગિરિરાણીનું રાજભુવન ક્યાં છે ? ચાલો, આજની રાત ત્યાંજ વિશ્રામ લઇશું. "

ગિરિરાણી અને તેની સાહેલીઓની પાછળ પાછળ અજયસિંહે ગમન કરવા માંડ્યું. ગિરિરાણીની એક સહચરીએ તેને

કહ્યું. " બાપ્પ સાહેબ ! આપ આપની વાંસળી વગાડોને ? સન્ધ્યા સમયે વસન્ત વગાડવાથી અત્યન્ત આનંદ ઉત્પન્ન થાય છે."

ગિરિરાણીએ પોતાની વાંસળી તેના હોઠપર લગાડી અને વસન્ત રાગ ગાવા માંડયો. પરન્તુ આજ તેની વાંસળી પહેલાંની માફક વાગતી નહોતી. વસન્ત ગાતાં ગાતાં તે વિહાગમાં ઉતરી પડતી હતી. જ્યારે વિહાગની લય બરોબર કરવા જતી હતી ત્યારે તે ભૈરવીમાં પલટો ખાતી હતી અને જ્યારે ભૈરવી વગાડવાનો યત્ન કરતી ત્યારે તે વાગેશ્વરીની ચાલમાં ચાલી જતી. આજ ગિરિરાણીની વાંસળી તેના કબજામાં ન રહી. આખી ઉમરમાં ફકત આજજ તેની વાંસળી બરાબર ન વાગી.



પ્રકરણ ૨૨ મું.

ગોકુલદાસ.

મણિ માંહિ નહિ રસ, સ્વાદ, સુવાસ, પ્રકાશ તણો ગુણ એક અનેક;
વળી કસ્તુરી માંહિ સુગંધ વસે, શુભ રૂપ કે રંગ છતે નહિ છેક.
શુક કોકિલના સ્વર સુંદરથીજ, વખાણ કરે સઉ વિશ્વ વિશેક;
સનમાન સદા દલપત્ત થશેજ, હશે ગુણ જો પરિપૂરણ એક.

કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ.

ગિરિરાણીની પાછળ પાછળ આ જયસિંહે તેના રાજ મહેલમાં પ્રવેશ કર્યો. તે રાજ મહેલ સફેદ પત્થરનું બાંધેલું એક બે માળનું નાનું સુ મકાન કહીએ તો ચાલે. કારણકે

રાજ મહેલમાંનું ફક્ત એકજ ચિન્હ ત્યાં દૃષ્ટિગોચર થતું હતું. તે ચિન્હ એ હતું કે તેની આજુબાજુ ચારે તરફ છટો માટીનો એક મજબુત કોટ બાંધવામાં આવ્યો હતો. કોટની અંદરની જમીનમાં એક બાજુએ ગિરિરાણી અને તેની સાહેલીઓને રહેવાને માટે એક શોભાયમાન મકાન બનાવવામાં આવેલું હતું. તે મકાનના સામેના ચોગાનમાં જાત જાતનાં ફળ ઝાડ તથા ભિન્ન ભિન્ન પ્રકારના પુષ્પ રોપાઓ વાવી, એક સુંદર બગીચો બનાવવામાં આવ્યો હતો. તે બગીચાની દેખરેખ ગિરિરાણી પોતે રાખતી હતી. સવાર સાંજ તે તેની સહચરીઓ સાથે આ બગીચામાં બેસતી અને આનંદનો ઉપભોગ કરતી. બાગની સામે સીપાઇઓને રહેવાનું એક મકાન હતું અને તેના પડખામાં એક નાનકડું અશ્વાગાર હતું. આખું મકાન એક નાનકડા કિલ્લા સમાન દેખાતુ હતું અને લોકો પણ તેને 'ગિરિદુર્ગ'ના નામથીજ ઓળખતા હતા.

અશ્વાગાર પાસેની એક નાની પરન્તુ સ્વચ્છ ઓરડીમાં અજયસિંહને . ઉતારો આપવામાં આવ્યો હતો. રાતે ઓટલા ઉપર બેઠો બેઠો તે દૂર વહેતી નર્મદા નદીના તરંગ ભંગ તથા ચંદ્રજ્યોત્સ્નાથી જે અવર્ણનીય દૃશ્ય થતો હતો તે જોતો હતો. એટલામાં ગિરિરાણી તેની સાહેલીઓ સાથે ત્યાં આવી. અજયસિંહ ઉઠી ઓરડામાં ગયો. ગિરિરાણીએ તેને પૂછ્યું. " પથિક ! તમારી સઘળી જરૂરીઆતો પૂરી પડી છે કે નહિ ? આ ગિરિદુર્ગને આપના ગૃહ સમાનજ ગણજો. જે કાંઇ જોઇતુ હોય તે માગતાં બિલકુલ સંકોચાશો નહિ "

અજયસિંહને ગિરિરાણીનો અમૃતસ્રાવી કંઠસ્વર ઘણોજ કોમળ અને મધુર માલૂમ પડયો. તે કોઇ ઉંડા વિચારમાં ઉતરી પડયો. તેની જીભ ઉપડી શકી નહિ. ગિરિરાણીને કાંઇ પણ પ્રત્યુત્તર નહિ આપતાં તે તેના મોં તરફ એકી ટસે જોઇ રહ્યો. ગિરિરાણી બોલી "જો આજ મારા પિતાશ્રી અહિં હોત તો તે આપને જોઇને ઘણાજ પ્રસન્ન થયા હોત."

"તમારા પિતાશ્રી ક્યાં ગયા છે ?" અજયસિંહે ઉત્સુકતાથી પ્રશ્ન પૂછયો.

અજયસિંહનો આ પ્રશ્ન સાંભળી ગિરિરાણીનાં ચક્ષુમાં આંસુ આવી ગયાં. તે લોતાંલોતાં ગળગળીત કંઠે તેણે કહ્યું. "આજ બે મહિના થયાં તેઓ યોગાભ્યાસ કરવા શ્રી પુષ્કરનાથજી ગયા છે. જતી વખતે તેમણે મને કહ્યું હતું કે જો બે મહિનામાં હું પાછો ન ફરૂં તો મારા સમાચાર ગોકુલદાસને પૂછજે. તેમને ગયે આજજ બે માસ પૂરા થાય છે."

"ગોકુલદાસ કોણ છે ?" અજયસિંહે પ્રશ્ન કર્યો.

"ગોકુલદાસ અમારા લશ્કરના પ્રધાન સેનાપતિ છે. તે મારા પિતાશ્રીના બાલ મિત્ર છે. ચપલા ! તું ગોકુલદાસને બોલાવી લાવને. મારે તેમને પૂછવું છે કે પિતાશ્રીના કાંઇ સમાચાર આવ્યા છે કે નહિ ?"

ચપલા ગિરિરાણીની સમવયસ્ક સાહેલી હતી. તે ગોકુલદાસને બોલાવવા ચાલી ગઇ. એકાએક ગિરિરાણી ચમકી ઉઠી અને ઓરડીનાં બારણાં તરફ આંગળી કરી બોલી. "શું ફરી તેહને તેહદસ્ય ! જરા, જુઓ તો ખરા."

અજયસિંહે ઓરડી બહાર દૃષ્ટિ નાંખી તો એક લાંબી દાઢી મૂછોવાળો મુસલમાન જેવો દેખાતો મનુષ્ય તીવ્ર અને ઉજ્જવલ કટાક્ષથી ગિરિરાણી તરફ જોતો હતો ! એક પળ માત્રમાં તે મનુષ્ય ત્યાંથી અદ્રસ્ય થઈ ગયો. હાથમાં તરવાર લઇ અજયસિંહ ઓરડીમાંથી બહાર નીકળ્યો અને ચારે બાજુએ તપાસ કરવા લાગ્યો. પરન્તુ તે મનુષ્યનો કાંઇ પણ પત્તો લાગી શકયો નહિ. થોડી વાર પછી ગિરિદુર્ગના દરવાજા પાસે કોઈ ઘોડાનો પગરવ સંભળાયો. અજયસિંહના મનમાં પહેલાં તો એમ થઇ ગયું કે તેણે તે અશ્વનું અનુસરણ કરવું જોઇએ પણ પછી તેને વિચાર આવ્યો કે તે અશ્વ પૂર જોસમાં દોડી રહ્યો હતો એટલે તે તેને પકડી પાડે એ અસંભવીત હતું. નિરૂપાય તે ઓરડીમાં પાછો આવ્યો તો ત્યાં દીવા આગળ એક વૃધ્ધ સિવાય બીજું કોઇ પણ તેની દૃષ્ટિએ પડ્યું નહિ. નહોતી ત્યાં ગિરિરાણી કે નહોતી ત્યાં તેની સાહચરી ચપલા ! કેટલીક વાર સુધી તે વૃદ્ધ અજયસિંહ તરફ એકી ટસે જોઇ રહ્યો. પછી તે પોતાના મનમાં બોલ્યો. “ અરે, આ શું ? આજ હું સ્વપ્ન તો જોઇ નથી રહ્યો ને ?”


આમ કહી તે વૃધ્ધે દીવો પોતાના હાથમાં લીધો અને દીવાવાળો હાથ અજયસિંહ તરફ લંબાવી તેના તેજમાં તેનું મુખારવિન્દ બારીકાઇથી જોવા લાગ્યો. એકાએક તેણે દીવો જમીન પર મૂકી દીધો અને અજયસિંહના પગ આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યો. એકાએક આ વૃદ્ધે આ શું કરવા માંડ્યું તેનો કાંઇપણ ભાવાર્થ અજયસિંહ સમજી શકયો

નહિ. તેણે કહ્યું. "અરે, આ શું! કાકા આપ મને સાષ્ટાંગ પ્રણામ શા માટે કરોછો ? "

" માહારાજ ! " તે વૃદ્ધે કહ્યું. " મેં આપને ઓળખી લીધા છે. આપ અમારા પૂજનીય મહારાણા અમરસિંહના પૌત્ર જ છો. "

" આપનું નામ શું છે ? " આશ્ચર્ય ચકિત થઇ અજયસિંહે પ્રશ્ન કર્યો.

" આ સેવકને લોકો ગોકુલદાસના નામથી ઓળખે છે. " તે વૃદ્ધે કહ્યું.





પ્રકરણ ૨૭ મું.

ગિરિરાણી પર આફત.

રૂદન મધુર લાગે, કોઇ જો પ્રેમી લાધે;
રૂદન જહર આંહિ, પૃથ્વીમાં સ્વર્ગ અંશ.

કલાપી.

મહારાજ ! આપ અહિં ખરી અણીના વખતે આવી પહોંચ્યા છો. અમારી બાલગણી ગિરિરાણીનું રાજ્ય આજ કાલ અરક્ષિત છે, અમારી સેના નાયકશૂન્ય છે અને અમારી રાણીના શિર પર એક ભયંકર વિપદ્વાદળ ઝઝુમી રહ્યું છે. તે સંકટમાંથી તેમનું રક્ષણ કરી તેમના માન તથા સંભ્રમની રક્ષા

કરવા માટેજ તેમના પિતાશ્રીની પ્રાર્થના શ્રવણે ધરી વિધાતાએ આપને અહિં મોકલ્યા હોય એમ જણાય છે. ક્ષાત્રપાળ મહારાણા પ્રતાપસિંહના પ્રપૌત્રનું છત્ર અમારા માથા પર આવતાં તે અત્યાચારીઓથી અમને કાંઇપણ અડચણ થાય એ તદ્દન અસંભવિત છે. ભલા, પ્રભુ! ગિરિરાણીના પિતાનું પણ પણ રહ્યું અને મારું પણ માન રહ્યું." ગોકુલદાસે છુટકારાનો શ્વાસ ખેંચી કહ્યું.

"આપની ગિરિરાણીના પિતાશ્રી ક્યાં ગએલા છે?" અજયસિંહે પ્રશ્ન કર્યો.

"તેમના પિતાશ્રી, મહારાજ!" એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી ગોકુલદાસે કહ્યું. "આજથી દશેક વર્ષપર યવનરાજ જહાંગીર સાથે એક ખરા રાજપૂત પ્રમાણે યુદ્ધ કરતાં વીરગત થયા હતા. પરન્તુ એ વાત આપને અત્યારે કહેવાનો અવસર નથી. સમય મળતાં હું આપને સર્વ વાત અથથી ઇતિ સુધી કહી સંભળાવીશ. પણ ગિરિરાણી જેમને પોતાના પિતા માને છે અને જેમને માટે આપે મને પ્રશ્ન પૂછયો છે તે મહાશય આ ગિરિદુર્ગના માલેક છે. તે એક તાપસ છે અને તેમનો જન્મ એક વિખ્યાત રાજકુળમાં થયેલો છે. યુવાવસ્થામાં તેમણે મહારાણા પ્રતાપસિંહ અને આપના પ્રપિતા અમરસિંહને મુગલો સાથે યુદ્ધ કરવામાં અત્યન્ત સહાય્ય કરી હતી પણ આજથી બાર તેરેક વર્ષ થયાં કોઇ ખાસ ઘટનાથી સંસારનો ત્યાગ કરી તેમણે સન્યાસ ગ્રહણ કર્યો હતો. તે વખતે ગિરિરાણીના મૂળ પિતા તેને લઇ તે મહાશય પાસે આવ્યા અને તેને તેમને સોંપી

પોતાના પહરથી આ ગિરિદુર્ગ બંધાવી આપ્યો. અહિં વસી તે મહાશયે યોગાભ્યાસ કરવા માંડ્યો અને તે બાલિકા ની પણ દેખરેખ રાખવા માંડી. આજથી લગભગ બે એક મહિના ઉપર એક ભયંકર રાત્રિએ તેઓ મારા ઓરડામાં આવ્યા અને મને કહ્યું. "ગોકુલદાસ ! આજ સન્ધ્યા સમયે જે વખતે હું યોગાસન ઉપર બેઠો બેઠો શિવજીનું ધ્યાન ધરી રહ્યો હતો તે વખતે મારી આંખો આગળ એક ભયંકર ભવિષ્ય ઘટના દેખાઇ હતી. થોડા દિવસમાં ગિરિરાણી પર એક ભયંકર આપત આવી પડશે. અલ્પ સમયમાંજ આ એકાન્ત ગિરિદુર્ગ મનુષ્ય રકતથી પ્લાવિત થશે અને મારા જીવથી પણ અધિક પ્યારી ગિરિરાણી પર એક ઘોર વિપદ્ વાદળ તૂટી પડશે. તેના શિરપર જે વિપત્તિ આવી પડવાની છે તેનો વિચાર આવતાંજ મારૂં મમતાશૂન્ય કઠોરહૃદય પીગળી જાય છે. મારાથી મારી પ્યારી પુત્રીની દુર્દશા જોઈ શકાય તેમ નથી. સંકટમાંથી તેનું રક્ષણ કરવું મારા સામર્થ્ય બહાર છે. માટે શ્રી પુષ્કરનાથજી જઈ યોગાભ્યાસ વડે તેનું સંકટ ઓછું કરવા માટે હું ચેષ્ટા કરીશ. જો તેમાં મને સફળતા મળશે તો બે મહિનામાં હું અહિં પાછો આવીશ. પણ જો તેમાં મને સફળતા પ્રાપ્ત નહિ થાય તો પછી હું મારૂં મુખ કોઇ પણ મનુષ્યને દેખાડીશ નહિ. જ્યાં સુધી તારા જીવમાં જીવ હોય ત્યાં સુધી તુ તેનું વિપદ્માંથી રક્ષણ કરવાને યત્ન કરજે, પછી તો જેવી ઇશ્વરની ઇચ્છા ! જો, તું આ કામમાં બરાબર સાવધાન રહેજે હો." આમ કહી બીજે દિવસે તે મહાશય

અહિંથી પુષ્કરનાથજી ગયા. તેમના જવા પછી બીજા દિવસ-થીજ અમને ભયાનક દૃશ્ય દૃષ્ટિગોચર થવા માંડયા છે. ભયા-નક રાત્રિએ ઘોડાના ટાપોથી કાનનભૂમી પ્રતિધ્વનિત થાય છે. ગિરિદુર્ગ આગળ વારંવાર યવનો દેખા દેછે અને અલ્પ સમ-યમાંજ અલોપ થઇ જાય છે. નદીના કિનારા તરફથી દરરોજ રાત્રિએ અસ્ફુટ ધીમા અવાજ કર્ણગોચર થાય છે. ફકત થોડા-જ સમય ઉપર ગિરિરાણીએ અહિં કોઇ યવનને દેખ્યો હતો એવું તેણે મને કહ્યું હતું. વસ્તુસ્થિતિ આવી હોવાથીજ હું આપને કહું છું કે આપ અહિં ખરી અણીના વખતેજ આવી પ્હોંચ્યા છો. અત્યારે તો આપ થાકી ગયા હશો માટે આરામ લો. કાલ સવારે હું આપને મળીશ અને હવે શું કરવું તેનો આપણે ભેગા મળી નિર્ણય કરીશું ”

આમ કહી અજયસિંહને પ્રણામ કરી ગોકુલદા-સ વિદાય થયો. અજયસિંહ શય્યા પર જઇ પડયો. તેના મનમાં ભિન્નભિન્ન પ્રકારના વિચાર આવવા માંડયા. સરલા ગિ-રિ રાણીપર એકાએક આફત આવી પડતી જોઇ તેનું વીર હૃદય દયાથી પીગળવા માંડયું. જો તે આફત રીટાડવાને તેનામાં સામર્થ્ય હોય તો ક્ષત્રી હોવા છતાં પણ શું તે તેના વીર ધર્મનું પાલણ નહિ કરે ? પણ તે આફત કેવા પ્રકારની હશે ? તે કયારે આવી પડવાની સંભાવના છે ? વગેરે વિચાર અજયસિંહના મગજમાં ઉત્પન્ન થવા લાગ્યા. સ્વરૂપવાન સહચરીઓથી ઘેરાએલી અપ્સરા સમાન રૂપવતી ગિરિરાણીને જોઇ, તેની અમૃતમયી વાંસળીનો મધુરો ધ્વનિ સાંભળી શું તે ધૈર્ય ધારી શકશે? નહિ! હિરણમયીનું

વિસ્મરણુ કરવા માટે સન્યાસ ધારણુ કરી યેગાભ્યાસદ્વારા આત્મ સંયમ કરવા માટે જ અજયસિંહ આ નિર્જન વિંધ્યા પર્વતપર આવ્યો હતા ને ? શું તેને યોગાભ્યાસ આવોજ હતા કે ? શું તેના કઠોર વ્રતનો આવોજ ધર્મ હતા કે ? પુષ્પાભૂષણુથી અલંકૃત થએલું ગિરિરાણીનું વસન્તલતા સમાન સુકુમાર અને કોમળ શરીર તેની દૃષ્ટિ સમિપ ટળવળવા લાગ્યું. તેનો સુધાપૂર્ણ કંઠસ્વર અને અમૃતસ્ત્રાવી વાંસળીના ભણુકારા તેના કર્ણ કપાટ ભેદી તેના મગજમાં ઘુમવા લાગ્યા. શુદ્ધ રાજપૂત હોવા છતાં, પવિત્ર સિસોદિયા કુળમાં જન્મેલો હોવા છતાં, શું તે એક નિઃસહાય્ય અબલાનો તેની વિપદ્‌માંથી ઉદ્ધાર નહિ કરે ? દીર્ઘ સમય સુધી અજયસિંહ વિચારમાં તલ્લીન રહ્યો. શું કરવું અને શું ન કરવું તેનો કાંઇ પણુ નિર્ણય તે કરી શકયો નહિ. રાત્રિનો મોટો ભાગ તેણે અનિદ્રિત સ્થિતિમાંજ ગાળ્યો.

મોટા પરોઢમાં અજયસિંહની આંખ ઉગડી ગઇ. તે શય્યા પરથી ઉઠયો અને ગોકુલદાસને ખોળવા લાગ્યો. ખોળતાં ખોળતાં અજયસિંહ પુષ્પવાટિકામાં જઈ ચડયો. ત્યાં ગોકુલદાસ ઇશ્વર સેવા માટે ફૂલ ચુંટતો હતો. તેની પાસે જઇ અજયસિંહે કહ્યું. ગોકુલદાસ ! આજ હું આપની પાસેથી રજા લેવા આવ્યો છું."

" શાની રજા ? " આશ્ચર્ય ચકિત થઇ ગોકુલદાસે પૂછ્યું

" અહિંથી જવાની રજા " અજયસિંહે જવાબ આપ્યો.

આશ્ચર્યથી પોતાનાં ભવાં ઉંચાં ચડાવી વૃદ્ધ ગોકુલદાસ કેટલીકવાર સુધી અજયસિંહના મુખ તરફ જોઇજ રહ્યો, પછી એક નિઃશ્વાસ નાંખી તેણે કહ્યું. " હાય ! આજ હું આ સ્વપ્ન તો

નથી જોતો ને ? ધર્મ રક્ષક બાપા રાવળનો વંશજ, એક આપદ્‌ગ્રસ્ત અબળાને આપદ્‌માં છોડી ચાલ્યો જવાને રજા માગે છે એ શું સત્ય હશે ? પ્રભુ ! પ્રભુ ! ! શું રાજપૂતોમાંથી રાજપૂત તેજ જતું રહ્યું ? શું પરતંત્ર થઇ ગયેલા સિસોદિયા એટલા બધા અધમોધમ થઇ ગયા કે વિપદ્‌જાળમાં ગ્રસિત થએલી એક નબાપી બાળાને એમને એમ છોડી પોતે ચાલ્યા જવાની ઇચ્છા કરે છે? શંભુ ! શંભુ ! ! પવિત્ર રાજસ્થાનની હવે શી દશા થશે ? અનાથ હિંદુ ધર્મ હવે કયી રીતે બચશે ? જ્યારે છત્રપતિ હમીરસિંહના વંશજો આવા ભીરૂ બન્યા ત્યારે અન્ય રાજપૂતોની તો વાતજ કરવાની કયાં રહી હશે ? ફકત અલ્પ સમયમાંજ આ કેવો વિપરીત ફેરફાર થઇ ગયો છે ? "

ગોકુલદાસનું ઉપરોકત કથન સાંભળી અજયસિંહના મુખ પર શરમના શેરડા ચઢી આવ્યા. ધીમે સ્વરે તેણે કહ્યું. " ગોકુલદાસ ! આપની બાળરાણીનો વિપદ્‌માંથી ઉદ્ધાર કરવા હું મારાથી બનતો યત્ન કરવા કટીબંધ તૈયાર છું, પરન્તુ કોઇ વિશેષ કાર્યની પરિપૂર્તિ માટે બે વર્ષ સુધી જનશૂન્ય સ્થાનમાં રહેવાનો મેં નિશ્ચય કર્યો છે. આપના કિલ્લામાં રહેવાથી મારા વ્રત પાલનમાં મોટો વ્યાઘાત પડે તેમ છે, માટેજ હું અહિંથી જવાની રજા માગું છું. હું બહુ દૂર જવાનો નથી. પાસેના અરણ્યમાં એકાદ યોગ્ય સ્થાને વાસ કરવાનો છું. જ્યારે જ્યારે ગિરિરાણીપર વિપત્તિ આવી પડવાની સંભાવના દૃષ્ટિગોચર થાય અથવા જ્યારે જ્યારે આપને મારી અગત્ય માલૂમ પડે ત્યારે ત્યારે કિલ્લાપરનું નગારૂં વગાડજો નગારાનો અવાજ સાંભળી ગમે તેવા કાર્યમાં યુક્ત હઇશ તોપણ હું આપની પાસે દોડી આવીશ. "

"જો અમારા ગિરિદુર્ગમાં રહેવાથી આપના વ્રત પાલનમાં વિક્ષેપ પડતો હોય તો હું મોટી દિલગીરી સાથે આપને અહિંથી જવાની અનુમતિ આપું છું. જ્યારે જ્યારે અમને આપની આગત્ય માલૂમ પડશે ત્યારે ત્યારે હું આપની આજ્ઞા પ્રમાણે કિલ્લાનું નગારૂં વગાડીશ--આપનો દાસાનુદાસ આશા રાખે છે કે જ્યારે આપ નગારૂં સાંભળશો કે તરતજ ગિરિરાણીને સહાય્ય કરવા દોડી આવશો " ગોકુલદાસે કહ્યું.

ગોકુલદાસની રજા મળતાંજ અજયસિંહે ચિન્તાતુર વદને ત્યાંથી ચાલવા માંડ્યું.

કેટલીકવાર પછી ગોકુલદાસે જોયું કે ગિરિરાણી એકલી ધીમી ધીમી તેની તરફ આવી રહી હતી. બાલસખીનું પુષ્પ સમાન ખીલેલું મુખ, જાણે કોઇ દુર્ઘટનાએ કે કોઇ અકથનીય ચિન્તાએ તેના હૃદયપર અધિકાર જમાવ્યો નહોય તેમ ઘણુંજ મલિન થએલું દૃષ્ટિગોચર થતું હતું. પ્રેમાળ ગોકુલદાસ તેને પોતાની પુત્રી સમાન ચહાતો હતો. પ્રભુભક્ત અને વિશ્વાસુ ભૃત્ય ગિરિરાણીને પોતાના પ્રાણથી પણ અધિક સમજતો હતો. માટે તેના પર આવી પડનારી વિપદ્‌નો વિચાર આવતાંજ તેનું મન વિહ્વળ થયું. સરલા ગિરીરાણીનો તેના પર આવી પડનારી વિપદ્‌માંથી કયીરીતે ઉદ્ધાર થાય? તે વિચારજ તેના મનને રાત્રિદિવસ અસ્વસ્થ કરી રહ્યા હતા. તેનાપર આવી પડનારી આપદ્ વિષે કાંઇ પણ વાત તેણે ગિરિરાણીને કહી નહતી તેમ પેલી ભયંકર રાત્રિએ મહર્ષિએ જે વાત તેને કહી હતી તેનો એક અક્ષર પણ તેણે તેને કહ્યો નહતો. તે વાત સાંભળવાથી તેના હૃદય પર

સખ્ત આઘાત થશે તથા પિતાના વિયોગથી તેનું ચિત્ત વિહ્વળ થઇ જશે એવું ધારી તેણે ગિરિરાણીને કહ્યું હતું કે તેના પિતાશ્રી પુષ્કળનાથજીનાં દર્શન કરવા ગયા છે તે બે મહિના પછી પાછા આવશે. આજ ગિરિરાણીનું મુખમંડળ આટલું બધું મલિન કેમ દેખાતું હશે? શું તેના પર આવી પડનારી વિપદ્ નહિ જોવા માટે તેના પિતાશ્રી તેનો ત્યાગ કરી ચાલ્યા ગયા હતા એ વાતની તેને ખબર પડી ગઇ હશે ? વગેરે વિચારો એકદમ ગોકુળદાસના મનમાં ઉત્પન્ન થવા માંડયા તેણે કહ્યું. 'ગિરિરાણી! આપ ચિન્તા ન કરો. પોતાનો ધારેલો હેતુ સિદ્ધ કરી, આપના પિતા જલદીથીજ પાછા આવશે. "

" કાલ રાત્રિએજ આપે મને કહ્યું હતું કે તેમણે આપેલી મુદ્દત હવે પૂરી થઇ જવા આવી છે. એટલે અલ્પ સમયમાં જ તે પાછા આવશે માટે તેમની બાબતમાં હું કાંઇ પણ ચિન્તા કરતી નથી. " ગિરિરાણીએ કહ્યું.

" તો પછી આપનું મુખમંડળ આટલું બધું મલિન કેમ દેખાય છે ! " ગોકુલદાસે પ્રશ્ન કર્યો.

"જુઓ, ગોકુલદાસ!" સરલા સુંદરીએ કહ્યું. "હું આપને એક વાત પૂછવા આવી છું. કાલ રાત્રિએ જે અતિથિએ આપણા અતિથિ ગૃહમાં વાસ કર્યો હતો તે આજ એકાએક કયાં ગુમ થઇ ગયા છે ? કાલે રાત્રિએ તે જે ઓરડામાં સુઇ રહ્યા હતા ત્યાં મેં જઇ જોયું તો તે ત્યાં નથી. મેં એમ ધાર્યું હતું કે તે તમને મળવા આવ્યા હશે પણ તે તો તમારી પાસે નથી. તે કયાં ગુમ થઇ ગયા હશે ? "

" આપણા ગિરિદુર્ગમાં રહેવાથી તેમના વ્રત પાલનમાં વ્યાઘાત આવતો હોવાથી આ પાસેના કોઇ અરણ્યમાં રહેવા તે ચાલ્યા ગયા છે. જતી વખતે તેમણે મને કહ્યું હતું કે વચ્ચે વચ્ચે તે આપણને મળતા રહેશે ને જો આપણને તેમની ખાસ જરૂર હોય તો આપણા કિલ્લાનું નગારૂં વગાડવાનું તેમણે મને કહેલું છે. "

" ત્યારે શું તેઓ જંગલમાં એકલાજ રહેશે ? ત્યાં એકલા રહેવાથી શું તેમના પર કોઇ ભય નહિ આવી પડે ? " દયામણું મોં કરી ગિરિરાણીએ કહ્યું.

" તે વીર ક્ષત્રી છે અને તેમની પાસે તરવાર છે, પછી તેમને ભય શાનો ? " ગોકુલદાસે ફૂલ ચુંટતાં ચુંટતાં કહ્યું.

કેટલીક વાર સુધી ગિરિરાણી ગોકુલદાસને ફૂલ ચુંટતોજ જોઇ રહી પછી તેણે કહ્યું. " તેઓ પુનઃઅહિં કયારેઆવશે ? "

"કયારે આવશે તે ચોકસ રીતે કહી શકાય એમ નથી પણ તે અહિં આવશે એ વાત તો ચોક્કસ છે. " ગોકુલદાસે કહ્યું.

ગિરિ રાણીના કિંજલ્કજળ જેવા કપોલ ઉપર ટપ ટપ અશ્રુ બિન્દુ તેના વક્ષઃસ્થળપર પડવા લાગ્યાં. વૃદ્ધ ગોકુલદાસે તે જોયાં નહતાં.

પ્રકરણ ૨૪ મું.

તાપસકુમાર.

સ્પર્શ્યો જેને પ્રણય તણખો, આમ તે ઝૂરવાનું;
સર્વાંગે આ અનલ ભડકે, આમ એ દાઝવાનું ।

કલાપી.

એક દિવસ સન્ધ્યા સમયે ગિરીરાણીએ તેની સહચરીઓ સાથે લાંબો વખત સુધી પૂર્ણ શરીરા નર્મદા નદીને કિનારે ફર્યા કર્યું. તેની અમૃતસ્ત્રાવી વાંસળીમાંથી ભિન્ન ભિન્ન પ્રકારના મધુરા તાન નીકળવા લાગ્યા. તેણે ધાર્યું હતું કે આજ તેને અહિં પેલા વિદેશી યુવાનનો મેળાપ થશે. ધીરે ધીરે જ્યારે અંધકાર

ચારે તરફ છવાઇ ગયો ત્યારે ગિરિરાણી હતાશ થઇ ગઇ. ઉંડા નિઃશ્વાસ નાંખતી નાંખતી તે ગિરિદુર્ગ તરફ પાછી ફરી.

બીજે દિવસે મોટા પરોઢમાં ગિરિરાણી ઉઠી અને તેની નજીક સૂઇ રહેલી તેની સહચરીને જગાડી બોલી. "ચપલા ! તું મને વારંવાર નહોતી કહેતી કે શરદ ઋતુમાં વૃક્ષો ફલપુષ્પથી ઝુકી જાય છે અને તે વખતે વનમાં ફરવાથી અત્યન્ત આનંદ ઉત્પન્ન થાય છે. જો તારૂં કહેવું સાચું હોય તો ચાલને, આજ આપણે આ પાસેના વનમાં ફરીએ અને બે ઘડી દિલને આનંદ પમાડીએ."

"રાણીજી ! આજકાલ અરણ્યની શોભા અદ્વિતીય થઇ રહી થઈ રહી છે એ વાત ખરી, પરન્તુ હાલમાં આપણાથી એકલાં તેમાં ફરી શકાય તેમ નથી. જુઓને, આજ થોડા દિવસથી આ નિર્જન વન જાણે મુસલમાનોથી વસાઇ ગયું ન હોય તેમ જ્યાં જોઇએ ત્યાં મુઆ તુરકડાજ દૃષ્ટિગોચર થાય છે. આવા વખતમાં આપણે છૂટા મોઢે બહાર નીકળવું પ્રસામત નથી તેથી કાંઇ ભય આવી પડવાની સંભાવના છે." ચંચળ ચપલાએ ઝઝુમી રહેલો ભય દર્શાવી કહ્યું.

"મુઆ તુરકડા આપણને શું કરવાના હતા ?" ગિરિરાણીએ ચપલાએ દર્શાવેલા ભયનું ખંડન કરતાં કરતાં કહ્યું. "ગોકુલદાસ પેલી વખતે આપણને કહેતા ન હતા કે પેલા વિદેશી આ જોડેના અરણ્યમાંજ વાસ કરી રહેલા છે. તે વીર ક્ષત્રી છે અને તેમની પાસે તરવાર છે. આપણાપર ભય આવી પડતાં શું તે આપણું રક્ષણ નહિ કરે ?"

ઉલ્લિખિત કથન કહેતાં કહેતાં ગિરિરાણીનું મુખસ્થળ લાલ રંગથી રંગાઇ ગયું. ગિરિરાણી કરતાં ચપલા બેએક વર્ષે મોટી હતી. ગિરિરાણીના મોં તરફ જોઈ, તેનો ભાવ સમજી તેણે કહ્યું. "સારૂ, રાણીજી! આપ આપની વાંસળી લઇ આવો. હું પણ જઇને અન્ય સહચરીઓને બોલાવી લાવું છું."

સહચરીઓને બોલાવી લાવવા માટે ચપલા ત્યાંથી ચાલી. જતાં જતાં તે પોતાના મનમાં બોલી. "મનસિજ! તારા પ્રભાવનો પાર કોણ પામી શક્યું છે? ફક્ત એકજ દિવસની દૃષ્ટાદૃષ્ટિમાં મારી રાણીજીના આવા હાલ થઇ ગયા હશે એવું મેં મારા સ્વપ્નમાં પણ ધાર્યું ન હતું."

અલ્પ સમય પછી તે નિર્જન વનમાં લલિત અને કરુણાપૂર્ણ તાન સાથે ગિરિરાણીની સુસ્વરવાળી વાંસળી વાગવા માંડી. એક પછી એક ભિન્નભિન્ન પ્રકારના કોણ જાણે કેટલાએ લલિત, મધુર અને કરુણાપૂર્ણ ગીત તે વાંસળીમાંથી નીકળ્યાં તેની ગણના કરવી અતિ દુર્ઘટ છે. આજ ગિરિરાણીની વાંસળી તાન પર ચડી હતી. નહોતી તે બંધ પડતી કે નહોતો ગિરિરાણીને થાક માલૂમ પડતો. દીર્ઘ સમય સુધી ગિરિરાણીએ વાંસળી વગાડતાં વગાડતાં તે અરણ્યમાં ભ્રમણ કર્યા કર્યું. આખરે ગિરિરાણીની સહચરી ચપલાએ તેનો હાથ ઝાલી કહ્યું. "રાણીજી! આજ આપની વાંસળી મતવાલી થઇ છે કે શું? હવે આપ આપની ઉન્મત્ત વાંસળીને શાંત કરો. આકાશ તરફ તો જુઓ? દિવસ કેટલો બધો ચડી ગયો છે. જુઓને! આપનું ચંદ્રાનન આતપના ઉત્તાપથી કેટલું બધું કુમળાઇ ગયું છે. ચાલો, હવે તો દુર્ગમાં પાછા જઇએ."

પોતાના હોઠપરથી વાંસળી અલગ કરી એક ઠંડો શ્વાસ ખેંચી ગિરિરાણીએ કહ્યું. "ચાલો, ત્યારે."

ગિરિરાણીએ કિલ્લા તરફ ચાલવા માંડયું. તે ઘણે દૂર ગઇ ન હતી એટલામાં એક તાપસકુમારે તેની સામે આવી તેને પ્રણામ કર્યા. ગિરિરાણી અને તેની સાહેલીઓએ જોયું કે તે નવિન તાપસ્વીનું લાંબી જટાથી ઢંકાએલું મુખ પીળા પાંદડામાં ઢંકાએલા સરોજ સમાન સુંદર અને સુકુમાર હતું. ગિરિરાણીને સંબોધી તે સન્યાસીએ કહ્યું. "દેવી! આ વનમાં આપને અજયસિંહની ભેટ થઇ કે નહિ?"

તાપસકુમારનો આ પ્રશ્ન સાંભળી ગિરિરાણી આશ્ચર્યચકિત થઇ. તેણે કહ્યું "અજયસિંહ કોણ છે? શું તમે પેલા વિદેશી યુવાનની વાત કરો છો? શું તમે તેમને ઓળખો છો?" શું તેમનું નામ અજયસિંહ છે?

"હા, દેવી!" અતિ મધુર સ્વરે તાપસકુમારે કહ્યું. "હું તેને સારી પેઠે ઓળખું છું. તેમનું નામ અજયસિંહજ છે."

"અત્યારે તે કયાં છે?" ગિરિરાણીએ પ્રશ્ન કર્યો.

"તે આ વનમાંજ છે. કોઇ વિશેષ કારણથી તેણે આપના ગિરિદુર્ગમાં રહેવું ઉચિત ધાર્યું નથી પરન્તુ તે વન છોડી આપના દુર્ગ પાસે રહે એવો પ્રબંધ કરવાને હું મારાથી બનતો યત્ન કરીશ. ઘણા થોડા વખતમાંજ આપની અને તેની મુલાકાત થશે. પેલે દિવસે જ્યારે આપની અને તેમની મુલાકાત થઇ હતી ત્યારે જે જે વસ્તુ સ્થિતિ બની હતી તે મેં જોઇ હતી. દેવી! મારો અપરાધ ક્ષમા કરો તો હું

આપને એક વાત નિવેદન કરવાની ઇચ્છા રાખું છું. ' દાન વદને તાપસકુમારે કહ્યું.

" કહો. તાપસકુમાર! તમારે જે કહેવું હોય તે ઘણી ખુશીથી કહો. " ગિરિરાણીએ તેને રજા આપતાં કહ્યું.

" દેવી ! " તાપસકુમારે કહ્યું. " મારે અને તે વિદેશી યુવાનને ઘણોજ પરિચય છે. હું આપને ખાતરીથી કહુંછું કે તેનો જન્મ જગત્ પૂજ્ય મહારાણા પ્રતાપસિંહના વંશમાં થએલો છે. તેનું વીરહૃદય, તેના ત્રિલોક દુર્લભ સુંદર મુખમંડળ માફક અનેક ગુણોથી અલંકૃત છે અને આપ તો પૃથ્વીપર જન્મેલાં સાક્ષાત્ સરસ્વતીજ છો જો તેનો અને આપનો સંબંધ સંધાય તો તે મણિકાંચનસંયોગ સમાનજ થાય. "

ગિરિરાણીના મુખમંડળપર શરમના શેરડા ચડી આવ્યા. તેની સહચરીઓ જોરથી હસી પડી. તે તાપસકુમારે પોતાનું કથન આગળ ચાલુ રાખ્યું. તેણે કહ્યું. " દેવી ! મારા મનની ખાતરી છે કે આ મણિકાંચનનો સંયોગ અવશ્ય થશે. પણ મારી એક પ્રાર્થના છે. મારી પ્રાર્થના કાંઇ મોટી નથી. તે જુજજ છે. જુઓ ! દૂર દૂરના દેશોમાં રખડી હું ઘણોજ થાકી ગયો છું. હવે આગળ ભ્રમણ કરવાની મારામાં બિલકુલ શક્તિ રહી નથી. પરમેશ્વર પાસે પ્રાર્થના કરી હું માગી લઉંછું કે તે મને આ સ્થળથી હવે અલગ નજ કરો ! એટલા માટેજ હું આપને પ્રાર્થના કરૂં છું કે જ્યારે આપનો અજયસિંહ સાથે વિવાહ થઇ જાય ત્યારે મને આપના રાજ્યમાં, આપના રાજ્ય ભુવનના સામેના આ નિર્જન કાનનમાં એક કુટીર બાંધી રહેવા

દેખે. દૂરથીજ હું યુગલ દંપતીનાં પ્રફુલ્લ મુખમંડળમાં દર્શન કરીશ. દૂરથીજ હું આપની અમૃતસ્ત્રાવી વાંસળીમાંથી ઝરતા સુધારસનું પાન કરીશ. દૂરથીજ હું આપના પ્રેમનિકેતમાંથી નીકળતાં પ્રેમ ઝરણાં જોઇ શિવજીનું ધ્યાન ધરીશ."

આમ કહેતો કહેતો તાપસકુમાર જમીનપર ઘુંટણીએ બેઠો અને હાથ જોડી બોલ્યો. "દેવી, રાણીજી! શું આપ મારી યાચના પૂરી નહિ કરો? શું મારી આશા પરિપૂર્ણ થશે કે નહિ?"

તે તાપસ કુમારનો કંઠ ભરાઇ આવ્યો. તેના ચક્ષુમાં અશ્રુ ભરાઇ આવ્યાં. તેનાથી આગળ બોલી શકાયું નહિ. તે પુનઃ ઉભો થયો અને બોલ્યો, "રાણીજી! હું આપને કોઇ વખત ફરીથી મળીશ" આમ કહી ઉતાવળે પગલે તે ત્યાંથી ચાલવા લાગ્યો અને જોત જોતામાં દૃષ્ટિમર્યાદાની બહાર જતો રહ્યો.

તે દેખાતો બંધ પડયો એટલે ગિરિરાણીની સહચરીઓ-માંની એક બોલી. "ખરેખર! આ સન્યાસીની ડાગળી છટકી ગયેલી જ હોવી જોઇએ. અત્યાર સુધી તે શું બોલ્યો તેની કાંઇ પણ સમજણ મને પડી શકતી નથી."

"તેની ડાગળી છટકી ગઇ હોય એમાં નવાઇ શી છે?" બીજી સહચરીએ પહેલીના મતને મળતા થઇ કહ્યું." જો તેની ડાગળી છટકી ગઇ ન હોત તો એવા સુંદર મુખપર રાખ ચોળી માથાપર જટા વધારી વાલ્મીકીનું તપોવન બનાવત."

"તેની ડાગળી છટકી ગઇ હોય કે ન છટકી ગઇ હોય તોપણ

તેનાં ચક્ષુદ્વય અને અધર ઘણાંજ સુંદર હતાં." ત્રીજી સહચરીએ કહ્યું.

"મને તો તે પુરૂષ લાગતો નથી," બધાથી વિરૂદ્ધ પડી ચપલાએ કહ્યું. "શું એવું ચંદ્રસમાન મુખ પુરૂષોમાં સંભવી શકે છે? જો હવે ફરીથી તે મને મળશે તો હું તેની લાંબી દાઢી જોરથી પકડી ખૂબ હલાવીશ."

મુખમાંથી એક પણ શબ્દ કાઢયા સિવાય ગિરિરાણીએ દુર્ગ તરફજ ચાલતું ચાલુ રાખ્યું.





પ્રકરણ ૨૫ મું.

સન્યાસીનો ઉપદેશ.

હૃદયના કદિ ભાગ ના પડે;
હૃદય એકમાં બે સમાય ના.
હૃદય પ્રીતિ તો લાખથી કરે;
જન કહે ભલે ના બન્યું કદિ.

કલાપી.

ગત પ્રકરણમાં કહેલા બનાવને આશરે બે માસ વીતી ગયા હતા. એક દિવસ અંધારી રાત્રિએ અજબસિંહ નર્મદા નદીના તટપર એક પત્થર ઉપર બેઠો હતો. તેની મુખમુદ્રા અ-

ત્યન્ત ચિન્તાતુર દેખાતી હતી. કોઇકોઇ વખત તે મંદ તેજવાળા તારાઓથી સુશોભિત ગગન મંડળ તરફ જોતો હતોતો। કોઇકોઇ વખત નીલ સલિલા, તરંગણીલા સરિતા તરફ જોતો હતો. તે શું જોતો હશે? તે આ દુનિયા ઉપરની કોઇ ચીજ અત્યારે જોતો ન હતો, તેનું ચિત્ત તો કોઇ ગંભીર વિચારમાં મગ્ન થઇ ગએલું હતું. ફક્ત શૂન્ય દૃષ્ટિથીજ તે આ પૃથ્વી પરના પદાર્થો તરફ જોતો હતો, બે મહિનામાં કોણ જાણે કેટલીએ વાર તે ગિરિદુર્ગમાં ગયો હતો અને ગિરિરાણી પર આવી પડનારી વિપદ્ વિષે ગોકુળદાસ સાથે કોણ જાણે કેટલીએ વાર તેણે વાતચિત કરી હતી ? જેવો તે ગિરિદુર્ગમાં પગ મૂકતો હતો કે તરતજ ગિરિરાણી તેની પાસે દોડી જતી અને જ્યાં સુધી તે ત્યાં રહેતો ત્યાં સુધી તે તેનો પાસેજ રહી તેનું મુખારવિંદ નીહાળ્યા કરતી. તે જે કાંઇ વાત કરતો તે તે સરલા કાને સાંભળતી. જ્યારે તે ત્યાંથી જવાની ગોકુલદાસ પાસે રજા માગતો ત્યારે તેનું મોં લાલ થઇ જતું અને તેના ચક્ષુમાં અશ્રુ ભરાઇ આવતાં. શું આ સઘળાં પ્રેમનાં ચિન્હ હતાં ? શું મુગ્ધા બાળાના સરળ હૃદય ઉપર નિષ્ઠુર કામદેવે પોતાના પુષ્પાયુધનો માર ચલાવ્યો હતો ? અજયસિંહ ન હોય ત્યારે ગિરિરાણી આટલી બધી કાતર હૃદયા કેમ રહેતી હતી ? મુકરર કરેલે વખતે જો તે ગિરિદુર્ગમાં ન જતો તો તેની શોધ કરવા માટે ગિરિરાણી પોતાનાં માણસ શા માટે મોકલતી હશે અને કોઇ કોઇ વખત તો પોતાની સઘળી સાહેલીઓ સાથે લઇ મધુર સ્વરે વાંસળી વગાડતી તે તેના આશ્રમ પાસેના પ્રદેશમાં આ

માટે ફરતી હશે ? તેને નહિ દેખવાથી તે બાલિકાનું હૃદય આટલું બધું વ્યાકુળ શા માટે થઇ જતું હશે ? શું આ સબળી બાલ્યાવસ્થાની ચપળતાજ હશે કે પ્રણય તણખો પ્રકટ થતાં હૃદયમાં થતી અસ્વસ્થતાજ હશે ? જે જે વખતે અજયસિંહ ગિરિરાણીની દૃષ્ટિ સમિપ હતો તે તે વખતે તેની વાંસળી અતુલનીય સુરથી તથા અસીમ આનંદથી વાગતી હતી પરન્તુ જ્યારે તે દૂરથી તેની વાંસળી સાંભળતો ત્યારે તે મર્મવેદનાપૂર્ણ કરૂણ સ્વરવાળી જણાતી. શું આ સઘળાં લક્ષણ પ્રેમનાંજ હશે કે ? સંભવિત છે કે તેના હૃદયમાં પ્રણય તણખો પ્રકટ થયો હોય ! પણ તેણે પોતાનો વિસ્તાર ઝાઝો વધારેલો નજ હોવો જોઇએ. જો અજયસિંહ વસ્તુસ્થિતિ આવી ને આવી ચાલવા દેશે તો કદાચ તેના હૃદયમાં પ્રેમવૃક્ષ પોતાનાં દૃઢ મૂળ નાંખી દેશે. શું પોતે ગિરિરાણીના નિરાશ પ્રેમનું કારણ થશે? પોતે તો ભગ્ન હૃદય થયો હતો શું બીજાનેએ તે પોતાના જેવા ભગ્ન હૃદય કરશે? " આવા આવા અસંખ્ય વિચાર અજયસિંહના હૃદયમાં ઉત્પન્ન થઇ તનમનાટ મચાવી મૂકતા હતા. કેટલીકવાર અજયસિંહ એમ ધારતો હતો કે તે તે બાલિકાને સમજાવી તેનો ભ્રમ દૂર કરી શકશે પરન્તુ જ્યારે તે તેના સરળ અને સુકુમાર મુખ તરફ જોતો, તેની મીઠી અને ભોળી વાણી સાંભળતો, ત્યારે હજારો ચેષ્ટા કરવા છતાં પણ તે કાંઇ કહી શકતો નહિ. તેના મનમાં એવો વિચાર ઉદ્ભવતો કે આવી કઠોર વાત કહી તે તે બાલિકાનું સરળ હૃદય કેવી રીતે દુઃખવી શકે ? વસ્તુ સ્થિતિ આવી હોવાથી શું તે નબાપી સરળ બાલિકાને સદાને માટે છોડી કોઇ દૂર દેશમાં ચાલ્યો જશે ?

આ બાબતનો વિચાર આવતાંજ તેનું હૃદય ફાટી જવા લાગ્યું. પિતૃહીના અબોધ બાલિકાને વિપદના મુખમાં રોતી કકળતી છોડી ચલ્યા જવું તે હત્યારા મનુષ્યનું કામ છે એવો વિચાર તેના મગજમાં ઉદ્ભવ્યો. ત્યારે શું તે તે બાલિકા પર પ્રેમ દ્રષ્ટિથી દ્રષ્ટિપાત કરે છે ? વિજળીની માફક આ સવાલ અજયસિંહના હૃદયમાં ઉદ્ભૂત થયો. પોતાનું હૃદય તપાસવા માટે તેણે તેનાં ચક્ષુ બંધ કરી દીધાં તો તેના અંધકારપૂર્ણ હૃદયમાં ફક્ત એકજ ઉજ્જવલ, આલોકમયી, ચંદ્રપ્રેમમયી દેવીની મૂર્ત્તિ વિરાજી રહી હતી. શૈશવકાળથી જે મૂર્તિની તે આરાધના કરતો હતો. બેસતાં, ઉઠતાં, જાગતાં, સુતાં, સંપદમાં કે વિપદમાં, આનંદમાં કે ઉત્સાહમાં, ઉત્સવમાં કે સમરભૂમીમાં જે પ્રતિમા તેના હૃદય પ્રદેશમાં સ્થીરવાસ કરી રહેલી હતી તેજ આનંદમયી પ્રતિમા અત્યારે પણ ત્યાં વિરાજી રહી હતી. જે પ્રતિમાનું વિસર્જન કરવા માટે સેંકડો કોસ દૂર, નિર્જન વિન્ધ્યાપર્વત પર તે ચાલ્યો આવ્યો હતો, જેનું વિસ્મરણ કરવા માટે ભયંકર ગુફાઓ અને સુના જંગલોમાં કરાલ અંધકારના સમયમાં રહી સંસારમાં ત્યાગી સન્યાસીની માફક તે વ્રત આદરી રહ્યો હતો તેજ પ્રતિમા પહેલાંના જેવાજ પૂર્ણ સૌંદર્ય અને પૂર્ણ ગૌરવથી તેના હૃદયમાં વિરાજી રહી હતી અને ગિરિરાણી ? તે ગૌરવમયી, આનંદમયી હિરણ્મયીની પ્રતિમાના ચરણ પાસે તેનો ફક્ત અસ્પષ્ટ પડછાયો પડેલો હતો શું આ પડછાયો બળવત્તર થઇ તે ગૌરવમયી પ્રતિમાને તેના સિંહાસનથી સચ્યુત ન કરી તેના સ્થાને પોતે

આરૂઢ થઇ શકશે કે ? શું આવી જ ઘટના ઘટાવવા માટે વિધાતાએ તેને ગિરિરાણી પાસે મોકલ્યો હશે કે ? ”

અજયસિંહના હૃદયમાં આવા આવા વિચારો ઉત્પન્ન થતા હતા એટલામાં પાછળથી કોઇ બોલી ઉઠ્યું “ અજયસિંહ ! ”

અજયસિંહ ચમક્યો. પાછા ફરી તેણે જોયું તો એક તપસ્વી બાળક તેની દૃષ્ટિએ પડયો. તે પોતાના મનમાં બોલ્યો. “ શું અજયસિંહ હિરણ્મયીનું વિસ્મરણ કરી શકશે ? નહિ, નહિ; તે અસંભવિત છે. આ અપરિચિત સન્યાસીનો સ્વર પણ તેને હિરણ્મયી જેવો લાગે છે. જ્યાં ત્યાં બસ તેને હિરણ્મયીના જ ભણકારા લાગ્યા કરે છે. તે તેનું વિસ્મરણ કેવી રીતે કરી શકે ? ”

“ ખરેખર, અજયસિંહ ” તે તાપસકુમારે કહ્યું. “ તમે ઘણાજ નિષ્ઠુર હૃદયના માણસ છો. તમારા દર્શનને માટે મુગ્ધપણા ગિરિરાણીનું કોમળ હૃદય આકુળ વ્યાકુળ થઇ રહ્યું છે તથાપિ તમે તેને માટે કિંચિદ્ માત્ર પણ દયા ધરતા નથી એ તમારા હૃદયની કેટલી બધી કઠોરતા ? શું ભારત ભૂષણ મહારાજા પ્રતાપસિંહના વંશજો અનાથ અબળાઓને આમ ટળવળાવે તે ઉચિત છે ? ”

“ આપ કોણ છો ? આજથી ઘણા દિવસો ઉપર એક ભયંકર રાત્રિએ વિન્ધ્યા પર્વતની એક ડરામણી ગુફામાં મેં એક સન્યાસીને જોયા હતા, તે સન્યાસી શું આપ પોતેજ છો કે ?’ અજયસિંહે તે સન્યાસીનો પરિચય માગ્યો.

“ સંસારત્યાગી સન્યાસીને પરિચય કેવો ! અસ્તુ ! હવે

હું તમને જે કહેવા આવ્યો છું તે એક ચિત્તે સાભંળો. ગિરિરાણી પર ઘોર વિપદ ઝઝુમી રહી છે. અરે, તેના એકલીના પર કેમ ? તમારા પોતાના પર પણ જે વખત જાય છે તેમાં ભયંકર આપ્ત આવી પડશે." તાપસકુમારે ઝઝુમી રહેલી આપ્તના સમાચાર કહ્યા.

"હું કોણ છું તે તમે કયાંથી જાણ્યું ?" અજયસિંહે ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો.

"હું તમને પહેલેથી જ કહી ચૂકયો છું કે પરિચય આપવાનો કે વાતો કરવાનો આ વખત નથી. ફકત થોડાજ વખત ઉપર જ્યારે હું અહિં બેઠો બેઠો શિવજીનું ધ્યાન ધરી રહ્યો હતો એટલામાં બે મુસલમાન સિપાઇઓ અહિંથી વાતો કરતા કરતા નીકળ્યા. તેમની જે વાતચીત મેં સાંભળી છે તેથી મારાં રુવાંટાં ઉભાં થઇ ગયાં છે, તેમાંના એકે કહ્યું. "હવે તમારો શો વિચાર છે તે એકદમ સાફ સાફ કહી નાંખો. મને મદદ કરવા માટે તમે તૈયાર છો કે નહિ ?" તે મનુષ્યના પ્રશ્નના પ્રત્યુત્તરમાં બીજાએ કહ્યું કે "મારે બીજા કશાની જરૂરત નથી, તેમ હું કાંઇ બીજી ઇચ્છા પણ રાખતો નથી. હું તો ફકત ગિરિરાણીનું હરણ કરવાજ ચાહું છું. મારૂં કામ પૂરૂ કરવા માટે મારી પાસે કાંઇ માણસોની કમીના નથી પણ તમારા સિપાઇઓની મદદથી મારૂં કામ ઘણી સુગમતાથી થઇ શકે તેમ છે." બીજા મનુષ્યનો આ પ્રત્યુત્તર સાંભળી પહેલાએ કહ્યું. "હું જો કે અજયસિંહને જાનથી મારવા ઇચ્છતો નથી તોપણ તેને જીવતો પકડી કયદી બનાવવાની ઇચ્છા કે રાખુ છું. જો ગિરિરાણી-

ના માણુસો તેની મદદમાં આવે તોજ તમારે મને મદદ કરવાની છે.” બીજા મનુષ્યે કહ્યું. “પહેલ વહેલાં અમેજ ગિરિદુર્ગપર હલ્લો લઇ જઇએ છીએ એટલે ગિરિરાણીના માણુસો તેની મદદે ધાય એ તદ્દન અસંભવિત છે.” તે બંને જણાની ઉપર પ્રમાણેની વાતો સાંભળી એકદમ હું આપને ખોળી કાઢવાને નીકળ્યો. ઘણા વખત પછી આપ મને અહિં મળ્યા છો. હવે શો પ્રબંધ કરવો તેનો એકદમ નિશ્ચય કરો અને ગિરિરાણી પાસે જઇ તેને સાવધાન કરો.”

“હું પહેલેથીજ જાણું છું કે ગિરિરાણીપર અલ્પ સમયમાં એક આફત આવી પડવાની છે. તેનો તે આપદમાંથી ઉદ્ધાર કરવા માટેજ આજ સુધી હું આ અરણ્યમાં નિવાસ કરી રહ્યો છું, નહિતો કોણ જાણે અત્યારે હું કયાંનો કયાંય ચાલ્યો ગયો હોત.” અજયસિંહે પોતાનો વિચાર જણાવ્યો.

“જો તમારી એવીજ ઇચ્છા હોય તો પછી તમે જંગલ છોડી ગિરિદુર્ગમાં શા માટે નિવાસ નથી કરતા ?” તે તાપસકુમારે પ્રશ્ન કર્યો.

તાપસકુમારના આ પ્રશ્નનો કાંઇ પણ પ્રત્યુત્તર અજયસિંહે આપ્યો નહિ એટલે તે તાપસકુમારે પોતાનું કથન આગળ ચલાવતાં કહ્યું. “હાય ! અજયસિંહ ! હું તમારો મનોભાવ પામી ચુકયો છું. તમે તમારા મનમાં એવા વિચારથી બીઓ છો કે તે ભુવન મોહિની રૂપવાળી બાલિકાના સુધામય સહવાસથી મુગ્ધ થઇ કદાચ તમારે ફરીથી સંસારાશ્રમમાં મુકત થવું પડશે. એજ વિચારની બીકથી તમે ગિરિદુર્ગમાં નિવાસ નથી કરતા કે ?”

તાપસ કુમારનું આ કથન સાંભળી અજયસિંહ ચમકી ઉઠયો. તેણે કહ્યું.

"હે અન્તર્યામી સન્યાસી! આપનું અનુમાન સાચું છે. ગિરિદુર્ગમાં નિવાસ કરવો મને અભીષ્ટ નથી માટેજ ત્યાં સર્વ સુખો હોવા છતાં આ નિર્જન વનમાં નિવાસ કરવાનું મેં ઉચિત ધાર્યું છે. આ જન્મમાં આ ભિખારીના વ્રત ત્યાગવાની મને તનિક માત્ર પણ ઇચ્છા નથી."

"નિઃસંદેહ, અજયસિંહ!" તે તાપસકુમારે કહ્યું. "આવો વિચાર ધરવામાં તમે એક ગંભીર ભૂલ તથા અપરાધ કરો છો. તમે વીરપ્રસવી રાજસ્થાનના વીર ક્ષત્રિકુળમાં જન્મેલા છો. જો હું ભૂલતો ન હોઉં તો તમારો જન્મ કોઇ ઉંચા રાજકુળમાં થએલો હોવો જોઇએ. શું તમારો આ સન્યાસધર્મ તમને ઉચિત છે? તમારા જેવા વીર યુવાન પાસેથી યવનપાદ દલિત ભારતભૂમી અત્યન્ત અભિલાષા રાખે છે. પરતંત્ર થએલી મેવાડભૂમી તમારા જેવા વીર યુવાનોની સહાય્યથીજ સ્વતંત્ર થઇ શકશે. પોતાની જીંદગી પર સંપૂર્ણ મનુષ્યનો પોતાનો અધિકાર નથી. ઘર, કુટુંબ, દેશ અને છેવટે જગત્‌નો પણ તેના પર હક રહેલો છે જે મનુષ્ય તે હકમાં પ્રત્યવ્યાય મૂકે છે તે મોટો પાપી છે. માટે તમે તમારા સ્વાર્થી વિચાર તજી દો, તમારી પુણ્યભૂમી હજુ પણ યવનોના કરાળ પંજામાંથી બચી શકે તેમ છે. શું આપની રાજ્યમાતા માતૃભૂમીની દુર્દશા દેખી આપના વીર હૃદયપર કિંચિદ્ માત્ર પણ આઘાત નથી થતો? અજયસિંહ! તમે આ કઠોર વ્રતનો પરિત્યાગ કરો અને પુનઃ સંસારા-

શ્રમમાં પ્રવેશ કરો. જે સૌભાગ્યવતી રમણી તમને આ વ્રતમાંથી ચ્યુત કરેશે. તેને હું એક દેવી પ્રમાણે પૂજીશ ”

“ અજ્ઞાત તાપસ કુમાર ! ” અજયસિંહે કહ્યું. “જો તમે મારા હૃદયની સ્થિતિ જાણતા હોત તો મને આવો તિરસ્કાર કદિ-પણ આપત નહિ. ”

“ અજયસિંહ ! ” તાપસ કુમારે કહ્યું. “ ગુણ અને રૂપમાં ગિરિરાણી સાક્ષાત્ સરસ્વતી સમાન છે અને તમારી ખીલતી યુવાનીનું સુંદર અને કાન્તિયુકત રૂપ— ”

આ કથન કહેતાં કહેતાં તાપસકુમારની ચિત્તવૃતિ એકાએક આવેગથી કંપવા લાગી. તે સન્યાસીનાં ચક્ષુમાં વહેતી અશ્રુ-ધરા અંધકારને લીધે અજયસિંહ જોઈ શકયો નહિ. ધૈર્ય ધરી તે સન્યાસીએ પોતાનું કથન આગળ ચલાવ્યું.“તમારૂં આ કમની-યરૂપ ગિરિરાણી સાથે મળી અત્યંત સુંદર થશે. માટે હું ભગ-વાન્ પાર્વતિપતિને પ્રાર્થના કરી માગુ છું કે ગિરિરાણી સાથે તમારો વિવાહ થઇ જાય. આ બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ કરી તમે ફરીથી સંસારશ્રામ ગ્રહણ કરો અને દિવ્ય સુંદરી ગિરિ-રાણીના પ્રેમમાં નિમગ્ન થઇ, યવનપીડીત રાજસ્થાનનો ઉદ્ધાર કરો એજ આ દીન, હીન નિષ્કામ ધર્મચારી તપસ્વીની ઇચ્છા છે.

આશ્ચર્યથી દિગ્મૂઢ થઇ અજયસિંહ તે સન્યાસી તરફ જોવા લાગ્યો. એકાએક ગિરિદુર્ગ તરફ મોટો ઉત્સવ માલુમ પડયો. એકદમ માણુસોના બૂમરાણ સાથે નગારાના પ્રચંડ અ-વાજથી તે કાનતભૂમી પ્રતિધ્વનિત થવા લાગી. તરવાર લઇ અજયસિંહ એકદમ ગિરિદુર્ગ તરફ દોડયો. તાપસકુમારે તેનું અનુસરણ કર્યું.

પ્રકરણ ૨૬ મું.

રાજપૂતની રંગભૂમી.

The combat deepens; on ye brave,
Who rush to glory or the grave!
Wave, Munich! all thy banners wave,
And charge with all thy chivalry,

THOMAS COMPBELL.

ગિરિદુર્ગ આગળ જઇ અજયસિંહે જોયું તો દરવાજા આગળ કેટલાક રાજપૂત સિપાઇઓનાં મૃત દેહ પડેલાં હતાં. આ દૃશ્ય જોતાંજ તેના મનની ખાતરી થઇ ગઇ કે દુશ્મનોએ

અવશ્ય દુર્ગમાં પ્રવેશ કરેલો હોવો જોઇએ. ગિરિરાણીનું રક્ષણ કરવાની અમૂલ્ય સંધિ તેને પ્રાપ્ત થશે કે નહિ તે વિચાર એકદમ તેના હૃદયમાં ઉદ્‌ભૂત થયો. કિલ્લાની અંદર જઇ તેણે ગિરિરાણીની શોધ કરવા માંડી પરન્તુ તેનો કાંઇ પણ પત્તો લાગી શકયો નહિ તેમ ત્યાં દુશ્મનના આક્રમણના કાંઇ ચિન્હ પણ તેની દૃષ્ટિએ પડયાં નહિ. કિન્તુ કેટલીક સ્ત્રીઓના રોવાનો સ્વર તેને કર્ણગોચર થયો. ધસમસ્યો તે કિલ્લા બહાર ગયો તો ત્યાં વીસ પચીસ રાજપૂતોને સો સવાસો મુસલમાનોની ગતિને રોકવાની ચેષ્ટા કરતા જોયા. સર્વને મોખરે ઉન્મત્તની માફક ગોકુલદાસ પોતાની તરવાર ચલાવી રહ્યો હતો અને એક ઘોડેસ્વારના ઘોડા ઉપર ગિરિરાણી અચેતનાવસ્થામાં પડેલી હતી. જોતજોતામાં અજયસિંહની લાંબી તરવાર ગોકુલદાસની બાજુમાં ચમકવા લાગી એક ક્ષણ માત્રમાં તે કરાલ તરવારે દશબાર મુસલમાન સ્વારને ભૂતલશાયી બનાવી દીધા. અજયસિંહના મુખારવિંન્દ પર રણોત્સાહ ઝળકી રહ્યો હતો. તેનાં બાહુ બળ અને રણકૌશલ્ય જોઇ મુસલમાન સેનાપતિના મનની ખાતરી થઇ ગઇ કે આ યુદ્ધમાં વિજય મેળવો અતિ દુર્લભ છે. પોતાના સૈનિકો તરફ જોઇ તેણે કહ્યું. “ મારા બહાદુર સિપાઇઓ ! આપણી નીમકહલાલી બતાવવાનો આ ઉમદા વકત છે. તમે આ કાફરોને અહિં જંગમાં જોડાએલા રાખજો. દશ સ્વારો સાથે ગિરિરાણીને લઇ હું રાજધાની તરફ કૂચ કરૂંછું. ઇસ્લામની નેક રાખવી તથા આપણા માલિકના હુકમને બજા લાવવો એ તમારા હથિયાર પર આધાર રાખે છે. ગમે

તેમ થાય તોએ આ કાફરોને આગળ વધવા દેશો નહિ."

આમ કહી એક હાથે ગિરિરાણીને બરાબર સંભાળીને ઝાલી, બીજા હાથે તેણે અશ્વને ચાબુક મારી. ચાબુક વાગતાંની સાથેજ તે અશ્વ ત્યાંથી વાયુ વેગે દોડવા લાગ્યો. બીજા દશ અશ્વોએ તેનું અનુસરણ કરવા માંડયું. બાકીના મુસલમાન સિપાઇઓએ અજયસિંહ તથા કિલ્લાના સિપાઇઓને ઘેરી લઇ યુદ્ધ કરવા માંડયું. જો ગિરિરાણીનો ઉદ્ધાર ન કરવામાં આવે તો પછી યુદ્ધ આગળ ચલાવવું નિરર્થક હતું એવો વિચાર અજયસિંહના મગજમાં ઉત્પન્ન થયો. સત્વરો યુદ્ધભાર ગોકુલદાસને સોંપી પોતે ગિરિરાણીને લઇ નાસતા સિપાઇઓની પુઠ પકડવી જોઇએ એવો નિશ્ચય અજયસિંહે પોતાના મનમાં કરી નાંખ્યો ગોકુલદાસને આ બાબતથી જ્ઞાત કરવા માટે અજયસિંહે જે બાજુએ તે યુદ્ધ કરતો હતો તે બાજુ તરફ નજર કરી તો ત્યાં ગોકુલદાસ નહતો. તેનું મૃત શરીર જમીન પર પડેલું હતું. પ્રભુ ભકત ગોકુલદાસ જે વખતે તેની બાલરાણીને લઇને નાસનાર સ્વારોનું અનુસરણ કરવા જતો હતો તે વખતે કોઇ શત્રુએ તેના શિરને ધડથી જૂદું કરી નાંખ્યું હતું. અલ્પ કાળને માટે અજયસિંહ ગભરાઇ ગયો. હવે યુદ્ધભાર કોને સોંપી પોતે ગિરિરાણીનો ઉદ્ધાર કરવા જવું તેનો તેને મોટો વિચાર થઇ પડયો. એટલામાં પાછળથી કોઇ બોલી ઉઠયું. " અજયસિંહ ! હું તમારી નિકટજ છું. તમે ગિરિરાણીનું અનુસરણ કરો. આ યુદ્ધના સેનાપતિનો ભાર હું મારા શિર પર લઉં છું."

અજયસિંહને ખબર નહોતી કે જે વખતે ગોકુલદાસનો

વધ થયો તે વખતે એક મૃત સૈનિકની તરવાર લઇ તાપસ-કુમાર તેની બાજુમાંજ યુદ્ધ કરતો હતો. અવાજ સાંભળી આશ્ચર્ય ચકિત થઇ અજયસિંહે પાછળ દૃષ્ટિ કરી તો એક જટા જુથધારી તાપસકુમાર તેની બાજુમાં ઉભો હતો. તેનું આખું મોં જટાથી બિલકુલ ઢંકાઇ ગયું હતું. ફકત તેમાંથી બે કાળાં નેત્રો હીરાની માફક ચમકી રહ્યાં હતાં. આ બે નેત્રો શું અજયસિંહને અપરિચિત હતાં ? આવાં ઉજ્જવળ અને જ્યોતિર્મય નેત્રો શું બીજા કોઇનાં હોઇ શકે ? સન્યાસીએ પુનઃ કહ્યું. " હાય, અજયસિંહ ! તમે આમ ઉભા શા માટે રહ્યા છો ? જાઓ, જલદી જઇ તમે ગિરિરાણીનો ઉદ્ધાર કરો. "

પુનઃ તે સુધામય-અમૃત સમાન-મધુર સ્વર કર્ણગોચર થયો. પાસે ઉભેલા એક શત્રુ સ્વાર પર અજયસિંહે જોરથી કૃપાણનો વાર કર્યો. એકદમ તેનું શિર ધડથી જૂદું થઇ ગયું. તેનું શરીર અશ્વ પરથી અવની પર જઇ પડયું. કૂદકો મારી અજયસિંહ તેના ખાલી ઘેડા પર સ્વાર થઇ ગયો અને તેને ચાબુક મારતાં મારતાં બોલ્યો. " તાપસકુમાર ! તમે ખરેખર કોઇ અજ્ઞાત સન્યાસી હો કે મારા હૃદયની પેલી આશૈશવ પૂજીતા દેવીની પ્રતિમા હો, ગમે તો હો; તોપણ આજ તમે મારા હૃદયમાં અમૃતનો વર્ષા કર્યો છે. હવે જુઓ કે તમારી આજ્ઞાનું પાલન કરવા માટે આ અજયસિંહ સેંકડો દુશ્મનોમાંથી કેવી રીતે સોંસરો ચાલ્યો જાય છે ! "

આમ કહી અજયસિંહે એકદમ અશ્વને ચાબુક મારી. ચાબુક વગતાંની સાથેજ અશ્વ વાયુ સાથે વાતો કરવા માંડી.

મતવાલી થએલી અજયસિંહની તરવાર ચારે બાજુએ ઘુમવા લાગી. એવી દશામાં તાકાત હોય કે શૂર પર ચડેલા વીર રાજપૂતની શત્રુશોણિતપિપાશિની કૃપાણની ગતિ રોકી શકે? અલ્પ સમયમાંજ દુશ્મનોને ભાજીમૂળાની માફક કાપતો અજયસિંહ મુસલમાની લશ્કરના ઘેરામાંથી બહાર નીકળી ગયો અને ગિરિરાણીનો ઉદ્ધાર કરવા માટે, તેને લઇને નાસનાર સ્વારોનું અનુસરણ કરવા લાગ્યો. પહાડના પત્થરના કડકા પર ફલંગો મારતો તથા પહાડી વહેળાઓને પાર કરતો અજયસિંહનો અશ્વ વાયુ પેરે ગમન કરી રહ્યો હતો. કેટલેક દૂર જતાં નાસતા સ્વારો તેને દૃષ્ટિગોચર થયા. તેણે જોયું કે ગિરિરાણી હજુ સુધી એક સ્વારના ઘોડા પર અચેત અવસ્થામાં પડી હતી. થેડાજ વખતમાં અજયસિંહ તે સ્વારોના સામો જઇ ઉભો રહ્યો. તેને એકલો જોઇ તે સ્વારો કિંચિદ્ માત્ર પણ બીન્યા નહિ. જે વૃદ્ધ સ્વારના ઘોડા પર ગિરિરાણી મૂર્ચ્છિતાવસ્થામાં પડેલી હતી તેણે કહ્યું: "બેવકુફ કાફર! શું તું દસ હિસેર મુસલ્માનોના સામે મુકાબલો કરી તારો જાન આપવા આવ્યો છે?"

"જો તમને તમારો પ્રાણ વહાલો હોય તો ગિરિરાણીને અહિં છોડી તમે ચાલ્યા જાઓ, નહિ તો યાદ રાખજો કે મારી શત્રુશોણિતપિપાશિની ભવાની આગળ તમારા સો સ્વારો પણ ટકી શકવા મુસ્કેલ છે." અજયસિંહે અડગ રીતે પ્રત્યુત્તર આપ્યો.

સેનાપતિની ઇશારત થતાંજ દશે સ્વારોએ એકી વખતે અજયસિંહ પર વાર કર્યો કિન્તુ કોઇની પણ તરવાર તેના શરીરને સ્પર્શી શકી નહિ. તેની લાંબી તરવારે સર્વ તરવારોની

ગતિ રોકી, બે સ્વારોની તરવારો નીચે જમીન પર નાંખી, એક સ્વારનું શિર ધડથી જૂદું કરી નાંખ્યું. એટલામાં એક સ્વારે પાછળથી આવી અજયસિંહ પર વાર કર્યો. સદ્‌ભાગ્યે તે અજયસિંહ પર નહિ પડતાં તેના અશ્વ પર પડ્યો. એક ભયંકર ચિત્કાર કરી અશ્વ જમીન પર ટૂટી પડ્યો. અજયસિંહ તેના પરથી જમીન પર કૂદી પડ્યો અને જોરથી પોતાની તરવાર ચલાવવા લાગ્યો. લોથ પર લોથ અને માથા પર માથા પૃથ્વી માતાની શરણે જવા લાગ્યાં. રક્તની ધારા વહેવા લાગી. પરંતુ લડાઇ બંધ ન થઇ. જય! વીર રાજપૂતની જય!! આજ મેવાડના રાજકુમારની પવિત્ર અને પ્યાસી તરવાર યવનોના રકતનું પાન કરી રહી હતી. ચારે તરફ યવન સ્વારો વાર કરી રહ્યા હતા. તેમાંના કેટલાક વાર અજયસિંહના શરીરપર પણ પડતા હતા. તે કેટલેક ઠેકાણે ઘવાઇ ગયો હતો તોપણ તે પોતાની શમશેર એક સરખા જોરથી ચલાવી રહ્યો હતો. તેણે પોતાના મનમાં નિશ્ચય કર્યો હતો કે આજના યુદ્ધમાંથી વિજય પ્રાપ્ત કરી પાછા જવાની સંભાવના ઘણીજ ઓછી છે એટલે પછી પોતાની પિપાશિની અસિને પ્યાસી શા માટે રાખવી? કેટલીક વાર સુધી યુદ્ધ ચાલ્યું કેટલાક નવા સ્વારો મુસલમાનોની મદદમાં આવી પહોંચ્યા. અજયસિંહનો હાથ હવે બિલકુલ થાકી ગયો હતો. તેના શરીરમાંથી એક સરખી રકત ધારાના ફૂવારા છૂટી રહ્યા હતા. ધીમે ધીમે તે મંદ થયો. તેની તરવાર હાલતી બંધ થઇ. તેની સંજ્ઞાનો લોપ થયો. એટલામાં તેણે કાબને કહેતાં સાંભળ્યો કે "હવે તેને મારતા નહિ. બસ, તેને જીવતો કયદ પકડી લો"

વજ્ર સમાન ગંભીર સ્વરે દૂરથી કાબએ કહ્યું. "કોનામાં તાકાત છે કે જહાંગીર બાદશાહના પ્યારા સિપહસાલારના શરી-

રને આંગળી પણ અડાડી શકે ? " ઉપરોક્ત વાક્ય પૂરૂં પણ થયું નહતું એટલામાં તો એક નવીન કંઠ સ્વર કર્ણગોચર થયો. આ કંઠસ્વરે અજયસિંહના હૃદયમાં અમૃતનો વર્ષાદ વરસાવવા જેવું કામ સાર્યું. તે કંઠમાંથી એવો સ્વર નીકળ્યો હતો કે " જય ! મહારાણા કિરણસિંહના વીરપુત્ર અજયસિંહનો જય !! "

આશ્ચર્ય ભરેલી દૃષ્ટિથી અજયસિંહે ચારે તરફ જોવા માંડયું. તેણે જોયું કે તેની સામે સમ્રાટ જહાંગીર અને તેમની પાસે એક તાપસકુમાર ઉભા હતા. તે બંનેનાં આખાં શરીર રક્તથી ભીંજાઇ ગયાં હતાં અને તેમની તરવારો લોહીથી લાલચોળ થઇ ગઇ હતી. સમ્રાટ જહાંગીરે કહ્યું. " પ્યારા અજયસિંહ ! હું તારો પ્યારો દોસ્ત જહાંગીર છું. બહુ દિવસ થયાં હું તારી ખોજ ચલાવી રહ્યો હતો પણ મને કાંઇ પણ પત્તો મળ્યો નહતો. તું અહિં છે એવી ખબર મળતાંજ હું પંજાબમાંથી અહિં આવ્યો છું. "

"અને હું, " તે તાપસકુમારે કહ્યું. " એક સંસાર ત્યાગી, નિષ્કામ ધર્મચારી તપસ્વી, વીર અજયસિંહની મંગળ કામનાને માટે મારો પ્રાણ અર્પવા પણ તૈયાર છું. અજયસિંહ ! સાંભળો, જે યુદ્ધનો ભાર મેં મારા શિરપર લીધો હતો તે યુદ્ધમાં આ વીર નરની સહાય્યથી આપણો જય થયો છે. "

અજયસિંહને પુનઃ પેલો મોહમય અને મનમોહન શબ્દ કર્ણગોચર થયો. તે તાપસકુમાર તરફ એકી ટસે જોઇ રહ્યો. તેની જટાની મધ્યમાંથી પેલાં જ્યોતિર્મય, અમૃતપૂર્ણ વિશાળ નેત્રો ચમકી રહ્યાં હતાં. અચેત થઇ અજયસિંહ તે તાપસકુમારના પગ આગળ ઢળી પડયો.

પ્રકરણ ૨૭ મું

હિરણમયીનો નૂતન વેષ.

અહો ! સ્નિગ્ધ કેવાં હૃદયો પ્રણયીનાં ?
ત્યજી નીજ સ્વાર્થો પ્રણયી હિત ચાહે.
દિધું દિલ જેણે પ્રણયી સહ જોડી,
સદા હિત તેનું મન માંહિ ધરે તે.

મોહનલાલ નથુરામ શુકલ.

સમર ભૂમીની ચારે તરફ નજર ફેરવી, એક સૈનિક તરફ તિવ્ર દ્રષ્ટિથી જોઇ, અતિ ક્રોધપૂર્ણ સ્વરે જહાંગીર બાદશાહે

કહ્યું. " બેવકુફ પાર્વઝ ! શું તેં એમ ધાર્યું છે કે તારી બદલેલી શીકલથી હું તને નહિ ઓળખી શકું ? "

યુવરાજ પર્વિઝ કાંઈ પણ જવાબ આપ્યા સિવાય માથું નીચું રાખી ઉભો રહ્યો. થોડીવાર પછી જહાંગીર બાદશાહે પોતાનું કથન આગળ ચલાવ્યું. " જો, બેવકુફ ! આજનો આ ઢંગ તારા નામની કેવી રોનિક વધારી રહ્યો છે ? એક વાર આ મેદાને જંગ તરફ નજર કર. એક એક હિંદુ વીરની શમશેરથી પચ્ચીસ પચ્ચીસ માથાં ધડથી જુદાં થઇ ગયાં છે. અગર જો હું જલ્દીથી અહિં ન આવી પહોંચ્યો હોત તો મુમકિન છે કે તારૂં માથું પણ ધડથી અલગ થઇ, જમીન પર પડ્યું હોત. જો, આજથી આવા દિલેર માણસો તરફ માનની નજરથી જોતાં શીખ. ખયર ! હવે આ લુંટારા ટોળીમાં શામિલ થઇ, તે રાણીના જનાનખાનામાં ઘુસી તું શા માટે તેને ચોરી ગયો હતો તેનું કારણ મને સાફ સાફ કહી નાંખ. "

" ગિરિરાણીને ચોરી જવાની મંશાથી હું અહિં આવ્યો જ નહતો." શાહજાદા પર્વિઝે કહ્યું. "હું તો આ બદમાશ અને બેવકુફ રાજપૂત, જેને આપ નેક અને બહાદુર કહો છો લેકિન હું તો જેને એક મોટો ચોર સમજું છું તેને સજા કરવા માટે જ આવ્યો હતો. જે દિવસે આ કાફિર ચોરની માફિક શાહીજનાનખાનામાં પેઠો હતો તે દિવસેજ જો આપે મને રોક્યો ન હોત તો મેં તેને પૂરેપૂરી સજા આપી હોત પણ તે દિવસે છટકી જવાથી ઉદ્ધત બનેલા આ બદમાશ

ફિરે સાધુનો વેશ ધારણ કરી દિલ્હીના શાહી મહલસરામાંથી જગતની હૂર હિરણમયીને નસાડી અહિં રહેવા માંડયું છે. ”

તાપસકુમાર જે અત્યાર સુધી સંજ્ઞાહીન અજયસિંહ ની સેવા કરતો હતો તે શાહજાદા પર્વિઝનું ઉપલું કથન સાંભળી બોલી ઉઠયો. “ જહાંપનાહ ! શાહજાદાનું કથન તદ્દન અસત્ય છે. તે અજયસિંહપર મિથ્યા કલંક ચડાવે છે. હું ઘણી સારી પેઠે જાણું છું કે યવન સ્પર્શકલંકિની , હતભાગિની હિરણમયીનું વિસ્મરણ કરવા માટેજ અજયસિંહ આ ગિરિકંદરાઓમાં તથા વિજન વનમાં વાસ કરી રહેલો છે.”

તિવ દૃષ્ટિથી તે તાપસકુમાર તરફ જોઇ, શાહજાદો પર્વિઝ તેની તરપ જતો હતો એટલામાં શહેનશાહ જહાંગીર બોલી ઉઠયા· “હું ઘણી સારી પેઠે જાણુ છું કે શાહજાદાની કુલ વાતો ગલત છે.” પછી પર્વિઝ તરફ જોઇ તેમણે કહ્યું “ પર્વિઝ ! હવે મને સાચેસાચું જણાવી દે કે ગિરિરાણી કયાં છે ? ”

“ જે લોકોએ ગિરિરાણીને લેવા માટે કિલ્લાપર છાપો માર્યો હતો તેઓ તેને લઇને અહિંથી કયારનાય ચાલ્યા ગયા છે.” શાહજાદા પર્વિઝે કહ્યું.

શાહજાદાનું આ કથન સાંભળી, બંને હાથ જોડી તાપસકુમારે જહાંગીર બાદશાહને કહ્યું.” દિલ્હીશ્વર ! જેની રક્ષા માટે આજ પૃથ્વીપર આટલું બધું રક્ત રેડાયું છે, જેના બચાવ માટે અજયસિંહ આ મુમૂર્ષુ અવસ્થામાં પડયા છે; તેનો કૃપા કરી આપ ઉદ્ધાર કરો. ”

એટલામાં કિલ્લાની બચેલી સેના ત્યાં આવી પહોંચી. તે સર્વ તરફ જોઇ જહાંગીર બાદશાહે કહ્યુ. "જાઓ, તમે બધા અજયસિંહની સેવા ચાકરી કરવાની કોશિશ કરો. હું પોતે ગિરિરાણીની શોધમાં જઉં છું. પર્વિઝ ! તુ તારા બુંદારા સાથીઓ તારી સાથે લઇ મારી જોડે ચાલ."

આમ કહી સમ્રાટ્ જહાંગીરે પોતાના ઘોડાને હાંકવા માંડયો. પર્વિઝ અને તેના સાથીઓએ તેમનું અનુસરણ કરવા માંડયું. તેઓ દૃષ્ટિમર્યાદાની બહાર ગયા એટલે તાપસકુમારે કિલ્લામાંથી આવેલા સિપાઇઓને કહ્યું. "તમે જઇને કિલ્લામાંથી ડોળી લઇ આવો. ત્યાંસુધી હું અજયસિંહની શુશ્રુષા કરૂંછું."

તાપસકુમાર અજયસિંહનીઅ શુશ્રુષા કરવા લાગ્યો. તેના વિશાળ નેત્રોમાંથી અજયસિંહનાં ક્ષત વિક્ષત શરીર પર અશ્રુધારા પડતાંજ અજયસિંહના મૃતપ્રાય શરીરમાં પુનઃ જીવનનો સંચાર થવા લાગ્યો.

પ્રભાતમાં તાપસકુમારે નર્મદા નદીમાં સ્નાન કર્યું અને પોતાના આખા શરીર પર પડેલા લોહીના ડાઘા ધોઇ નાંખ્યા. નકલી જટા તથા નકલી ગેરૂઆ વસ્ત્રને તેણે નર્મદાના પુનિત જળમાં પધરાવી દીધાં અને કમર સુધી લટકતા કાળા કેશને શિરપર બરોબર લપેટી તેણે એક પાઘડી બાંધી લીધી. પગની પાનીથી કે ગળા સુધીનું આખું શરીર તેણે અંગરખા તથા પાયજામાથી આચ્છાદિત કરી દીધું. આ પ્રમાણે વેષ બદલી તેણે સરિતા સલિલમાં પોતાનું પ્રતિબિંબ જોયું. પછી થોડી શી માટી લઇ તેણે પોતાના વિશાળ ચક્ષુની ચારે તરફ ચોપડી

અને એક કોયલો ઘસી તેને પાણીમાં મેળવી તેણે પોતાના શુ- લાબી હોઠ પર ચોપડયો. હાય, કલ્પિત વેષધારી તાપસકુમાર ! તારા આ અમૃતથી ભરેલા ગુલાબી હોઠો અને સુંદર વિજળી નેત્રોનું સૌંદર્ય શું માટી અને કોયલાથી છૂપી શકે તેમ છે ! હિરણ્મયીએ પુનઃ પોતાનું પ્રતિબિંબ નદીના જળમાં જોયું અને બોલી. " ભલા, પ્રભુ ! હવે મારૂં સૌન્દર્ય કાંઇક છૂપાયું છે. ચાલો, અંધારામાં તો મને કોઇ ઓળખી શકે તેમ નથીજ પરન્તુ હું મારા મધુર કંઠસ્વરને કેવી રીતે છૂપાવી શકીશ ? હે વિધાતા ! એવો દિવસ કયારે આવશે કે જયારે ગિરિરાણી નો વિવાહ અજયસિંહ સાથે થઇ જશે અને તે ગિરિરાણીના પ્રેમમાં બદ્ધ થઇ હિરણ્મયીનું વિસ્મરણ કરી શકશે ! અરે, આ શું ? આજ અજયસિંહના નામનું ઉચ્ચારણ કરતાં મારૂં હૃદય આટલું બધું વ્યાકુળ કેમ થઇ જાય છે ? જે દિવસથી અમ્બરકુમારીની મદદથી હું આગ્રાના કિલ્લામાંથી નીકળી છું ત્યારથી અત્યાર સુધીમાં કેટલીએ વાર મેં અજયસિંહને ગિરિ- ગુહાઓમાં અને નિર્જન અરણ્યમાં જોયો છે તથાપિ મારૂં મન આટલું બધું વ્યગ્ર કોઇ દિવસે થએલું નહતું ! પરન્તુ આજ તે આટલું બધું વ્યગ્ર કેમ થતું હશે ? હે ઇશ્વર ! ગિરિરાણીના પૌષ્ટિક પ્રેમથી અજયસિંહના હૃદયમાંથી આ હીનભાગી હિર- ણ્મયીની અંધકારમય સ્મૃતિ નષ્ટ થવા દે. હે સચરાચર પ્રભુ ! હે ભગવાન ભવાનીપતે ! આ અભાગિની હિરણ્મયી તારી પાસે એટલીજ ભિક્ષા માગે છે કે તેના પ્રાણેશ્વર અજ- યસિંહના હૃદયમાંથી તેને કાઢી નાંખી તેને ઠેકાણે ગિરિરાણીની

સ્થાપના થતી જોઇ તેનું મન લગાર પણ કચવાવા દઇશ નહિ. હે વિભો ! હિરણ્મયીના શૈશવ સખા—કૈશોરના એક માત્ર સહચર, યૌવનના એકલા સાથી, તેના પ્રાણવલ્લભ હૃદયના દેવતા, તેના અંધકાર જીવનના પૂર્ણ ચંદ્ર, તેના આ લોકના ઇષ્ટ ગુરૂ, એક માત્ર આરાધ્ય દેવતા અજયસિંહનો પૂર્ણ આનંદ સાથે રૂપવતી, ગુણવતી, કલંકહીના ગિરિરાણી સાથે વિવાહ કરાવી નાંખ.”

પુષ્કળ વખત સુધી આંખો મીચી તથા હાથ જોડી હિરિણ્મયી આકાશ તરફ જોઇ રહી. પછી તેના બંને હસ્ત તેના હૃદયપર મૂકી તે સ્તબ્ધ બેસી રહી. અનંત વાહિની તરંગિણીના પ્રવાહ સાથે તેનાં ચક્ષુમાંથી સરતી અવિશ્રાંત અશ્રુધારા મિશ્રિત થઈ વહન કરવા લાગી.



પ્રકરણ ૨૮ મું.

સમ્રાટ્‌ની આજ્ઞા

No ceremony that to great ones 'longs,
Not the king's crown nor the deputed sword;
The marshal's truncheon, nor the judge's robe;
Become them with one half so good a g ace.
As mercy does.

SHAKESPEARE

રાત્રિનો સમય હતો. ગિરિરાણીના રાજમહેલના એક નાના ઓરડામાં અજયસિંહ સૂતો હતો. તેના પગ આગળ એક આગન્તુક બેઠો હતો. તે આગન્તુકનો વેષ રાજપૂત સિપાઈના જેવો હતો. અજયસિંહને મુસલમાનોના હાથે ઘાયલ થયાનો આજ ત્રણ દિવસ થયા હતા. તેના ઘા રૂઝાવા માંડ્યા હતા અને નિદ્રા લીધેલી હોવાથી તેને કાંઈક આરામ હતો. ગત ત્રણ દિવસોમાં આ આગન્તુક રાજપૂત સૈનિક આખી રાત્રિના ઉજાગરા

કરી તેની સેવા શુશ્રુષા કરતો હતો. દિવસના સમયમાં તો કિલ્લાના મનુષ્યો તેની બરદાસ ઉઠાવતા હતા પરન્તુ રાત્રિના સમયની શુશ્રુષા કરવાનો સઘળો ભાર આ રાજપૂતે પોતાના શિરપર લીધો હતો. તે રાજપૂત સૈનિકની આંખમાં નિંદ્રાનો એક લેશ માત્ર પણ ન હતો તેમ તેના શરીરમાં આલસ્યનો એક છાંટો માત્ર પણ ન હતો, સંધ્યા સમયથી તે પરોઢમાં પાંચ વાગ્યા સુધી તનંમનથી તે અજયસિંહની સેવા કરતો હતો અને તેના પગ આગળ બેસી વારંવાર તેનું મોં નિહાળ્યા કરતો હતો. પ્રિય વાંચક ! આ રાજપૂત સૈનિક કોણ હશે તેનું કાંઇપણ અનુમાન તમે કરી શકો છો?

પ્રભાત થવામાં ફક્ત અલ્પ સમયજ બાકી હતો તે વખતે અજયસિંહનો નિદ્રા ટૂટી, ચક્ષુ ઉઘાડી તેણે ચારે તરફ જોવા માંડયું. ઓરડામાં એક ઝીણો દીવો ટમટમ બળી રહ્યો હતો. તેના મંદ પ્રકાશમાં પોતાના પગ આગળ એક રાજપૂત સૈનિકને બેઠેલો જોઇ, લગાર માથું ઉંચું કરી અજયસિંહે પૂછ્યું " તમે કોણ છો ?"

" હું પેલો રાજપૂત સૈનિકજ છું. " તે રાજપૂતસૈનિકે પ્રત્યુત્તર આપ્યો.

અજયસિંહનું માથું પુનઃ શય્યાપર ઢળી પડ્યું. નિરાશાપૂર્ણ તે રાજપૂત સૈનિક તરફ જોઇ તેણે પૂછ્યું. " શું તમને સમરભૂમીમાં દેખાએલા પેલા તાપસકુમારનો કાંઇ પત્તો મળ્યો છે કે નહિ ?"

" યુદ્ધ પૂરું થયાં પછી તે સન્યાસી ક્યાં ચાલ્યો ગયો છે

તેના સંબંધી સમાચાર અમને મળ્યા નથી." તે રાજપૂત સૈનિકે કહ્યું.

રાજપૂત સૈનિકનું આ કથન સાંભળી, એક દીર્ઘ નિઃશ્વાસ ખેંચી, અજયસિંહે કહ્યું. "હું મારા સ્વપ્નમાં જોઈ રહ્યો હતો કે મુસલમાન સુંગ્રાગના સંગ્રામમાં મારું જીવન મારા શરીરમાંથી અલગ થઈ જતું હતું. મારું પ્રાણશૂન્ય ખોળીયું જમીનપર પડ્યું હતું એટલામાં તે તાપસકુમારે મારા શરીરને પોતાના ખોળામાં લઈ મને ચુંબન કર્યું. તેના અમૃત સમાન અધરનો સ્પર્શ થવાથી મારા શીતલ શરીરમાં શોણિતધારા વિશેષ વેગથી પ્રવાહિત થવા લાગી. એટલામાં તે તાપસકુમારનાં ચક્ષુમાંથી બે અ-મૃતબિન્દુ મારા ગાલપર પડ્યાં. તે અમૃતબિન્દુના પતનથી મારા શરીરમાં પ્રાણનો સંચાર થયો હોય તેમ મને લાગ્યું. તે પછી તે સન્યાસીએ મને કહ્યું. "અજય!" તેના સુધા-મય સ્વરથી મારું ચેતનશૂન્ય હૃદય આનંદમાં નાચવા લાગ્યું. હું ઉઠી બેઠો થયો અને તે સન્યાસી તરફ જોવા લાગ્યો. એકા એક તે સન્યાસીના શિરપરથી જટા નીચે સરી પડી અને લાંબા કાળા કેશ હવામાં ઝકોરાં ખાવા લાગ્યાં. જાણે તે તાપસકુમાર મારી શૈશવ સખી, મારી જીવનસંગિની હિરણ્મયીના રૂપમાં બદલાઈ જતી ન હોય એવો મને ભાસ થયો. ઉન્મત્તની માફક અતિ વિહ્વળ થઈ, મેં તેને મારી છાતી સાથે ચાંપવા મારા હાથ પહોળા કર્યા પરન્તુ પોતાના ભુવનમોહન કટાક્ષવાળાં નેત્રોથી મારા સામું જોઈ તથા હાથની ઈશારત કરી તેણે મને તેમ કરવાની મના કરી અને કહ્યું. "હાય, અજયસિંહ! હજુ સુધી પણ તને

એક અપવિત્ર કલંકિની રમણીને ભૂલી શકતા નથી ? મારી પ્રાર્થના સાંભળો. મને ભૂલી જાઓ અને ગિરિરાણી સાથે પ્યાર કરતાં શીખો." આમ કહી મને અંધકારમાં એકલો છોડી તે ત્યાંથી અન્તર્ધાન થઈ ગઈ."

અજયસિંહનું દુર્બલ શરીર કાંપવા લાગ્યું. તે રાજપૂત સૈનિક અજયસિંહના પગ આગળ વિશેષ આગળ આવ્યો. અજયસિંહના પગ ઉપર ઉષ્ણ જળનાં બે બિન્દુ પડ્યાં. તે ચમક્યો. તેણે તે રાજપૂત સૈનિક તરફ જોયું. તેનાં ચક્ષુમાં અશ્રુ જોઇ તેણે પૂછ્યું. "અરે, આ શું ? ભલા માણસ ! તું રૂએ છે શા સારૂ ?"

બંને હાથથી અજયસિંહના પાદ પકડી તે રાજપૂતસૈનિકે કહ્યું. "મહારાજ ! હું આપની પાસેથી એક ભીક્ષા માગું છું."

"માગ, તારી ભીક્ષા શી છે ?" અજયસિંહે કહ્યું. "જો મારાથી તારી ભીક્ષા પૂર્ણ થઇ શકે તેમ હશે તો પ્રાણાન્તે પણ હું તારી ભીક્ષા પૂર્ણ કરીશ."

"મહારાજ !" તે રાજપૂતસૈનિકે કહ્યું. "હું ગિરિરાણીનો નોકર છું, તેના સુખમાં મારૂં સુખ છે ને તેના દુઃખમાં મારૂં દુઃખ છે. આજ કાલ અમારી અભાગિની ગિરિરાણી નિતૃહીના તથા નિઃસહાયા છે. તેનો પ્યારો અને વિશ્વાસુ સેનાપતિ ગોકુલદાસ આ લોક છોડી ગોલોકમાં ચાલ્યો ગયો છે. તેની અત્યારની સ્થિતિ જોઇ પત્થર પણ પીગળી જાય તેમ છે. શું આપ અમારી ગિરિરાણીપર દયા નહિ કરો ?"

"તમારી ગિરિરાણીને સહાય્ય કરવામાં મારાથી જે કાંઇ

બની શકે તેમ હશે તે કરવાને હું કિંચિદ્ માત્ર પણ આલસ્ય ત્રુટિ નહિ કરૂં." અજયસિંહે કહ્યું.

"તો અમારી રાણી પાછી આવતાંજ તેની સાથે પાણિગ્રહણ કરી, શું આપ અમારી મનોકામના પૂર્ણ નહિ કરો?" તે રાજપૂત સૈનિકે કહ્યું.

"ભલા રાજપૂત સૈનિક! અજયસિંહે કહ્યું. "તારો પ્રસ્તાવ પૂરો થવાને ક્યાં સુધી સંભાવના છે તેનો કાંઈ પણ ખ્યાલ તને નથી. જો હૃદય ખોલી દેખાડાતું હોત તો હું તને બતાવત કે આ હૃદયમાં ગિરિરાણી માટે લગાર પણ સ્થાન છે કે નહિ? બાલ્યાવસ્થાથીજ આ હૃદય મન્દિરમાં એક અપૂર્વ સૌંદર્યમયી દેવીની પ્રતિષ્ઠા થએલી છે. તે મનમોહિનીના અવિચ્છિન્ન સ્નેહમાં અવિરામ પ્રેમકટાક્ષ અને અસીમ સુખ સાથે બાલ્યાવસ્થા અતિક્રમ કરી મેં યુવાવસ્થામાં પ્રવેશ કર્યો છે. એકાએક એક દિવસે મેઘશૂન્ય આકાશમાં વજ્રપાત સમાન આજ્ઞા થઇ. "આજ થીઆ અજયસિંહ! તું તારા હૃદયમાંથી તારી આનંદમયી હૃદયેશ્વરીની પ્રતિમાનું વિસર્જન કર." રાજપૂત વીરને છાજે તેવી રીતે મેં પણ પ્રતિજ્ઞા કરી કે પિતાતાની આ આજ્ઞાનું હું પાલન કરીશ. જો કે આ હૃદય અત્યારે અમાનુષિક સંગ્રામથી ક્ષત થઇ ટુકડે ટુકડા થઇ ગયું છે તોપણ તેના પ્રત્યેક ખંડમાં, તેની પ્રત્યેક રક્તધારામાં; તે આનંદમયી મૂર્તિ પૂર્ણ ગૌરવ સાથે બિરાજી રહી છે. એટલા માટેજ હું તને કહું છું કે તારી ગિરિરાણી માટે મારા હૃદયમાં એક તસુમાત્ર પણ સ્થાન નથી."

અજયસિંહના પાદ પર પુનઃ ઉષ્ણ જળબિન્દુ પડ્યાં. તે રાજપૂત સૈનિકનાં ચક્ષુમાંથી અસંખ્ય અશ્રુધારા વહન કરવા લાગી.

આ સમયે કિલ્લા બહાર પુષ્કળ ઘોડાના ટાપોના અવાજ કર્ણગોચર થયા, અજયસિંહ અને તે રાજપૂત સૈનિકે કોઇને મોટેથી કહેતાં સાંભળ્યો કે "ગિરિદુર્ગના સિપાઇઓ! ઉઠો, નીદ્રા ત્યાગો. જુઓ, તમારી ગિરિરાણી અહિં સહિસલામત આવી છે."

કિલ્લાની સેના કિલ્લા બહાર ગઇ અને આગન્તુકને ધન્યવાદ આપવા લાગી, તે આગન્તુકે કહ્યું. "જે દિલેર નોજવાની બહાદુરીથી તમને તમારી ગિરિરાણી મળી છે તે દિલેર નોજવાનને ધન્યવાદ આપો. મને તો ફકત બતાવો કે અત્યારે તે બહાદુર અજયસિંહ ક્યાં અને કેવી અવસ્થામાં છે?"

"તેમને અત્યારે તદ્દન આરામ છે ને તે અમારા ગિરિદુર્ગમાંજ છે." આગન્તુકને પ્રત્યુત્તર મળ્યો.

તે આગન્તુકે પુનઃ ઉચ્ચ સ્વરે કહ્યું. "ગિરિરાણીના સિપાઇઓ, તેની સાહેલીઓ અને તેની સાથે હમદર્દી રાખનારાઓ! સાંભળો. શાયદ તમે એમ જાણતા હશો કે તમારી ગિરિરાણી ઉચ્ચ, નામી અને ખાનદાન કુળમાં પયદા થએલી છે. લેકિન અજયસિંહ કોણ છે? તેની કાંઇ ખબર અત્યાર સુધી તમને નહિ જ હોય. તે નામી અને સાચ્ચો બહાદુર, મારા દોસ્ત સંહારાણા કિરણસિંહનો પ્યારો શાહજાદો છે. તે હિંદુસ્તાનમાં

સૈ.થી દિલેર, દિલ્હીના બાદશાહનો માનીતો અને તેના શાહજાદા સમાન છે. અને હું કોણ છું? તે જાણવા જો તમે માગતા હો તો સાંભળો. મારૂં નામ જહાંગીર છે. હવે તમે મારૂં કહેવું એક ધ્યાનથી સાંભળો. આજથી પંદર દિવસની અંદર તમે કોઈ ચોકખો દિવસ ખેળી કાઢો અને મારા ખજાનામાંથી જે પૈસા જોઈએ તે લઈ તમારી રાણીનો નિકાહ મારા પ્યારા સિપહસલાર સાથે કરી નાંખો. વીસ હજાર મહોરોની કિંમતનું ઝવેરાત અને એક મોટી જાગીર હું તમારી રાણીને દેજમાં આપીશ. આજથી તમે વિવાહનો ઇન્તેજામ કરવા માંડો અને ચારે દિશાએ આ બાબતનો ઢંઢેરો પીટાવી દો. ”

આનંદ સાથે કૃતાર્થધ્વનિ કરી સર્વ જણ બોલી ઉઠયાં. “ જય ! દિલ્હીશ્વર જહાંગીર બાદશાહનો જય ! ગિરિરાણીનો જય ! ! અજયસિંહ મહારાજનો જય વિજય ! ! ! ”

રાત્રિની શાન્તિમાં આ ગગનભેદી જયધ્વનિ રૂગ્ન શય્યાપર સૂતેલા અજયસિંહ અને તેની શુશ્રુષા કરનાર રાજપૂત સૈનિકના કર્ણ સુધી પહોંચ્યો. અજયસિંહે પોતાનાં ચક્ષુ બંધ કરી દીધાં. તકીયા પરથી તેનું શિર નીચે ઢળી પડયું. રાજપૂત સૈનિકના શરીરનાં રૂવાંટાં ઉભાં થઇ ગયાં. તેનું શરીર કોણ જાણે શાય કારણથી કંપી ઉઠયું. બંને હાથ હૃદય પર મૂકી તે ત્યાંનો ત્યાંજ નિસ્તબ્ધ બેસી રહ્યો.

પ્રકરણ ૨૯ મું.

પ્રતિમાવિસર્જન.

કો સ્થાનથી સંગીતના સુંદર મધુર સ્વર આવતા,
પ્રિય જન તણા મીઠા, રસિક પ્રલાપ કો સ્થળ આવતા,
સૌ જગત જ્યારે આજ ઘેલું, પ્રફુલ દીસે હર્ષથી,
ઉરતાપ કેરાં અશ્રુ ઉન્હાં, એક અબળા પાડતી.

રા. ડાહ્યાભાઇ (બન્ધુ સમાજ)

પ્રભાતમાં જ્યારે અજયસિંહે પોતાનાં ચક્ષુ ઉઘાડ્યાં ત્યારે તેણે ત્યાં તે રાજપૂત સૈનિકને ન જોયો; તેને બદલે તેની શય્યા પાસે ગિરિરાણી અને તેની સાહેલી ચપલા બેઠાં હતાં. અજય-

યસિંહ ગિરિરાણીના સરલતાપૂર્ણ મુખ તરફ અનિમિષ નેત્રથી જોઇ રહ્યો. તેનું મુખનું કમળ અત્યારે તેને પહેલાંના કરતાં વિશેષ કોમળ અને સુંદર જણાવા લાગ્યું. અજયસિંહની નીકટ આવી ગિરિરાણીએ કહ્યું. " અજયસિંહ ! મારૂં રક્ષણ કરતાં તમે તમારો રકતપાત કરી આ સ્થિતિને પામ્યા છો તમે મારા પર જે ઉપકાર કર્યો છે તેનો બદલો આ ભવમાં તો મારાથી નજ આપી શકાય."

" આપનો વિપદમાંથી ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરવામાં ક્ષત્રીઓએ જે કરવું જોઈએ તેથી અધિક મેં કાંઇ કર્યું નથી." અજયસિંહે કહ્યું.

" હાય, અજયસિંહ ! " ચક્ષુમાંથી અશ્રુ સારતી ગિરિરાણી બોલી. "મારાપર એક ઘણુંજ ભયંકર સંકટ આવી પડ્યું હતો જો તમે નહોત તો તેમાંથી મારો ઉદ્ધાર થવો મુસ્કેલ હતું જે વખતે મુસલમાન લુટારાના ઘોડાપર હું અચેત પડી હતી તે વખતે રણકોલાહલમાં તમારો સ્વર સાંભળી મેં આંખો ઉઘાડી જોયું હતું તો તમે પૂર જોસથી તમારી તરવાર ચલાવી રહ્યા હતા. એકાએક તે લુંટારો મને લઇને નાઠો. પછી મેં તમને દીઠા નહિ કારણકે તે સમયે હું મૂર્છિત થઇ ગઇ, મૂર્છિત અવસ્થામાં તમારૂં મુખમંડળ મારા હૃદયમાં સ્વપ્નની માફક જાગી રહ્યું હતું. જો એમ નહિ હોત તો પુનઃ મને ચૈતન્ય પાછું ન આવ્યું હોત."

" રાણીજી ! " ચપલાએ કહ્યું. " આડી તેડી વાતો કર-

વાનું શું પ્રયોજન છે ? આવા મંગળસમયે એવી દુઃખમયી કથા કહેવાનું શું તાત્પર્ય છે ? કાલ રાત્રિએ જહાંગીર બાદશાહે જે આજ્ઞા કરેલી છે તે આજ્ઞા રાજકુમાર અજયસિંહને કહી સંભળાવવી જોઇએ. લો. જુઓ. દિલ્હીશ્વર પોતેજ અહિં આવે છે."

"સખી !" જહાંગીર બાદશાહને આવતા જોઇ ગિરિરાણીએ કહ્યું. "ચાલો આપણે અહિંથી ચાલ્યા જઇએ. સંભવિત છે કે કાલ રાતની વાત કહેવા માટેજ જહાંગીર બાદશાહ અહિં આવતા હશે."

ગિરિરાણી અને ચપલા તે ઓરડામાંથી બહાર નીકળી ગઇ. કેટલેક દૂર ગયા કેડે ચપલાએ કહ્યું. રાણીજી ! આવો, આપણે અહિં સંતાઇ રહી તે બંનેની વાતચિત સાંભળીએ."

"નહિ સખી !" ગિરિરાણીએ કહ્યું. "મારા મનમાં મોટી શંકા ઉત્પન્ન થઇ રહી છે. મારા હૃદયપર હાથ તો મૂકી જો કે તે કેટલું બધું ધડકી રહ્યું છે ?"

"રાણીજી ! આપને શી વાતનો ડર છે ?" મોં મલકાવી ચપલાએ કહ્યું.

"હાય, સખી !" નિઃશ્વાસ નાંખી મ્લાન મુખ તથા કરૂણાપૂર્ણ નેત્રથી ચપલા તરફ જોઇ ગિરિરાણીએ કહ્યું. "તું મારા હૃદયની આશંકા સમજી શકતી નથી. મને ડર લાગે છે કે જો અજયસિંહ બાદશાહનું કહેવું કબૂલ નહિ કરતો—"

"વાહ વાહ, મારી બુદ્ધિશાળી રાણી !" ચપલાએ સ્મીત કરી કહ્યું. "એવો કોણ મૂર્ખ હોય કે જે સીસાની આશંકાથી હીરાનો પરિત્યાગ કરે ? તમે અજયસિંહને એટલો બધો ભોળોભટાક ન સમજતા કે તે છીપ સમજી મોતીને ફેંકી દેશે."

" સખી ! " ગિરિરાણીએ કહ્યું. " તું તો મારી મશ્કરી કરે છે, પરન્તુ મારી શંકા સ્થાને છે. શું તેં ન હતું સાંભળ્યું કે અજયસિંહ મહારાણા કિરણસિંહના પુત્ર છે? આશામાં તે એવા શા ગુણ છે કે જેથી હું તેમની દાસી બનવાને યોગ્ય થાઉં. "

ચપલાનો હાથ ઝાલી ગિરિરાણી પોતાના ખંડ તરફ જવા લાગી.

બાદશાહને આવતા જોઇ અજયસિંહે ઉઠવાનો પ્રયત્ન કરવા માંડ્યો પરન્તુ જહાંગીરશાહે તેને હાથની ઇશારત કરી શય્યામાં પડયા રહેવાનું સૂચન કર્યું. અતિ હર્ષથી અજયસિંહની શય્યા પાસે બેસી, તેના માથા તથા ગાલપર હાથ ફેરવી, અતિ પ્રેમાળ વાણીથી બાદશાહે કહ્યું. " શાહજાદા અજય ! તારો દોસ્ત જહાંગીર તારી બહાદુરીનું તને યોગ્ય ઇનામ આપવા ઇચ્છા રાખે છે. "

" જહાંપનાહ ! " અજયસિંહે કહ્યું " રાજપૂત વીર ધર્મને માટે યુદ્ધ કરે છે. શૌર્ય બદલ ઇનામ લેવાની તે કદિ પણ ઇચ્છા રાખતો નથી."

" સાચા શૂરવીરો ઇનામની ખ્વાહિશ રાખતા નથી એ વાત સાચી છે, તોપણ તેના ઉપરીની ફરજ છે કે તેણે બહાદુર માણસોને તેમની બહાદુરી માટે યોગ્ય ઇનામથી નવાજવા જોઇએ. તને યાદ તો હશે કે એક દિવસ મેં તને કહ્યું હતું કે નૌજવાનોને માટે ઉત્તમમાં ઉત્તમ ઇનામ ખૂબસૂરત નાજનીનની મુહબ્બત છે. "

અજયસિંહનું મુખમંડળ એકદમ પાડું વર્ણ થઇ ગયું.

જહાંગીર બાદશાહે પોતાનું કથન આગળ ચલાવ્યું. " સાંભળ, અજયસિંહ ! હું બહુ દિવસથી એવો વિચાર કરી રહ્યો હતો કે નાજુક અને ખૂબસૂરત ગિરિરાણી તારી બહાદુરીનું કામિલ ઇનામ છે. તેથીજ ગઇ રાતે જ્યારે હું ગિરિરાણીને લઇ અહિં આવ્યો હતો ત્યારે મેં આ ગિરિદુર્ગના લોકોને હુકમ કર્યો હતો કે આજથી પંદર દિવસની અંદર ગિરિરાણીનો નિકાહ તારી સાથે કરી નાંખવામાં આવશે. સાથે સાથે મેં એમ પણ જણાવ્યું હતું કે ગિરિરાણીને દેજમાં મારી તરફથી કીંમતી ઝવેરાત અને એક મોટી જાગીર બક્ષીસમાં આપવામાં આવશે. "

" દિલ્હીશ્વર ! " એક દીર્ઘ નિઃશ્વાસ નાખી અજયસિંહે કહ્યું: " કયા ભયાનક અપરાધના બદલામાં આપ, આ સંસાર ત્યાગી બ્રહ્મચારીને આ દંડ આપો છો ? "


જહાંગીર બાદશાહના મુખમંડળપર વિરક્ત ચિન્હ દેખાવા લાગ્યાં કાંઇક ખીજવાઇ જઇ તેમણે કહ્યું " શાહજાદા અજય ! અત્યાર સુધી હું એમ ધારતો હતો કે મહારાણા અમરસિંહના વંશજો વચનના સાચા હશે. મગર, અફસોસ ! હિરણ્મયીની યાદ હજુ સુધી તારા દિલમાંથી જૂદી થઇ શકી નથી. સાંભળ, અજયસિંહ ! તું એક બહાદુર અને દિલેર રાજપૂત છે. પોતાના દિલ સાથે જંગ ચલાવી તેને પોતાના કાબુમાં ન રાખવું તે મોટામાં મોટી નબળાઇ છે. તારા માટે તે વધુ જ શર્મની વાત છે. એક ખાનદાન, ખૂબસૂરત અને ભોળી છોકરી તારા ઇશ્કમાં ડુબી તારા માટે તલસી રહી છે એ વાત શું તને ખબર નથી ? અગર જો તું તેને નાઉમેદ કરી

છોડી જઇશ તો તે બિચારીની શી હાલત થશે ? આજથી કરીબ એ સાલોપર તારા વાલિદના આગળ તેં શું વચન આપ્યું હતું તે તને યાદ છે ? ખુદાતાલાએ તારાપર મહેરબાની કરી તને તારૂં વચન પૂરૂં કરવાનો આ ઉમદા મોકો આપ્યો છે, માટેજ હું તને કહું છું કે તારા વાલિદનો હુકમ પાળવા માટે તારા દોસ્ત જહાંગીરનું કહેવું માન અને શિરિરાણીને પનાહ આપી, તેની ઉમેદ પૂરી કરી, તું તારો ઇમાન બચાવ."

અજયસિંહ જહાંગીર બાદશાહના મુખ તરફ જોતો સ્તબ્ધ રહ્યો અલ્પ સમયમાંજ તેનાં ચક્ષુ રક્તવર્ણા થઇ ગયાં અને તેમાં અશ્રુ ભરાઇ આવ્યાં. વીર પુરુષોના હૃદયની ધુલી અશ્રુ ધારાથી સાફ થાય છે કે નહિ એ વાત અમે જાણતા નથી પરન્તુ અજયસિંહની બાબતમાં તેમ થયું. નેત્રનાં અશ્રુ લોહી નાખી તે એકદમ પોતાની શય્યામાં બેઠો થઇ ગયો અને બોલ્યો. " હે વિધાતા ! આજ મને નિશ્ચિતો કરવા માટેજ આપના સંસારે પડયંત્ર રચના માંડ્યો છે કે શું ? પિતાજીની આજ્ઞા, બાદશાહનો અનુરોધ, રાજપૂત સૈનિકનાં અશ્રુ અને સન્યાસીનો ઉપદેશ મારા પર એકને એક બાબત માટેજ દબાણ ચલાવી રહ્યાં છે ! હિન્દીશ્વર ! હું આપના પ્રસ્તાવનો સ્વીકાર કરૂં છું અમૃત સુખી, સુરસુંદરી હિરણમયી ! આજ પાપી અને ચાંડાલ અજયસિંહ તેના કલુષિત અને પાપપૂર્ણ હૃદયમાંની તારી પવિત્ર પ્રતિમાને દૂર કરી, તેનું વિસર્જન કરે છે !"

પાસેના ઓરડામાં ઉભેલો રાજપૂત સૈનિક આ બંને વચ્ચે ચાલતી વાતચિત સાંભળતો હતો. અજયસિંહનું અન્તિમ કથન

સાંભળી તેણે કાતરતથી એક દીર્ઘ આહ મારી. પરન્તુ તે આહનો ક્ષીણ શબ્દ કોઇના કાને પડ્યો નહિ. કારણ કે તે ઓરડાના બીજા ભાગમાં હાથમાં શંખ ઝાલી ચપલા ઉભી હતી અને તે બંનેની વચ્ચે ચાલતી વાતચિત સાંભળતી હતી. અજયસિંહે બાદશાહના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો કે તુરતજ તેણે આનંદના ઉભરામાં પોતાનો શંખ વગાડ્યો. રાજપૂત સૈનિકનો ગંભીર, મર્મભેદી, દીર્ઘ નિઃશ્વાસ ચપલાના શંખધ્વનિ સાથે વિલીન થઇ ગયો.





પ્રકરણ ૩૦ મું.

બાદશાહ અને બેગમ.

મચ્યું છે યુદ્ધ આમાંડે દેવ દાનવનું સદા;
હણે છે દોષ તો કોઇ રક્ષાનું કરનાર છે.

કલાપી.

જહાંગીર બાદશાહે પવિત્ર નર્મદા નદિના કિનારે પોતાનો મુકામ નાંખ્યો હતો. એક સુંદર તંબુમાં બેઠા બેઠા એક ચિત્ર તરફ જોઇ તેઓ પૂર્ણ વિચારમાં નિમગ્ન થઇ ગયા હતા. કેટલીક વાર સુધી વિચાર કર્યા પછી તેમણે પોતાના મન સાથે કહ્યું.

" તાજખુબી, કેટલું ગંધુ મળતાવડાપણું! જરા પણ ફરક માલુમ પડતો નથી. અચંબાની વાત છે કે આટલી બધી તાજખુબીની વાત હું એકદમ ભૂલી કેમ ગયો હતો!"

આ વખતે એક સિપાઇએ તંબુમાં આવી બાદશાહને કહ્યું. જહાંપનાહ! એક નકાબપોશ ઓરત આથારે ને અત્યારે આપને મળવા માગે છે. તેને અંદર આવતી મેં ઘણી મુશ્કેલીથી અટકાવી રાખી છે. જો હુઝૂરનો હુકમ હોય તો તેને અંદર આવવા દઉં."

સમ્રાટ્ જહાંગીર એકદમ ચમકી ઉઠ્યા. તેમણે કહ્યું: " તેને રિવાજ પ્રમાણે મારી પાસે આવવા દે."

સમ્રાટનું કથન પૂરું પણ થયું ન હતું એટલામાં તો તે નકાબપોશ ઓરત પોતાનો નકાબ ઉંચો ઉંચકી બાદશાહ આગળ આવી ઉભી રહી. કેટલીક વાર સુધી ચૂપ ઉભી રહી, તે ઓરતે કહ્યું." અફસોસ, જહાંપનાહ! લોક આપને ગેર કાયદે લાયક આદમી કહે છે. આ તેના દરમ અને વર્તાથી આખા હિંદુસ્તાનની સલ્તનત આપના કાબુમાં છે તોપણ એક ડરપોક અને નીચ માણસની માફક આ ઓરતની એક મામુલી વાત પર આપે ગૌર ફરમાવ્યો નહી. અફસોસ! અગર જો આવુંજ જાણતી હોત તો હું આપને માગ્યા મુલ્ક આપી દેત? અગર જો હું આવુંજ જાણતી હોત તો હું આપના હજારો સિપાઇઓનો અહમદનગરમાં ઘાણ કાઢી ન નાંખત? અગર જો હું આવુંજ જાણતી હોત તો મારી ખૂનની પ્યાસી શમશેરના સપાટામાં આવેલા આપના નવા સિપહસાલારને બચતો

જવા દીધો હોત ? અફસોસ ! સદ હજારવાર અફસોસ ! મને મદદ કરવાની વાત તો દૂર રહી, મારા જીગરમાં ધગધગી રહેલી અગ્નિને શાન્ત કરવાની વાત તો કોરાણે રહી, ઉલટા આપ પોતેજ મારા ખિલાફ થઈ ઉભા રહ્યા ! જહાંપનાહ ! મેં આપનો એવો શો અપરાધ કર્યો હતો કે જેનો બદલો આપે મને આવી રીતે આપ્યો છે ?"

"બેગમ સાહેબા !" જહાંગીર બાદશાહે કહ્યું. "આપની મંશા ઘણીજ જલ્દીથી પૂરી થશે. આ તસ્વીરમાં ચિત્રેલી ઓરત જેવી ઓરત મારા જોવામાં આવેલી છે."

આમ કહી સમ્રાટે એક છબી તે સ્ત્રી તરફ ધરી. તે છબીને દૂર ફેંકી દઇ, જોરથી ચિકટ હરકા કરી તે સ્ત્રીએ કહ્યું. "અફસોસ ! શું હજુ પણ મારે મારી દુખ્તરની તસ્વીર તેની સૂરત સાથે મેળવી જોવી પડશે. જહાંપનાહ ! મારા જીગરના દરેક ભાગમાં મારી દુખ્તરની તસ્વીર ઉંડી રીતે કોતરાઇ ગઇ છે. અફસોસ ! શું એકવાર પણ હું મારા જીગરના ટુકડાને મારી છાતી સાથે ચાંપી પ્યાર નહિ કરી શકું ? શું મારી જીવતી જાગતી દીકરી મને નહિજ મળે ? દિલ્હીશ્વર ! તેની ખોજ કરી, તેને મારી પાસે લાવવા માટે હમીદા બેગમે પોતાની ફરજ ગોઠવી હતી લેકિન આપેજ મારા દુશ્મનની ગરજ સારી છે. આપજ મારી પ્યારી દુખ્તરને મારી બેનના માણસો પાસેથી એક ડાકુની માફક છીનવી લઇ ગયા હતા. ખબર ! હવે મુમતાજ બેગમ પોતે આપના સામી આવી ઉભી રહી છે. આપ આપની ખિલાફ કારવાઇ ચલાવો. હું પણ જોઉં છું કે દિલ્હીના શહેનશાહમાં કેટલી હિંમત છે ?"

" બેગમ સાહેબા ! " જહાંગીર બાદશાહે અવિચલિત ભાવથી ઉત્તર આપ્યો " આપ મારાપર નારાજ ન થાઓ. હમણાંજ તે સૂરતને અને આ તસ્વીરમાં કોતરેલી શિકલને મેળવી હું વિચાર કરી રહ્યો હતો કે હવે શું કરવું મુનાસિબ છે. અત્યારસુધી હું કાંઇપણ તય કરી શક્યો નથી. ગિરિરાણી રાજપૂત ખાનદાનમાં પયદા થયેલી છે એટલે મને શક આવે છે કે આ તસ્વીર સાથે તેની શીકલ મળતી આવવાં છતાં પણ આપ જેની તલાશ કરો છો તે ઔરત કોઇ બીજીજ હશે. "

" અફસોસ, જહાંપનાહ ! " શાન્ત ચિત્તે મુમતાજ બેગમે કહ્યું. " એમાં જરા પણ શક નથી અને તેમાં શક લાવવાની જરા પણ જગ્યા નથી. મારી ખૂબસૂરત દુખ્તર જીવતી હોય તે કાંઇ ગૈરમુમકિન નથી. ખયર, સાંભળો. બબ્બે વખત મેં આપને વચન આપેલાં છે કે કોઇ વખત હું મારો કુલ ઇતિહાસ આપને કહી સંભળાવીશ. લો, સાંભળો ત્યારે, આજ હું મારા દિલની છૂપી વાત કહી દઉં છું. ગિરિરાણી કોઈ ખાનદાન રાજપૂતના કુળમાં ઉત્પન્ન થએલી છે એ વાત ખરી પણ તે પયદા થએલી છે આ મુમતાજની કુખથી જ. જે વખતે તે પયદા થએલી હતી તે વખતે મારો નિકાહ થએલો નહતો. મારી શોક મારી પ્યારી દુખ્તરને મારી પાસેથી લઇ ગઇ હતી. કેટલાક દિવસ પછી તેને ખોળવા માટે હું જંગલે જંગલ અને શહેરે શહેર ભટકવા લાગી. ભટકતાં ભટકતાં હું મેવાડમાં જઇ ચડી. ત્યાં મેં મારી શોકની છોકરીને કિરણસિંહના છોકરા અજયસિંહ સાથે રમતી જોઇ. તેને આનંદમાં દિવસ ગાળતી જોઇ મારા

કલેજાનો આતિશ તિવ્ર વેગથી ભભકી ઉઠયો. તે દિવસથી તેને તબાહ કરી નાંખવાનો મેં તય કર્યો. બહુ દિવસની મહેનત અને કોશિશ પછી મારી મુરાદ બર આવી. જે દિવસે સખાવતઅલીનો નિકાહ હિરણમયી સાથે થઇ ગયો તે દિવસે આપ ત્યાં આવ્યા હતા એ વાત તો આપને યાદ હશેજ. ખયર, આ વાત બન્યાને જમાના વીતી ગયા છે લેકિન મારી પ્યારી શાહજાદી હજુ સુધી મને મળી નથી. લાચાર થઇ, મેં મારા કાકાની દુખ્તર હમીદાબેગમની ઇમ્દાદ લીધી. મારો રંજ સાંભળી તેનું કલેજુ પીગળી ગયું. મારી આરજૂ અને મિન્નતથીજ મારી જાગીર આપને આપી, તેણે આપની સાથે સુલેહ કરી હતી. સલાહના ખતમાંજ મેં મારી પ્યારી શાહજાદીની તસ્વીર મૂકી આપની પર મોકલાવી હતી."

ઉપરોક્ત કથન કહેતાં મુમતાજબેગમ ઉન્મત્તની માફક હસી પડી અને બોલી. "આટલા બધા દિવસ પછી આજ મારી આરજૂ પૂરી થશે. ખયર, હવે હું જાઉં છું અને મારી પ્યારી શાહજાદીને મારી છાતી સાથે લગાવી મારા કલેજામાં બળતી આતિશ બુઝાવું છું."

"બેગમ સાહેબા !" જહાંગીર બાદશાહે કહ્યું. "આપ ઉતાવળાં ન થતાં ગૌરથી મારી વાત સાંભળો અને આપને જે સલાહ મુનાસિબ લાગતી હોય તે આપો."

"જે કાંઇ ફરમાવવું હોય તે જલદીથી ઇર્શાદ કરો, દેર ન કરો." હોઠ કરડતાં તે ઉન્માદિનીએ કહ્યું.

"હું જે કાંઇ કહું છું તેના પર બરાબર ગૌર કરો."

જહાંગીર બાદશાહે કહ્યું. "હું આપની શાહજાદીને રંજ પહોંચાડવા નથી ઇચ્છતો બલ્કે હું તેને સુખ મળે એવીજ કોશિશ કરૂં છું. કેટલાક એવા બનાવ બની ગયા છે કે જેથી તમારી શાહજાદી ગિરિરાણી અને કિરણસિંહના શાહજાદા અજયસિંહ સાથે દોસ્તી થઇ ગઇ છે. તે બંનેની મુહબ્બત ઘણીજ વધી ગઇ છે. આજ રાતે ભાગ્ય સામે તે બંનેનો નિકાહ થવાનો છે. જ્યાં સુધી તેમનો નિકાહ થઇ જાય ત્યાં સુધી આપ આપની શાહજાદીને મળવાનું મોકુફ રાખો. ગિરિરાણીને લોકો હિન્દુ સમજે છે. તે મુસલમાનીના પેટથી પયદા થઇ છે એ વાતથી લોકો અજાણ્યા છે. મને પોતાને પણ તે વાત અત્યારેજ માલુમ પડી છે. જો આપ ખરા મોકાપર પુરાણો અને છૂપો ભેદ ખોલી નાંખશો તો અજયસિંહ તેની સાથે કદિ પણ નિકાહ નહિ કરે, અને આપ આપની શાહજાદીના રંજનું કારણ થઇ પડશો. માટે હું આપને વિનંતી કરૂં છું કે જ્યાં સુધી ગિરિરાણીનો નિકાહ અજયસિંહ સાથે થઇ જાય ત્યાં સુધી આપ આપની શાહજાદીને મળવાનું મુલતવી રાખો."

બંને હાથે પોતાના માથાના વાળ ખેંચતી તથા હોઠ કરડતી તે ઉન્માદિની મુમતાજબેગમ બોલી. "તો શું આપની મંશા એવી છે કે હું અહમદનગર પાછી ચાલી જઉં? વાહ, કેવી મજાની સલાહ?"

"મારી ખ્વાહિશ એવી છે કે" જહાંગીર બાદશાહે કહ્યું. "નિકાહ પૂરો થઇ ગયા પછીજ આપ આપની વાત જાહેર કરો."

" અફસોસ ! જહાંપનાહ, " જોરથી વિકટ હાસ્ય કરી મુમતાજબેગમે કહ્યું. " આપ આટલી મોટી સલ્તનત પર હુકૂમત કરો છો લેકિન ઓરતના દિલના હાલથી આપ બિલકુલ બેખબર છો. મારા કલેજામાં કેવી આતિશ સળગી રહી છે એ વાતની આપને ક્યાં ખબર છે ? ચાહે તો આપ મિન્નત કરો કે ચાહે તો આપ તરવારનું જોર દેખાડો લેકિન હું આપની વાત માનવાની નથી. હું અત્યારે ને અત્યારે મારા જીગરની આતિશ બુઝાવી નાંખીશ જુઓ, હું જઉંછું. આપનામાં હિંમત હોય તો મને રોકો જોઇએ. "

આમ કહી મોં પર નકાબ ચઢાવી તે ઉન્માદિની ત્યાંથી રવાને થઇ. જહાંગીર બાદશાહ દિગ્મૂઢની માફક તેના તરફ જોઇ રહ્યા.



પ્રકરણ ૬૧ મું.

ચપલા અને રાજપૂતસૈનિક.

છૂટતા ! મિથ્યા ધારણા ધરે;
હરિ ને ભાવે તેમ તે કરે.

એક જૂનું કાવ્ય.

આજ ગિરિદુર્ગમાં મોટો સમારોહ થઇ રહ્યો હતો. આજ વાસાન્તી પૂર્ણિમાનો દિન હતો. આજની રાત્રિએજ ગિરિ-રાણીનો વિવાહ અજયસિંહ સાથે થઇ જવાનો હતો. સર્વનાં મુખારવિંદ પર આનંદ અને ઉત્સાહની ઝાંઈ

ઝળકી રહી હતી. લગ્નોત્સવમાં ભાગ લેવા માટે આજુ બાજુના પ્રદેશના રાજા મહારાજા તથા સરદારો ખાસ આવેલા હતા. દુર્ગના પ્રત્યેક ભાગને ફૂલ પાનાદિકથી શણગારવામાં આવેલો હતો. કસબી ચંદરવા ઠેર ઠેર બાંધી દેવામાં આવેલા હતા ગાયકના ગાયન અને વાદ્યનાં નિનાદથી આખું વાતાવરણ ડોલાયમાન થઇ રહેલું હતું. ચીરત્વચરકા નર્મદા આનંદમાં તરંગ ભંગ કરી રહી હતી. સરિતા કિનારે એક બાજુએ જહાંગીર બાદશાહે એક કિંમતી તંબુ તાણેલો હતો તો તેનાથી અડધાક ગાઉ દૂર અજયસિંહે પોતાનું વસ્ત્રભુવન બનાવેલું હતું. મતલબ એ કે ચારે તરફ લગનના આનંદની હેલી વરસી રહી હતી.

બે પ્રહર દિવસ ચડી ગયો હતો. વસન્તઋતુ હોવાથી દુર્ગ પાસેના ઉદ્યાનમાં પૂર્ણવિકસીત પુષ્પો પોતાની મનોહર સુગંધ ચારે તરફ ફેલાવી રહ્યાં હતાં. અશોક વૃક્ષની એક શાખામાં બેઠેલી એક કોયલ પંચમ સ્વરે ટહુકાર કરી રહી હતી. જ્યારે કદમ વૃક્ષપર બેઠેલો એક પપૈયો પોતાના સપ્તમ સ્વરથી ‘ પીઉ પીઉ ’ કરી તેને પ્રત્યુત્તર આપી રહ્યો હતો. નર્મદા નદીના શીતળ જળમાં સ્નાન કરી, પૂર્ણ વિકસિત પુષ્પોના સૌરભથી પોતાના દેહને સુગંધિત કરી, મંદ મારૂત ઉદ્યાનમાં ક્રીડા કરી રહ્યો હતો. આ મંદમારૂતસેવિત, વિહગકૂજિત પુષ્પોદ્યાનમાં પુષ્પાલંકારથી અલંકૃત થએલી ગિરિરાણી બેઠી હતી. તેની પાસે તેની સહચરી ચપલા બેઠી હતી અને તેના હસ્તપાદ પર મીંદી મૂકી રહી હતી. બાકીની સહચરીઓમાંથી કેટલીક વીણા વગાડતી હતી, કેટલીક પુષ્પ ગુંથતી હતી, કેટલીક

હાર ગુંથતી હતી, તો બાકીની કેટલીક ગોપીઓ મળી એક બીજીની ઠઠ્ઠા મશ્કરીઓ કરી રહી હતી. આવા સમયે એક રાજપૂત સૈનિકે ગિરિરાણી સામે આવી તેને અભિવાદન કર્યું.

ગિરિરાણિએ તેના તરફ જોઈ તેને પ્રશ્ન કર્યો. "તમે કોણ છો ?"

"રાણીજી !" તે રાજપૂતસૈનિકે પ્રત્યુત્તર આપ્યો. "આજ મોટા આનંદનો દિવસ છે. આજ અમારા રાજકુમાર અજયસિંહનું લગ્ન આપની સાથે થવાનું છે એ સમાચાર સાંભળી હું, એક દીન રાજપૂત સિપાઈ છેક મેવાડથી અહિં આવ્યો છું. આજનો આ લગ્નોત્સવ જોવાનો મને પ્રસંગ આવ્યો છે અને તે હું મારી આંખે જોઈશ એ વિચારથી મારા મનમાં કેટલો બધો હર્ષ થઈ રહ્યો છે તે સર્વવ્યાપક સચરાચર સિવાય કોણ જાણી શકે ? દેવી ! આપ નવ દંપતીને ભેટ આપવા માટે હું આ બે પુષ્પ મુકુટ લાવ્યો છું. કૃપા કરી શું મારા ક્ષુદ્ર ઉપહારનો આપ સ્વીકાર નહિ કરો ?"

આમ કહી તે રાજપૂતસૈનિકે પોતાના વસ્ત્રમાંથી બે પુષ્પ મુકુટ બહાર કહાડ્યા. તે ગિરિરાણીના મોં આગળ મૂકી તે બોલ્યો. "દેવી ! કાલ આખી રાત્રિનો ઉજાગરો કરીને મેં આ પુષ્પ મુકુટ તૈયાર કરેલા છે. કૃપા કરી જો આપ તેનો સ્વીકાર કરશો તો મારો સઘળો પરિશ્રમ સફળ થએલો માનીશ."

ગિરિરાણી અને ચપલા તે મુકુટો તરફ આશ્ચર્ય ચકિત

મુગ્ધાથી જોઇ રહી. પુષ્પનો આવો સુંદર અલંકાર કેવી રીતે બનાવવામાં આવ્યો છે તે તે સમજી શકી નહિ. ચિત્રવિચિત્ર રંગથી તે મુકુટમાં અત્યન્ત શોભા આણવામાં આવેલી હતી. તેમાંના પુષ્પની સુગંધ આગળ ઉદ્યાનના પુષ્પની સુગંધ કાંઇ વિસાતમાં નહતી. ગિરિરાણીએ તે રાજપૂતસૈનિકને પૂછ્યું. " વાહ ! કેવા શોભાયમાન મુકુટ ! ! આવાં સુંદર પુષ્પ તને ક્યાંથી મળ્યા ? "

" મધ્ય રાતે આ વનનાં પ્રત્યેક લતા વૃક્ષમાંથી શોધી શોધીને મેં આ પુષ્પો એકઠાં કરેલાં હતાં. " તે રાજપૂતસૈનિકે કહ્યું.

" આ બે મુકુટ કોણે ગુંથ્યા હતા ? " ચંચળ ચપળાએ પ્રશ્ન કર્યો.

" તે મુકુટ મેં મારા હાથે જ બનાવેલા છે. નાનપણમાં આવા અલંકાર બનાવવાની વિદ્યા હું શીખ્યો હતો. આજ મારી તે વિદ્યા સફળ થઇ છે. " તે રાજપૂત સૈનિકે કહ્યું.

કેટલીક વાર સુધી તે રાજપૂત સૈનિક તરફ બારીકાઇથી જોઇ રહ્યા પછી મોં મલકાવી ચપળાએ કહ્યું. " શું પુરૂષો પણ પુષ્પનો આટલો બધો ગૌરવ સમજતા હશે ? મને યાદ આવે છે કે પણ ખેર, મને માલૂમ પડે છે કે પહેલાં મેં તને જોએલી છે. શું પહેલાં તું અહિં કોઇ વખત આવેલી હતી ? "

ચપળાના પ્રશ્નનો કાંઇ પણ પ્રત્યુત્તર નહિ આપતાં તે રાજપૂત સૈનિક ઉભો થયો અને ગિરિરાણી તરફ જોઇ બો-

ર્યો. " રાણીજી ! અત્યારે તો હું જઉં છું રાત્રિના ઉત્સવના સમયે હું પુનઃ અહિં આવીશ."

ચપલા આગળ વધી અને તેનો હાથ પકડી મોં મલકાવી બોલી. " અરે, આ શું ? તું જાય છે શું કરવા ? મેં તને જે પ્રશ્ન પુછ્યો છે તેનો બરોબર પ્રત્યુત્તર આપી તારે જવું હોય તો જા."

ચપલા તરફ ક્રોધભરી દૃષ્ટિ કરી ગિરિરાણી બોલી. "ચપલા ! શું તને જરીક પણ લાજ શરમ નથી ? મારી સામે પર પુરૂષ સાથે આવી ઠઠ્ઠા મશ્કરી કરતાં શું તને શરમ નથી આવતી ?"

ગિરિરાણી તરફ જોઇ ચપલા બોલી. " રાણી સાહેબ ! ફક્ત દાઢી હોવાથી પુરૂષ થઇ શકાય છે ? સ્ત્રીઓને પણ લાંબી દાઢી હોય છે એ વાત શું આપ નથી જાણતા ? જો આપને યાદ ન આવતું હોય તો હું આપને સંભારી આપું છું કે પેલે દિવસે એક સન્યાસી આપણને જંગલમાં મળ્યો હતો તેને જટા હતી પરન્તુ તેને પણ આના જેવાંજ નીલ પદ્મ સમાન વિશાળ ચક્ષુ હતાં. હૃદયને વીંધી નાખે એવી તેની દૃષ્ટિ આના જેવીજ હતી. આના જેવાજ તેને ગુલાબી અધર હતા. તમારી વાંસળીના મલારના હદ ભેદક સ્વર જેવો તેનો સ્વર હતો. આ રાજપૂત સૈનિક અને તે તાપસ કુમાર એકજ છે. તેનો પૂરાવો જોઇતો હોય તો જુઓ—"

આમ કહી ચપલાએ તે રાજપૂત સૈનિકની દાઢી તથા માથાના વાળ ખૂબ જોરથી ખેંચ્યા. તે સૈનિકના નકલી વાળ નીકળી પડ્યા. તેની નકલી લાંબી દાઢી ચપલાના હાથમાં આવી ગઇ. તેના કાળા

લાંબા કેશ બંધનચ્યુત થઇ નિતંબ સુધી લટકવા લાગ્યા, મેઘ મુક્ત પૂર્ણચંદ્ર સમાન તેનું મુખમંડળ ચમકવા લાગ્યું. તેના ઉચ્ચ ઉરોજ તરંગહત કમળ પ્રમાણે કંપવા લાગ્યા. ઉદ્યાન શોભી પુષ્પોને હીનગૌરવ કરી, ગિરિરાણીને અને ચપલાને આશ્ચર્યમાં નિમગ્ન કરી તે રાજપૂત સૈનિકનું રૂપ એક અલૈકિક અતુલ સૌંદર્યમયી ભુવનમોહિની કિશોરીના રૂપમાં પરિણત થયું. આ અતુલ રૂપરાશિ તરફ નજર કરી ચપલા બોલી. " કેમ રાણીજી! મેં જે કહ્યું હતું તે સત્ય છે કે નહિ ? જે દિવસે મેં આ સુરસુંદરીને સન્યાસીના રૂપમાં જોઇ હતી ત્યારેજ મારા મનની ખાતરી થઇ હતી કે તે પુરૂષ નથી. શું આવા અનુપમ રૂપની છટા પુરૂષનો વેષ ધારણ કરવાથી છૂપી શકે તેમ છે ? "

" સખી ! " ગિરિરાણીએ કહ્યું " તારૂં કહેવું સત્ય છે. તે કોણ છે અને અહિં આવો વેષ ધારણ કરી શું કરવા આવી છે તે જો તે કહેવા માગતી હોય તો તેને પૂછી જોને. મને તો મોટું આશ્ચર્ય થઇ રહ્યું છે. "

એક હાથે તે સુંદરીનો હાથ ઝાલી, બીજો હાથ તેના ખભા પર મૂકી ચપલાએ કહ્યું. "સન્યાસી મહારાજ ! કૃપા કરી આપના તપોવનના કુશળ સમાચાર તો કહી સંભળાવો ?"

" સખી ! " ગિરિરાણીએ કહ્યું. " વ્યંગ છોડી તેની સાથે સીધે સીધી વાત કર. "

" ભલે, સન્યાસી મહારાજ ! " બે હાથ જોડી તે કિશોરી તરફ જોઇ ચપલાએ કહ્યું. " આપ કયા દેશના સન્યાસી છો. આપના સન્યાસ વ્રતના ઉદ્યાપનનો સમય ક્યારે આ-

વશે ! કયી કામનાથી અને કયા રાજસિંહાસનને ઉજ્જવળ કરવા માટે આપે આપના ચંદ્ર સમાન મુખ પર ભભુતી લગાવેલી હતી ?"

ચપલાના પ્રશ્નનો કાંઇ પણ પ્રત્યુત્તર નહિ આપતાં હિરણમયી ગિરિરાણી પાસે જઇ ઉભી રહી. ચપલા પુનઃ તેની પાસે ગઇ અને તેના ગળામાં હાથ નાંખી તેની હડપચી પકડી લલકારવા લાગી.

પ્રેમ યોગ મેરી સખી, પ્રેમ લાગી યોગિયા.
વિભૂતિ કમળ અંગમેં, શ્યામરૂપ પ્રાનમેં.
ધ્યાન, જ્ઞાન, મંત્ર આદિ, મોરી વનમાલિયા.
પ્રેમ યોગ મેરી સખી, પ્રેમ લાગી યોગિયા.

ગિરિરાણીને સંબોધી હિરણમયી બોલી. " રાણીજી ! હું આપને પ્રાર્થના કરૂં છું કે હવે મને અહિંથી જવાની રજા આપો. "

ગિરિરાણી ઉઠી ઉભી થઇ. હિરણમયીનો હાથ ઝાલી અતિ મમતાપૂર્ણ વાણીમાં તે બોલી. " બહેન ! ખરેખરૂં કહો, આપ કોણ છો ? આપનો પરિચય કરવાને હું ઘણીજ ઇચ્છા રાખુ છું. "

ગિરિરાણીના પગપર હાથ મૂકી હિરણમયી બોલી. " બહેન ! મને ક્ષમા કરો. મારો પરિચય જાણવાનો આ યોગ્ય સમય નથી. આજ આનંદ અને ઉત્સાહનો દિવસ છે. મારી દુઃખ કથા આજ આપને સંભળાવી, હું આપને દિલગીર કરવા નથી માગતી. આજનું મંગળકાર્ય પૂર્ણ થઇ જવા દો. વીર

અજયસિંહ સાથે ગિરિરાણીના હૃદયને સંમિલિત થવા દે. પછી હું મારો સર્વ વૃત્તાન્ત આપને કહી સંભળાવીશ. અત્યારે મારો દુઃખી વૃત્તાન્ત કહી આપને દુઃખી કરવા હું મુદ્દલ નથી ઇચ્છતી. ”

બરોબર આ વખતે કોઇનો અવાજ કર્ણગોચર થયો કે “ હું તેને ઓળખું છું. તેનો બધો ઇતિહાસ મને માલૂમ છે. ”

ઉપર્યુક્ત શબ્દો સમાપ્ત થવાની સાથેજ કોઇના વિકટ હાસ્ય તથા કરતાલધ્વનિથી તે પુષ્પોદ્યાન પ્રતિધ્વનિત થવા લાગ્યું. આશ્ચર્ય ચકિત થઇ સર્વએ જોયું તો એક ઉન્માદિની તાળોટા પાડતી પાડતી તેમના તરફ આવતી હતી. હિરણ્મયીએ તે ઉન્માદિની તરફ જોયું. એકદમ તેનું શિર ઘુમવા લાગ્યું. તેની સંજ્ઞા લુપ્તપ્રાય થઇ ગઇ. પોતાના હૃદયપર હસ્ત મૂકી તથા ચક્ષુ બંધ કરી તે જમીનપર બેસી ગઇ. ગિરિરાણી અને ચપલા ભયને મારે મોટેથી બૂમ પાડી ઉઠી અને એક બીજાના ગળે વળગી પડી, ભયભીત દૃષ્ટિથી તે ઉન્માદિની તરફ જોવા લાગી. ચપલાને દૂર ધકેલી તે ઉન્માદિનીએ ગિરિરાણીને પોતાના ખોળામાં લીધી અને બોલી. “ અફસોસ ! મારી પ્યારી શાહ-જાદી ! એક વખત મારી છાતી સાથે વળગી, મારા કલેજામાં ધગધગી રહેલો આતિશ બુઝાવી નાંખ. હું તારી વાલિદા મુમ-તાજ બેગમ છું. આજકાલ સોળ સાલો થયાં હું તારા માટે આમ તેમ ખોજ ચલાવી રહી હતી. ”

પ્રકરણ ૩૨ મું.

આ ગીત કોણ ગાય છે?

O, it came o'er my ear like th) sweet sound
That breath(s upon a bank of violets,
Stealing and giving odour.

SHAKESPEARE

સન્ધ્યા પડી ચૂકી હતી. પૂર્ણિમાની રાત્રિ હોવાથી પૂર્ણ ચંદ્ર પુનિત નદીના શીતળ અને તરલ જળ સાથે ક્રીડા કરી રહ્યો હતો. પ્રેમમયી તરંગિનીના ઉચ્છ્વાસ તરંગમગ અને ગીતનિનાદ સાથે ઉછાળા મારતા હતા. કોણ જાણે અમરનં-

હિની તરંગિણી કોઇ અમર લોકની ભાષામાં, કોઇ સ્વર્ગીય આલાપ કરી સુધાંશુ સાથે પ્રેમાલાપ ન કરી રહી હોય !

આ સમયે એક નિર્જન સ્થાનમાં સરિતા તટે હિરણ્મયી એકલી બેઠી બેઠી રોઇ રહી હતી. શૈશવકાળથી અત્યાર સુધીના સઘળા બનાવો એક પછી એક તેની દૃષ્ટિ સમિપ ચિત્રિત થતા હતા. ઘણીવાર પછી પોતાનાં ચક્ષુમાંના આંસુ લોહી તેણે પોતાના મનમાં કહ્યું “ આજ મેવાડના વીર અજયસિંહનું લગ્ન ગિરિરાણી સાથે થશે. આજ મારા અજયના હૃદય સાથે ગિરિરાણીના પવિત્ર પ્રાણનું સંમિલન થશે અને તેના નિષ્કલંક હૃદયમાંથી આ કલંકિની હિરણ્મયીનું ચિત્ર વિસર્જન થશે. કેવા સુખ અને આનંદનો દિવસ ! આવા આનંદ અને ઉત્સાહના દિવસે અભાગિની હિરણ્મયીનાં આંસુઓ પુનિત નર્મદા નદીના પવિત્ર જળને કલુષિત શા માટે કરતાં હશે ? મારો પ્યારો અજય ! મારો પ્રાણ સખા ! મારો ટળી અન્યનો થાય છે એથી શું મારૂં પાપી હૃદય કાતર થાય છે ? નહિ, હે અન્તર્યામી ! હે પ્રભો ! તમે જાણો છો કે અજયસિંહના ક્ષણિક સુખ માટે હિરણ્મયી પોતાના પ્રાણનો સેંકડો વખત બલિદાન આપવા તૈયાર છે. પરન્તુ હાય ! આજ ઉન્માદિનીના મુખથી મેં શું સાંભળ્યું ? શું ગિરિરાણી યવની સુમતાજ બેગમની પુત્રી છે ? આખરે શું હિંદુ સૂર્ય મહારાણા કિરણસિંના પુત્રનું લગ્ન એક યવનની કન્યા સાથે થશે ? અજયસિંહને આ બાબતની કિંચિદ્ માત્ર પણ ખબર નથી. લગ્ન થયા પછી આ ભેદ ખુલ્લો થશે ત્યારે આ શુભ ઉત્સાહમાંથી ઘોર અનર્થ ઉત્પન્ન થશે. હે વિધાતા ! તેં આ શું કર્યું ! આ અમૃત કુંભમાં તેં આજ વિષ બિન્દુ શા માટે નાંખ્યું. ”

ઘણીકળ વાર સુધી હિરણ્મયી ચિન્તા કરતી બેઠી. " શું આ વાતનો ભેદ અજયસિંહને ખુલ્લો કરી દેવો ? નહિ, અજયસિંહે પોતાના પિતા આગળ પણ કરેલું છે કે બે વર્ષમાં જો તે હિરણ્મયીને ભૂલી નહિ શકે તો તે તેના શરીરને ગંગા કે યમુના, ગોદાવરી કે નર્મદાના પુનિત જળમાં વહેવડાવી જીવનોત્સર્ગ કરશે. અત્યારે તો તેના હૃદયમંદિરમાંથી હિરણ્મયીની વિસ્મૃતિ થએલીછે. ગિરિરાણીએ તેના હૃદયમંદિરમાં નિવાસ કરેલો છે. જો ગિરિરાણીને પદચ્યુત કરવામાં આવશે તો સંભવિત છે કે તેના હૃદયમાં પુનઃ હિરણ્મયીનું ચિત્ર ચિત્રિત થઇ આવશે અને સત્ય વ્રતધારી અજયસિંહ અવશ્ય પોતાનો જીવનોત્સર્ગ કરશે. શું કરવું અને શું ન કરવું તેનો કાંઇપણ નિર્ણય હિરણ્મયી કરી શકી નહિ. તેની આંખોમાં આંસુ આવી ગયાં. તેનું માથું ઘૂમવા લાગ્યું. જાગૃદાવસ્થામાં જાણે તે સ્વપ્ન જોઇ ન રહી હોય એવો તેને ભાસ થવા માંડ્યો. તેને એવું લાગ્યું કે જાણે તે મેવાડના કિલ્લામાં અજયસિંહ સાથે હોળી રમી રહી નહોય! જાણે અજયસિંહ તેને પકડવા આગળ વધતો હતો અને તે તેને દૂર હટાવી તેના પર અબિલ અને અશોક પુષ્પ નાંખી ગાતી ગાતી દૂર નાશી જતી હતી ! હિરણ્મયીની અવસ્થા એટલી બધી વિકૃત થઇ ગઇ હતી કે આ બાબત યાદ આવતાંજ તેણે ગાવા માંડ્યું

પ્રાણ પર તોરે જાગત પ્યારી ।
મોસે બનમાલી ચાતુરી સારી ।
બિનતિ કરૂં શાંવલિયા તોરી ॥

એકાએક કાનન, પર્વત, આકાશ અને સમીરણ ગીત

નંદથી ગુંજી ઉઠવા લાગ્યાં. હિરણ્મયી જે સ્થાને બેઠી હતી તેનાથી કેટલેક દૂર મોટો ઉજાશ દેખાવા લાગ્યો અને મોટા જોશથી વાજાં વાગવાનો અવાજ કર્ણગોચર થયો. આજ અર્ધ રાત્રિએ ગિરિરાણી સાથે અજયસિંહનો હસ્તમેળાપ થવાનું મુહૂર્ત હતું માટે અજયસિંહને લઇ બડી ધામધુમથી મોટો વરઘોડો ચડાવી જહાંગીર બાદશાહ લગ્નમંડપ તરફ જતા હતા. સૌથી અગ્ર ભાગે જહાંગીર બાદશાહ અને તેમની બાજુમાં દાનવદમન પર સ્વાર થએલો અજયસિંહ ચાલતા હતા. આ લગ્નોત્સવમાં શરીક કરવા માટે જહાંગીર બાદશાહે દાનવદમનને આગ્રેથી ખાસ બોલાવેલો હતો. જાણે કાંઇ ગંભીર મર્મવેદનાથી અજયસિંહનું હૃદય હચમચી ન રહ્યું હોય તેમ તેનું મોં તદ્દન ઉતરી ગએલું દેખાતું હતું. તેનું મુખ મ્લાન જોઇ જહાંગીર બાદશાહે કહ્યું. "પ્યારા અજય ! આજ ખુશીના ટાંકણે તારો ચહેરો ઉદાસ અને રંજીદો દેખી મને ઘણોજ રંજ થાય છે."

"દિલ્હીશ્વર !" ધીમે સ્વરે અજયસિંહે કહ્યું. "આજે વાગતાં આ વાજીત્રોના અવાજ મારા હૃદયમાં તીર પ્રમાણે લાગે છે. કૃપા કરી આપ તેમને વાગતાં બંધ કરાવવાની આજ્ઞા કરો."

દિલ્હીશ્વરની આજ્ઞાથી વાજાં વગાડવાનું બંધ કરવામાં આવ્યું.

"જહાંપનાહ !" તીવ્ર દૃષ્ટિથી જહાંગીર બાદશાહ તરફ જોઇ અજયસિંહે કહ્યું. "આજ અહિં આટલી બધી રોશની શું કરવા કરવામાં આવેલી છે ? આ સમયે મને ગંભીર અને નિસ્તબ્ધ અંધકારમાં જવાની ઇચ્છા થાય છે."

" શાહજાદા અજય ! " જહાંગીર બાદશાહે કહ્યું. " હું તને મિન્નત કરૂં છું કે આજના ખુશીના દિવસે તું તારા દિલને રંજીદઃ ન કર બલ્કે તારા દિલમાંથી રંજ અને ફિકર દૂર કરી તારા દિલને ખુશ કર અને મારી આરજૂ પૂરી કરી, શાહજાદી ગિરિરાણીની મુહબ્બતની કદ્રનો અંજામ કર. "

આમ કહી જહાંગીર બાદશાહે પુનઃ વાજાંવાળાને વાજાં વગાડવાનો હુકમ કર્યો. એકાએક અજયસિંહ ચમકી ઉઠયો અને વિહ્વલ સ્વરે મોટેથી બૂમ મારી બોલ્યો. " નહિ, નહિ, તમે લોકો એકવાર શાન્ત થાઓ. દિલ્હીશ્વર ! જરા એક ધ્યાને સાંભળો. "

" શું સાંભળું ? " આશ્ચર્ય ચકિત થઇ જહાંગીર બાદશાહે પૂછ્યું.

" નર્મદા નદીના કિનારા તરફથી આ શું સંભળાય છે તે સાંભળો. શું તમે મને કહી શકશો કે આ ગીત કોણ ગાય છે ? " અજયસિંહે કહ્યું.

એકદમ વાજીંત્રનો અવાજ બંધ પડયો. એક ધ્યાને સાંભળતાં જહાંગીર બાદશાહને માલૂમ પડયું કે થોડે દૂર નદી કિનારે અતિ ઉચ્ચ અને મધુર સ્વરે કોઇ ગાન કરી રહ્યું હતું.

" સમ્રાટ્વર ! " અજયસિંહે કહ્યું. " થોડીવાર આપ અહિં રહો. હું હમણાં આવું છું જુઓ, કોઇને મારી પાછળ આવવા દેશો નહિ. આ ગીત કોણ ગાય છે તે જોઇ હું હમણાંજ પાછો આવું છું. "

પ્રકરણું ૩૩ મું.

પવિત્ર જળમાં.

Love is not love
Which alter when it alteration finds,
Or bend with the remover to remove;
O no ! it is an ever fixce merk,
Thvt looks on temqest, and is not shaken;
It is the star, to every wandering bank.
Whose worth's unknorn, though his
hight be taken

એક પળ માત્રમાં અજબસિંહનો અશ્વ તેને નદી કિનારેના જે સ્થળેથી અવાજ આવતો હતો તે સ્થળે લઇ ગયો. ત્યાં

જ્યારે તેણે જોયું તો કૌમુદીરસના, મધુરહાસિની, તરંગશીલા કલ્લોલકારિણીનાં કંઠે એક વિકીર્ણ મુર્દ્ધજા રમણી એકલી બેઠી બેઠી તાલી સાથે મધુર ગીત ગાતી હતી. અશ્વ પરથી ઉતરી અજયસિંહ તે રમણી પાસે ગયો. તેને જોતાંજ એકદમ ચમકી તે ઉભી થઇ ગઇ. મોટા આશ્ચર્ય સાથે અજયસિંહને માલૂમ પડયું કે તેના સામે અમૃતમુખી સુરસુંદરી હિરણ્મયી ઉભી હતી ! જે આશૈશવપૂજિતા દેવીની પ્રતિમાને પોતાના પ્રણયી હૃદયમાંથી વિસર્જન કરી તેને સ્થળે ગિરિરાણીની મૂર્તિને તે સ્થાપન કરતો હતો તેજ અતુલ સૌંદર્યમયી દેવીની જીવતી જાગતી મૂર્તિ અત્યારે તેના સામે ઉભી હતી ! !

હિરણ્મયીના પગ આગળ ઘુંટણીએ બેસી, તેના પગને વારંવાર ચુંબન કરી તે બોલ્યો. " હિરણ્મયી ! દેવી ! મારો અપરાધ ક્ષમા કર અને તારી આ અમૃતમયી મૂર્તિને એકવાર મારા ઉત્તપ્ત હૃદય સાથે ચાંપી તેને શાન્ત કરવા દે."

" અજય ! " હિરણ્મયીએ કહ્યું " તમે આ શું બોલી રહ્યા છો ? આજના શુભ દિવસે, ગિરિરાણી સાથે લગ્ન કરવાના વખતે, આપે મને શા માટે યાદ કરી. ? "

" હાય, હિરણ્મયી ! " નિઃશ્વાસ નાંખી અજયસિંહે કહ્યું. " તને કયાં ખબર છે કે તારા સિંહાસન પરથી તને ચ્યુત કરી ત્યાં બીજાને સ્થાપિત કરવાનો જે કૃતઘ્ન અને નૃશંસ વ્યવહાર મેં કર્યો છે તેણે તારા હૃદયરાજ્યમાં કેવો પ્રબલ સમરાનલ પ્રજ્વલિત કરેલો છે ? આટલા બધા દિવસ પછી મને માલૂમ પડયું છે કે મનુષ્ય તો શું ? પણ દેવતાઓ પણ

મારા હૃદયરાજ્યના સિંહાસનપરથી તને પદભ્રષ્ટ કરી શકે તેમ નથીજ."

"ત્યારે શું થશે?" ગદ્દગદીત કંઠે હિરણ્મયીએ કહ્યું. "તમારા આ પવિત્ર હૃદય સિંહાસન માટે તો આ કલંકિની હિરણ્મયી તદ્દન અયોગ્યજ છે."

એકદમ અજયસિંહ ઉભો થયો. હિરણ્મયીને પોતાના હૃદય સાથે ચાંપી તે બોલ્યો. "આજ વસન્તની પૂર્ણિમા છે. આવ હિરણ્! આ ચાંદનીમાં આ મૃદુ નિનાદિની તરંગિણીના કિનારે બાલ્યાવસ્થાની માફક આપણે પૂર્ણ આનંદથી હોળી ખેલીએ. વિષાદનો સમુદ્ર પાર કરી આજ મેં તને પ્રાપ્ત કરી છે. આવ પ્રિયે! તને આલિંગન કરી હું મારા પ્રાણ શીતળ કરૂં."

પોતાના ગળાપગના અજયસિંહના હાથ છોડાવી હિરણ્મયીએ કહ્યું. "નહિ, નહિ, અજય! મારા સુખના દિવસ સમાપ્ત થઇ ગયા છે. એ વાત સ્વપ્નમાં પણ બની શકે તેમ નથી. હું તમને પ્રાર્થના કરૂં છું કે તમે ગિરિરાણી સાથે લગ્ન કરી સુખમાં તમારા દિવસ ગાળો અને આ અભાગિની હિરણ્મયીને આ કાળા જળમાં પ્રવેશ કરી પોતાનો પ્રાણ શીતળ કરવા દો."

એકાએક અજયસિંહના શરીરમાં વિજળીનો ચમકારો થયો. તેની નસોની રક્તધારા પ્રબલ વેગથી પ્રવાહિત થવા લાગી. બે વર્ષ પહેલાં તેણે તેના પિતા આગળ જે પ્રતિજ્ઞા કરી હતી તે તેને યાદ આવી. (પૃષ્ઠ ૧૬૪ જુઓ)

ચકિત દૃષ્ટિથી સરિતા તરંગ તરફ જોઇ

અને હાથે કરતાલ ધ્વનિ કરી તે બોલ્યો. "હાય, હિરણ્ ! તારૂં કહેવું ખરૂં છે. ગંભીર અને ભયાનક જળમાં પતન ! મારા પિતાએ પણ મને કહ્યું હતું કે પવિત્ર અને શીતળ જળમાં હૃતપિંડ વહેવડાવવાથી હૃદયની જવાળા શાન્ત થાય છે."

જોરથી હાસ્ય કરી તથા કરતાલધ્વનિ કરી હિરણ્મયી બોલી. "મેં પણ એક ઉન્માદિનીના મુખથી ભવિષ્ય વાણી સાંભળી હતી કે આવા કાળા જળમાં હું મારૂં હૃદય શાન્ત કરીશ. આજથી લગભગ બાર વર્ષ પર જ્યારે તમે અને હું અરાવલી પર્વત પર રમતા હતા તે વખતે પેલી ઉન્માદિનીએ મને કહ્યું હતું કે એક દિવસ આવા ગંભીર અને કાળા જળમાં પ્રવેશ કરીને જ મારે મારો પ્રાણ શીતળ કરવો પડશે."

અજયસિંહ અને હિરણ્મયીએ એક બીજાને દૃઢ આલિંગન કર્યું. દાનવદમન પાસેજ ઉભો હતો. જાણે તે આ પ્રણયી યુગલ તરફ પોતાની સહાનુભૂતિ ન બતાવતો હોય તેમ તેણે હણહણવા માંડ્યું. હિરણ્મયીને સાથે લઇ અજયસિંહ દાનવદમન પર સ્વાર થયો. હવે કયી બાજુએ જવું એ જાણવા માટે દાનવદમને એક વાર નદી તરફ જોઇ પુનઃ અજયસિંહ તરફ જોવા માંડ્યું. હાય ! દાનવદમન ! શું તું પણ સમજી ગયો કે નદીમાં પ્રવેશ કરી જળસમાધિ કરવાથી હૃદયની આગ બુઝાય છે ?

અજયસિંહને પાછો નહિ ફરેલો જોઈ જહાંગીર બાદશાહ અને તેમના અનુચરો તેને શોધતા શોધતા સરિતા તટે આવી પહોંચ્યા. અજયસિંહ સાથે હિરણ્મયીને અશ્વ પર આરૂઢ થએલી જોઇ સર્વ જણુ આશ્ચર્ય ચકિત થયા. જહાંગીર બાદશાહે કહ્યું. " અરે, આ શું ? અજયસિંહ ! તારી પાસે આ કોણ ઔરત બેઠેલી છે ? "

જહાંગીર બાદશાહનું કથન કાન પર નહિ ધરતાં વિકૃત કંઠે અજયસિંહ બોલ્યો. " શું તમારા લોકોમાંથી કોઇ મને કહી શકશો કે આ પૂર્ણા નદી ગોદાવરીની કોઇ શાખા છે કે નહિ ? "

અજયસિંહના ઘોડાની લગામ પકડવા માટે જહાંગીર બાદશાહ આગળ વધતા હતા. તેમનો હેતુ પોતાના મનમાં પામી જઇ અજયસિંહ બોલ્યો. " સાવધાન, યવન સમ્રાટ ! એક વાર હિરણ્મયીને મુસલમાને સ્પર્શ કર્યો હતો તે મેં માફ કરેલું છે. જો હવે કોઇ તેને સ્પર્શ કરશે તો તેનું ઘણુંજ વિપરીત પરિણામ નીપજશે. "

આશ્ચર્ય ચકિત થઇ અજયસિંહ તરફ જોઇ જહાંગીર બાદશાહ બોલ્યા. " અજયસિંહ ! તું આ શું બોલી રહ્યો છે ? શું તું ખરેખર પાગલ થઇ ગયો છે ? "

" દિલ્હીશ્વર ! " વિકૃત હાસ્ય કરી અજયસિંહે કહ્યું. " હું પાગલ છું કે વિધાતાના સંપૂર્ણ જગત સાથે જહાંગીર બાદશાહ પાગલ છે ? જે હૃદયમાં અમર લોક શોભિના સુરસુંદરી હિરણ્મયી વિરાજમાન છે ત્યાં શું મૃત્યુલોકવાસિની મિરિ-

રાણીને સ્થાન મળી શકે શકે કે ? અસંભવિત, અસંભવિત ! ”

કેટલીકવાર સુધી અજયસિંહ ચુપ રહ્યો, પછી તે બોલ્યો. “ સાંભળો સમ્રાટ્ વર ! આ મર્ત્ય જીવનમાં શો સાર છે ? હિરણમયીના પ્રેમ માટે સેંકડો વખત મારા પ્રાણનું બલિદાન આપવા હું તૈયાર છું. એક હિરણમયીના આલિંગનને માટે મારા પ્રાણને અમરાવતીમાંથી નરક કુંડમાં ફેંકી દેવા પણ હું ઉત્સુક છું. પિતાજીને કહી દેજો કે આજ દેવ અને દાનવોના યુદ્ધનો અંત આવી ગયો છે. અનન્ત કાળ સુધી અજયસિંહથી હિરણમયીને ભુલી શકાય તેમ નથી. માટે તેમની આજ્ઞાનું પાલન કરવા માટે મેવાડના રાજવંશની પવિત્ર તરવારથી અજયસિંહે તેના તુચ્છ હૃદયના ટુકડે ટુકડા કરી પુનિત નર્મદા નદીમાં વહેવડાવી દીધા છે. ”

આમ કહી અજયસિંહે એક હાથે મ્યાનમાંથી તરવાર બહાર કાઢી અને બીજા હાથે હિરણમયીને દૃઢાલિંગન કર્યું. એકા એક દાનવદમનને પગની ઠોકર મારી આગળ વધવાની ઇશારત કરી તેણે પોતાની તરવાર પોતાના હૃદયમાં ભોંકી દીધી. હણહણાટ કરતા તથા ચારે પગે કૂદતા દાનવદમને સરિતા સલિલમાં પ્રવેશ કર્યો. હિરણમયી અને અજયસિંહનાં પવિત્ર હૃદય પુનિત નર્મદાના પવિત્ર જળ ભેગાં મળી ગયાં. બંનેના હૃદયમાં ધગધગતી પ્રચંડ અગ્નિ શીતળ જળમાં શાન્ત થઈ ગઇ. અનંત હૃદયનો અનંત પ્રેમ અનંત પ્રવાહિનીના અનંત ઉદરમાં વિલીન થઇ ગયો. સ્વર્ગીય પ્રેમી યુગલ આ મૃત્યુ લોક છોડી સ્વર્ગમાં સંચરી ગયું !

દર્શક મંડળી કોલાહલ કરતી નદી તરફ દોડી. સમ્રાટની આજ્ઞાથી કેટલાક લોકો નદીમાં કૂદી પડયા પરન્તુ કાંઇ પણ ફળ નીપજ્યું નહિ. આ દર્શક મંડળીમાં ફક્ત એક રમણી ચૂપચાપ ઉભી હતી, આ બીજાણુ રંગભૂમિ ઉપર જહાંગીર બાદશાહ આશ્ચર્ય અને કાતરતા પૂર્ણ દૃષ્ટિથી જોઇ રહ્યા હતા. જોતાં જોતાં તેમની દૃષ્ટિ નિવાત નિષ્પન્દ પ્રદીપ સમાન એક જ્યોતિર્મયી અચંચળ બાલિકાપર પડી. તેમણે જોયું કે ગિરિરાણી એકલી ચૂપચાપ નિષ્પંદ નેત્રોથી આ ભયાનક અભિનય જોઈ રહી હતી.



પ્રકરણ ૩૪ મું.

ઉપસંહાર.

ઝુરી ઝુરી મરવામાં સ્નેહ સંતોષ માને,
નહિ કહિ રસ શોધે સારસી અન્ય સ્થાને;
રસ દઇ લઇ લીધો ઇશ્વરે છીનવી તો,
હૃદયહીણું બિચારાં પ્રેમીને મૃત્યુ આપો.

કલાપી.

ગત પ્રકરણમાં લખેલી ઘટનાને દોઢ બે વર્ષ વીતી ગયા બાદ એક દિવસ જહાંગીર બાદશાહ વિશાળ સૈન્ય લઇ દક્ષિણ

તરફ કૂચ કરતા હતા. નર્મદા નદી કિનારે થઇ જતાં તેમના કાને કોઇનો બંસીનો મધુરો નાદ પડ્યો. પોતાના અનુચરોને આગળ વધવાનો હૂકમ કરી તેઓ જે સ્થાનેથી તે બંસી નાદ આવતો હતો તે સ્થાન તરફ ચાલ્યા. તેમણે જોયું કે ગિરિદુર્ગ જમીન દોસ્ત થઇ ગયો હતો. જે સ્થળે હિરણમયી અને અજયસિંહના અપાર્થિવ પ્રેમે પાર્થિવ સમાધિ લીધી હતી તે સ્થળે તેમને એક પર્ણકુટી માલૂમ પડી. નદી કિનારે પર્ણકુટી સામે ચંદ્ર જ્યોત્સ્નામાં એક ભગવાં વસ્ત્ર ધારિણી તપસ્વિની મધુરા રાગમાં બંસી બજાવી રહી હતી. પ્રિય વાંચક ! આ યોગિની કોણ હશે ? તે આપણી પૂર્વ પરિચિતા ગિરિરાણીજ હતી. તેના કંઠમાં અત્યારે અલંકારમાં ફકત એકજ હીરાનો હાર હતો. તે હીરાનો હાર ચંદ્ર જ્યોત્સ્નામાં અપૂર્વ રીતે ઝળકી રહ્યો હતો. તેની અંદરના અક્ષર 'મેવાડ રાજકુમાર અજયસિંહ' સ્પષ્ટ રીતે વંચાતા હતા. તે તપસ્વિની પોતાની અમૃત નિસ્યંદિની બંસીમાંથી અમૃતમય આલાપ કહાડી, સુધાંશુના અમૃત કિરણમાં અમૃતરાશિ વર્ષાવી અમૃત ભાષિણી કલ્લોલિનીના અમૃત ઉચ્છ્વાસમાં તેને વિલીન કરી અજયસિંહ અને હિરણમયીના અમૃત લોકી પ્રેમની અમૃતમય સ્મૃતિથી જહાંગીર બાદશાહને ઉન્મત્ત કરી અમૃતપર અમૃત વર્ષા વર્ષાવતી હતી. જહાંગીર બાદશાહને માલૂમ નહતું કે આ મર્ત્ય લોકમાં પણ આટલું બધું અમૃત હશે. આ મૃત લોકમાં આવા અમૃત પ્રેમના અસ્તિત્વની તેમને કલ્પના માત્ર પણ નહોતી. આ અમૃતમય દૃશ્યની અમૃતમય સ્મૃતિ તેમના અંતઃકરણમાંથી જન્મભર સુધી જાગૃત રહી !

આજ સેંકડો વર્ષ થયાં અમૃત મુખી તપસ્વિની ગિરિરાણી અમર લોકમાં સિધાવી ગઇ છે. આજ તેની અમૃતમયી બંસીનો પવિત્ર ધ્વનિ કર્ણગોચર થતો નથી. કિન્તુ આજ પણ નર્મદા નદી પહેલાંની માફકજ ક્રીડા કરી રહી છે. ત્રણુસો વર્ષ પહેલાં આ પુનિત નદીના પવિત્ર જળમાં જે સ્વર્ગીય દૃશ્યનો અભિનય થયો હતો તે અમૃતમય દૃશ્યના અપૂર્વ ચિન્હ હજુ પણ તેના તરંગ ભંગમાં દૃષ્ટિગોચર થાય છે. તે ગિરિદુર્ગ કે તે પ્રર્ણકુટીનું અત્યારે નામ કે નિશાન નથી. તેને ઠેકાણે અત્યારે એક નાનુંસુ ગામ વસેલું છે. તેનું નામ છે.

અમૃત પુલિન.

વગર ઇજાએ વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

આ સાબુ જે જગ્યા ઉપર લગાડવામાં આવે છે તે જગ્યાના વાળ ઘણુજ સફાઇથી નીકળી જાય છે ચામડીને કાંઇ પણ ઇજા થતી નથી. ચામડીનો કુદરતી રંગ બનાવે છે.

ત્રણ સાબુ નાબાકસની કીંમત રૂ. ૧ પો–જુદું.

મળવાનું ઠેકાણું.

છોટાલાલ છગનલાલ મહાજન.

કાલબાદેવી રોડ નવી મારકેટ સામે,— મુંબઈ.

બ્રાન્ચ આફીસ.

હેરીસન રોડ, નં. ૧૭૭-૨ કલકત્તા.

બાળકોના રોગનો કટો શત્રુ

બાળગુટિકા

દુનિયા ભરમાં "બાળગુટીકા" જેવી બાળકોના તમામ રોગોનો નાશ કરવાને બીજી કોઇ દવા નથી. તાવ અજીર્ણ, સસણી, કૃમી, ચુંક, ફેફરૂ, વાયુ, વરાદ, તાણનું આવવું, સાંધાઓનું ઝલાઇ જવું, શરીરનું પીળું પડી જવું વીગેરે પ્રકારના બાળકોના રોગનો નાશ કરી ભીમ જેવી શકિત આપે છે, લોહીને સ્વચ્છ બનાવી શશક્ત બનાવે છે. કિંમત માત્ર નીયમીત બે માસ સુધી ચાલે તેવી ગુટિકાના ફક્ત ચાર આના ડઝનથી ઓછી ગુટિકાના વી. પી. કરવામાં આવતા નથી. પાંચ આનાની ટીકીટ મોકલેથી ગુટિકા સહિસલામત ઘર બેઠા મળી જાય છે. જથ્થાબંધ ખરીદનારને સારૂ કમીશન મળે છે.

સોલ એજન્ટ.

મેસર્સ ચંદુલાલ એન્ડ બ્રધર્સ.

વણા—લખતર થઇ (કાઠિઆવાડ)

'રાજસ્થાન' પત્રની ઓફીસ

તરફથી બહાર પડેલાં પુસ્તકો.

બુલબુલનું બચ્ચું કે સુધરેલી સંગીતા!
(એક સાંસારિક નવલકથા પૃષ્ઠ ૩૭૦) રૂ. ૧-૪-૦.

કાશ્મીર અને કેસરી—(એક ઐતિહાસિક નવલકથા પૃષ્ઠ ૨૫૦) રૂ. ૧-૦-૦.

ચંદ્રિકા—(એક ડીટેક્ટીવ નવલકથા પૃષ્ઠ ૧૨૫) રૂ ૦-૮-૦.

કામરૂ દેશની કામિની—એક સાંસારિક નવલકથા પૃષ્ઠ ૨૮૦) રૂ. ૧-૦-૦.

વૈદ્યકુસુમાકર—(ઘરગથ્થુ વૈદક ઉપચારો પૃષ્ઠ ૧૨૫) રૂ. ૦-૪-૦.

૨૮૦૦ વર્ષનું નિપુણ પંચાંગ-રૂ. ૦-૧-૬.

સઘળાં પુસ્તકો એકી વખતે મંગાવનારને પોષ્ટેજ માફ.

લખો—

મેનેજર 'રાજસ્થાન'—અમદાવાદ.

કાર્ડ સાઇઝ કીંમત માત્ર રૂ. ૪)
ફોટોગ્રાફ પાડવાના ન્યુ-

છુપા કેમેરા.

હાલમાં વિલાયતથી મોટા ફેરફાર સાથે કેમેરાનો મોટો જથો આવી પહોંચ્યો છે ! આ કેમેરાથી નાનું બચ્ચું પણ સહેલાઈથી ફોટો ઉતારી શકે છે. દોડતી રેલ્વે ગાડી, ઉડતું પક્ષી, વગેરેનો સહેલાઇથી ફોટો ઉતારી શકાય છે. ફોટોગ્રાફ ઉતારવાની સંપુર્ણ મા. હિતી ઘેર બેઠે શીખવી શકીએ છીએ. કેમેરા સાથે ન્યુ ફાઈન્ડર (જેનો ફોટા લેવો છે- તે જોવા માટે) ગ્રાઉન્ડ ગ્લાસ ડબલ કાર્ડ સ્લા- ઇડ, પ્લેટ, દવાઓ, સાથે કીંમત ફકત રૂ. ચાર પોસ્ટેજ દશ આના.

છોટાલાલ છગનલાલ મહાજન.

નવી માર્કીટ સામે કાલબાદેવી રોડ—મુંબઇ
બ્રાંચ ઓફીસ ૧૭૭-૨ -હેરીસન રોડ

કલકત્તા.

રોયલ ટોનિક પીલ્સ.

રજીસ્ટર નંબર ૧૮૪ તપાસી લેજો. સ્વપ્નામાં કે પીસાબમાં જતી ધાતુબંધ કરી અવયવોને તાકાત આપે છે, વીર્યવિકારનાં ગુપ્ત દરદો મટાડી ગયેલી મરદાઇ પાછી બક્ષે છે. ભુખ વધારે, એટલું જ નહિ પણ આ ગોળીઓ ફકત ત્રણ દિવસ ખાવાથી પોતાની અદભુત શકિત આબેહુબ બતાવે છે.

જ્ઞાનતંતુની નબળાઇ, ધાતુસ્રાવ, કમપુરૂષત્વપણું માથાનો દુઃખાવો, શરીરે કળતર, આંખે ચકરી દમ વીગેરે દરદો ઉપર જાદુઇ અસર કરી ગયેલું જુવાનીનું કૌવત પાછું બક્ષે છે. કેળવણી લેતાં વિદ્યાર્થીઓના મગજને પુષ્ટિ આપી તેમની ઓછી થયેલાં યાદશકિતને પુરજોસમાં ખીલતી રાખે છે. સ્ત્રીઓ પ્રદર જવાથી નબળીપડી પીલાયા કરે છે, અને હાડ બેઠેલો તાવ અને ખાંશીથી આખરે સસણી થાય છે તેને આ "રોયલ ટોનીક પીલ્સ" ટુંક વખતમાં ચમત્કારિક ફાયદો કરે છે તેમજ પેડુનો દુખાવો, અનિયમિત અટકાવ, વીગેરે ગર્ભાશયના તમામ રોગો મટાડી તંદુરસ્તી બક્ષે છે, વળી બાળકો તાવની પીડાથી નબળા પડી મરકટીયા દેખાય છે તેમનું લોહી સુધારી હૃષ્ટપુષ્ટ બનાવે છે.

કીંમત ૩૦) ગોળીની શીશીના રૂ. ૧-૪-૦

નકલી માલથી સાવચેત રહેજો. દરેક દવા વેચનાર પાસેથી મળશે.

ગોવિંદજી દામોદરની કું. } તથા જથ્થાબંધ દવા વેચનાર. સેખ મેમણસ્ટ્રીટ નં ૨૩૨ મુળજી જેઠા મારકીટ મુંબઇ.

શાભીતા મજબુત અને ઘટ વાળ.

શું તમારા અરીસામાં મજબુત ચકચકીત ઘટ ઉગેલા વાળ ચીતાકર્ષક શોભીતા દેખાય છે ? અથવા શું તેમાં વાળ નિસ્તેજ ખરી પડતાં દેખાય છે કે જે વાળની શોભા જલ્દીથી ઓછી થતી જાય છે પણ તેમાંથી હજી તદ્દન જતી રહી નથી ? શું તમારા વાળ બહુજ ખરી પડે છે ? શું તમારા માથામાં વારંવાર ખોડા પડે છે ? તો

આ સઘળાનો ઇલાજ કામીનીઆ ઓઇલ છે. (રજીષ્ટર્ડ)

કામીનીઆ ઓઇલ વાળને બરાબર જોઇતુ પોષણ આપી વાળના મુળને પુષ્ટી આપે છે વાળને યોગ્ય રીતે સુધારી ઉગાડવાને માટે વાળના મુળનું સંપુર્ણ પોષણ કરવું એ અત્યંત જરૂરનું છે. ખોપરી મજબુત કરે છે. અને વાળને ઘણી અસરકારક રીતે ઉગાડે છે. તે વાળ ખરી પડતા જલદીથી અટકાવે અને પાતળા પાંખા, અને અરધા ખરી પડતાં જેવા વાળને મજબુત બનાવી ઝટ ઉગાડે છે, અને તેજસ્વીને ચકચકીત બનાવે છે, જે શોભાને માટે ઘણી પ્રસંસા કરવામાં આવી છે. તેની સાથે જેઓના વાળ સારી હાલતમાં દેખાય છે તેઓને માટે વાપરવામાં ઘણુંજ ગુણકારક છે, કારણ કે તે બીજાં તેલોની માફક ડાઘ પડે તેવું કચરાવાળું તેમજ ચીકણું નથી પણ તે સુગંધમય ગુણોના સાથે મગજને ઠંડક આપે છે. આ તેલ વિદ્યાર્થી તેમજ દરેક સ્ત્રી પુરૂષોને આશીરવાદ સમાન છે.

કિંમત દર શીશીનો રૂ. ૧. અને ત્રણ શીશીના રૂ. ૨ ૧૦-૦ ૧ ડઝનના રૂ. ૧૦-૦-૦ વી. પી. ખરચ જુદું.

સોલ એજન્ટો:—એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.

નં૦ ૧૫૫. માર્કીટ જુમા મસજીદ—મુંબઇ.

કમાંડલ ચાહ તથા કોફી

એકી અવાજે વખણાએલી.

આ ચાહ, તથા કાફી, સાધારણ વસ્તુ નથી પણ પીવામાં ગુણકારી સ્વાદીષ્ટ તાકાત આપનારી દસ્તનો ખુલાસો કરનારી લોહીને સુધારનારી જઠરાગ્નિને પ્રદિપ્ત કરનારી શરીરના પોષણનો ઉત્તમ ખોરાક છે. આ ચાહ તથા કાફી દરેકને એક વખત વાપરી જોવા હમો ભલામણ કરીએ છીએ. કીમત ચાહ રતલ એકનો રૂા. ૧) કાફી રતલ એકનો રૂ. ०॥।

સારસા પરીલા.

દુષીત લોહીથી ચામડી ઉપરના દરદો જેવાં કે ખસ, ખુજલ, ફોલ્લાઓ ચકામા વીગેરે શરીર સડો સાંધાનું ઝલાઇ જવું. નબળાઇ અને અજીરણ વીગેરે મટાડી લોહી સુધારવાને વૃદ્ધી કરવા મટે સારસા પરિલા વાપરી ખાત્રી કરો. કીમત રૂા ૧॥ ત્રણ શીશીના રૂા. ૪)

પ્રમેહ બીંદુ.

પ્રમેહની એકજ ખાત્રી ભરેલી દવા આજે લ્યો. કાલે આરામ! પેશાબની બળતરા અને કપડાપર પડતાં ડાઘ બંધ થઇ જાય છે. પરમીયાના દરદથી કંટાળેલાઓએ આ દવા જરૂર વાપરી જોવી. કીમત રૂા. ૨) ત્રણ શીશી રૂ ૫॥.

વાતહરણ તેલ.

૨૪ કલાકમાં પ્રત્યક્ષ ફાયદો.

વાના રોગથી મૂકત થવાને ફક્ત આ એકજ દવા છે. જેનાથી ગાંઠીયોવા, જગા જગાએ ફરતો વા, સાંધાનું રહી જવું. ફાટફાટ થઇને હાથ, પગ, કમર કે કરોડમાં દરદ થઇ જકડાઇ જવું વગેરેને તુરત આરામ મળે છે. કી. રૂા, ૧॥ ત્રણ શીશીના રૂ. ૪)

જનોડીઆ બ્રધર્સ, પોષ્ટ નં. ૨ મુંબઇ.

" એમ એ બના કે ક્યું મેરી મિટ્ટી ખરાબ કી ? "
" શિવ શંભુ શર્માના ચિઠ્ઠા " ઇત્યાદિના સુપ્રસિદ્ધ લેખક,
સ્વર્ગવાસી અમૃતલાલ કેશવલાલ નાયક
કૃત

ભારત દુરદશા નાટક
અને
અન્ય પ્રકીર્ણ લેખો.

જે જે પદાર્થો અને સિદ્ધાંતો ભારતની દુર્દશાના હેતુ રૂપ છે તે સઘળાંને ચિત્રનાં સ્વરૂપો આપી તેમનાજ મુખથી ભારતની દુર્દશાના કારણોનું દિગદર્શન આ પુસ્તકમાં એવું આબેહૂબ રીતે કરવામાં આવેલું છે તથા તેમાં લીધેલા અન્ય પ્રકીર્ણ લેખો તથા કાવ્યો એટલાં બધાં સુંદર તથા હૃદયગમ છે કે પુસ્તક એક વાર હાથમાં લીધું એટલે પૂરૂં વાંચ્યા સિવાય મૂકવાનું મન થતુંજ નથી. સ્વ. અમૃતલાલની લેખનશૈલી સુપ્રસિદ્ધ હોવાથી અમે તેનાં ઝાઝાં વખાણ કરતા નથી. અમે ફક્ત એટલુંજ કહીએ છીએ કે જો તમને દેશહિતની જરા પણ લાગણી હોય અને ભારતની આરત મટાડવાની ઇચ્છા રાખતા હો તો આ પુસ્તક એકવાર અવશ્ય વાંચજો. કર્તાના ચિત્ર ચરિત્ર સહિત પાકા કાગળના પુંઠાની કીંમત ફક્ત આના બાર

મળવાનું ઠેકાણું.

ત્રાગાળા મિત્રમંડળ, અમદાવાદ.

સાંકળચંદ મોહનલાલ ગુડઝરોડ–નડિયાદ.

વલ્લભભાઈ કેશવલાલ, વીકટોરિયા થીએટર–મુંબઈ.

અપુર્વ તાકાત આપનારી
મદન મંજરી ગોળીઓ.

નવું લોહી, નવું વીર્ય, નવી જુવાની અને નવું જીવન અ-
ર્પનાર મદનમંજરી ગોળીઓ ધાતુપાતનો તમામ દરદો સારાં કરે
છે, જઠરને પ્રદીપ્ત કરી ભુખ લગાડે છે,
દસ્ત સાફ લાવે છે. બાહશકિતને ખીલવે છે; પેશાબ અને સ્વ-
પ્નામાં જતી ધાતુને એકદમ બંધ કરે છે અને ગમે તે કારણથી
ગુમાવેલી તાકાત પાછી લાવી આપી અને કાયમનું પુરૂષત્વ બક્ષે
છે. વૃદ્ધને જુવાન અને જુવાનને નવા જુવાન બનાવનાર આ
ઉત્તમ ગોળીઓની હરીફાઇ કોઇ પણ દેશી, યુનાનની કે ઇંગ્લીશ
દવા ભાગ્યેજ કરી શકશે કીં. ગોળી ૪૦ નો રૂ ૧ એક.

નપુંસકત્વારી ઘૃત.

આ ઘૃત લગાડવાથી હસ્તકર્મ, ઇત્યાદી દોષોથી થયેલ
પુરૂષના ગુપ્ત ભાગની શીથીલતા, વક્રતા, નસોની કમજોરી
વીગેરે તમામ નપુંસકતપણાના ચીન્હો નાબુદ થઇ અસલ મર-
દાઇ પ્રાપ્ત થાય છે. કીં. તોલા ૨ નો રૂ ૧.

આયુર્વેદોદય ઔષધાલયની ઉમદા ભેટ.

" વૈદ્ય કલ્પતરુ. "

ઉપરનું પુસ્તક એક પોસ્ટ કાર્ડ ઉપર પોતાનું નામ લખી
મોકલનારને કીંમત કે ટપાલ ખર્ચ કંઇ પણ લીધા વગર મફત
મોકલી આપવામાં આવે છે.

રાજવઇદ નારાયણજી કેશવજી.

હેડ ઓફીસ, જામનગર—કાઠીયાવાડ.

બ્રાં. નં. ૨૮૬, કાલબાદેવીરોડ, મુંબઇ.

ફક્ત બે મીનીટમાં વગર ઇજાએ વાળને

ઘણીજ સફાઇથી દુર કરે છે.

ચામડી કાળી પડતી નથી

ચામડી બળતી નથી.

મેગ્નેટ-હેર-રીમુવર-સોપ

સારા
આબરૂદાર
વેપારીઓને
ત્યાંથી અગર
નીચેના ઠેકાણે લખવાથી
મળી શકશે.

એમ. એન. પટેલ.
નડીયાદવાળા
હેડ ઓફીસ—રીચીરોડ કુવા
પાસે—અમદાવાદ.
બ્રાન્ચ ઘીકાંટા
ટાવર—વડોદરા

તાવની સમ્‌ખાણુ દવા.

રૂ. ૧૦૦ સોના ઇનામવાળી ખાસ પરેજ નથી.

કોઇ પણ જાતનો તાવ અમારી દવાથી ન ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઇ સખસ એમ સાબીત કરી આપશે કે વૈદ શા. ગીરધરલાલ કહાનજીની દવાથી ગોળીયો તાવ નથી જતો તો તેને રૂ. ૧૦૦ સો ઇનામ આપીશું ગોળી ૪૨ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧—૦—૦

ધાતુવિકાર.

એક પૈસાનું પોષ્ટ કાર્ડ લખી મોકલનારને ધાતુ વિકાર નામનું પુસ્તક મફત મોકલવામાં આવે છે. આ પુસ્તકમાં ધાતુની ઉત્પતિ તથા મજબુતી સબંધ વિવેચન સાથે ધાતુ સબંધી તમામ જાતનાં વિકારોનું વર્ણન આપી તેના ઉપાયો સુચવેલા છે તે ઉપરાંત બીજા ઘણા દરદોની દવા સુચવેલી છે.

શક્તિ સંજીવન.

શક્તિ સંજીવન નબળાઇનાં તમામ દરદોનો નાશ કરે છે ગોળી ૭૫ ની ડબી ૧ ની કિં રૂ. ૨—૮—૦

વૈદ શા. ગિરધરલાલ કહાનજી

ધોળકા—જી.— અમદાવાદ.